| ૨૬ | ૨ | – | — | –શ્રી ક. દ. ઓ. જૈન ભાંડુપ (મુંબઇ) નું દેરાસર. |
| ૨૭ | ૧ | ૧ | ૧૨૫ | –રાધનપુરના અચલગચ્છીય જિનાલયના મૂળનાયક. |
| ૨૭ | ૨ | ૧ | ૧૬૧ | –ગદગ (કર્ણાટક) ના ક. દ. ઓ. જૈન દેરાસરના મૂળનાયક. |
| ૨૮ | ૧/૨ | ૩ | ૮૬ | –બાડમેર (રાજસ્થાન) અંજનશલાકા વખતના જિનબિંબો. |
| ૨૮ | ૩ | ૧ | ૧૨૧ (૧૮) | –ભાંડુપ (મુંબઇ) માં રથયાત્રા. |
| ૨૯ | ૧ | ૧ | ૧૧૫/૧૧૬ | –જામલાખાજી રાજા અને શ્રેષ્ઠિઓને પ્રતિબોધતા કલ્યાણસાગરસૂરિ. |
| ૩૦ | ૧ | ૨ | ૧૧૩/૧૬૫ | –વર્દ્ધમાન પદ્મસિંહ શાહ કારિત જામનગરના જિનાલયનો શિલાલેખ. |

| ચિત્ર પૃષ્ઠ | ચિત્ર પૃષ્ઠ અંતર્ગત નંબર | ગ્રંથનો ભાગ | ગ્રંથ પૃષ્ઠ નંબર | |
|---|---|---|---|---|
| ૩૧ | ૧–૨ | ૨<br>૧ | ૧૬૫<br>૧૩૧ | –વર્દ્ધમાનપદ્મસિંહ શાહ કારિત જામનગરના નો ૭૨' જિનાલય અને મૂળનાયક. |
| ૩૨ | ૧–૨ | ૨ | ૧૬૫ | –રાયશી શાહ કારિત (જામનગર) ચૌમુખ જિનાલય અને મૂળ નાયક. |
| ૩૩ | ૧ | ૨<br>૧ | ૧૬૫<br>૧૧૪ | –રાયશી શાહ કારિત (જામનગર) જિનાલયના ભાભા પાર્શ્વનાથ પ્રભુ. |
| ૩૩ | ૨ | ૨ | ૧૩૪ | –જામનગરના જિનાલયમાં પ્રતિષ્ઠિત ચમત્કારી શ્રી નેમનાથ ભગવાન. |
| ૩૪ | ૧–૨ | ૨<br>૨ | ૧૧૦<br>૪૩૮ (૧૩૨) | –શત્રુંજય તીર્થપર વર્દ્ધમાન–પદ્મસિંહ શાહ કારિત જિનાલય દ્વય. |
| ૩૪ | ૩ | ૨ | ૨૫૪ | –સંઘયણી સૂત્રની પ્રતનુ અંતિમ પત્ર. |
| ૩૫ | ૧ | ૨ | ૧૬૫ | –જામનગરના તેજસિંહ શાહના જિનાલયના મૂળનાયક. |
| ૩૫ | ૨ | ૧<br>૨ | ૧૧૧<br>૪૪૨ (૧૪૯) | –ભુજ (કચ્છ) ના અચલગચ્છીય જિનાલયના મૂળનાયક. |
| ૩૫ | ૩ | ૧ | ૮૯ (૧૯) | –શ્રી મેરુતુંગસૂરિયુક્ત સૂરિમંત્ર સહ સપ્તવલય દર્શક યંત્ર. |
| ૩૬ | ૧ | ૧ | ૧૧૪ (૧૧) | –શ્રી ભદ્રેશ્વર (વસઇ) પ્રાચીન કલાત્મક તીર્થ. |
| ૩૬ | ૨ | ૧ | ૧૪૨ | –પુ. દાદાશ્રી ગૌતમસાગરસૂરિજી પોતાના પ્રથમ શિષ્ય સાથે તથા ભદ્રેશ્વર તીર્થોદ્ધાર માટે શ્રી આસુભાઇ વાઘજી, પાસુભાઇ વાઘજી, ઠાકરશી ડુંગરશીને ઉપદેશ આપતા. |
| ૩૭ | ૧–૨ | ૨ | ૪૩૧ (૯૨) | –શ્રી ભદ્રેશ્વર તીર્થના જુના અને નવા મૂળ નાયક. |
| ૩૮ | ૧ | ૧ | ૧૩૫ | –ભુજપુરના જિનાલયના મૂળનાયક ભગવાન વિ. પરિવાર. |
| ૩૯ | ૧ | ૧ | ૧૮૨ | –ભુજપુરના નૂતન જિનાલયના ભોંયરાના મૂળનાયક. |
| ૪૦ | ૧ | – | — | –ભુજપુરના નૂતન દેરાસર–નૂતન અચલગચ્છના ઉપાશ્રયનું દશ્ય. |
| ૪૧ | ૧ | – | — | –મુંદ્રાનો અચલગચ્છીય દેરાસર. |
| ૪૧ | ૨ | ૧ | ૧૩૪ | –નરશીંનાથા ટૂંક–(શત્રુંજયતીર્થ) |
| ૪૨ | ૧/૨ | ૨ | ૨૨૮ | –સુથરી તીર્થના મુખ્ય જિનાલયનું દૂર અને નજીકથી દશ્ય. |
| ૪૩ | ૩ | ૨ | ૨૨૮ | –સુથરી તીર્થના મૂળનાયક શ્રી ઘૃત કલ્લોલ પાર્શ્વનાથ પ્રભુ. |
| ૪૩ | ૧ | ૧ | ૧૩૬ | –કેશવજી નાયકની ટૂંક– (શત્રુંજય તીર્થ.) |
| ૪૩ | ૨ | ૧ | ૧૩૬ | –કોઠારાતીર્થના મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન. |
| ૪૪ | ૧/૨ | ૧ | ૧૩૬ | –કોઠારાતીર્થના જિનાલય અને મુખ્ય દ્વારનું કલાત્મક દશ્ય. |

| ચિત્ર પૃષ્ઠ | ચિત્ર પૃષ્ઠ અંતર્ગત નંબર | ગ્રંથનો ભાગ | ગ્રંથ પૃષ્ઠ નંબર | |
|---|---|---|---|---|
| ૪૪ | ૩ | ૧ | ૧૧૪ | –ભદ્રેશ્વર (વસઈ) મહાતીર્થ ના મુખ્ય જિનાલયની કોતરણી–રુપેરી રંગકામ |
| ૪૫ | ૧ | ૧ | ૧૬૧ | –શ્રી. કુમઠા (કર્ણાટક) ના જિનાલયના મૂળનાયક પ્રભુ. |
| ૪૫ | ૨ | ૧ | ૧૩૪ | –શ્રીચંદ્રપ્રભુ સ્વામિ જિનાલય – નલિયા (કચ્છ). |
| ૪૬ | ૧–૨ | ૧ | ૧૩૫ | –જખૌ તીર્થના કલાત્મક જિનમંદિરોના શીખરો. |
| ૪૭ | ૧ | – | — | –તેરા તીર્થના મૂળનાયક શ્રી જીરાવલ્લિ પાર્શ્વનાથ. |
| ૪૭ | ૨ | – | — | –સાંયરાનું ભવ્ય જિનાલય. |
| ૪૭ | ૩ | ૧ | ૧૪૫ | –ગોધરાનું ઉત્તુંગ જિનાલય. |
| ૪૭ | ૪ | ૧ | ૧૩૪ | –નલીયાના જિનાલયોના કલાત્મક ઉત્તુંગ ધવલ શીખરો. |
| ૪૮ | ૧ | – | — | –સુથરી તીર્થની ધર્મશાળામાં દાદાવાડી. |
| ૪૮ | ૨ | – | — | –તેરાના તીર્થના મુખ્ય જિનાલયના મૂળનાયક શ્રી શામળા પાર્શ્વનાથ. |
| ૪૯ | ૧ | – | — | –માંડવી (કચ્છ) ના અચલગચ્છ જિનાલયના મૂળનાયક. |
| ૪૯ | ૨ | – | — | –માંડવી (કચ્છ) ના અચલગચ્છ જિનાલયમાં ગુરુમૂર્તિ. |
| ૫૦ | ૧ | ૧ | ૧૧૧ | –કચ્છના મહારાઓ ભારમલ્લજી (પ્રથમ). |
| ૫૦ | ૨ | – | — | –જામનગર ઉપાશ્રયમાં કલ્યાણસાગરસૂરિજીની ગુરુમૂર્તિ. |
| ૫૧ | ૧ | ૧<br>૨ | ૧૧૮<br>૪૯૬ | –કલ્યાણસાગરસૂરિની અગ્નિ સંસ્કાર ભૂમિ પર સ્તૂપમાં તેમના પગલા અને તેમની મૂર્તિ. (ભૂજ નગર) |
| ૫૧ | ૨ | ૧<br>૨ | ૧૧૯<br>૧૯૧<br>૧૪ | –ગઢશીશા (કચ્છ) ના દેરાસરના પ્રાંગણમાં કલ્યાણસાગસૂરિજી નું ગુરુમંદિર, જ્યાંથી અચલગચ્છના પ્રથમ અધિવેશનની પ્રેરણા મળી, આ ગુરુમંદિરમાંથી હંસવિજય નામના સાધુએ ગુરુ મૂર્તિનું ઉત્થાપન કરેલ. |
| ૫૧ | ૩ | ૧<br>૨<br>૨ | ૧૧૯<br>૪૯૬<br>૫૧૪ | –કલ્યાણસાગરસૂરિની મૂર્તિ સાથે ગૌતમસાગરસૂરિની ગુરુમૂર્તિ. (ભૂજ : થોભનું દેરુ) |
| ૫૨ | ૧ | ૧<br>૨ | ૧૧૧/૧૬<br>૪૩૦/૯૦ | –કલ્યાણસાગરસૂરિનો ઐતિહાસિક પાટ અને શીલાલેખ. |
| ૫૨ | ૨ | ૨ | ૪૩૧/૯૧ | –ભદ્રેશ્વર તીર્થના વિશાળ જિનાલયની ભમતીના ગુરુમંદિરમાં કલ્યાણસાગરસૂરિની પાદુકાઓ. |
| ૫૨ | ૩ | ૧ | ૧૨૦ | –અંજારમાં કલ્યાણસાગરસૂરિની મૂર્તિ. |

| ચિત્ર ક્રમ | ચિત્ર ક્રમ અંતર્ગત નંબર | ગ્રંથનો ભાગ | ગ્રંથ ક્રમ નંબર | |
|---|---|---|---|---|
| ૫૩ | ૧ | ૨ | ૪૩૩/૧૦૧ | –શત્રુંજય તીર્થની મૂળનાયકની ટૂંકમાં અચલગચ્છીય ગુરુ મંદિર અને પગલા માટે જુઓ ચિત્ર નં–૭ (૨) |
| ૫૩ | ૨ | ૩ | ૭૯ (હીન્દી) | –બાડમેર (રાજસ્થાન) માં પહાડ પરના જિનાલયમાં ગુરુમૂર્તિ. |
| ૫૩ | ૩ | ૧ | ૧૨૦ | –જખૌ તીર્થ (કચ્છ) ના જિનાલયમાં ગુરુમૂર્તિ ગુરુ પાદુકાઓ. |
| ૫૪ | ૧ | ૧ | ૧૭૪ | –વયોવૃદ્ધ પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરિજી અને પૂ. ઉપા. ગુણસાગરજી ગણીવર્ય મ. સા. તથા બીદડા અને રામાણીઆ (કચ્છ) ના સંઘોના આગેવાનો માં હીરજી ઘેલાભાઇ સાવલા, કાનજી ઘેલાભાઇ, આણંદજી નાનજી વિગેરે છે. |
| ૫૪ | ૨ | ૧ | ૧૫૫<br>૧૫૬ | –સં. ૧૯૮૭ માં પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરિ જામનગર હાલાર વિભાગમાં હતા. ખીમજી પદમશી, રૂપશી માણેક, હંસરાજ દેવજી, ચુનીલાલ ખીમજી, નાથાલાલ રૂપશી, માણેક મેરગ વિ. સાથેનો ફોટુ, પૂજ્યશ્રીની પ્રેરણાથી ત્યાંની જ્ઞાતિનાં વિખવાદો દૂર થયા ત્યારબાદનો ફોટુ છે. |
| ૫૫ | ૧ | ૧ | ૧૬૦ | –માંડવી અચલગચ્છ જૈન સંઘ હસ્તકના જ્ઞાન ભંડારનો શીલાલેખ. સ્થાપક પૂ. દાદા શ્રી ગૌતમસાગરસૂરિજી. |
| ૫૫ | ૨ | ૧ | ૧૭૪ | –પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરિ અને પૂ. ઉપા. શ્રી ગુણસાગરજીની તસ્વીરો. |
| ૫૬ | ૩ | ૧ | ૧૭૪ | –બે પદસ્થ મુનિવરોને સૂરિપદની પ્રાપ્તિ. |
| ૫૭ | ૧–૨ | ૧ | ૧૪૨ | –પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરિજીની તસ્વીરો. |
| ૫૭ | ૩ | ૧ | ૧૬૨ | –પૂ. આચાર્ય શ્રી દાનસાગરસૂરીશ્વરજી મ. સા. |
| ૫૭ | ૪ | ૧ | ૧૬૩ | –પૂ. આચાર્ય શ્રી નેમસાગરસૂરીશ્વરજી મ. સા. |
| ૫૮ | ૧ | ૧ | ૧૮૭ | –અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી |
| ૫૮ | ૨ | ૧ | ૧૮૭ | મ. સા. સાથે પૂ. મુનિશ્રી ચંદનસાગરજી પૂ. મુનિશ્રી કીર્તીસાગરજી, પૂ. મુનિશ્રી વિદ્યાસાગરજી પૂ. મુનિશ્રી તિલકચંદજી પૂ. મુનિશ્રી પુણ્યસાગરજી. પૂ. મુનિશ્રી ગુણોદયસાગરજી વિગેરે. |
| ૫૮ | ૩ | ૧ | ૧૮૭ | –આગમપ્રજ્ઞ પૂ. મુનિરાજ શ્રી કીર્તિસાગરજી મ. સા. |
| ૫૯ | ૧–૨ | ૧ | ૧૮૭ | –અચલગચ્છાધિપતિ પૂ. આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. પોતાના વિશાળ શિષ્ય પરિવાર સાથે. |
| ૬૦ | ૧ | ૧ | ૧૭૫ | –શાસન અને ગચ્છના વર્તમાન વિકાસના મૂળરૂપ શ્રી આર્ય |
| ૬૦ | ૨ | ૧૧ | ૧૭૫ | રક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના ઉદ્ઘાટન પ્રસંગે. |

| ચિત્ર પૃષ્ઠ | ચિત્ર પૃષ્ઠ અંતર્ગત નંબર | ગ્રંથનો ભાગ | ગ્રંથ પૃષ્ઠ નંબર | |
|---|---|---|---|---|
| ૬૧ | ૧ | ૧ | ૧૭૭ | –શ્રાવિકા વર્ગના ધાર્મિક ઉત્કર્ષરૂપ શ્રી કલ્યાણ–ગૌતમ નીતિ |
| ૬૧ | ૨ | ૧ | ૧૭૭ | –જૈન તત્ત્વજ્ઞાન શ્રાવિકા વિદ્યાપીઠના ઉદ્દઘાટન પ્રસંગે પૂ. આચાર્ય ભ. શ્રી તથા આગેવાનો શ્રી કલ્યાણજી માવજી પટેલ બીદડાવાલા, શ્રી રવજી ખીમજી છેડા વિગેરે |
| ૬૨ | ૧ | ૧<br>૧ | ૩૮<br>૧૮૪ | –આર્યરક્ષિતસૂરિજીના જીવન ચરિત્રની મોટી છબી (ગોરેગાંવ) |
| ૬૩ | ૧ | ૧ | ૧૨૧<br>૧૨૨ | –કલ્યાણસાગરસૂરિ ચતુર્થ જન્મ શતાબ્દિ સ્મૃતિ પ્રસંગે રંગોળી સ્થળ : ઘાટકોપર જીરાવલ્લિ દેરાસર ઉપાશ્રયમાં |
| ૬૪ | ૧–૨ | ૧ | ૧૨૧<br>૧૨૨ | –કલ્યાણસાગરસૂરિ ચતુર્થ જન્મ શતાબ્દિ નિમિત્તે મુનિશ્રી કલાપ્રભસાગરજી ની નિશ્રામા ભાંડુપમાં ધાર્મિક પાઠશાળાની સ્થાપના વખતે પ્રવચન કરતા જાણીતા આગેવાન શેઠ શ્રી નાયકભાઈ જેઠાભાઇ કોઠારાવાલા |
| ૬૫ | ૧ | ૨<br>૨ | ૪૩૭ (૧૨૨)<br>૪૩૯ (૧૪૦) | –પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિજી દ્વારા પ્રતિષ્ઠિત વિહરમાન શ્રી વિશાળ જિનના ભવ્ય વિરાટ પ્રતિમાજીઃ મૂળનાયક ભગવાન પટણા ( બિહાર ) |
| ૬૬ | ૧ | – | – | –થાણા (મહારાષ્ટ્ર) તીર્થના જુના દેરાસરના મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન આ પ્રતિમાજીને કચ્છથી મહારાષ્ટ્ર લઇ જવાતા હતા. પણ થાણામાં થોભી જતાં અત્રે રાત્રે સ્વપ્નામાં સૂચન મળેલ કે આ પ્રતિમાજીને મૂળનાયક તરીકે થાણામાંજ સ્થાપવા. અને પછી એમજ થયું. આ પ્રતિમાજીની પ્રાણ પ્રતિષ્ઠા સ. ૧૯૨૧ માં અચલગચ્છાધિપતિ આચાર્યશ્રી રત્ન સાગરસૂરિજીની પ્રેરણાથી શેઠશ્રી કેશવજી નાયકે કરાવેલ. |
| ૬૬ | ૨ | ૧ | ૧૮૩ | –કચ્છના ઉત્તુંગકાય કોઠારા તીર્થમાં પ્રતિષ્ઠિત પૂ. દાદાશ્રી આર્યરક્ષિતસૂરિજીની પ્રતિમા સં. ૨૦૩૪ તથા ગચ્છનાયકોની ગુરુ પાદુકાઓ. |
| ૬૭ | ૧ | ૧ | ૧૬૧ (૧૬) | –અચલગચ્છીય જિનાલયઃ કોચીન (સં. ૧૯૮૯) |
| ૬૮ | ૧ | ૧<br>૧ | ૧૨૨<br>૧૭૯<br>૨૨ | –ગચ્છના ઇતિહાસમાં સર્વ પ્રથમવાર યોજાયેલ ધાર્મિક જ્ઞાન સત્ર મુનિશ્રી કલાપ્રભસાગરજીની પ્રેરણાથી તેઓશ્રીની નિશ્રામાં *યોજાયેલ આ પ્રથમ જ્ઞાનસત્રના વિદ્યાર્થીઓ અને ઉદ્દઘાટન.* |
| ૬૯ | ૧ | ૧ | ૨૨ | તે વખતે ઉપસ્થિત રહેલ આગેવાન સુશ્રાવકો. |

| ચિત્ર પૃષ્ઠ | ચિત્ર પૃષ્ઠ અંતર્ગત નંબર | ગ્રંથનો ભાગ | ગ્રંથ પૃષ્ઠ નંબર | |
|---|---|---|---|---|
| ૭૦ | ૧ | ૧ | ૧૭૮ | –કચ્છથી પાલિતાણા શત્રુંજય મહાતીર્થના ઐતિહાસિક છ'રી પાળતા સંઘની ૧૦, તસ્વીરો. |
| | | | | (૧) આ છ'રી પાળતા સંઘમાં રથ પરનું ભવ્ય જિનાલય. |
| ૭૦ | ૨ | | | (૨) ૪૨ દિવસના આ સંઘના એક હજાર યાત્રિકોને રહેવા માટે દરરોજ એવા વિશાળ "સિદ્ધગિરિ નગર" ની તંબુઓની રચના થતી. |
| ૭૧ | ૧ | | | (૩) આ છ'રી પાળતા સંઘનું શ્રી જામનગર જૈન સંઘે બહુમાન કર્યું તે વખતે વિશાળ મંચ પર આ છ'રી સંઘના નિશ્રાદાતા, પુજ્ય ગુરુ ભગવંતો. |
| ૭૧ | ૨ | | | (૪) છ'રી પાળતા સંઘમાં પધારેલ અચલગચ્છીય વિશાળ સાધ્વીગણ (લગભગ ઠાણા ૪૫). |
| ૭૨ | ૧ | | | (૫) શત્રુંજય તીર્થ પરના મૂળનાયક પ્રભુજીના જિનાલયનું ભવ્ય કલાત્મક શિખર. |
| ૭૨ | ૧ | | | (૬) ૪૨ દિવસના સંઘ દરમ્યાન શ્રી ચતુર્વિધ સંઘની દરરોજ શત્રુંજય તીર્થ પટ્ટ આગળ થતી અનુમોદનીય આરાધના. |
| ૭૩ | ૧ | | | (૭) આ છ'રી પાળતા સંઘના ભાગ્યશાળી ત્રણ સંઘપતિઓ. |
| ૭૩ | ૨ | | | (૮) આ છ'રી પાળતા સંઘની ભાગ્યશાલિની ત્રણસંઘવણો. |
| ૭૪ | ૧ | | | (૯) શત્રુંજય તીર્થ પર પૂ. અચલગચ્છાધિપતિશ્રીને "અચલગચ્છ દિવાકર" નું બિરૂદ અપાયું. |
| | | | | (૧૦) તીર્થ યાત્રામાં ઠેઠ સુધી આ કુતરીએ યાત્રા કરેલ. |
| ૭૪ | ૨ | ૧ | ૩૮ | –શત્રુંજય તીર્થની ગોદમાં ઐતિહાસિક અચલગચ્છીય નવાણું |
| ૭૫ | ૧ | ૧ | ૧૮૩ | યાત્રિક સંઘના આરાધક ચતુર્વિધ સંઘની તસ્વીર. |
| ૭૬ | ૧ | | | –કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિના આગેવાન શ્રાવકો. |
| ૭૭ | ૧ | ૧ | ૧૮૫ | –પૂ. અચલગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં સં. ૨૦૩૬ માં મુંબઈના ક્રોસ મેદાન મધ્યે ભરાયેલ શ્રી અ. ભા. અચલગચ્છ ચતુર્વિધ જૈન સંઘના દ્વિતીય અધિવેશનની ૨૨, જેટલી તસ્વીરો. |
| ૭૭ | ૨ | | | (૧) અધિવેશનના નિશ્રાદાતા, યુગ પ્રભાવક, પરમત્યાગી, અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ. સા. ની લાક્ષણીક તસ્વીર. |

| ચિત્ર પૃષ્ઠ | ચિત્ર પૃષ્ઠ અંતર્ગત નંબર | ગ્રંથનો ભાગ | ગ્રંથ પૃષ્ઠ નંબર | |
|---|---|---|---|---|
| ૭૭ | ૨ | – | – | ૨ ઉક્ત અધિવેશન વખતે વિરાટ મેદની વચ્ચે પૂજ્યશ્રીને "યુગ પ્રભાવક" બિરૂદ અપાતાં સાધુ–સાધ્વી વૃંદે પૂજ્યશ્રીને વાસક્ષેપથી વધાવેલ. તથા મુનિશ્રી કલાપ્રભસાગરજી |
| ૭૭ | ૩ | | | ૩ ભાતબઝાર (મુંબઈથી) ક્રોસ મેદાન સુધી વિરાટ શોભાયાત્રા નીકળેલ તેમાં વિશાળ સાધ્વી–શ્રાવિકાગણ પણ ઉપસ્થિત હતો. |
| ૭૭ | ૪ | | | ૪ ઉક્ત અધિવેશન વખતે નૂતન દીક્ષિત મુનિવરો મુનિશ્રી પદ્મસાગરજી, મુનિશ્રી મલયસાગરજી. |
| ૭૮ | ૧ | | | ૫ અધિવેશન વખતે આકર્ષક આર્યરક્ષિત નગરનું કલાત્મકદ્વાર. |
| ૭૮ | ૨ | | | ૬ અધિવેશન વખતે આકર્ષક આર્યરક્ષિત નગર'નું રાત્રે રોશની યુક્ત દ્વારા. |
| ૭૮ | ૩ | | | ૭ } ભાત બજાર (મુંબઇ) થી વિરાટ શોભાયાત્રાનો –ભવ્ય વરઘોડાનો મંગલ પ્રારંભ. |
| ૭૮ | ૪ | | | ૮ |
| ૭૮ | ૫ | | | ૯ શ્રાવક શ્રાવિકા સંઘના નવા વરાયેલા પ્રમુખ સંઘવી સંઘરત્ન શ્રેષ્ઠિ શ્રી વિશનજી લખમશી સાવલા અધિવેશના પ્રારંભમાંજ પુજ્યશ્રીના આશીર્વાદ લઇ રહ્યા છે. |
| ૭૮ | ૬ | | | ૧૦ અધિવેશનના વચ્ચેના મંચ પર બિરાજમાન અચલ–ગચ્છાધિપતિ પુ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. પૂ. આ. શ્રી ગુણોદયસાગરસૂરિજી, મુનિશ્રી કલાપ્રભસાગરજી સમેત મુનિગણ. |
| ૭૯ | ૧ | | | ૧૧ અધિવેશન વખતે સંઘના આગેવાનો શ્રી વિશનજી લખમશી શ્રી નારાણજી સામજી, શ્રી ઘમંડીરામ ગોવાણી, ઠરાવો અંગે ચર્ચાઓ કરી રહ્યા છે. |
| ૭૯ | ૨ | | | ૧૨ અધિવેશન વખતે મહત્ત્વના ધાર્મિક ઠરાવો અંગે આગેવાનો પૂજ્યશ્રી પાસે માર્ગદર્શન લઈ રહ્યા છે. |
| ૭૯ | ૩ | | | ૧૩ અધિવેશન વખતે શ્રી ક. વિ. ઓ. દે. જૈન જ્ઞાતિ મહાજનના આગેવાન શ્રી રવજી ખીમજી છેડા ઠરાવો અંગે ચોખવટ કરતું ભાષણ કરી રહ્યા છે. |

| ચિત્ર પૃષ્ઠ | ચિત્ર પૃષ્ઠ અંતર્ગત નંબર | ગ્રંથનો ભાગ | ગ્રંથ પૃષ્ઠ નંબર | |
|---|---|---|---|---|
| ૭૯ | ૪ | | | ૧૪ અધિવેશન વખતે શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજનના આગેવાન શ્રી રતનશી જેઠાભાઇ સાંગલીવાલા પણ મહત્ત્વનું ભાષણ આપી રહ્યા છે. |
| ૭૯ | ૫ | | | ૧૫ } અધિવેશન વખતે હજારોની સંખ્યામાં ઉપસ્થિત થયેલ |
| ૭૯ | ૬ | | | ૧૬ } શ્રાવક શ્રાવિકા વર્ગ. |
| ૮૦ | ૧ | | | ૧૭ અધિવેશન વખતે સુંદર ચડાવો બોલી સંઘરત્ન શ્રી ઝવેરચંદભાઈ જે. સાવલા પૂજ્યશ્રીને કામળી વહેરાવી રહ્યા છે. |
| ૮૦ | ૨ | | | ૧૮ મારવાડી સાફામાં સજ્જ શ્રી ઘમંડીરામ ગોવાણી અને શ્રી નારાણજીભાઈ મોમાયા, શ્રી ઝવેરચંદભાઈ સાવલા વિગેરે તથા મોરારજી નાનજી ગાલા, મેઘજી ખીમજી વીરા, ભૂરચંદ જૈન, જીવરાજ ભાણજી વિગેરે. |
| ૮૦ | ૩ | | | ૧૯ "ચમકા દુંગા"ના નારાઓ પુકારતા ખમીરવંતા સમાજરત્ન શ્રેષ્ઠિ શ્રી ઘમંડીરામ ગોવાણી ભાષણ આપતા, પાસે શ્રી વશનજીભાઈ સાવલા, પ્રેમજી દેવજી, ચંદુલાલ ગાંગજી વિગેરે ઊભા છે. |
| ૮૦ | ૪ | | | ૨૦ મારવાડી સાફામાં સજ્જ ત્રણે આગેવાનો તથા મારવાડના અચલગચ્છીય આગેવાનો, તે વખતે શ્રી અખિલ રાજસ્થાન અચલગચ્છ શ્વે. જૈન સંઘની સ્થાપના કરવામાં આવેલ. |
| ૮૦ | ૫ | | | ૨૧ અધિવેશન વખતે શ્રી આર્યરક્ષિત જૈન યુવક પરિષદ, શ્રી મહાવીર મિત્ર મંડળના યુવાનોએ થાળી નૃત્ય વિગેરે જુદા જુદા પ્રોગ્રામોથી સૌને મુગ્ધ કરેલ. |
| ૮૦ | ૬ | | | ૨૨ અધિવેશનની પુર્ણાહૂતિ વખતે શ્રાવક શ્રાવિકા સંઘના પ્રમુખ શ્રી વિશનજીભાઇ સાવલા અને સંઘના ઊત્સાહી મંત્રી શ્રી ટોકરશી ભુલાભાઇ વીરા એકબીજાનો આભાર માનતા. |

# ચિત્ર પરિચયમાં


| આર્ટ પેજ નં. | વિગત | ભાગ | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| ૮૧ | અચલગચ્છેશ પૂ. આર્યરક્ષિતસૂરિ ભદ્રેશ્વર તીર્થાદિ ૧૪ સ્થળો પર એક જ સમયે પ્રતિષ્ઠા કરી રહ્યા છે તેનું ચિત્ર. | ૧ | ૩૫ |
| ૮૨ | (૧) શ્રી કલ્યાણસાગરસૂરિની નિશ્રામાં કચ્છથી શત્રુંજય તીર્થનો છ'રી પાળતો સંઘ (સં. ૧૬૪૯) (પ્રદર્શન ચિત્ર) | ૧ | ૧૦૮ |
| | (૨) શ્રી ગુણસાગરસૂરિની નિશ્રામાં કચ્છથી શત્રુંજય તીર્થનો છ'રી પાળતો સંઘ (સં. ૨૦૩૩) (પ્રદર્શન ચિત્ર) | ૧ | ૧૭૮ |
| ૮૩ | (૧) સંઘવી શ્રી ઝવેરચંદ જે. સાવલાના બહુમાનનો ફોટો. | | — |
| | (૨) આર્યરક્ષિત જૈન યુવક પરિષદનો પ્રથમ વાર્ષિકોત્સવ | (પરિશિષ્ટ નં. ૧૩) | ૬૭ |
| ૮૪ | (૧) જૈન આશ્રમ તીર્થ (કચ્છ) ના મૂળનાયક શાંતિનાથ ભગવાન. | | |
| | (૨) પૂ. અચલગચ્છાધિપતિશ્રી તથા રાવસાહેબ શેઠશ્રી મેઘજી સોજપાળ | ૧ | ૧૬૦ |
| ૮૫ | (૧) અચલગચ્છેશ પૂ. ધર્મમૂર્તિસૂરિના ઉપદેશથી લખાયેલ દ્વાદશાર નયચક્ર ગ્રંથની વિરલપ્રતનું અંતિમ પત્ર. | ૧ | ૧૦૪ |
| | (૨) ગઢરાંગણુમાંથી પ્રગટ થયેલા કચ્છ ગોધરાના મૂળનાયક પ્રભુજી | | |
| ૮૬ | (૧) કલ્યાણસાગરસૂરિની સં. ૧૬૩૩ ની વૈ. સુ. ૬ ની જન્મતિથિ સૂચવતી ગુરુસ્તુતિનું અંતિમ પત્ર. | ૧ | ૧૦૭ |
| | (૨) અચલગચ્છનાયક પ્રાચીન ગુરુરાસની પ્રતનું અંતિમ પત્ર. | | — |
| ૮૭ | (૧) કચ્છ બીદડાના મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન. | | |
| | (૨) પૂ. અચલગચ્છાધિપતિશ્રી પોતાના શિષ્યો–પ્રશિષ્યો સાથે તથા મુંબઈમાં દીક્ષિત નૂતન શિષ્યો–પ્રશિષ્યો સાથે. | પરિશિષ્ટ ન. ૪ | |
| ૮૮ | (૧) આગમ કલા મુખ, ગચ્છના આદ્યગ્રંથકાર અચલગચ્છેશ પૂ. આ. શ્રી મહેન્દ્રસિંહસૂરિજીએ બૃહત્ શતપદી, મનઃસ્થિરીકરણ પ્રકરણ, અષ્ટોતરી તીર્થમાળા સમેત પ્રાકૃત–સંસ્કૃતમાં અનેક ગ્રંથો રચ્યા. અને પોતાના શિષ્યો દ્વારા જૈન આગમાદિ અનેક ગ્રંથોની તાડપત્ર પર–કાગળ પર નકલો લખાવી તેનું ચિત્ર. | ૧ | ૫૯ |
| | (૨) આગમ ગ્રંથોદ્ધારક, અચલગચ્છેશ પૂ. આ. શ્રી ધર્મમૂર્તિસૂરીશ્વરજી મ. સા....ની પ્રતિકૃતિ | ૧ | ૧૦૦ |
| | (૩) સં. ૨૦૩૯ ના કા. વ. ૫ ના શુભ દિવસે અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. પ્રેરિત શ્રી શંત્રુજયવતાર આદીશ્વર બહુંતેર જિનાલય મહાતીર્થ માટે લેવાયેલ પવિત્ર ભૂમિપર (કોડાય – તલવાણા વચ્ચે ભૂજ – માંડવી હાઇવે પર) "ગુણનગર" ખાતે પૂ. આ. શ્રી ગુણોદયસાગરસૂરિજી આદિ અનેક સાધુ સાધ્વીજીઓની નિશ્રામાં સંઘરત્ન શ્રેષ્ઠિ શ્રી શામજી જખુભાઈ ગાલાના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું. નજીકમાં સંઘરત્ન શ્રેષ્ઠિ શ્રી વિશનજી લખમશી સાવલા વિ. આગવાનો ઉપસ્થિત છે. | | — |


— ચિત્ર પરિચય સમાપ્ત —

● મંગલ સ્તુતિ જે શરૂમાં અપાયેલ છે તેના કર્તા **શ્રી જયશેખરસૂરિજી** છે.

● અચલગચ્છના ઇતિહાસની ઝલકમાં સંપૂર્ણ અનુક્રમણિકા આપવાનું કારણ સંપૂર્ણ સ્મૃતિગ્રંથની પણ ઝાંખી થાય માટે આપેલ છે.

યુગપ્રધાન
પૂ. આ **શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી** મ. સા. પૂ. આ. **શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી** મ. સા. ના કલર બ્લોક શ્રેષ્ઠિશ્રી **ટોકરશી આણંદજી** લાલકાના સૌજન્યથી છપાયેલ છે.

## શ્રી ગૌતમસ્વામી અષ્ટક

(રચિયતા : અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી** મ. સા.)

વસુભૂતે સુતઃ શ્રેષ્ઠઃ, પૃથ્વીમાતુઃ સુનંદનઃ ।
ગોબરગ્રામવાસ્તવ્યઃ, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૧॥
દેવેન્દ્રૈર્માનવેન્દ્રૈર્યંઃ, સંસ્તુતઃ પૂજિતો ગુણી ।
વીરે વિનયવાન્ વર્યઃ સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૨॥
અનંતલબ્ધિમાનૂ યસ્મૈ, દીક્ષાં યચ્છતિ તસ્ય તુ ।
જાયતે કેવલજ્ઞાનં, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૩॥
ત્રિપદીં પ્રાપ્ય વીરાદ્ધિ, દ્વાદશાંગીં ત્વરં વ્યધાત્ ।
ઉપકાર્યભવદ્રર્યઃ, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૪॥
ત્રિપંચશતસાધૂનાં, પરમાન્નેન પારણમ્ ।
અકારયદ્ધિ લબ્ધ્યા યઃ સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૫॥
વીર વીર વદન્ વીરં, પ્રશ્નં પૃચ્છતિ યઃ સદા ।
ઉત્તરં લભતે વીરાત્ સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૬॥
યસ્ય હિ સ્મરણં સંપત્સિદ્ધિદં વિઘ્નકષ્ટહમ્ ।
શુભેચ્છાપૂરકં નિત્યં, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૭॥
આદ્યો ગણધરઃ સ્વામી, સંઘસ્ય યો મહાવ્રતી ।
**ગુણાબ્ધિસૂરયે** મહ્યં, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૮॥
ૐ હ્રીં શ્રી અસિઆઉસા, ગૌતમ સ્વામિને નમઃ ।
મંત્રં હિ ચાષ્ટકં ગણ્યં, લક્ષ્મી-સિદ્ધ-સમૃદ્ધિદમ્ ॥૯॥

# સંસ્થાકીય નિવેદન

સાત સાત વર્ષોનાં દીર્ઘપરિશ્રમ પછી તૈયાર થયેલ આ ઐતિહાસિક મહાગ્રંથ 'શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ સ્મૃતિગ્રંથ' પ્રકાશિત કરતાં અતિ આનંદ અનુભવીએ છીએ.

જૈન સંઘ અને અચલગચ્છના આધ્યાત્મિક વિકાસમાં શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠને જે લાભ પ્રાપ્ત થયો છે તેનું સંક્ષિપ્ત વર્ણન અલગ લેખમાં આપવામાં આવેલ છે. વિદ્યાપીઠની વિવિધ પ્રવૃત્તિઓમાં આ ગ્રંથપ્રકાશન પ્રવૃત્તિનો પણ સમાવેશ થાય છે.

શ્રી વિદ્યાપીઠ સંચાલિત પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ ગ્રંથ પ્રકાશન કેન્દ્રની સ્થાપના પણ આ સ્મૃતિગ્રંથના પ્રકાશન માટે જ કરાયેલ. પ્રથમ તો અચલગચ્છાધિરાજ પૂ. દાદ શ્રી કલ્યાણસાગરસૂરિજીના ચતુર્થજન્મ (સં. ૧૬૩૩) શતાબ્દિ (વિ. સં. ૨૦૩૩) વર્ષને અનુલક્ષીને સ્મૃતિગ્રંથ પ્રકાશિત કરવાની વિચારણા થયેલ. પણ સમય જતાં અનેકવિધ કારણોસર આ ગ્રંથપ્રકાશનમાં વિલંબ થતાં વિશ્વની વિરલ વિભૂતી, અચલગચ્છ પ્રવર્તક મહાન ત્યાગી પૂ. દાદાશ્રી આર્યરક્ષિતસૂરિના નવમ જન્મ (સં. ૧૨૩૬) શતાબ્દિ વર્ષ અને અષ્ટમ સ્વર્ગવાસ (સં. ૧૨૩૬) શતાબ્દિ વર્ષ (સં. ૨૦૩૫-૩૬)ની સ્મૃતિ તથા ક્રિયોદ્ધારક અચલગચ્છાધિપતિ પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરિ જન્મ શતાબ્દિની સ્મૃતિના નિમિત્તે થતાં '**શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ સ્મૃતિ ગ્રંથ**' એવું નામ રખાયું. દરમ્યાનમાં બીજા અનેક પુસ્તકો પ્રકાશિત થઈ ગયા. છેલ્લા દાયકામાં અનેકવિધ શાસન પ્રભાવક ધાર્મિક કાર્યો થયા છે અને થઈ રહ્યા છે. આ કાર્યોની ચિરસ્મૃતિ નિમિત્તે પણ આ સ્મૃતિગ્રંથ એક ઐતિહાસિક સંભારણું બની રહેશે.

આ નોંધ લેતા પણ આનંદ થાય છે કે શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ અને શ્રી કલ્યાણ ગૌતમ નીતિ જૈન તત્ત્વજ્ઞાન શ્રાવિકા વિદ્યાપીઠ, **આ ઉભય સંસ્થાઓના અનુક્રમે રજત વર્ષ અને દશાબ્દિવર્ષ પ્રસંગો પણ નજીક આવી રહેલ છે.** આટલા દીર્ઘસમયથી આ સંસ્થાઓને જિનશાસનની સેવા કરવાની પાવનતક મળેલ છે જેથી આ સંસ્થા ખુબજ ગૌરવ અનુભવે છે.

વિશેષ આનંદની વાત તો એ પણ છે કે આ સંસ્થાના સ્થાપક, પ્રેરક અને માર્ગદર્શક યુગપ્રભાવક, અધ્યાત્મયોગી શીઘ્રકવિ, વિદ્વદ્વર્ય, અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્યભગવંત શ્રીમદ્ ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. સિત્તેર વર્ષની જૈફ વયમાં પણ જૈનશાસનની અપૂર્વ પ્રભાવના કરી રહ્યા છે. તેઓશ્રીનું સવિસ્તર રોચક જીવનચરિત્ર આ ગ્રંથના પ્રથમ ભાગમાં પ્રકાશિત કરાયેલ છે. ત્યાંથી વાંચી લેવા નમ્ર વિનંતિ છે. પૂ. પાદ અચલગચ્છાધિપતિશ્રીના સૂરિપદનો (સં. ૨૦૧૨ થી ૨૦૩૭) રજતવર્ષ બે વરસ પહેલાં ખૂબ જ ઉલ્લાસ સહ ઉજવાયેલ. પૂજ્યશ્રીના અગણિત ઉપકારોની ચિરસ્મૃતિ નિમિત્તે આ પ્રસંગે પૂજ્યશ્રીને ભાવભરી અનંતશઃ વંદના કરીએ છીએ. આ સંસ્થાની પ્રગતિમાં માર્ગદર્શક તેઓશ્રીના પટ્ટધર તપસ્વીરત્ન શાસનપ્રભાવક સ્વાધ્યાયપ્રેમી પૂ. આ. દેવ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સાહેબને પણ ભાવભરી વંદના કરીએ છીએ.

આ મહાગ્રંથનું સંપૂર્ણ સંપાદક કાર્ય પણ આજથી ૧૩ વર્ષ અગાઉ આ વિદ્યાપીઠમાં પાંચ વર્ષ (વિ. સં ૨૦૨૧ થી ૨૦૨૫) દરમિયાન છાત્ર તરીકે જ્ઞાનાભ્યાસ પ્રાપ્ત કરનાર અને પછીથી (સં. ૨૦૨૬ માં) મુનિ જીવન સ્વીકારનાર અધ્યાત્મરસિક, વિદ્વાન પ. પૂ. મુનિરાજ શ્રી કલાપ્રભસાગરજી મ. સાહેબે કુશળતાપૂર્વક કરેલ છે. આ સંસ્થાના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી આ મુનિરાજ શ્રી દ્વારા સંપાદિત અને વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત આ એક ઐતિહાસિક ગ્રંથ રત્નનું પ્રકાશન કરતાં અમે ગૌરવતા ભર્યો અનેરો આહ્લાદ અનુભવીએ છીએ.

પૂ. મુનિશ્રીએ પૂર્વાવસ્થામાં વિદ્યાપીઠમાં રહી 'આદર્શ વિદ્યાર્થી' તરીકેની નામના મેળવેલ, અને ધાર્મિક, સંસ્કૃત, હિન્દી અને અંગ્રેજી વિ. નું સુંદર શિક્ષણ પ્રાપ્ત કરેલ.

સંસ્કૃતની સાહિત્યરત્ન, સાહિત્યશાસ્ત્રી (પ્રથમ વર્ષ) વિ. ની પણ ઉચ્ચ પરીક્ષાઓમાં તેઓશ્રી ઉત્તીર્ણ થયેલા. બાદ સં ૨૦૨૬ ના કા. વ. ૧૩ ના દિવસે કચ્છ–ભૂજપુર મુકામે આ સંસ્થાના પ્રેરક પૂ. અચલગચ્છાધિપતિશ્રીના શિષ્ય રત્ન તરીકે તેઓશ્રીએ ભાગવતી દીક્ષા સ્વીકારેલ. દીક્ષા સ્વીકાર્યા બાદ પણ રત્નત્રયીની અનુમોદનીય આરાધના–સાધના, જ્ઞાનપ્રાપ્તિ, ગુરુભક્તિ, તપશ્ચર્યા, પ્રવચન. સાહિત્યલેખન–રક્ષણ અને સંશોધન, શાસન પ્રભાવના, કાર્યદક્ષતા વિ. ક્ષેત્રે અનેક રીતે પ્રશંસનીય પ્રતિભા સંપાદિત કરેલ છે.

સાહિત્ય કલારત્ન પૂ. મુનિશ્રી માટે આ વિદ્યાપીઠ એ પણ ગૌરવ લે છે કે કચ્છી જૈન સમાજના આધ્યાત્મિક અને નૈતિક ઉત્થાન માટે આશીર્વાદરૂપ પૂરવાર થયેલ દાદાશ્રી કલ્યાણ-સાગરસૂરિ જૈન ધાર્મિક જ્ઞાનસત્રના મંગલ પ્રારંભની પ્રેરણા પણ તેઓશ્રીએ આપેલ. જ્ઞાનસત્રોમાં સેંકડો યુવાનો અને બાળકોને તેઓશ્રીએ પણ સુંદર જૈન તત્ત્વજ્ઞાન, જૈન આચાર અને જૈન ઇતિહાસની સુંદર વાચનાઓ આપેલ. તથા વિદ્યાપીઠ અને જ્ઞાનસત્રના ફંડ માટે તેઓશ્રીની પ્રેરણાથી અત્યાર સુધીમાં લગભગ પાંચ લાખ રૂ. જેટલું દાન પ્રાપ્ત થયેલ છે. આમ મુનિરાજશ્રી એ વિદ્યાપીઠના ઋણથી મૂક્ત બનવા યથા શક્ય પ્રયત્ન કરેલ છે. આ પ્રસંગે આ સંસ્થાના વિદ્યાર્થી રત્ન પૂ. મુનિરાજ શ્રી કલાપ્રભસાગરજી મ. સા. ને ભાવભરી વંદના કરીએ છીએ.

આ સ્મૃતિ ગ્રંથના પ્રકાશનમાં તથા ગ્રંથ પ્રકાશન કેન્દ્રમાં પૂ. અચલગચ્છાધિપતિશ્રી સહિત અનેક પૂ. સાધુ સાધ્વીજી ભગવંતોએ પણ અનેક મહાનુભાવોને સહાયક થવા પ્રેરણા કરેલ છે. જેથી અમે તેઓશ્રીનો વંદના કરવા પૂર્વક આભાર માનીએ છીએ.

પ્રથમ આ "સ્મૃતિ ગ્રંથ" શ્રી આર્ય–જય–કલ્યાણ કેન્દ્ર દ્વારા પ્રકાશિત કરવાની વિચારણા હતી પણ પૂ. મુનિશ્રી કલાપ્રભસાગરજી મ. સા. નો સતત આગ્રહ રહ્યો કે અન્ય સંસ્થાઓની જેમ આ વિદ્યાપીઠ પણ પ્રકાશન પ્રવૃત્તિ કરે તો ગૌરવમાં વૃદ્ધિ થાય જેથી પૂ. અચલગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી આ સ્મૃતિ ગ્રંથ આદિ પ્રકાશનો માટે વિદ્યાપીઠ સંચાલિત દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ ગ્રંથ પ્રકાશન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. હાલ શ્રી આર્ય–જય–કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ પણ પ્રાચીન અર્વાચીન–સાહિત્ય પ્રકાશનમાં મોખરે છે.

ખૂબજ પરિશ્રમપૂર્વક તૈયાર થયેલ આ સ્મૃતિગ્રંથ એક સંગ્રહણીય અને માર્ગદર્શક ગ્રંથ બન્યો છે. વિવિધ વિભાગોના વાંચન–પરિશીલન દ્વારા જૈનધર્મ અને અચલગચ્છ અંગે ઘણું અવનવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. પૂ. મુનિરાજશ્રી એ સતત પરિશ્રમ કરી આ ગ્રંથમાં પ્રકાશિત ચિત્રો અને ફોટાઓ પ્રાપ્ત કર્યા છે. અને યથાયોગ્ય આ ચિત્રોની પરિચયસૂચિ પણ આપેલ છે. જે લક્ષપૂર્વક વાંચી જવા–જોઈ જવા, નમ્ર વિનંતિ છે.

આ ગ્રંથના સંપાદન, સંકલનમાં પૂ. મુનિરાજશ્રીને અનેક વિદ્વાન્ મહાનુભાવોએ તથા ધર્માનુરાગી મહાનુભાવોએ લેખો આપવા કે ફોટાઓ મોકલવા દ્વારા યોગ્ય સહકાર આપેલ છે. તે બદલ આ સંસ્થા તેઓની ઋણી છે. આ ગ્રંથમાં ઘણી કાળજી છતાં અમુક સ્થળે મુદ્રણદોષના કારણે ભૂલો રહી જવા પામી છે. જે સુધારીને વાંચવા વિનંતિ છે.

આ ગ્રંથનું સ્વચ્છ અને સુંદર મુદ્રણ કરી આપવા બદલ 'હર્ષા પ્રીન્ટરી' ના માલિક શ્રેષ્ઠિ શ્રી કેશવજીભાઇ હીરજી ગોગરી પત્રીવાલાનો તથા પ્રુફ સંશોધનાદિ વ્યવસ્થા ચીવટપૂર્વક કરનાર ડૉ. શ્રી રામજીભાઇ એલ. શાહ રામાણીયાવાલાનો આ સ્થળે હાર્દિક આભાર માનીએ છીએ.

પ્રાંતે આ ગ્રંથના વાંચન અને પરિશીલન દ્વારા સૌ કોઈ વિશેષમાં વિશેષ આદર્શો મેળવે અને પોતાનું જીવન ઉર્ધ્વગામી બનાવે એજ અંતરની અભિલાષા.

લિ. રવજી ખીમજી છેડા, પ્રમુખ
શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના
અધિકારીઓ તથા ટ્રસ્ટી મંડળના જયજિનેન્દ્ર

# સંપાદકીય નિવેદન

—મુનિ શ્રી કલાપ્રભસાગરજી 'ગુણશિશુ'



જન્મ અને મૃત્યુ !
પતન અને ઉત્થાન !
સંયોગ અને વિયોગ !
અનુકૂળતા અને પ્રતિકુતળા !
સુખ અને દુઃખ !

સમુદ્ર જેવા ભયંકર–તોફાની આ સંસારમાં અથડાતા – કુટાતા આ જીવાત્મા સાથે અનાદિકાળથી જોડાયેલા આ દ્વન્દ્વો છે. સંસારી આત્માઓ આ દ્વન્દ્વોથી મુંઝાય છે. જન્મવું.... જેમ તેમ જીવન જીવવું....રાગદ્વેષ કરવા....સત્યમાર્ગની ઉપેક્ષા કરવી. અને અંતે મરી જવું.... પુનર્જન્મ લેવો પુનઃ મરી જવું.... આ છે સંસારમાં પરિભ્રમણ કરતા એવા અનંતાનંત આત્માઓની અનાદિકાળથી ચાલી આવતી નાનકડી કહાની !

પરંતુ જેઓ પોતાને મળેલા આ અમૂલ્ય માનજીવનનું ગંભીર રીતે મૂલ્ય સમજે છે. તે આત્માઓ ઉત્કૃષ્ટ જીવન આચરણ દ્વારા કર્મક્ષય કરી સંસાર સાગરને તરી જાય છે....આ દ્વન્દ્વોથી કાયમને માટે છૂટી જાય છે. અને જગત માટે આદર્શ રૂપ બની જાય છે. આ જગતમાં આવા અનંતાનંત આત્માઓ કેવલજ્ઞાનની પરાકાષ્ટા એ પહોંચી સર્વકર્માવરણોથી રહિત થઇ સિધ્ધપદને અર્થાત્ મોક્ષને પ્રાપ્ત કરી ચુકયા છે. મોક્ષ માર્ગના લક્ષ્યપૂર્વક સાધના કરતાં ત્રિકાળના મહાપુરૂષો પણ અલ્પ ભવોમાં મોક્ષગામી બને છે.

## શ્રમણ સંસ્કૃતિ અને ચૈત્યવાસ

વિશ્વ અને રાષ્ટ્રના સ્તરને ઉંચે લાવવામાં મહાપુરૂષોનું જીવન અને કાર્ય મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. તેઓના જીવનની પ્રત્યેક ક્ષણ માનવ જીવનના ઉત્થાનમાં ઉપયોગી હોય છે. પ્રાચીન આર્યસંસ્કૃતિ અને મોગલકાલિન ઈતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે. આજના સમય કરતાં તે યુગમાં ખૂબ છિન્નભિન્નતા હતી. આમ છતાં માનવજીવનના ઉત્થાન માટે તે વખતના જૈનશ્રમણો દ્વારા જે પ્રચંડ આધ્યાત્મિકતા ભર્યો પુરૂષાર્થ કરાયો હતો....કે, જેની અસર આજે પણ યુગો વીતવા છતાં આપણને જાગૃત કરે છે. જૈન શ્રમણોની અદ્ભૂત જીવન પધ્ધતિ, નિર્દોષ એવા આહાર–વિહાર, સચોટ ઉપદેશાદિ દ્વારા પરોપકાર પરાયણતા અને ભાવિ કલ્યાણ માટે સાત્વિકસાહિત્યની પ્રવૃત્તિ વિગેરે પ્રયત્નો આજે પણ જીવનની ઉન્નતિ માટે પ્રેરકબળ બની રહ્યા છે, દુષ્ટકાર્યો કરનાર મનુષ્ય પણ આ મહાત્માઓના જીવનચરિત્રોથી ચોકકસ પ્રભાવિત થાય છે. કારણકે એ મહાપુરૂષોનું જીવન પ્રાચીન હોવા છતાં નૂતન શુભભાવનાઓનું પોષક અને પરિવર્ધક અવશ્યમેવ બને છે.

વર્તમાનમાં આપણે આપણા પરમઉપકારી પૂર્વજોને ભૂલતા જઇએ છીએ. તેઓ પ્રત્યે જોઇએ તેવી આદરણીય દષ્ટિ નથી રહી એવું કવચિત્ લાગ્યા કરે છે. ચીનમાં આજે પણ એ પ્રથા છે કે પ્રત્યેક ગૃહસ્થ પોતાના ઘરના એક ખૂણામાં પોતાના ધર્મના અથવા પરિવારના

આદરણીય પૂર્વજોની પ્રતિમાઓ રાખે છે. અને ઘરના પ્રત્યેક સભ્યો દિવસમાં એકવાર અમુક સમયે તે પ્રતિમા સમક્ષ પ્રાર્થના.... શ્રદ્ધાંજલી કે ગુણસ્મરણ કરે છે. ભલે આ એક રૂઢિ લાગે પણ.... વાસ્તવિકતા જોશું તો સમજાશે કે તેવા પરિવારના બાળકોમાં આ પ્રાર્થનાદિના સંસ્કારો એવા સુદૃઢ થઈ જાય કે જીવનના અંત સુધી તેઓ તેને ભૂલી શકતાં નથી. કયારેક કયારેક જૂની પ્રથાઓ પણ વાસ્તવિક કર્તવ્ય માટે જાગૃતી રૂપ પૂરવાર થતી હોય છે. 'જૂનું એટલું સોનું તે આનું નામ.' એવી જ રીતે આત્માના ઉત્થાન માટે મહાપુરુષોનું ગુણકીર્તન કે ચરિત્રપઠન જરૂરી નહીં પણ અનિવાર્ય બની રહે છે.

ભારતીય આર્યસંસ્કૃતિને જૈન મુનિ ભગવંતોએ અને જૈનાચાર્યોએ લોકભાગ્ય બનાવવા આદરણીય પ્રયત્ન કરેલ છે. પ્રાચીન જૈન સાહિત્ય આ હકીકતની સાક્ષી પૂરે છે. તેઓનું અંતિમ લક્ષ્ય હતું.... આધ્યાત્મિક વિકાસ અને મોક્ષપ્રાપ્તિ. તેઓએ અનેક રીતે શુભ પ્રયત્નો કરીને પોતાનું અને અનેક માનવોનું જીવન મોક્ષગામી બનાવ્યું. એક વખત સંપૂર્ણ ભારત આ આર્હત્ શ્રમણ સંસ્કૃતિથી ખૂબ જ પ્રભાવિત હતો.

આજથી લગભગ ૨૫૦૯ વર્ષો પહેલાં આ અવસર્પિણી કાળના ચરમ તીર્થંકર પરમાત્માશ્રી મહાવીરદેવે આખા જગતને અહિંસાનો મહાન સંદેશો સંભળાવ્યો હતો. તેઓથી પહેલા થયેલા શ્રી આદીશ્વર પ્રભુથી લઈ શ્રી પાર્શ્વનાથ પ્રભુ સુધીના ૨૩ તીર્થંકરોએ તથા અનંતી ચોવીશીના અનંતા તીર્થંકરોએ અનંતાનંત આત્માઓનું કલ્યાણ કર્યું છે. જે કલ્યાણની પરંપરા વર્તમાનમાં પણ ચાલુ છે.

પરિવર્તનશીલતા એ સંસારનો સિદ્ધાંત છે. વિક્રમની પ્રથમ શતાબ્દિમાં જ ભારતીય ઇતિહાસમાં અનેક પરિવર્તનો થયા હતા. જેમાંથી જૈન ધર્મ પણ બચી શક્યો નહીં. આ સમયમાં જૈન શ્રમણ સંસ્થામાં પણ શિથિલાચારે પ્રવેશ કર્યો હતો. જે આગળ જતાં ચૈત્યવાસનાં નામે પ્રસિદ્ધિ પામ્યો. ચૈત્યવાસનો આભાસ ઠેઠ શ્રી વજ્રસ્વામીનાં સમયમાં પ્રાપ્ત થાય છે. વિક્રમની પ્રથમ શતાબ્દિમાં એટલે પાદલિપ્તસૂરિના સમયમાં અને ત્યાર બાદ ક્રમશઃ ભવવિરહાંક શ્રી હરિભદ્રસૂરિ અને અચલગચ્છનાયક શ્રી આર્યરક્ષિતસૂરિના ૧૨ શતાબ્દિના સમયમાં ચૈત્યવાસના અસ્તિત્વના સબળ પ્રમાણો પ્રાપ્ત થાય છે. જિનાલયમાં નિવાસ કરવો, તાંબુલ વિ.નું ભક્ષણ તેલ વિ. શૃંગારીક સાધનોનો છૂટથી ઉપયોગ કરવો વિગેરે શિથિલતાવાળા શ્રમણો ચૈત્યવાસી કહેવાયા. ચૈત્યવાસીઓનાં પ્રભુત્વને કારણે શહેરોમાં સુવિહિત ત્યાગીઓનું આવાગમન દુર્લભ રહેતું. જેથી માનવસમાજ પર શ્રમણ સંસ્કૃતિની અસર ભૂંસાતી જતી હતી.

## શ્રમણ સંસ્કૃતિના રખોપા

આવા વિકટ સમયમાં વિધિપક્ષ (અચલ) ગચ્છ પ્રવર્તક શ્રી આર્યરક્ષિતસૂરિ આદિ શ્રમણો આથમતી એવી શ્રમણ સંસ્કૃતિના રખોપા બન્યા હતા. પ્રચંડ પુરૂષાર્થ દ્વારા અને તપ-ત્યાગ ભરપુર ઉત્કૃષ્ટ જીવનચર્યા દ્વારા સન્માર્ગના રક્ષક બની રહ્યા હતા.

અનંત ઉપકારી શ્રી જિનેશ્વર ભગવંતોના જન્મ નિર્વાણાદિ કલ્યાણક તિથિઓના પાવન દિવસોમાં વિશેષમાં વિશેષ ધર્મારાધના કરી આપણે જીવનને પાવન બનાવીએ છીએ. તેવી જ રીતે મહાન જૈનાચાર્યો અને આપણા ઉપકારી ગુરુ ભગવંતોના જન્મ દીક્ષા અને સ્વર્ગારોહણની તિથિઓના દિવસોમાં તેઓના જીવનચરિત્ર અને સાહિત્ય દ્વારા પોતાના જીવનને કર્તવ્યપથ પર ગતિશીલ બનાવવાની પ્રથા પણ આપણે ત્યાં પ્રચલિત થયેલી જોવા મળે છે. આ સ્મૃતિગ્રંથ પણ આ હકીકતોનો સાક્ષી બની રહ્યો છે.

આ ગ્રંથ જેઓની સ્મૃતિ નિમિત્તે પ્રગટ થાય છે તે ચરિત્રનાયકોના જીવનચરિત્રમાંથી પણ જાણી શકાય છે. કે તેઓએ શ્રમણ સંસ્કૃતિ અને સુવિહિત સમાચારીના સંરક્ષણ અને સંવર્ધન માટે ભગીરથ પ્રયત્નો કર્યા હતા.

## સાહિત્ય પ્રવૃત્તિના બીજ અને વિકાસ

સત્સાહિત્યનું વાચન અને લેખન જીવનને સાત્વિકતાથી ભરી દે છે. વિદ્યાપીઠના મારા વિદ્યાર્થીજીવન દરમિયાન સહજ રીતે રોપાયેલ સાહિત્ય-વાંચન-લેખનની પ્રવૃત્તિના બીજ ક્રમશઃ આ સ્મૃતિગ્રંથ આદિ રૂપે વૃક્ષ બનીને વિસ્તરશે એવી તે વખતે કલ્પનાય ન હતી. તેમજ વિદ્યાપીઠના વિદ્યાર્થી જીવન દરમ્યાન પણ જ્ઞાન ભંડાર અને પુસ્તકાલય-સાહિત્યના મંત્રી તરીકે જ્ઞાનભક્તિની સુંદર તક મળેલ. પરમકૃપાળુ અનંતોપકારી પૂ. પાદ ગચ્છાધિપતિ ગુરુદેવશ્રીના પાવન હસ્તે પરમ ભાગવતી દીક્ષા સ્વીકાર્યા બાદ પણ તેઓશ્રીની પાવનકારી નિશ્રામાં યથાયોગ્ય રત્નત્રયીની સુંદર આરાધનાનો લ્હાવો મળ્યો. ધાર્મિક સંસ્કૃતાદિનો યથાયોગ્ય સુંદર અભ્યાસ પણ થયો.

સં. ૨૦૨૮ ના વૈશાખ માસમાં પૂ. ગુરુદેવશ્રી સહ સ્વ. શ્રી રામજી રવજી લાલનના સ્વર્ગારોહણના મહોત્સવ નિમિત્તે કોડાય (કચ્છ) જવાનું બનેલ. તે વખતે વડીલ બંધુ, સંઘસ્થવીર પૂ. વયોવૃધ્ધ મુનિરાજશ્રી કીર્તિસાગરજી મ. સા. પણ ત્યાં પધારેલા. તેઓની સહાયથી ત્યાંના સંઘહસ્તકનો હસ્તલિખિત પ્રતોનો પ્રાચીન જ્ઞાનભંડાર જોવાની તક મળી. ત્યારબાદ સંયોગાનુસાર પૂ. ગુરૂદેવશ્રીની આજ્ઞાથી સં. ૨૦૨૮ થી ૨૦૩૧ સુધી એમ ચાર વરસ સુધી પૂ. મુનિરાજશ્રી કીર્તિસાગરજી મ. સા. સહ બાડા, ભુજપુર, રાયણ અને નવાવાસ મુકામે સુંદર ચાતુર્માસો થયા. તદુપરાંત શેષ સમયમાં પણ તેઓશ્રી સાથે રહેવાનું થયું.

આ ચાતુર્માસો દરમિયાન દરેક સ્થળે પૂ. વડીલ મુનિરાજશ્રીની નિશ્રામાં વ્યાખ્યાનો, રવિવારીય જાહેર પ્રવચનો, યુવાનો બાળકોની સામાયિક કરવા સાથેની ૧ કલાકની પાઠશાળા વિ. પ્રવૃત્તિઓ ઉપરાંત અભ્યાસ તથા સાત્વિક સાહિત્યનું વાંચન, લેખન અને સંશોધન પ્રવૃત્તિઓ પણ ચાલુ રહી. તેમજ કોડાય ગામના સંઘહસ્તકનો તથા "સદાગમ સંસ્થાનો" એમ બન્ને સ્થળના હસ્તલિખિતપ્રતોના જ્ઞાનભંડારોની અનેક પ્રતો પણ વધુ સમય સુધી જોવા મળી. પૂજ્યપાદ ગચ્છાધિપતિ ગુરૂદેવશ્રીની નિશ્રામાં પણ માંડવી, સુથરી, સાંયરા, વિંઝાણ, હાલાપુર, ડુમરા, સાંધાણ તથા ભીનમાલના જ્ઞાનભંડારોની પ્રાચીન હસ્તલિખિત પ્રતોને વ્યવસ્થિત કરી સૂચિપત્ર બનાવી તે સ્થળે સુરક્ષિત કરવાની પાવન તક પણ મળેલ.

ભૂજ અચલગચ્છ જૈન ઉપાશ્રય, માંડવી ખરતરગચ્છ જૈન ઉપાશ્રય, માંડવી તપગચ્છ જૈન ઉપાશ્રય, મુંદ્રા અચલગચ્છ જૈન ઉપાશ્રય, નવાવાસ દેરાસર, જામનગર અચલગચ્છ જૈન ઉપાશ્રય, શ્રી મહાવીર વિદ્યાલય (ગોવાલીયા ટેંક-મુંબઇ), ભારતીય વિદ્યાભવન (ચોપાટી-મુંબઈ) અને સેન્ટ્રલ લાયબ્રેરી (એશિયાટિક-સોસાયટી વી. ટી.) ફોર્ટ-મુંબઇ, અહમદનગર(મહારાષ્ટ્ર) શ્વે. ઉપાશ્રય, જાલના શ્વે. જૈન ઉપાશ્રય, ડૉ. ભાંડારકર રિસર્ચ ઇન્સ્ટીટયુટઃ પૂના (મહારાષ્ટ્ર) આ બધા સ્થળોના પ્રાચીન હસ્તલિખિત સંગ્રહોની પ્રતો જાતે જોવાની તક પણ મળેલ. ઉપરાંત ભુજપુર, રાયણ, ગોરેગાંવ, મલાડ અને ઘાટકોપર (પૂર્વ), માં.... શ્રી ગો. ની.ગુ. જૈન મેઘ સંસ્કૃતિ ભવન વિ. અચલગચ્છીય સ્થળોના મુદ્રિતગ્રંથોના નૂતન જ્ઞાનભંડારોની સ્થાપના કરવા સહ વ્યવસ્થિત કરવાના અવસર પણ પ્રાપ્ત થયેલ. સિવાય રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન (જોધપુર), એલ. ડી. ઇન્સ્ટીટયુટ (અમદાવાદ), હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર (પાટણ) વિ. સ્થળોની જરૂરી પ્રાચીન હસ્તલિખિત પ્રતોના જરૂરી ફોટાઓ અને ઝેરોક્ષ કોપીઓ પણ

મેળવી. આમ સાહિત્યક્ષેત્ર વિસ્તરતું ગયું. આ અન્વયે અનેક વિદ્વાનોનો પ્રત્યક્ષ અને પત્રપરિચય પણ થયો. તેઓ તરફથી અમૂલ્ય સહકાર પણ મળતો રહ્યો. સં. ૨૦૩૨ માં રાજસ્થાનના અને સં. ૨૦૩૮ માં મહારાષ્ટ્રના (પૂ. ગુરૂદેવશ્રીની નિશ્રામાં તેઓશ્રી સહ થયેલા) વિહારમાં પણ ત્યાંના અનેક સ્થળોના જ્ઞાનભંડારો, શિલાલેખો, અને મૂર્તિલેખો પણ જોવા મળ્યા.

## સાહિત્ય સંશોધન અને સંપાદનની પ્રવૃત્તિ દ્વારા ચિત્તપ્રસન્નતા

જીવન પણ એક કિતાબઘર જેવું છે. જેમ પુસ્તકો વાચતાં તેવા તેવા પ્રસંગોના વાંચન દ્વારા વાચક વિવિધ લાગણીઓને અને ભાવોને સ્પર્શે છે, તેમ જીવનના પ્રત્યેક દિવસો પણ સરખા હોતા નથી. સુખ-દુઃખ, હર્ષ-ખેદ, આઘાત-પ્રત્યાઘાત આ આવેગોથી જિંદગી પણ વિવિધતા ભરી હોય છે. અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં અને ભાવોમાં પણ જિંદગીને સમતા ભરી બનાવવી એજ જીવન જીવ્યાનો સાર છે. સંવર અને નિર્જરાના તત્ત્વજ્ઞાન અંતર્ગત સત્પ્રવૃત્તિ અને સ્વાધ્યાયનું પણ મહત્વપૂર્ણ સ્થાન છે. કે જે દ્વારા મોક્ષપથ પર ગતિશીલ બનાય છે. સાત્ત્વિક સાહિત્યની વાંચન, લેખન અને સંશોધનની પ્રવૃત્તિને પણ સ્વાધ્યાયમાં સમાવી શકાય. તેમાંય જિનાજ્ઞા ગર્ભિત અને ભવભીરૂ જૈન આચાર્યો અને મુનિવરોની કૃતિઓના વાંચન અને પરિશીલન દ્વારા મુમુક્ષુ ભવ્યાત્માઓ અપૂર્વ આત્માનંદ અનુભવે છે. હાલ તો મુદ્રણયંત્રનો જમાનો છે....પણ એક વખત આપણા પરમ ઉપકારી પૂર્વાચાર્યો તાડપત્રો અને કાગળો ઉપર અથાગ પરિશ્રમ પૂર્વક પવિત્ર આગમાદિ ગ્રંથોને લિપિબદ્ધ કરી સુંદર શ્રુતભક્તિ કરતા અને કરાવતા. આવા પ્રાચીન સાહિત્યના સંપાદન, સંશોધન, સંવર્દ્ધન અને સંરક્ષણ દ્વારા પણ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે. આ સત્પ્રવૃત્તિ દ્વારા એક યા બીજી રીતે પરમ તારક શ્રી નવપદ ભગવંતની આરાધના પણ થઈ જાય છે.

આવી કેટલીક સુંદર સાહિત્ય પ્રવૃત્તિ દ્વારા મેં પણ અવર્ણનીય આત્માનંદ અનુભવ્યો છે. વિષમ સંયોગોમાં આ સાહિત્યે પણ મારા જીવનની યોગ્ય ઘડતર કરી છે. અને ચિત્ત પ્રસન્નતાની ઉપલબ્ધિ થઇ છે.

શુભ નિમિત્તોના યોગે આપણે ઘણીવાર ધ્યાન, સમાધિ આદિ ઉચ્ચ આધ્યાત્મિક સ્થરતાના ભાવો કરતા હોઇએ છીએ. તે માટે અમુક સમય સુધી ધ્યાન, જાપ વિ. પણ યથા શક્તિ કરતા હોઇએ છીએ. પણ એમાં ધારી સ્થિરતા-સફળતા સાંપડતી નથી. જો જાપ ધ્યાનમાં એકાગ્રતા ન આવે તો તેને બદલે સુંદર આધ્યાત્મિક ભાવ સભર પદો સ્તવનો અને પ્રકરણાદિનો સ્વાધ્યાય કરવો જોઇએ. આમાં લીનતા આવવી એ પણ એક પ્રકારનું પ્રાથમિક ધ્યાન છે. સ્વાધ્યાયથી થાક અનુભવાય ત્યારે શાસ્ત્ર સ્વાધ્યાયરૂપ લેખન કાર્ય કરવું જોઇએ. આગમ-પ્રકરણ તથા પૂર્વાચાર્યોના સાત્ત્વિક સાહિત્યના લેખન, અનુવાદ અને વિવેચનનું લેખન કરતાં શુભભાવોમાં એકાગ્રતા રહે છે. "જેને જે એકાન્તે મોક્ષ લક્ષી પ્રવૃત્તિમાં એકાગ્રતા આવી જાય તેના માટે તેજ ધ્યાન" એમ અનુભવી મહાત્માઓનું કથન છે. આગળ જતાં ધીમે ધીમે જાપ-ધ્યાનમાં સફળતા મળી શકશે.

## આ સ્મૃતિગ્રંથના બીજ અને સંપાદનનો ઇતિહાસ

સં. ૨૦૩૦ માં કચ્છ-નાગલપુરના ઉપાશ્રયમાં યોજાયેલ અચલગચ્છાધિરાજ પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. સા. ની જન્મતિથિ (જન્મ સં. ૧૬૩૩) ની ઉજવણીની સભામાં પંડિતશ્રી ઉપેન્દ્રરાય યોરાએ સહજ ટકોર કરેલ કે બે વરસ પછી આ મહાન આચાર્યશ્રીની ચતુર્થ જન્મશતાબ્દિ (૪૦૦ મી જન્મતિથિ) આવશે તે વખતે કાંઇક વિશિષ્ટતા પૂર્વક ઉજવણી થવી ઘટે. મને આ ટકોર તરત જ ગમી ગઈ ને હૃદયના એક ખૂણામાં સાચવી રાખી. આ અંગે પૂજ્યપાદ અચલગચ્છાધિપતિ ગુરૂદેવશ્રી સાથે વારંવાર ચર્ચા વિચારણા પણ થતી. અંતે

સં. ૨૦૩૨ ની સાલ આવી અને બાડમેર (રાજસ્થાન) તરફના ચાતુર્માસ પ્રવેશને અનુલક્ષીને થતા ઉગ્રવિહારોમાં સીણદરી (જિલ્લો બાડમેર) નગરમાં આષાઢ સુદ–૨ (હાલ પ્રચલિત જન્મતિથિ) ના પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. સા. ની ૪૦૦ મી જન્મતિથિ ખૂબ જ ભવ્યતાપૂર્વક ઉજવવામાં આવી. અખંડ અઠ્ઠમ તપનો પ્રારંભ (ચાર માસ માટે) કરાવવામાં આવ્યો. તેમજ પૂ. અચલગચ્છાધિપતિ ગુરૂદેવશ્રીએ પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ સ્મૃતિગ્રંથના સંપૂર્ણ સંપાદનની જવાબદારી મને સોંપી તે વખતનું મારૂં વાંચન અને અનુભવો ઘણા જ અલ્પ છતાં પૂ. ગુરૂદેવશ્રીની કૃપાથી આ કાર્યમાં મને સફળતા મળશે જ" એ આત્મ-વિશ્વાસથી આ ગ્રંથના સંપાદનની જવાબદારીનો મેં સ્વીકાર કર્યો. પ્રથમ તો એમ જ કે માત્ર પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિના જીવન ચરિત્ર અંગે જ વિસ્તૃત લખાણ કરવાનું છે, એમ સમજી અચલગચ્છ અને પૂ. દાદાશ્રી અંગેની માહિતીઓ એકત્રિત કરવા માંડયો, અને વિશેષ માહિતીઓ મેળવવા વિદ્વાનો સાથે પત્ર સંપર્ક સ્થાપિત કર્યો. પરિણામે ધીમે ધીમે સુંદર માહિતીઓ પ્રાપ્ત થતી આવી.

બાડમેરના ચાતુર્માસ બાદ પણ પૂ. ગુરૂદેવશ્રી આદિ અમો સૌ ઉગ્રવિહારો કરતા ધોરીમ્ના, સાંચોર થરાદ, વાવ, ભાભર, રાધનપુર, શંખેશ્વર, માંડલ, ધાંગધ્રા થઇ કચ્છ આવ્યા. કચ્છ ગોધરાથી પણ સં. ૨૦૩૩ માં મહા સુદ–૫ ના શંત્રુજ્ય મહાતીર્થના ૪૨ દિવસના પગ-પાળા છ'રી પાલતા મહાસંઘનું મંગલ પ્રયાણ થયું. સંઘે નિર્વિઘ્નતાએ શત્રુંજયતીર્થની યાત્રા કરી. અહીં મુંબઈના આગેવાનોની આગ્રહભરી વિનંતિથી અને પૂ. અચલગચ્છાધિપતિ ગુરૂ-દેવશ્રીની આજ્ઞાથી અમારૂં ચાર ઠાણાનું (સાથે મુનિશ્રી મહાભદ્રસાગરજી, મુનિશ્રી પૂર્ણભદ્રસાગરજી, મુનિશ્રી પુણ્યોદયસાગરજી) ખૂબ જ મહિમા પૂર્વક મુંબઈ આવાગમન થયું. આમ રાજસ્થાન, કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર અને મુંબઇના વિહારો દરમ્યાન સામૈયા, મહોત્સવો અને પ્રવચનોના કારણે તથા મુંબઇમાં ઘણી જ અવરજવર વિ. ના કારણે ઠીકઠીક સમયાભાવ વર્તાવા લાગ્યો.

## મુંબઇમાં અનેકવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ વચ્ચે પણ સંપાદન ચાલુ

મુંબઈમાં સં. ૨૦૩૩ નું પ્રથમ ચાતુર્માસ પણ ઘાટકોપર મધ્યે થયું ચાતુર્માસિક દૈનિક અને રવિવારીય જૈન રામાયણ અને સંસ્કૃતિના પ્રવચનો, સર્વ પ્રથમ જૈન–ધાર્મિક જ્ઞાનસત્ર વિ. પ્રવૃત્તિઓ છતાં સ્થિરતાના કારણે સ્મૃતિગ્રંથનું કાર્ય આગળ ચાલ્યું. બીજે વરસે તો સંઘોની અતિ આગ્રહભરી વિનંતિથી પુ. અચલગચ્છાધિપતિ ગુરૂદેવશ્રી આદિ પણ કચ્છ–ગુજરાતમાં સ્થળે સ્થળે ખૂબ જ શાસન પ્રભાવના કરતા ઐતિહાસિક સામૈયા.... આગાશી તીર્થથી ઘાટકોપર છ'રી પાળતા સંઘ સાથે મુંબઈ પધાર્યા. બાદ ઘાટકોપર ચાતુર્–માસમાં અપાયેલ પ્રેરણાનુસાર કચ્છી સમાજમાં સર્વ પ્રથમવાર ૭૦ જેટલા સમૂહ વર્ષીતપ પારણા તથા ૧૦૮ છોડના ભવ્ય ઉદ્યાપનનો મહામહોત્સવ યાદગાર રીતે ઉજવાયો. બાદ પૂજ્ય–શ્રીનું ચાતુર્માસ ઘાટકોપર થયું અને અમારૂં માટુંગા. ત્રીજે વરસે શ્રી ઉત્તરાધ્યયન શ્રી આચારાંગસૂત્રના યોગોદ્વહન વિ. કારણે ગોરેગાંવ મધ્યે ચાતુર્માસ થયું. અહીં વ્યાખ્યાન આદિ વિશેષ બાહ્ય પ્રવૃત્તિઓ ન હોઈ અભ્યાસ ઉપરાંત નૂતન શિષ્યોને વાચના અને સંયમ-ધર્મની યોગ્ય તાલીમ તેમજ ચતુર્વિંશતિ જિન સ્તોત્રાણિ, લિંગનિર્ણયગ્રંથ વિ. ગ્રંથોનું સંશો–ધન ઉપરાંતમાં આ સ્મૃતિગ્રંથના સંપાદનનું પણ ઠીક ઠીક કાર્ય થઈ શકયું. એ વખતે પૂજ્ય–શ્રીનું ચાતુર્માસ ચીચબંદર થયું ત્યાર બાદ તો પૂ. ગુરૂદેવશ્રીની સાથે જ અનુક્રમે મુલુંડ, માટુંગા અને મહાલક્ષ્મી (તીરૂપતિ એપાર્ટમેન્ટ) મધ્યે ચાતુર્માસો થયા. આ ચાતુર્માસોમાં પણ સૂત્રોના યોગ પ્રવચનાદિ વિવિધ પ્રવૃત્તિઓ રહી જ.

## સ્મૃતિગ્રંથના નિમિત્તો તથા સાહિત્ય સામગ્રી

આમ ૬–૭ વરસો જેટલા દીર્ઘસમય દરમિયાનમાં અચલ (વિધિપક્ષ) ગચ્છ પ્રવર્તક મહાન ત્યાગી પૂ. દાદાશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની નવમ જન્મશતાબ્દિ અને અષ્ટમ સ્વર્ગવાસ શતાબ્દિ વર્ષ (જન્મ સં. ૧૧૩૬, સ્વર્ગ સં. ૧૨૩૬ અને મહોત્સવ વર્ષ સં. ૨૦૩૫–૩૬) દરમ્યાન અને પૂ. ગુરૂદેવશ્રીનો સૂરિપદ રજત (પચીશ) વર્ષ (સં. ૨૦૧૨ થી ૨૦૨૬) ઉપસ્થિત થતાં અને મહોત્સવો સ્મારિકા–પ્રકાશન આદિના આયોજનો થયા. શ્રી અ. ભા. અચલગચ્છ શ્વે. જૈન સંઘનું દ્વિતીય ઐતિહાસિક મહા અધિવેશન પણ ભરાયું. તેમજ ગુર્વાજ્ઞાથી અને ફરજ સમજી અનેક પ્રવૃત્તિઓમાં સહાયક અને માર્ગદર્શક પણ બનવું પડયું.

તેમજ અનંતઉપકારી એવા પરમાત્મા શ્રી મહાવીરદેવના પ્રથમ પટ્ટશિષ્ય અનંતલબ્ધિ નિધાન શ્રી ગૌતમસ્વામી ગણધરભગવંતની બે વર્ષ પછી ૨૫૦૦ મી નિર્વાણ સંવત્સરી આવતાં તથા વર્તમાન અચલગચ્છના મહાન ઉપકારી અચલગચ્છાધિપતિ પરમ ગુરૂદેવ પૂ. સ્વ. દાદાશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. ના જન્મને પણ ૧૦૦ વર્ષથી ઉપર થતાં આ પૂજ્યોના જૈન સંઘ પરના અગણિત ઉપકારોની સ્મૃતિ રહે એ સહજ છે. જેથી ઉપરોકત સ્મૃતિઓ સાથે આ ગુરૂદેવોની પણ સ્મૃતિ નિમિત્તે આ ગ્રંથનું નામ શ્રી આર્ય–કલ્યાણ–ગૌતમ સ્મૃતિ ગ્રંથ (સાથેઃ અચલગચ્છના ઇતિહાસની ઝલક) નામ રાખવામાં આવેલ છે.

માત્ર ત્રણ જ ગુરુભગવંતોના જીવનચરિત્ર પર લખવું એ કરતાં તો સંપૂર્ણ પટ્ટાવલીનું સરલ સંક્ષિપ્ત લખાણ બરાબર, એમ લાગતાં અચલગચ્છના ઇતિહાસની ઝલક (સંપૂર્ણ પટ્ટાવલી) નું આલેખન કરાયેલ છે. જે પ્રથમ ભાગ તરીકે રખાયેલ છે. સ્મૃતિગ્રંથ તરીકે અન્ય પણ માહિતી સભર લેખ સામગ્રીનું સંકલન બીજા, ત્રીજા અને ચોથા ભાગમાં કરવામાં આવેલ છે. વિશેષ માહિતીની સામગ્રીને પરિશિષ્ટોમાં ગોઠવવામાં આવેલ છે. વંદના–સ્તુતિના વિભાગને સર્વ પ્રથમ સ્થાન આપવામાં આવેલ છે. આખા ગ્રંથનું સરલ માર્ગદર્શન અનુક્રમણિકા દ્વારા મળી શકશે. ભાષાની દૃષ્ટિએ ગુજરાતી હિંદી અને સંસ્કૃતના લેખોનો આ ગ્રંથમાં સમાવેશ છે. નમૂનારૂપે એકાદ–બે કચ્છી કાવ્યો પણ છે. સંક્ષિપ્ત પટ્ટાવલીને અંગ્રેજીમાં અનુવાદિત કરવામાં આવેલ પણ ગ્રંથનું કદ વધી જવાથી તે "અંગ્રેજી વિભાગ" ને તથા કેટલાક પરિશિષ્ટોને આ ગ્રંથમાં સ્થાન આપી શકાયેલ નથી.

આ ગ્રંથના પ્રથમ વિભાગની ૧ હજાર નકલો અને ફોટાઓનું "અચલગચ્છ ઇતિહાસની ઝલક" એ નામે એક અલગ પુસ્તક પણ આ સાથે જ પ્રકાશિત કરવામાં આવેલ છે. કારણ કે આવું સાહિત્ય વારંવાર પ્રકાશિત થતું નથી. તેમ જ આ પ્રથમ વિભાગ જ્યારે છપાતું હતું ત્યારે એવો વિચાર સ્ફુરેલ કે ભાવિમાં આ ગ્રંથની માંગ રહેશે ને ઇતિહાસ છપાય છે... કંપોઝ થાય છે. તો હજાર નકલ વધારે કરાવી લેવી. આ અંગે પૂ. પાદ ગુરુદેવશ્રીની પણ સહર્ષ સંમતિ મળી જેથી વધુ નકલોનું અલગ પુસ્તક પણ પ્રકાશિત થઈ શકયું છે.

અલબત્ત આ સ્મૃતિગ્રંથની દૃષ્ટિએ "અચલગચ્છના ઈતિહાસની ઝલક" નું લખાણ બહુ વિસ્તૃત ન થવું ઘટે. આ ખ્યાલે અન્ય કેટલીક વિગતો ફુટનોટો, અને અમુક પરિશિષ્ટો આપવાનું પણ ટાળેલ છે. આમ છતાં સ્મૃતિગ્રંથમાં કેટલાક પરિશિષ્ટો પણ આપેલ છે. જે દ્વારા વાચકોને સુંદર માહિતી અને પ્રેરણા મળી રહેશે. બાકીના પરિશિષ્ટો અવસરે પ્રકાશિત કરાશે.

સંપાદન–સંશોધનનું કાર્ય સરલ છતાં એટલું કઠીન પણ છે. કેટલાક લેખોમાં શકય એટલી અશાસ્ત્રીયતા અને અશુદ્ધિઓને દૂર કરવા અંગે ખાસ લક્ષ આપવાનું હોય છે. શરૂમાં જ છપાતા બીજા વિભાગના લેખોનું વર્ગીકરણ ન કરાયું ને છપાઈકામ પ્રારંભાયું. જેમ સમય

વીતતો ગયો તેમ વિશિષ્ટ નૂતન લેખ સામગ્રી પણ પ્રાપ્ત થતી આવી. મુશ્કેલીભરી પસંદગીમાં પણ શક્ય તેટલા લેખોનો આ ગ્રંથમાં સમાવેશ કરી લેવાયો છે. આમ છતાં હજી છેલ્લે છેલ્લે પણ ઘણાં વિદ્વાનોએ ખાસ પાઠવેલ સુંદર લેખો પ્રાપ્ત થયા છે. જે આ ગ્રંથમાં પ્રકાશિત કરવા અશક્ય બન્યા છે.

## આભાર દર્શન

આ ગ્રંથની શરૂથી અંત સુધીના કાર્યમાં મારી જીવન નૈયાના સુકાની વાત્સલ્યમૂર્તિ, ઉગ્રતપસ્વી, અચલગચ્છાધિપતિ પૂ. પાદ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહા-રાજા સાહેબની સતત કૃપાદૃષ્ટિ રહી છે. તેઓશ્રીના માર્ગદર્શન અને આશીષના બળે જ આ કાર્ય દીર્ઘકાળ પછી પણ પૂર્ણતાએ પહોંચ્યું છે. મારી સંયમ અને સાહિત્યની સાધનામાં પૂ. ગુરુદેવશ્રીની સતત અમીદૃષ્ટિ રહી છે. જે મારું પરમોચ્ચ ભાગ્ય છે. તેઓના મારા પરના અગણિત ઉપકારોની સ્મૃતિ અર્થે તેઓશ્રીને ભાવભરી વંદના કરું છું. આ ગ્રંથનો સંસ્કૃત વિભાગ એ પૂજ્યશ્રીની કૃતિઓના સંગ્રહરૂપે જ છે. મારા વડીલ ગુરુબંધુ, ૧૫ વરસીતપના દીર્ઘ તપસ્વી, તપસ્વીરત્ન પ. પૂ. આ દેવશ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા. ને પણ ભાવભરી વંદના. તેઓએ પણ આ પ્રકાશન કાર્યમાં અમીદૃષ્ટિ રાખી છે. તેમ જ કેટલીક સામગ્રી પણ પાઠવી છે.

તેમ જ મારા સ્વર્ગસ્થ વડીલ ગુરુબંધુ આગમપ્રજ્ઞ સંઘસ્થવીર પૂ. પાદ સ્વ. મુનિરાજ શ્રી કીર્તિસાગરજી મ. સા. ને તો કદાપિ ન જ ભૂલી શકું. તેઓશ્રીની નિશ્રાના ચાર વરસોના સાન્નિધ્યમાં જ તેઓની પ્રેરણાથી પ્રાચીન સાહિત્યના સંશોધન અને સંરક્ષણની મને અભિરૂચિ થઈ તેમ જ મારા પ્રથમ પ્રકાશનથી જ તેઓશ્રીના મંગલ આશીષો સાંપડયા છે.

તેમ જ મારા સુસંયમી ગુરુબંધુઓ તથા અન્ય સહવર્તી મુનિવરો અને સુવિનીત અંતેવાસી મુનિવરોને પણ કેમ ભૂલી શકાય કે જેઓએ મને સંયમજીવનમાં સહાયક થઈ અનુકૂળતા કરી આપી. આ સાહિત્ય સેવાને સુલભ કરી આપી છે. તેઓની સહાયતા વિના આ ક્ષેત્રે પગલું ભરવું જ અશક્ય બન્યું હોત...

આ સાહિત્યયાત્રામાં પ્રોત્સાહન અને માર્ગદર્શન આપનાર નવકારમંત્ર સમારાધિકા પરમારાધક સ્વ. સાધ્વીશ્રી મુક્તિશ્રીજી તથા પરમોપકારી વિદૂષી સાધ્વી શ્રી પુણ્યોદયશ્રીજીને તથા મારી સાહિત્ય પ્રવૃત્તિમાં અભિરૂચી દાખવનાર અન્ય શ્રમણીગણને પણ કેમ ભૂલી શકાય! અન્ય શ્રદ્ધાળુ ગૃહસ્થવર્ગે પણ આ પ્રવૃત્તિમાં યોગ્ય રુચી અને પ્રોત્સાહન દાખવેલ છે. આ બધાયનો પણ આભાર માનું છું. વર્તમાનમાં અચલગચ્છમાં પણ ઘણા આરાધક અને સમર્થ પૂ. સાધુ-સાધ્વી ભગવંતો છે. જેઓની વિદ્વતા-તપ અને ત્યાગ ખરે જ આદર્શરૂપ છે. અનુમોદન કરવાની આ તક ને કેમ ચૂકાય?

આ ગ્રંથમાં યોગ્ય લેખ સામગ્રી પાઠવનાર અને ગ્રંથ પ્રકાશન અંગે અભિરૂચિ દાખવનાર આગમોદ્ધારક પૂ. સાગરાનંદસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયના સંયમમૂર્તિ વિદ્વદ્વર્ય પૂ. પં. પ્ર. શ્રી અભયસાગરજી ગણિવર્ય મ. સા. તથા સહવર્તિ સ્નેહી વિદ્વાન મુનિવરો, મુનિરાજશ્રી વીરભદ્રસાગરજી, મુનિશ્રી મહોદયસાગરજી, મુનિશ્રી પૂર્ણભદ્રસાગરજી આદિ તથા અન્ય સાક્ષરો-વિદ્વાનો પ્રો. હીરાલાલ ર. કાપડીયા, સાહિત્ય વાચસ્પતિ શ્રી અગરચંદજી નાહટા, શ્રી ભંવરલાલ નાહટા, પ્રો. કે. કા. શાસ્ત્રી, મહો. વિનયસાગર ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી ડૉ. રમણલાલ સી. શાહ, શ્રી સારાભાઈ મણીલાલ નવાબ ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, શ્રી રમણલાલ બબાભાઈ શાહ, પં. શ્રી કપુરચંદ આર, વારૈયા, પ. અંબાલાલ પી. શાહ, ડૉ. શ્રી જોધસિંહ મહેતા, ડૉ. શ્રી બલવંતસિંહ મહેતા શ્રીભૂરચંદ જૈન (બાડમેર), ઘેવરચંદ માણેકચંદ શેઠ, ભક્ત કવિશ્રી ચંદુભા જાડેજા શ્રી જયંતિ-લાલ પી. શાહ (લોલાડા) શ્રી દેવજી દામજી ખોના, શ્રી નગીનભાઈ સોમચંદ (જામનગર)

શ્રી પુનમચંદ એન. દોશી (ડીસા), કવિવર્ય શ્રી તેજ, શ્રી પ્રેમચંદ જગશી ભોઆ, શ્રી ખીમજી શીવજી હરીઆ, શ્રી તલકશી ધનજી વીરા, શ્રી જયંતિલાલ જીવરાજ, શ્રી નારાણજી શીવજી સોની (જલગામ) આદિને પણ આ સ્થળે કેમ ભૂલી શકાય? આ બધાના સહકારે આ ગ્રંથ સમૃદ્ધ બની શકયો છે. તેમાંય સ્વ. પ્રો. હીરાલાલ ર. કાપડીયા અને સ્વ. શ્રી અગરચંદ નાહટા આ બંને વિદ્વાનો તો આ ગ્રંથ કયારે પ્રકાશિત થશે! તેવી વારંવાર પત્રોમાં માંગણી કરતા હતા અને આ ગ્રંથ પ્રકાશિત થાય તે પહેલા આ ફાની દુનિયા છોડી ગયા. શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ, શ્રી અખિલ રાજસ્થાન અચલગચ્છ જૈન સંઘ, શ્રી ક. વિ. ઓ. દે. જૈન મહાજન, શ્રી ક. દ. ઓ. જૈન મહાજન, શ્રી અનંતનાથ જૈન ટ્રસ્ટ, શ્રી ગુર્જર અચલગચ્છ જૈન સમાજ વિ. એ પણ યોગ્ય સહકાર આપેલ જ છે.

આ ગ્રંથના સંપાદનમાં નીચે મુજબના ગ્રંથોની પણ સહાયતા લેવામાં આવેલ છે.

(૧) અચલગચ્છની મોટી પટ્ટાવલિ ભાષાંતર સં. પૂ. મુનિશ્રી ધર્મસાગરજી મ. સા.
(૨) ગચ્છ નાયક ગુરુરાસ: પ્રાચીન ગુજરાતી (હસ્ત લિ. પ્રત) કવિવર શ્રી કાન્હ.
(૩) વિધિપક્ષગચ્છીય પટ્ટાવલિઃ સંસ્કૃત (હસ્ત લિખિત પ્રત) પૂ. વિનયસાગરસૂરિ કૃત.
(૪) અચલગચ્છ ગુર્વાવલિ યાને વીરવંશાનુક્રમ (હસ્ત પ્રત) પૂ. ભાવસાગરસૂરિજી. (પ્રાકૃત – પટ્ટાવલિ)
(૫) જૈન શાસનમાં અચલગચ્છનો દિવ્ય પ્રકાશ પ્રકા. શ્રી આર્ય–જય–કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ.
(૬) અચલગચ્છ દિગ્દર્શન : સં. શ્રી પાર્શ્વ.
(૭) અચલગચ્છ પ્રતિષ્ઠા લેખ સંગ્રહ– યોજક : શ્રી પાર્શ્વ.
(૮) જૈન ગુર્જર કવિઓ. સં. મોહનલાલ દલીચંદ દેશાઇ

ઉધ્ધૃત કરાયેલ લેખોને અંતે તે તે પુસ્તકોના નામો સૂચિત કરાયેલ છે. આ ગ્રંથોના કર્તા, સંપાદકો, અને પ્રકાશકોનો ખાસ આભાર માનું છું.

આ ગ્રંથનું છપાઇનું કાર્ય આજથી લગભગ પાંચ વર્ષ પહેલાં "હર્ષા પ્રિન્ટરી"ને સોંપવામાં આવેલ. પ્રેસમાં છપાઇ શરૂ થયા બાદ પણ કેટલાક સંયોગોના કારણે છપાઈ કામ ધીમીગતિએ ચાલુ રહ્યું. પણ કુદરતને જુદું જ કાંઇ મંજુર હશે. જેથી છપાઈ કામ જેમ લંબાતું ગયું તેમ નવી નવી ઐતિહાસિક માહિતીઓ પણ મળતી રહી અને આ ગ્રંથ પણ વિશિષ્ટતાને પામતો રહ્યો. પ્રેસની ધીમી પ્રવૃત્તિથી આ ગ્રંથના ગ્રાહક વર્ગને અવશ્યમેવ દીર્ઘપ્રતીક્ષા કરવી પડી પણ વિલંબના કારણે ઘણી વિગતો ઉમેરાતાં આ ગ્રંથ માહિતી સભર બનતો સંગ્રહણીય અને ઐતિહાસિક બની રહ્યો.

આ દાયકામાં અનેકવિધ શાસન પ્રભાવનાના મહાન કાર્યો થયા છે, એનો આ ગ્રંથ સદાય સાક્ષી બની રહેશે. અનેકોને પ્રેરણાનું અમીપાન કરાવશે.

આ ગ્રંથના સંપાદન દ્વારા મને તો અનેક ગણો લાભ અને અનુભવોની પ્રાપ્તિ થઈ છે. અને એક રીતે સમ્યગ્ જ્ઞાન અને ગુરુભક્તિનો મહાન લાભ પણ મળેલ જ છે કે જે દ્વારા જ્ઞાનાવરણીયાદિના ક્ષયોપશમરૂપે કર્મ નિર્જરા પ્રાપ્ત થાય છે. જિનાજ્ઞા વિરુદ્ધના કોઇ પણ લખાણમાં મારી સંમતિ ન હોય એ પણ સમજી શકાય તેમ છે. આમ છતાં કયાં પણ છદ્મસ્થતા અને બુદ્ધિદોષના કારણે અનુચિત હકીકત અપાયેલ હોય તો તે બદલ હાર્દિક ક્ષમા યાચું છું.

પ્રાંતે સૌ જીવો પરમ તારક શ્રી જિન શાસનના રસીયા બનો! સર્વે જીવો આધ્યાત્મિક સુખ અને શાંતિ પામો! અને મોક્ષ સુખ પામો એજ શુભ ભાવના સહ.

મહાનિશીથ સૂત્રના યોગ ૪૬ મો દિવસ
સં. ૨૦૩૯ પ્ર. ફા. વદ ૮, રવિવાર,
**લાલવાડી, મુંબઇ–૪૦૦ ૦૧૨.**

ગુરુચરણકિંકર
**મુનિ કલાપ્રભસાગર**

### આ સ્મૃતિ ગ્રંથ અંગે

## આવકાર–સમીક્ષા અને શુભેચ્છાઓ

શ્રી આર્ય કલ્યાણ–ગૌતમ સ્મૃતિગ્રંથ! કેટલું સરસ નામ! આ ગ્રંથની યશોગાથા ગાવી એ પણ જ્ઞાનની અપૂર્વ સાધના છે. ! આ ગ્રંથમાં અચલગચ્છના મહાન સૂરિપરંદરોની યશોગાથા ગવાયેલી છે. ૧૦૦૦ થી વધુ પૃષ્ઠોથી સભર અને વિદ્વાનોની ચિંતનીય કલમ થી આ ગ્રંથના પાનાઓ ઝળકી રહ્યા છે. ખરેખર! આ ગ્રંથ વિદ્વાનો માટે આહલાદક અને અને સંશોધનીય બની જશે. શીઘ્રકવિ, પ્રખરપ્રવચનકાર, સૂરિમંત્રસમારાધક, તપોવાધિ પ્રશાંતમૂર્તિ અચલગચ્છાધિપતિ, પરમોપકારી, ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ની અસીમ પ્રેરણાથી આ ગ્રંથ પ્રકાશિત થઇ રહ્યો છે. સાહિત્ય ગવેષક મુનિશ્રી કલાપ્રભસાગરજી મ. નો ફાળો સંપાદકીય અને સંશોધન વિષે સ્તુત્ય છે. આ ગ્રંથને આમ જનતા અને વિદ્વાનો વધાવી લેશે. પ્રાન્તે મુનિશ્રી હજી પણ અનેક ઐતિહાસિક ગ્રંથોનું સંશોધન કરે અને લોક ભોગ્ય મૌલિક ગ્રંથોનું સર્જન કરે એજ હાર્દિક અભિનંદન!

પ્ર. ફા. સુ. ૧૩ — તપસ્વીરત્ન પૂ. આચાર્યદેવ **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી**
ચીઆસર (કચ્છ) — ના શિષ્ય મુનિ **વીરભદ્રસાગર** (સાહિત્ય રત્ન) "દિવ્યભાનુ"

---

ઘણા સમયના સતત પરિશ્રમ બાદ આ ઐતિહાસિક ગ્રંથ પ્રકાશિત થાય છે જેથી પ્રેરક સંપાદક અને પ્રકાશક સંસ્થાને હાર્દિક અભિનંદન પાઠવું છું ગ્રંથના સામાન્ય નિરીક્ષણથી પણ પણ જાણી શકાય છે કે આ ગ્રંથ જૈન ધર્મ, અચલગચ્છ અને ગુરુદેવોની ગૌરવ ગાથા ગાઇ રહેલ છે. આ ગ્રંથ સંગ્રહણીય અને પ્રેરક બન્યો છે. આ ગ્રંથના સંપાદક સાહિત્ય–રત્ન વિદ્વાન મુનિશ્રી કલાપ્રભસાગરજી મ. સા. સંસારપક્ષે મારા સંબંધી છે. મારા મને આ એક ગૌરવ છે જ પણ તેઓનો સં. ૨૦૩૧ ના અમારા નવાવાસ ગામમાં થયેલ ચાતુર્માસ દરમ્યાન અમારા પરિવારને તેઓશ્રી તરફથી કચ્છથી શત્રુંજય છ'રી પાળતા સંઘની પ્રેરણા મળી હતી. અન્ય પણ સુંદર ધર્મ પ્રેરણાઓ મળતી રહે છે. પૂજ્ય મુનિશ્રી પ્રેરિત સાહિત્યને પ્રકાશિત કરવા અને પ્રાચીન–અર્વાચીન સાહિત્ય અને સંસ્કૃતિના સંરક્ષણ માટે સ્થાપેલ શ્રી આર્ય–જય–કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ, શ્રી ગૌતમ–નીતિ–ગુણસાગરસૂરિ જૈન મેઘ સંસ્કૃતિ ભવન, શ્રી ગુણશિશુ જિનાગમાદિ ચિત્કોષ (જ્ઞાન ભંડાર), શ્રી આર્ય–ગુણ સાધર્મિક ફંડ વિ. પ્રવૃત્તિઓમાં મને પણ કંઇક સેવા કરવાની તક મળેલ છે. યુવા જાગૃતિ, પ્રવચનો, જ્ઞાનસત્રો, અધિવેશન, વીતરાગ સંદેશ અને ગુણભારતી માસિકો વિ. ધર્મ–અહિંસાના પ્રચારની પ્રવૃત્તિઓમાં તેઓનું માર્ગદર્શન અને પુરુષાર્થ અનુમોદનીય રહેલ છે.

આવા જ ઉત્સાહ અને પુરુષાર્થપૂર્વક પૂ. મુનિશ્રી એ આ ગ્રંથનું સંપાદન કરેલ છે. અને આ ગ્રંથને વિવિધ રીતે ઉપયોગી બનાવેલ છે. આ ગ્રંથ સુદીર્ઘકાળ પર્યંત વિદ્વાનોને, જિજ્ઞાસુઓને, સાહિત્યકારોને અને ભાવિની પ્રજાને ખૂબ જ ઉપયોગી બની રહેશે એ નિઃશંક છે. પૂ. મુનિશ્રી દ્વારા અન્ય પણ ઉપયોગી સાહિત્ય પ્રકાશમાં આવે અને તેઓશ્રી દીર્ઘાયુ બની અનેકવિધ શાસન પ્રભાવક કાર્યો કરે એજ હાર્દિક શુભેચ્છા.

**વશનજી લખમશી સાવલા**
પ્રમુખ :
**શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ**

૩, ચીંચબંદર,
મુંબઈ–૪૦૦ ૦૦૯.
તા. ૨૦–૨–૮૩

"અંતરની અનુમોદના"

**અ**નંતોપકારી, યુગપ્રભાવક, અચલગચ્છાધિપતિ પ. પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ની પુનીત પ્રેરણા અને આશીર્વાદ, તેમજ સાહિત્યરત્ન વડિલ ગુરુબંધુ પ. પૂ. મુનિરાજ શ્રી કલાપ્રભસાગરજી મ. સા. ની દીર્ઘકાલીન સુંદર સંપાદનની અથાગ જહેમત તથા જૈન-અજૈન અનેક વિદ્વાન સાહિત્યકારોનાં સહયોગરૂપ ત્રિવેણી સંગમની ફલશ્રુતિ એટલે જ શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ સ્મૃતિ ગ્રંથ !....

સંજોગવશાત્ સાત સાત વર્ષની પ્રતીક્ષા બાદ શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના તૃતીય અધિવેશન પ્રસંગે પ્રસ્તુત ઐતિહાસિક ગ્રંથરત્ન વાચકોનાં કરકમલમાં સાદર ઉપસ્થિત થઇ રહ્યું છે ત્યારે ઉપરોકત પૂજ્યો પ્રત્યે શ્રદ્ધા ધરાવતા તથા પ્રસ્તુત ગ્રંથમાં વર્ણવાયેલા શ્રી આર્યરક્ષિતસૂરિજી આદિ અનેક શાસનપ્રભાવક સૂરિપુંગવોનાં જીવનચરિત્ર આદિ વિવિધ વિષયોના વાંચનમાં અભિરૂચિ ધરાવતા કયા સુજ્ઞ વાચકને અતિશય આનંદની અનુભૂતિ નહિ થાય?

અષાઢી મેઘની ગર્જનાનાં શ્રવણથી મયૂરને, વૃષ્ટિના પ્રારંભથી ચાતકને, તથા ચાંદનીનાં દર્શનથી ચકોરને જેવો આનંદ થાય તેવો જ કોંક અવર્ણનીય આનંદ સાત સાત વર્ષની પ્રતીક્ષા બાદ પ્રકાશિત થતા પ્રસ્તુત ગ્રંથરત્નને જોતાંવેંત જિજ્ઞાસુ વાચક વર્ગને થયા વિના નહિ રહે એ નિઃસંદેહ છે....

આજકાલ વિવિધ પ્રકારનું સાહિત્ય તો ઘણુંય પ્રકાશિત થઈ રહ્યું છે. પરંતુ યુગોનાં યુગો સુધી જ્ઞાન ભંડારો આદિમાં સુરક્ષિત રહીને હજારો-લાખો સુજ્ઞ વાચકોની જિજ્ઞાસાવૃત્તિને સંતોષતા રહે તેવા ગ્રંથરત્નો બહુ થોડા હોય છે. પ્રસ્તુત સ્મૃતિગ્રંથ એવા વિરલ ઐતિહાસિક ગ્રંથરત્નો પૈકી એક પુરવાર થશે. એમ કહેવામાં લેશમાત્ર પણ અતિશયોકિત નથી. બાકી તો "હાથ-કંકણને આરસીની શી જરૂરત હોય" એ ઉકિત મુજબ કોઇપણ સુજ્ઞ વાચકને પ્રસ્તુત ગ્રંથનું અવલોકન કરતાં મારા ઉપરોકત વિધાનની યથાર્થતામાં સંદેહ નહિ જ રહે !

પ્રસ્તુત ગ્રંથનાં સંપાદક સાહિત્ય કલારસિક પ. પૂ. મુનિરાજ શ્રી કલાપ્રભસાગરજી મ. સા. દ્વારા નાની વયમાં લિખિત તથા સંપાદિત અનેક પ્રકાશનોમાં મૂર્ધન્ય સ્થાન ભોગવતા પ્રસ્તુત મહાકાય પ્રકાશનને જોતાવેંત તેઓશ્રીનાં પ્રત્યક્ષ પરિચયમાં નહિ આવેલા વાચક વૃંદને પણ તેઓશ્રીનાં સંયમપૂત વામનદેહમાં છુપાયેલી વિરાટ પ્રતિભાનાં દર્શન થયા વિના રહેશે નહિ!

સુદીર્ઘકાલ પર્યંત શાસન, સંઘ, સમાજ અને ધર્મને પૂજ્ય સંપાદક મુનિરાજશ્રીની સાહિત્ય સેવા અને બહુમુખી પ્રતિભાનો લાભ મળતો રહે એ જ શાસનદેવને અંતરનાય અંતરની અભ્યર્થના!....

અને અંતમાં...."કરણ, કરાવણ ને અનુમોદન સરિખા ફલ નીપજાયો" એ આર્ષવાણીને અનુસરીને અંતરમાંથી ઉછળતાં અનુમોદનાના ઉમળકાની અભિવ્યકિતની આનંદદાયક અણમોલ તક આપવા બદલ પૂજ્ય વડિલ ગુરુબંધુ મુનિરાજશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માનવા સાથે ....પ્રસ્તુત ગ્રંથમાં આલેખાયેલ મહાપુરુષોનાં જીવનચરિત્રો તેમ અન્ય સમ્યગ્જ્ઞાનપ્રદ વિવિધ લેખોનાં વાંચન મનન પરિશીલન દ્વારા સહુ કોઇને આત્માનાં શ્રેયોમાર્ગમાં આગળ ધપવાનું વિશિષ્ટ બળ પ્રાપ્ત થાઓ એ જ મંગલ કામના ! ! !........ ॥ शुभं भवतु सर्वेषाम् ॥

પૂ. અચલગચ્છાધિપતિ ગુરુદેવશ્રી ના શિષ્ય
મુનિ મહોદયસાગર 'ગુણબાલ'

**સર્જનની સુવાસ**

સાગરના ખેડુને સાગરની સહેલગાહમાં જે આનંદ હોય છે....ગગનવિહારી ગરૂડને ગગનના મુકત વિહારની જે મજા હોય છે....નિસર્ગના ખોળે રમતા સૂર્ય-ચંદ્ર અને તારાની રોશનીને લેવાની જે મસ્તી હોય છે. એવો જ કોંક આનંદ....એવી જ કોંક મજા....એવી જ કોંક મસ્તી સાહિત્યના સર્જકોને એના સર્જનમાં હોય છે.

પ્રસ્તુતમાં વાંચકોના કરકમલમાં આવેલું "શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ સ્મૃતિગ્રંથ" ઇતિ-હાસના પાને આલેખાયેલી અચલગચ્છની આગવી અને ગૌરવવંતી સ્મૃતિઓ લઈને આવ્યું છે. પરંતુ આપને એ પણ ખ્યાલ રાખવું જરૂરી છે કે આપના હાથમાં આવ્યા પહેલાં આ દળદાર ગ્રંથને અનેક વિદ્વાનોના હૈયાની મુલાકાત લેવી પડી છે. ત્યારે જ એનું સર્જન થઈ શકયું છે.

સર્જનના પ્રેરક છે પૂજ્યપાદ અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ કે જેઓશ્રીએ અવિરત રીતે આશીર્વાદના અમીપાન કરાવ્યા છે. સર્જનના પ્રણેતા છે તેઓશ્રીના જ વિદ્વાન શિષ્યરત્ન સાહિત્યપ્રેમી પ. પૂ. મુનિરાજ શ્રી કલાપ્રભસાગરજી મ. સા. કે જેમણે સાત-સાત વર્ષથી આ અદ્વિતીય ગ્રંથ રત્નને તૈયાર કરવા માટે માત્ર કાગળ ઉપર જ કલમ ચલાવી છે એવું નથી પણ પોતાના કલેજાનેય કાગળ બનાવી જૈન ઈતિહાસના અવનવા સંભારણાઓને કંડારવા બુદ્ધિની કલમને પણ સતત રીતે દોડાવી છે. હા, એમના પુરુષાર્થની પારાશીશી મારી કલમતો નહિ જ બની શકે પરંતુ આ ગ્રંથનું લાગણી સભર હૈયાથી વાંચન મનન કર્યા બાદ અને આપનાજ અંતરપટમાં છવાયેલી સર્જનની સુવાસજ એનો ખ્યાલ આપી શકશે.

धारो ।जन्ने शं संततं पुनः ।२०। जयंतु ते श्रीगुरु धर्म्ममूर्त्तयो । गणाधिराजा मुनिसंघपाजकाः
अनेकवादी श्वरवाद सिंधुरा । निमान पंचास्य निभाः क्रियापराः ।२१। श्रीधर्म्ममूर्त्तिसूरीशाः
सूरि श्रेणिवतंसकाः । कल्याण वपुषो नूनं । चिरं नंदंतु सत्तमाः ।२२। तदंघ्रि कजरोलंबः । शि
ष्यः कल्याणसागरः । चकार पार्श्वनाथस्य । नामराजीं मनोरमां ।२३। पुण्यकृत्स मिदं स्तोत्रं नित्य
मध्येति भाक्तिकः । तस्य धाम्नि महालक्ष्मी । रेधंते सौख्यदायका ।२४। इति श्री पार्श्वनाथस्य सहस्त्रन
नामानि संपूर्णानि ॥ इति श्री रस्तु ॥ संवत् वि० १७८० जेठ सुद संपूर्ण लखितं ली० मुनिनीतिसागर
श्लोक संख्या २५०



(१) पू. गणिवर्यश्री नीतिसागरजीએ લખેલ શ્રી કલ્યાણસાગરસૂરિ કૃત પાર્શ્વસહસ્રનામ સ્તોત્રની પ્રતનું અંતિમ પત્ર.

(२) શ્રી વૃત્તરત્નાકરાવચૂરિની પ્રતનું વિરલ અંતિમ પત્ર.
(આમાં અંચલગચ્છીય મંત્રીશ્વરે ૧૭ ગ્રંથો પર અવચૂરિ રચ્યાનો ઉલ્લેખ છે.)





(૧) ભીન્નમાલ (રાજસ્થાન) નાં અંચલગચ્છીય જિનાલયનાં મૂળનાયક શ્રી શાંતિનાથપ્રભુ
(૨) શ્રી જીરાવલ્લિ પાર્શ્વનાથ તીર્થ (રાજસ્થાન) નાં પ્રગટપ્રભાવી જૂના મૂળનાયક શ્રી જીરાવલ્લિ પાર્શ્વનાથ પ્રભુ.



બાડમેર [ રાજસ્થાન ] ના પર્વત પર સ્થિત
શ્રી અંચલગચ્છીય જિનાલયના મૂળનાયક
પ્રકટ પ્રભાવી
શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન



શ્રી બાડમેરના મુખ્ય ચિંતામણિ પાર્શ્વનાથ
જિનાલયના ઉપદેશક અચલગચ્છેશ્વર યુગપ્રધાન
પૂ. દાદાશ્રી ધર્મમૂર્તિસૂરીશ્વરજી મ. સા. ની
ગુરુમૂર્તિ [ બાડમેર–રાજસ્થાન ]

## ફોટુ પરિચય

### I શ્રી ક. વી. ઓ. દે. જૈન મહાજન-ઉજમણું (સં. ૨૦૪૦)

A પૂ. અચલગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં શ્રી ક. વી. ઓ. દે. જૈન મહાજન કારિત લાલવાડીના મહોત્સવમાં પૂ. અચલગચ્છાધિપતિશ્રીને દાદા ગુરુદેવશ્રી આશીર્વાદ આપી રહ્યા છે તેનું દ્રશ્ય. આ ભવ્ય રંગોળીની પૂ. ધર્મપ્રભસાગરજી મ. સા.ની પ્રેરણાથી શ્રી મહેન્દ્ર પી. શાહે રચના કરેલ છે.

B શ્રી શત્રુંજયાવતાર ૭૨ જિનાલય મહાતીર્થનું દ્રશ્ય. પૂ. ધર્મપ્રભસાગરજી મ. સા.ની પ્રેરણાથી શ્રી મહાવીર મિત્ર મંડળ (ભાયખલા) એ આકર્ષક રીતે ખૂબ જ પરિશ્રમે આ રચના કરેલ છે.

C થર્મોકોલ પર જંબુદ્વીપની રચનાનો એક ભાગ. ચૌદરાજ-લોક વિ. નું દ્રશ્ય. જે રચના પૂ. સર્વોદયસાગરજી, પૂ. કમલપ્રભસાગરજીની પ્રેરણાથી ચીંચબંદરના જૈન યુવાનોએ કરેલ છે.

D પૂ. કલાપ્રભસાગરજી મ. સા.ની પ્રેરણાથી શ્રી ક. વી. ઓ. દે. જૈન મહાજન કારિત લાલવાડી મધેના મહોત્સવમાં ૪૫ છોડ (ચંદરવા-પોઠીયા) તથા રત્નત્રયીના ભવ્ય ઉજમણાની રચનાના એક ભાગનું દ્રશ્ય.

### II વડાલાનગરે મહોત્સવ

(A B) શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘના ચિનાર બિલ્ડીંગના કંપાઉન્ડ માં નૂતન જિનાલય તથા ઉપાશ્રયના ભૂમિપૂજન-શીલાસ્થાપનાનું દશ્ય. પૂ. અચલગચ્છાધિપતિશ્રી વાસક્ષેપ કરી રહ્યા છે.

(C) પૂ. અચલગચ્છાધિપતિશ્રી પોતાના શિષ્યરત્ન પૂ. કલાપ્રભસાગરજી મ.સા.ને "ગણિપદારોહણ" વખતે સૂરિમંત્ર-ગણિમંત્ર સંભળાવી રહ્યા છે.

(D) પૂ. અચલગચ્છાધિપતિશ્રીને શ્રી ક. વી. ઓ. દે. જૈન મહાજન વતી સંસ્થાના પ્રમુખ સંઘરત્ન શ્રેષ્ઠિ શ્રી રવજી ખીમજી છેડા 'શાસનસમ્રાટ્' પટ્ટક અર્પણ કરી રહ્યા છે.

### III વડાલાનગરે તા. ૩૦-૧૧-૮૩ ના દિવસે

(A B) શાસનસમ્રાટ્પદ અને પટ્ટક અર્પણ થયા બાદ પૂ. અચલગચ્છાધિપતિશ્રીને તથા ગણિપદારોહણ બાદ નૂતન ગણિવર્ય શ્રી કલાપ્રભસાગરજી મ. સા.ને શ્રી ચતુર્વિધ સંઘે અને દશેક હજારની વિરાટ જનસંખ્યાએ વાસક્ષેપ અને અક્ષતોથી વધાવેલ તેનું દશ્ય.

(C) નૂતન દીક્ષિત સાધ્વીશ્રી
પૂ. સાધ્વીશ્રી નીતિગુણાશ્રીજી મ. સા. (કુ. કલાવતીબેન)
પૂ. સાધ્વીશ્રી શ્રી તીર્થગુણાશ્રીજી મ. સા. (કુ. તરલાબેન)

(D) વડાલા નગરે શ્રી અ. ભા. અચલગચ્છ શ્વે. જૈન સંઘનું સંમેલન થયેલ તે વખતે સંઘના પ્રમુખપદે ત્રણ વરસ તન-મન અને ધનથી સેવા આપનાર શ્રી વશનજી લખમશી સાવલાનું તથા નવા પ્રમુખ શ્રી કીશોરીચંદ્ર મિશ્રીમલજી વર્ધનનું જાહેર સન્માન થયેલ.

બ્લોક સૌજન્ય : શ્રી વસંતલાલ કરમશી વિકમશી જખૌવાલા (દાદર વે. રે.)


મહેન્દ્ર પી. દેઢિયા


શ્રી મહાવીર મિત્ર મંડળ.
ભાયખલા, મુંબઈ-૪૦૦૦૧૧.
રાત્રીભાવના, દાંડીયારાસ અને વિવિધ કાર્યક્રમો

















(૧) મુંબઈમાં પૂ. ગુરુદેવના અંતિમ દર્શનાર્થે પૂજ્યશ્રીના પટ્ટધર
આ. શ્રી કલાપ્રભસાગરસૂરિ આદિ સાધુ સાધ્વીજીઓ



(૨) મુંબઈમાં પૂ. ગુરુદેવના પાર્થિવ દેહના દર્શનાર્થે વિરાટ મેદની



(૩) કચ્છમાં પૂજ્યશ્રીના પટ્ટધર પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરિ વિ. પૂ. ગુરુદેવના
પાર્થિવ દેહના દર્શને વિશાળ સંખ્યામાં ચતુર્વિધ સંઘ









(૪) અચલગચ્છાધિપતિ પૂ. ગુરુદેવ આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ના
પાર્થિવ દેહના અંતિમ દર્શન — પાર્થિવ દેહનું વિલીનીકરણ

**અનંત આત્માઓની મુક્તિ :**

અનાદિ કાળથી આ સંસારમાં અનંતાનંત તીર્થંકર ભગવંતો થઈ ગયા છે. તેઓ તથા અનંતાનંત ભવ્યાત્માઓ સર્વ કર્મોથી મુક્ત બની સંપૂર્ણ રીતે રાગદ્વેષથી રહિત થઈ મોક્ષમાં ગયા છે.

**વર્તમાન ચોવીસ તીર્થંકરદેવો :**

આ અવસર્પિણી કાળમાં વીતરાગ પરમાત્મા શ્રી ઋષભદેવ ભગવાન આદિ ચોવીસ તીર્થંકર ભગવંતો થયા. નિકટના કાળમાં એટલે **૨૫૦૫** વર્ષ પહેલાં આ કાળના **ચરમ** તીર્થપતિ પરમાત્મા શ્રી **મહાવીરદેવ** મોક્ષમાં પધાર્યા. પરમાત્મા શ્રી મહાવીરદેવનો સંક્ષિપ્ત જીવનપરિચય આ પ્રમાણે છે :

## ચરમ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરદેવ

પ્રભુ શ્રી મહાવીરદેવનો જન્મ આજથી ૨૫૭૭ વરસ પહેલાં ચૈત્ર સુદ **૧૩** ના ક્ષત્રિયકુંડ **નગરમાં** સિદ્ધાર્થ રાજાને ત્યાં રાણી ત્રિશલાદેવીની કુક્ષિથી થયેલ હતો. જન્મ વખતે તેઓ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનથી યુક્ત હતા. તેમના જન્મ વખતે ત્રણે ભુવનમાં આનંદ આનંદ વ્યાપી ગયો. રાજાની સમૃદ્ધિ, યશ વગેરે વધવાં માંડયાં, તેથી રાજાએ પુત્રનું નામ '**વર્ધમાન**' રાખ્યું. તેમનાં રૂપ અને કાંતિ અનુપમ હતાં. તેઓ બાલક્રીડા કરતા હતા, ત્યારે એક દેવે તેમના બળની પરીક્ષા કરેલી. તેમાં તેઓ મહાબળવાન અને વીર પુરવાર થતાં તેઓ 'મહાવીર' એવા નામથી પ્રસિદ્ધિ પામ્યા.

**પ્રભુના જીવન પ્રસંગો :**

તેઓ યૌવનવય પામ્યા, ત્યારે સમરવીર રાજાની પુત્રી યશોદાદેવી સાથે તેમનાં લગ્ન થયાં. સંસારના ફળ સ્વરૂપે તેમને ત્યાં 'પ્રિયદર્શના' નામે પુત્રી થઈ. તેઓ અઠ્યાવીશ વરસના થયા, ત્યારે તેમનાં માતપિતા સ્વર્ગસ્થ થયાં. વડીલબંધુ નંદીવર્ધનના અતિ આગ્રહથી પ્રભુ પોતાનાં ભોગાવલિ કર્મ શેષ જાણી બે વરસ ગૃહવાસમાં રહ્યા. દીક્ષા સમય નજીક જાણી તેઓએ વરસીદાન આપવાની શરૂઆત કરી. સમગ્ર વર્ષ દરમ્યાન તેમણે કુલે ત્રણ અબજ, અઠયાસી કરોડ, એંસી લાખ સોનામહોરોનું દાન આપ્યું.

ત્રીસ વરસની વયે માગસર વદ ૧૦ ( ગુજરાતની કાર્તિક વદ ૧૦ ) ના પ્રભુએ દીક્ષા સ્વીકારી. તે જ વખતે તેમને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું.

**ઉગ્ર તપસ્વી :**

ભગવાન **શ્રી** મહાવીરદેવે પોતાની સાધનાનાં છદ્મસ્થ અવસ્થાનાં સાડા બાર વરસો દરમ્યાન ઉગ્ર તપારાધના કરી. આટલા લાંબા સમયમાં પ્રભુનાં પારણાંના કુલ દિવસો ૩૪૯ જ હતા, બાકીના બધા દિવસો ઉપવાસના હતા. મહાન ઉગ્ર તપશ્ચર્યા કરવાને કારણે તેઓ 'દીર્ઘતપસ્વી' તથા **'શ્રમણ'** પણ કહેવાયા. ઘોર ઉપસર્ગો અને પરિષહોમાં પણ નિશ્ચયથી પ્રભુ જરાય ડગ્યા નહીં. રાગાદિ દુર્વાર આંતર શત્રુઓ સાથે એકસરખા આત્મપરાક્રમથી લડતા રહ્યા, તેથી **'મહાવીર'** કહેવાયા. આ સમય દરમ્યાન તેમણે અનેક ઉપદ્રવો અને કષ્ટો સહન કર્યાં.

**કેવળજ્ઞાની પ્રભુ શ્રી મહાવીર સ્વામી :**

સાડા બાર વર્ષો પર્યંત દુષ્કર્મો સામે સતત ઝઝૂમ્યા બાદ ભગવાન શ્રી મહાવીરદેવ વૈશાખ સુદ ૧૦ ના પાછલા પહોરે 'જંભિય' ગામની નજીકમાં વહેતી ઋજુવાલુકા નદીને તીરે, શાલીવૃક્ષની નીચે, ગોદોહાસને શુકલ ધ્યાન ધરતાં અપ્રતિહત એવા કેવળજ્ઞાન અને કેવળદર્શનને પામ્યા. પ્રભુ હવે લોકાલોકના સર્વ પદાર્થોની ભૂત, ભવિષ્ય તથા વર્તમાન સ્થિતિ યથાર્થપણે જાણવા લાગ્યા.

**શ્રી સંઘની સ્થાપના :**

પ્રભુએ આત્મસાધના દ્વારા રાગ અને દ્વેષ ઉપર સર્વથા વિજય મેળવ્યો, જેથી *તેઓ 'જિન' કહેવાયા. જિન બન્યા બાદ, તેમણે ચતુર્વિધ સંઘનું એટલે કે તીર્થનું* પ્રવર્તન કર્યું, તેથી 'તીર્થંકર' કહેવાયા. 'જિન'ની આજ્ઞાને અનુસરે, તેઓ 'જૈન' કહેવાય છે.

પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા બાદ, કેવળજ્ઞાન કલ્યાણકને ઉજવવા આવેલા દેવો સમક્ષ ભગવંતે પ્રથમ દેશના આપેલી. પણ તે વખતે પર્ષદામાં કોઈ મનુષ્ય ન હતા. બીજે દિવસે વૈશાખ સુદ ૧૧ ના અપાપાપુરીમાં દેવરચિત સમવસરણમાં બિરાજી મનુષ્યોને દેશના સંભળાવેલી, ત્યારે ઘણાંયે નરનારીઓ પ્રભુના ઉપદેશથી પ્રભાવિત થયાં હતાં.

**ઇંદ્રભૂતિ ગૌતમ આદિને પ્રતિબોધ :**

આ વખતે તે જ અપાપાપુરીમાં ઇંદ્રભૂતિ ગૌતમ વગેરે અગિયાર પ્રકાંડ વિદ્વાન બ્રાહ્મણો પોતાના વિશાળ શિષ્યપરિવાર તથા ભક્તગણ સાથે યજ્ઞ કરી રહ્યા હતા. દેવો અને મનુષ્યોને સમવસરણ તરફ જતા જોઈને તેમને ખબર પડી કે સર્વજ્ઞ શ્રી મહાવીર પ્રભુ પધાર્યા છે. શરૂઆતમાં ઇન્દ્રભૂતિ ગૌતમ તો અહંકારમાં આવી વિચારવા લાગ્યા કે, 'એક મ્યાનમાં શું બે તલવાર હોઈ શકે ? તેમ આ દુનિયામાં મારા સિવાય બીજો કોઈ સર્વજ્ઞ નથી.' આમ વિચારી તેઓ ભગવાન શ્રી મહાવીરદેવ સાથે વાદ કરવા તૈયાર થયા. પોતાના શિષ્યો સાથે તેઓ સમવસરણ તરફ આવ્યા. પ્રભુને જોતાં જ તેમનું

અભિમાન ઓગળી ગયું. ઇંદ્રભૂતિના મનમાં વેદપદોનો પરસ્પર વિરોધીભાવ અને આત્મા છે કે નહીં વગેરે સંશયો હતા. પણ બીજાને પૂછે તો પોતાની અજ્ઞાનતા પ્રગટ થઈ જાય, તેથી તેઓ કોઈને આ બાબત પૂછતા નહીં.

**શ્રી ગૌતમના મિથ્યાભિમાનનું દૂર થવું :**

સમવસરણ નજીક ઇંદ્રભૂતિ ગૌતમને આવેલા જોઈને પ્રભુએ મધુર સ્વરે કહ્યું : 'હે ઇંદ્રભૂતિ ગૌતમ! તમે સુખેથી આવ્યા ને?' આ શબ્દોથી ગૌતમ વિસ્મિત થયા. પણ બીજી જ પળે તેમણે સગર્વ વિચાર્યું : 'ઓહ! વિશ્વપ્રસિદ્ધ એવા મારા નામને કોણ ન જાણે? જો આ સર્વજ્ઞ મારા મનના સંશયોને જાણી, તેનું સમાધાન કરે, તો હું તેઓને સર્વજ્ઞ માનું.' ત્યાં તો પ્રભુએ સામેથી કહ્યું : 'હે ગૌતમ! તમને વેદપદો અંગે જે સંશય છે, તેનું સમાધાન પણ એ જ પદોમાં છે.' એમ પ્રભુએ વેદપદોનો સંગત અર્થ બતાવીને શ્રી ગૌતમના સંશયોનું સમાધાન કર્યું. પ્રભુની સર્વજ્ઞતા તેમ જ પોતાની અજ્ઞાનતા સમજાતાં, તેઓ તરત જ પ્રભુને શરણે આવ્યા અને તેમણે શિષ્યપરિવારની સાથે પ્રભુ પાસે દીક્ષા સ્વીકારી.

**અગિયાર ગણધરોની સ્થાપના :**

યજ્ઞમાં ઇંદ્રભૂતિની રાહ જોઈ રહેલા અગ્નિભૂતિ ઇત્યાદિ બ્રાહ્મણો પણ ઇંદ્રભૂતિ ગૌતમ પાછા ન આવવાથી સમવસરણ તરફ પ્રભુ સાથે વાદ કરવા આવ્યા. એક પછી એક આવેલા બધાના સંશયોનું પ્રભુએ સમાધાન કર્યું અને બધા બ્રાહ્મણોએ શિષ્યોની સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી. આ રીતે ઇંદ્રભૂતિ ગૌતમ વગેરે અગિયાર બ્રાહ્મણો તેમ જ તેમના શિષ્યો સહિત લગભગ ૪૪૦૦ ભાગ્યશાળી આત્માઓએ દીક્ષા લીધી. અગિયારે મુખ્ય શિષ્યોને પ્રભુએ શિષ્યગણના રક્ષક (મુખ્ય) તરીકે 'ગણધર' બનાવ્યા હતા.

**પ્રવર્તિની આર્યા ચંદનબાળા :**

એ જ પર્ષદામાં મહાસતી ચંદનબાળા પણ હાજર હતાં. આ વખતે ચંદનબાળાએ પણ શ્રમણ ધર્મનો સ્વીકાર કર્યો હતો. આ પ્રસંગે બીજી પણ કેટલીક સ્ત્રીઓએ દીક્ષા લીધી હતી. પ્રભુએ ચંદનબાળા સાધ્વીજીને બધાં સાધ્વીજીઓનાં વડા તરીકે મૂકીને તેમને 'પ્રવર્તિની' પદ આપ્યું હતું. આ રીતે પ્રભુએ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા – એમ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

**પ્રભુનો ઉપદેશ :**

ભગવાન શ્રી મહાવીરદેવે જગતને ઉત્તમ ઉપદેશ આપ્યો. સાધુધર્મ અને શ્રાવકધર્મ બન્ને પ્રકારનો ધર્મમાર્ગ પ્રરૂપ્યો. સાધુધર્મ સ્વીકારવા જે આત્માઓ અસમર્થ હોય,

તેમને માટે પ્રભુએ શ્રાવકનાં બાર વ્રતો વગેરે પ્રરૂપ્યાં. અહિંસા, તપ અને સંયમ આચરવાથી જ આત્માનું શ્રેય થવાનું છે, એ શ્રેષ્ઠ માર્ગ પ્રકાશ્યો. જન્મમરણની જંજીરને તોડવા, સાચા, વાસ્તવિક, શાશ્વત સુખને પ્રાપ્ત કરવા અને દુઃખનો અંત આણવા મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય આદિ ભાવનાઓ બતાવી. દુનિયાને મોક્ષનો મહાન માર્ગ બતાવી સેંકડો નરનારીઓને પ્રભુએ મોક્ષમાર્ગનાં પથિક બનાવ્યાં.

**પ્રભુનો પરિવાર :**

ભગવાન શ્રી મહાવીરદેવનાં ૧૪,૦૦૦ (ચૌદ હજાર) સાધુઓ તેમ જ ૩૬,૦૦૦ (છત્રીશ હજાર) સાધ્વીઓ હતાં. એક લાખ અને ઓગણસાઠ હજાર ઉત્કૃષ્ટ વ્રતધારી શ્રાવકો હતા, તેમ જ ત્રણ લાખ, અઢાર હજાર વ્રતધારી શ્રાવિકાઓ હતી.

સતત ત્રીસ વર્ષ પર્યંત ધર્મનો ઉપદેશ આપ્યા બાદ ભગવાન શ્રી મહાવીરદેવ પાવાપુરીમાં પધાર્યા. અહીં હસ્તિપાળ રાજાની લેખશાળામાં ઊતર્યા. ત્યાં મલ્લ ગણના નવ રાજાઓ અને લિચ્છવી ગણના નવ રાજાઓ તેમ જ સંખ્યાબંધ શ્રાવકશ્રાવિકાઓને ૪૮ કલાક પર્યંત એકધારી દેશના આપી.

**પ્રભુનું મોક્ષગમન :**

ગણધર ગૌતમ સ્વામીને પોતાના તરફ રાગ છે, એ જોઈને તેમ જ પોતાનો અંતિમ સમય જાણીને ભગવાન શ્રી મહાવીર પ્રભુએ તેમને દેવશર્મા વિપ્રને પ્રતિબોધવા પોતાનાથી દૂર મોકલ્યા. પછીથી પ્રભુ પણ નિર્વાણ – મોક્ષપદને પામ્યા.

**ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન :**

દેવશર્માને પ્રતિબોધી પાછા ફરેલા ગણધર ગૌતમ સ્વામીને રસ્તામાં જ ખબર પડી કે, ભગવાન નિર્વાણ પામ્યા છે. ખબર પડતાં વેંત જ તેઓ વિલાપ કરવા લાગ્યા. અંતે 'વી....ર....વી....ર' વીતરાગ શબ્દનું ચિંતન કરતાં તેઓ કેવળજ્ઞાન પામ્યા.

**દીપાવલિ પર્વ :**

વિશ્વનો આવો મહાન જગદીપક બૂઝાઈ જતાં, તે ભાવપ્રકાશની ખોટ પૂરવા, તે રાત્રે ભવ્ય દીપની પંક્તિઓ (આવલિઓ) રચવામાં આવી. એ શ્યામ રજની હતી આસો સુદ અમાવાસ્યાની. તે દિવસથી ભારતની ભૂમિ પર દીપાવલિ પર્વ શરૂ થયું.

શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થાવસ્થામાં રહ્યા, બાર વર્ષ છદ્મસ્થાવસ્થામાં રહ્યા અને ત્રીસ વર્ષ કેવળી અવસ્થામાં રહ્યા. આમ કુલ બોતેર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને મુક્તિપદ પામ્યા. □

## અચલગચ્છના ઇતિહાસની ઝલક

## ૧. પ્રથમ પટ્ટધર શ્રી સુધર્મા સ્વામી :

વર્તમાનકાલીન જૈનાચાર્યોની પરંપરાના નાયક શ્રી આર્ય સુધર્મા સ્વામી ભગવંત છે. પરમાત્માશ્રી મહાવીરદેવ નિર્વાણપદ પામ્યા બાદ પ્રભાતે (વર્તમાનમાં પ્રચલિત નૂતન વર્ષના નૂતન પ્રભાતે કારતક સુદ ૧ ના) પહેલા ગણધર શ્રી ગૌતમ સ્વામી પણ કેવળજ્ઞાન પામ્યા હતા.

શ્રી ઇંદ્રભૂતિ ગૌતમ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા, મંડિત, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ – આ અગિયારે ગણધરોમાં ગણધર ભગવંત શ્રી સુધર્મા સ્વામી દીર્ઘાયુષી હોવાના કારણે તેઓને પ્રથમ ગણનાયક પટ્ટધર તરીકે સ્થાપવામાં આવ્યા હતા.

શ્રી સુધર્મા સ્વામી મગધ દેશના કોલ્લાગ ગામમાં ધમ્મિલ અને ભદ્દિલાના વિપ્ર કુટુંબમાં જન્મ્યા હતા. તેઓ વેદશાસ્ત્રોના પારંગત હતા, પણ અભિમાની હતા. પ્રભુ મહાવીરદેવ પાસે તેઓના સંશયોનું સમાધાન થતાં, તેઓ પ્રભુના દીક્ષિત 'ગણધર' શિષ્ય બન્યા હતા. તેમણે ત્રીસ વરસ સુધી પ્રભુ શ્રી મહાવીરદેવની અને બાર વરસ સુધી શ્રી ગૌતમ સ્વામીની સેવા કરી હતી. તેમની કુલ વય બાણુ વરસની થઈ, ત્યારે તેઓ કેવળજ્ઞાની બન્યા હતા. આઠ વરસનો કેવળી પર્યાય પાળી, ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણ પછી વીસ વરસ બાદ પોતાની સો વરસની વયે તેઓ મોક્ષે પધાર્યા હતા.

## ૨. મહા વૈરાગી શ્રી જંબૂસ્વામી :

આ અવસર્પિણી કાળના છેલ્લા કેવળી ભગવંત શ્રી જંબૂસ્વામી મગધ દેશની રાજગૃહી નગરીના ઋષભદત્ત અને ધારિણી નામક કોટયાધિપતિ દંપતીના પુત્ર હતા.

શ્રી સુધર્મા સ્વામી ભગવંતની દેશના સાંભળી તેઓ વૈરાગી બન્યા હતા. દીક્ષાની રજા લેવા જતાં મોહવશ એવાં માતપિતાના અતિ આગ્રહથી આઠ કન્યાઓ સાથે તેઓએ લગ્ન કર્યાં હતાં. 'બીજે દિવસે સવારે દીક્ષા લઈશ' એવી પૂર્વ શરત મુજબ લગ્નની પ્રથમ રાતે જ જંબૂકુમારે પોતાની આઠે પત્નીઓને પ્રતિબોધી હતી. પાચસો ચોર એક સાથે તેમને ઘેર ચોરી કરવા આવેલા હતા. તેમનો નાયક વિંધ્યરાજનો પુત્ર પ્રભવ પણ આઠે સ્ત્રીઓને જંબૂકુમારે આપેલ ઉપદેશ સાંભળીને પ્રતિબોધ પામ્યો હતો. તેમનાં માબાપ પણ પ્રતિબોધ પામ્યાં હતાં. બીજે દિવસે પોતાનાં માબાપ, આઠે પત્નીઓ, બધાં સાસુ-સસરા તથા પ્રભવ આદિ પાંચસો ચોરો સહિત જંબૂસ્વામીએ શ્રી સુધર્મા સ્વામી ભગવંત પાસે દીક્ષા લીધી હતી.

શ્રી મહાવીરદેવના નિર્વાણ પછી ચોસઠ વર્ષ પછી શ્રી જંબૂસ્વામી મોક્ષમાં પધાર્યા હતા.

### ૩. શ્રી પ્રભવ સ્વામી :

આ પ્રભવ એ વિંધ્યરાજનો પુત્ર હતો, પણ પિતા સાથે અણબનાવ થતાં, તે જંગલમાં ચાલ્યો ગયો હતો. ત્યાં તે પાંચસો ચોરોનો નાયક બન્યો હતો. શ્રી જંબૂસ્વામીના ઉપદેશથી વૈરાગી બની, તેમણે ૫૦૦ ચોરો સાથે દીક્ષા લીધી હતી. પછી તેઓ શ્રી જંબૂસ્વામીના પટ્ટધર થયા હતા.

પ્રભુ મહાવીર સ્વામીના મોક્ષ પછી પંચોતેર વર્ષ વીત્યે તેઓ સ્વર્ગસ્થ થયા હતા.

### ૪. શ્રી દશવૈકાલિક સૂત્રકાર શ્રી શય્યંભવસૂરિ :

આ શ્રી શય્યંભવ ભટ્ટ હિંસક યજ્ઞ કરતો હતો. 'અહો કષ્ટ' એમ જૈન સાધુઓએ કહ્યું, ત્યારે તેને સંશય જતાં યજ્ઞાચાર્યને ધમકી આપીને પૂછયું, તો તેને જાણવા મળ્યું કે, યજ્ઞસ્તંભની નીચે જૈનોના સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથજીનાં પ્રતિમાજી હતાં. પ્રતિમાના દર્શનથી પ્રતિબોધ પામી શ્રી શય્યંભવ ભટ્ટે શ્રી પ્રભવ સ્વામી પાસે દીક્ષા લીધી હતી.

પોતાના અલ્પાયુષ્યવાળા પુત્ર મનક બાલમુનિની આરાધના માટે તેમણે પૂર્વશ્રુતમાંથી શ્રી દશવૈકાલિક સૂત્રનો ઉદ્ધાર કર્યો હતો.

શ્રી શય્યંભવસૂરિ પ્રભુ શ્રી મહાવીરદેવના નિર્વાણથી અઠ્ઠાણુ વર્ષે સ્વર્ગસ્થ થયા હતા.

### ૫. શ્રી યશોભદ્રસૂરિ :

આ આચાર્ય ભગવંતશ્રી 'તુંગીયાયન' ગોત્રના હતા. તેઓ પ્રભુ શ્રી મહાવીરદેવના મોક્ષથી એકસો અડતાલીશ વર્ષો જતાં સ્વર્ગવાસ પામ્યા હતા.

### ૬. શ્રી આર્ય સંભૂતિવિજયસૂરિ :

આ આચાર્ય ભગવંતશ્રી 'માઢર' ગોત્રીય હતા. તેમનું સંપૂર્ણ આયુ નેવુ વરસનું હતું. ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણથી એકસો છપ્પન વર્ષો વીત્યાં બાદ તેઓ સ્વર્ગસ્થ થયા હતા.

### ૭. ઉપસર્ગહર સ્તોત્રના રચયિતા, મંત્ર પ્રભાવક, નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુ સ્વામી :

અગિયાર અંગો પર નિર્યુક્તિના રચયિતા શ્રી ભદ્રબાહુ સ્વામી મહા પ્રભાવક હતા. દીક્ષા છોડનાર તેમના ભાઈ વરાહમિહિરે તેમના પર અને જૈન ધર્મ પર તેજોદ્વેષ પ્રગટ કરેલ. વરાહમિહિર મરીને વ્યંતર દેવ થયો અને જૈનોમાં મરકી વગેરે રોગો ફેલાવવા લાગ્યો. પણ ઉપદ્રવોની શાંતિ માટે શ્રી ભદ્રબાહુ સ્વામીએ 'ઉવસગ્ગહરં' નામના મહાપ્રભાવક સ્તોત્રની રચના કરી.

ભગવાન શ્રી મહાવીરદેવના મોક્ષ બાદ, એકસો સિત્તેર વરસો વીત્યાં પછી તેઓ કુમરગિરિ પર સ્વર્ગસ્થ થયા હતા.

### ૮. મહાબ્રહ્મચારી **શ્રી સ્થૂલભદ્ર સ્વામી :**

પાટલીપુત્રના નંદરાજાના મંત્રી શકડાલ અને તેની પત્ની લાછલદેના શ્રીયક અને સ્થૂલભદ્ર નામના બે પુત્રો હતા તથા યક્ષા, યક્ષદિન્ના વગેરે સાત પુત્રીઓ હતી.

સ્થૂલભદ્ર તે નગરની રૂપવતી કોશા વેશ્યા પ્રત્યે અતિશય આસક્ત હતા. આ વેશ્યાને ત્યાં બાર વર્ષો વીતાવી સાડાબાર કરોડ સોનામહોરો ખર્ચી હતી. પણ પોતાના પિતા શકડાલ મંત્રીના રાજકીય મૃત્યુથી વૈરાગ્ય પામી અને સંભૂતિવિજયસૂરિથી પ્રભાવિત થઈને, સ્થૂલભદ્રજીએ તેમની પાસે દીક્ષા લીધી. બાદ તેઓએ જૈનાગમના અગિયાર અંગસૂત્રોનો અભ્યાસ કર્યો હતો.

**દશ પૂર્વોનો અભ્યાસ :**

તે વખતે પડેલો ભીષણ દુષ્કાળને કારણે જૈન શ્રમણોમાં જૈનાગમોનું વિસ્મરણ થવા લાગ્યું હતું. પણ ફક્ત શ્રી ભદ્રબાહુ સ્વામી જ દષ્ટિવાદના જાણકાર હતા. શ્રી ભદ્રબાહુ સ્વામી પાસે શ્રી સંઘે પાંચસો મુનિઓને મોકલ્યા હતા, પણ ફક્ત એક જ સ્થૂલભદ્ર મુનિ જ અભ્યાસ માટે સ્થિરતા રાખી શકયા હતા. તેમની પાસે શ્રી સ્થૂલભદ્ર બે વસ્તુ અધિક દશ પૂર્વોનો અભ્યાસ કરી શકયા હતા. પોતાની યક્ષા વગેરે સાત બહેનો (સાધ્વીજીઓ)ને ચમત્કાર બતાવવા શ્રી સ્થૂલભદ્ર મુનિએ સિંહનું રૂપ લીધું હતું.

શ્રી ભદ્રબાહુ સ્વામીએ જ્ઞાનના આવા અભિમાન બદલ શ્રી સ્થૂલભદ્ર મુનિને આગળનો પાઠ આપવાની અનિચ્છા દર્શાવી, પરંતુ શ્રીસંઘના અતિ આગ્રહથી છેવટે શ્રી ભદ્રબાહુ સ્વામીએ શ્રી સ્થૂલભદ્ર મુનિને અર્થ વિના બાકીના ચાર પૂર્વોના મૂળ પાઠ આપ્યા હતા, તેમ જ આગળ જતાં બીજાને તે પાઠ ન આપવાની આજ્ઞા ફરમાવી હતી. પછીથી શ્રી સ્થૂલભદ્ર સ્વામી ભગવંત શ્રીસંઘના નાયક અને યુગપ્રધાન બન્યા હતા.

શ્રી સ્થૂલભદ્ર સ્વામી ૯૯ વરસની વયે, પ્રભુશ્રી મહાવીર દેવના નિર્વાણ બાદ **૨૧૫** વરસો વીત્યાં ત્યારે સ્વર્ગવાસ પામ્યા હતા.

### ૯. જિનકલ્પી તુલ્ય આચરણા કરનારા **શ્રી આર્ય મહાગિરિ :**

મગધ ભૂમિના કોલ્લાગ ગામના ઇલાપત્ય ગોત્રીય બ્રાહ્મણ દંપતિ શ્રી રૂદ્રસોમ અને મનોરમાને મહાગિરિ અને સુહસ્તિ નામે બે પુત્રો હતા.

પાટલીપુત્રમાં અભ્યાસાર્થે જતાં ત્યાં સ્થૂલભદ્ર સ્વામીના ઉપદેશથી બન્ને ભાઈઓએ

દીક્ષા લીધી હતી. બાદ બન્ને મુનિઓ જૈનાગમોના પારગામી બન્યા હતા. શ્રી સ્થૂલભદ્ર સ્વામીએ ગચ્છનાયક બનાવ્યા છતાં શ્રી આર્ય મહાગિરિ મુનિ વૈરાગ્યપૂર્વક વિચ્છેદ ગયેલા એવા જિનકલ્પીની તુલ્ય આચરણાઓ કરતા તથા પોતાના બહુલ અને બલિસહ આદિ ચાર શિષ્યો સહ અલગ વિહારો કરતા હતા. પોતાનો સમુદાય તથા ગચ્છની વ્યવસ્થા તેમણે આર્ય સુહસ્તિને સોંપી દીધાં હતાં.

શ્રી આર્યમહાગિરિ કલિંગ દેશના કુમારગિરિ જૈન તીર્થ પર પરમાત્મા શ્રી મહાવીરદેવના મોક્ષ બાદ ૨૪૫ વર્ષો વીત્યાં પછી સ્વર્ગસ્થ થયા હતા. તેમના બહુલ વગેરે શિષ્યો જિનકલ્પી તુલ્ય આચરણાઓ કરતા હતા, તેથી તેઓની શાખાથી જિનકલ્પી મુનિઓની શાખા નીકળી હતી. પછીથી તે 'દિગંબરો'ના નામથી પ્રસિદ્ધિ પામી હતી, અને બલિસહ વગેરે શિષ્યો સ્થવિર કલ્પના આચારો પાળતા હોવાથી તેમની શાખા 'વાચકગણ' નામથી પ્રસિદ્ધિ થઈ હતી.

**૧૦. સંપ્રતિ રાજાના પ્રતિબોધક ગુરુ શ્રી આર્ય સુહસ્તિસૂરિ :**

આ આચાર્ય ભગવંતશ્રી સંપ્રતિ રાજાના આ ભવ અને પૂર્વ ભવ બન્ને જન્મના ગુરુ હતા. સંપ્રતિ રાજાનો જીવ પૂર્વ ભવમાં ભિખારી હતો. ભિખારી અવસ્થામાં તે રોટલા માટે શેરીએ શેરીએ ભટકતો હતો, ત્યારે તેણે સુહસ્તિસૂરિના શિષ્યો પાસે આહારની માગણી કરી. સાધુઓ તેને સૂરિ પાસે લઈ ગયા. શ્રી આર્ય સુહસ્તિસૂરિ ગુરુદેવે તે ભિખારીને કહ્યું : 'તમે મુનિદીક્ષા લો, તો જ તમને અમે અમારો આહાર આપી શકીએ.' તેથી ભિખારીએ હર્ષથી દીક્ષા લીધી. દીક્ષા લીધા બાદ ભારે આહાર મળવાથી અજીર્ણ થતાં તેને જીવલેણ રોગ થયો અને સંયમની અનુમોદના કરતાં તે મૃત્યુ પામ્યો. એ ભિખારીનો જીવ એ જ સમ્રાટ અશોકના કુણાલ નામે અંધપુત્રનો સંપ્રતિ નામે પુત્ર હતો. અનુક્રમે તે સમ્રાટ બન્યો હતો.

એક વખતે સમ્રાટ સંપ્રતિ ઝરૂખામાં બેઠા હતા, ત્યારે રસ્તા પરથી પસાર થતી રથયાત્રામાં શ્રી આર્યસુહસ્તિ સૂરિવરને જોતાં જ સંપ્રતિ રાજાને જાતિસ્મરણ જ્ઞાન થયું. પછી તેને ગુરુએ પણ 'તું અમારો પૂર્વ ભવનો શિષ્ય છો' એમ જ્ઞાનબળથી કહ્યું. તે સમ્રાટ દઢ જૈનધર્મી બન્યો અને તેણે વિદેશોમાં પણ જૈન ધર્મનો પ્રચાર કરાવ્યો હતો. આ રાજાએ સવા કરોડ જિનપ્રતિમાઓનું અને સવા લાખ જિનમંદિરોનું નિર્માણ કરાવ્યું હતું. તેર હજાર પ્રાચીન જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો ગરીબો અને ભિક્ષુકો માટે સાતસો દાનશાળાઓ ખોલી હતી, તેમ જ અપૂર્વ રીતે સાધર્મિકોની ભક્તિ કરી હતી.

શ્રી આર્ય સુહસ્તિસૂરિ પરમાત્મા શ્રી મહાવીરદેવના નિર્વાણ પછી ૨૯૧ વર્ષ વીત્યાં પછી ઉજ્જયિની નગરીમાં સ્વર્ગસ્થ થયા હતા.

**૧૧.** કોટિક ગણના નાયક **શ્રી આર્ય સુસ્થિત** અને **સુપ્રતિબુદ્ધ આચાર્ય :**

આ બંને ભાઈઓ હતા. તેઓશ્રીએ આર્ય સુહસ્તિસૂરિ પાસે દીક્ષા લીધી હતી, આ બંને લગભગ (ઘણું ખરું) કલિંગ દેશમાં વિચરતા હતા. આથી ત્યાંનો રાજા ભિક્ષુરાજ જૈનધર્મી બન્યો હતો. કલિંગનાં શત્રુંજયાવતાર અને કુમરપર્વત નામનાં બે પ્રસિદ્ધ જૈન તીર્થોમાં આ બંને આચાર્યોએ સૂરિમંત્રના કરોડ કરોડ જાપ કર્યા હતા. ત્યારથી તેઓનો ગણ (ગચ્છ) 'કોટિક' નામથી પ્રસિદ્ધિ પામ્યો. આ બંને સૂરિપુંગવો ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણ પછી ૩૨૭ વર્ષ વીત્યે કુમરગિરિ જૈન તીર્થ પર સ્વર્ગસ્થ થયા હતા. ભિક્ષુરાજાએ તેમના નામોલ્લેખવાળા બે ભવ્ય સ્તૂપો ત્યાં બંધાવ્યા હતા.

**૧૨. શ્રી આર્ય ઇંદ્રદિન્નસૂરિ :**

મથુરાના કૌશિક ગોત્રીય સર્વદિન્ન બ્રાહ્મણના પુત્ર ઇંદ્રદિન્ને શ્રી આર્યસુસ્થિત સૂરિના ઉપદેશ સાંભળી દીક્ષા સ્વીકારી હતી. પછી તેઓ જૈનાગમોના પારગામી થયા હતા.

તેઓ બહુધા મથુરાના પ્રદેશમાં વિચરતા હતા. તેમના ઉપદેશથી અનેક શ્રાવકોએ જિનપ્રતિમાઓ ભરાવી અને પ્રતિષ્ઠાઓ કરાવી હતી.

પ્રભુ શ્રી મહાવીરદેવના નિર્વાણ પછી ૩૭૮ વર્ષ વીત્યાં પછી શ્રી ઇંદ્રદિન્નસૂરિ સ્વર્ગસ્થ થયા હતા.

**૧૩. શ્રી આર્ય દિન્નસૂરિ :**

શ્રી ઇન્દ્રદિન્નસૂરિની પાટે શ્રી આર્ય દિન્નસૂરિ આવ્યા હતા. તેઓ મહાન શાસન પ્રભાવક હતા. પ્રભુ શ્રી મહાવીરદેવના નિર્વાણથી ૪૫૮ વર્ષો વીત્યાં બાદ તેઓ કાળધર્મ પામી સ્વર્ગે સંચર્યા હતા.

**૧૪. શ્રી સિંહગિરિસૂરિ :**

શ્રી આર્ય દિન્નસૂરિની પાટે શ્રી સિંહગિરિસૂરિ આવ્યા હતા. મહાપ્રભાવક શ્રી વજ્રસ્વામીના ગુરુ તરીકે તેઓ વિરલ કીર્તિ પામ્યા છે. પ્રભુ શ્રી મહાવીરદેવના નિર્માણ બાદ ૫૨૩ વર્ષો ગયાં, ત્યારે તેઓ કાળધર્મ પામ્યા હતા.

**૧૫.** મહાપ્રભાવક **શ્રી વજ્રસ્વામી :**

**વજ્રસ્વામીનો જન્મ અને વિલાપ :**

અવંતી દેશના તુંબવન નગરમાં ધન શ્રેષ્ઠી રહેતા હતા. તેમનો પુત્ર ધનગિરિ બાલવયથી જ વૈરાગી હતો. પણ મોહવશ એવા વડીલોના આગ્રહથી યૌવન વયમાં સુનંદા સાથે તેમનાં લગ્ન થયાં હતાં. સુનંદાના ઉદરમાં ગર્ભ રહ્યો, ત્યારે ધનગિરિએ કહ્યું : 'હે

સુભગે ! ભાવિમાં થનારો પુત્ર તારો આધાર થશે.' એમ કહી ધનગિરિએ સિંહગિરિસૂરિ પાસે દીક્ષા લીધી. શુભ ક્ષણે સુનંદાએ સૂર્યસમ તેજસ્વી એવા પુત્રરત્નને જન્મ આપ્યો. 'પિતાએ દીક્ષા લીધી છે' એ શબ્દો સાંભળતાં જ એ બાળક પણ જાતિસ્મરણ જ્ઞાનથી વૈરાગી બન્યો. માતા મોહવશ પોતાને દીક્ષા લેવા રજા નહિ આપે, એમ સમજી બાળક રડવા લાગ્યો આમ ઘણા મહિનાઓ વીત્યા. અંતે માતા સુનંદા કંટાળી ગઈ.

**પિતામુનિની ઝોળીમાં આવતાં જ વિલાપ બંધ:**

એકદા તે બાળકના પિતા ધનગિરિ મુનિ ગોચરી અર્થે પધાર્યા. સુનંદાએ તેમને કહ્યું : 'આ તમારો પુત્ર છ માસથી રડયા જ કરે છે, માટે એને લઈ જાઓ.' ગુરુની સૂચના મળી હતી : 'આજે જે કંઈ મળે તે લઈ લેવું'.' એ મુજબ આર્ય ધનગિરિ મુનિએ ઝોળીમાં તે બાળકને વહોરી લીધો, અને તરત તે બાળક રડતો બંધ થઈ ગયો. આથી બાળકની માતા સુનંદા આશ્ચર્ય પામી ધનગિરિ મુનિએ તો ઉપાશ્રયે જઈ ઝોળી ગુરુદેવના હાથમાં આપી. તેજસ્વી અને વજ્ર જેવા ભારે બાળકને જોઈ ગુરુદેવે કહ્યું : 'આ બાળકનું નામ 'વજ્રકુમાર' રાખવું ઉચિત છે. ગુરુએ આ બાળક સાધ્વીજીઓને સોંપ્યો. સાધ્વીજીઓએ આ બાળક પાલન માટે શ્રાવિકાઓને સોંપ્યો. બાળક વજ્રકુમાર ધીમે ધીમે મોટો થવા લાગ્યો. સુનંદાને ખબર પડતાં તે તરત જ પોતાના પુત્રને લેવા દોડી ગઈ, પણ શ્રાવિકાઓએ બાળક પાછો ન અપાય એમ કહ્યું. તે પછી રોજ માતા સુનંદા બાળકને સ્તન્યપાન કરાવવા ઉપાશ્રયે આવતી.

**રાજસભામાં ન્યાય :**

શ્રી સિંહગિરિ સૂરિ અને ધનગિરિ મુનિ જ્યારે પુનઃ તે નગરમાં પધાર્યા, ત્યારે સુનંદાએ પોતાના પુત્રની માગણી કરી, ત્યારે ધનગિરિ મુનિએ કહ્યું : 'વહોરાવેલ બાળક પાછો કેમ સોંપાય ?' અંતે આ વાતનો ન્યાય રાજા કરે એમ નક્કી થયું.

રાજાએ પ્રથમ તક સુનંદાને આપી. વજ્રકુમારને તેની માતા સુનંદા મીઠાઈઓ અને રમકડાં આદિ બતાવી પોતાની તરફ બોલાવવા લાગી, પણ વજ્રકુમાર લોભાયો નહિ. અંતે સુનંદા થાકી. પછી રાજાના વચનથી ધનગિરિ મુનિએ કહ્યું : 'હે વત્સ, જો તારે દીક્ષા જ લેવી હોય, તો અમારી પાસે તો આ ધર્મધ્વજ (રજોહરણ) છે, તે લે.' આ સાંભળી તરત જ વજ્રકુમાર દોડયો અને ધર્મધ્વજ (ઓઘો) હાથમાં લઈ સભા વચ્ચે તે હર્ષપૂર્વક નાચવા લાગ્યો અને પિતા ધનગિરિ મુનિના ખોળામાં બેસી ગયો. 'મારા પતિ અને પુત્ર બંને વૈરાગી છે, તો મારે પણ આત્મોદ્ધાર કરવો જોઈએ' એમ વિચારી સુનંદાએ પણ દીક્ષા લઈ લીધી.

અંગના અભ્યાસી શ્રી વજ્રસ્વામીજી :

સાધ્વીઓના ઉપાશ્રયમાં રહેવાથી ત્યાં સ્વાધ્યાય સાંભળતાં જ બાળ વજ્રકુમાર અગિયારે અંગોના પારગામી થયા હતા આઠ વર્ષના બાળ વજ્રકુમારે દીક્ષા સ્વીકારી, ત્યારે અનેક લોકોનાં હૈયાં પુલકિત થયાં. તેઓ અનેક શાસ્ત્રોના પારગામી થયા. ગુરુની આજ્ઞા પ્રમાણે શ્રી વજ્રસ્વામીજીએ પૂર્વોનો અભ્યાસ ભદ્રગુપ્તસૂરિ પાસે કર્યો. તે પછી શ્રી સિંહગિરિસૂરિએ તેમને પદસ્થ કર્યા. તે પછી અલ્પ સમયમાં સિંહગિરિસૂરિ કાળધર્મ પામ્યા.

રુક્મિણી નામની એક ધનિકની કન્યા શ્રી વજ્રસ્વામીના રૂપમાં મુગ્ધ બની, પણ પછીથી તેમના જ ઉપદેશથી પ્રતિબોધ પામી તેણે દીક્ષા અંગીકાર કરી.

મહાપ્રભાવક શ્રી વજ્રસ્વામી :

એક વાર ભયંકર દુકાળ પડવાથી જૈન સંઘને પાટ પર બેસાડી આકાશગામિની વિદ્યાથી શ્રી વજ્રસ્વામી સુકાળવાળા બ્રહ્મદ્વીપમાં લઈ ગયા. ત્યાંનો બૌદ્ધધર્મી રાજા જૈનોને તેમના ધર્મકાર્યમાં અંતરાય કરવા લાગ્યો, તેમ જ તે રાજાએ જૈનોને પ્રભુભક્તિ માટે ફૂલો આપવાનું બંધ કર્યું. તે સમયે વજ્રસ્વામી ભગવંત શાસનની ઉન્નતિ માટે વિદ્યાના બળે પદ્મસરોવરનાં લક્ષ્મીદેવી પાસે ગયા અને હજાર પાંખડીવાળું મનોહર કમળ મેળવ્યું તથા પ્રસિદ્ધ ઉદ્યાનનાં વીસ લાખ ફૂલો લઈ દિવ્ય વિમાનમાં બેસી બ્રહ્મદ્વીપમાં આવ્યા. આથી જૈનોએ આનંદપૂર્વક પુષ્પપૂજા કરી. આથી અનેક રાજાઓ અને ગૃહસ્થો જૈન ધર્મ પ્રત્યે આકર્ષાઈને જૈન બન્યા. ત્યાર બાદ શ્રી વજ્રસ્વામી ભગવંત દક્ષિણ દેશમાં વિચર્યા.

એક વખત પડિલેહણ કરતાં ખબર પડી કે, સૂંઠનો ટૂકડો ભૂલથી કાન પર રહી ગયો છે. આ વિસ્મરણ થવાથી તેઓને પોતાનું આયુષ્ય અલ્પ લાગ્યું. તેમણે પોતાના શિષ્ય શ્રી વજ્રસેન સ્વામીને બોલાવીને કહ્યું : 'જ્યારે એક લાખની કિંમતવાળી રસોઈમાંથી ભિક્ષા મળશે, ત્યારે સુકાળ થશે.' તેમણે પોતાનો સમુદાય પણ વજ્રસેન સૂરિને સોંપી દીધો.

શ્રી વજ્રસ્વામી રથાવર્ત પર્વત પર આવી અનશનપૂર્વક પ્રભુના નિર્વાણ બાદ ૫૮૪ વર્ષે સ્વર્ગસ્થ થયા.

## ૧૬. શ્રી વજ્રસેનસૂરિ :

શ્રી વજ્રસ્વામીના પટ્ટધર શ્રી વજ્રસેનસૂરિ કોંકણના સોપારક નગરમાં પધાર્યા. તે નગરના જિનદત્ત શેઠ અને ઈશ્વરી શેઠાણીને ઘેર જવાથી, એક લાખ સોનૈયાથી ખરીદાયેલા અને રંધાયેલા ચોખામાંથી એમને ગોચરી મળી. આમ તો દુકાળમાં અન્ન ન મળવાથી આ કુટુંબ વિષમિશ્ર ભોજન કરી મરી જવાની આશા રાખતું હતું, અને તે મુજબ ઈશ્વરી શેઠાણી વિષ નાખે, તે પહેલાં જ વજ્રસેનસૂરિ ગોચરી અર્થે પધાર્યા હતા. આથી

ઈશ્વરીએ રાજી થઈ ભાવથી ગોચરી વહોરાવી. આચાર્યશ્રીએ પોતાના ગુરુદેવની આગાહી સંભારીને કહ્યું : 'કાલથી સુકાળ થશે.' બીજે જ દિવસે ચીન વગેરે દેશોમાંથી પુષ્કળ અનાજનાં વહાણો આવી પહોંચ્યાં અને ચોમેર આનંદ વર્તી રહ્યો.

જિનદત્ત શેઠે શ્રી વજ્રસેનસૂરિના ઉપદેશથી અનેક કાર્યો કર્યાં. તે પછી પોતાના ચારે પુત્રો અને પરિવાર સહિત જિનદત્ત શેઠે દીક્ષા લીધી. આ શ્રેષ્ઠિપુત્રો જે સાધુ બનેલા, તેમના નામથી નાગેંદ્ર ગચ્છ, ચંદ્ર ગચ્છ, નિવૃત્તિ ગચ્છ, અને વિદ્યાધર ગચ્છ એમ ચાર કુળો પ્રસિદ્ધ થયાં. ત્યારથી સાધુસમાચારીમાં ભિન્નતા રહી. આથી શ્રી વજ્રસેન-સૂરિનું મન દુભાયું, પણ પુનઃ તેઓ શાંત થયા. પ્રભુના નિર્વાણથી ૬૨૦ વર્ષે સોપારક નગરમાં તેઓ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેમનું કુલ આયુષ્ય ૧૨૮ વર્ષનું હતું.

**૧૭. શ્રી ચંદ્રસૂરિજી :**

શ્રી ચંદ્રસૂરિજી મહાન પ્રભાવક આચાર્ય થઈ ગયા. તેમનો પરિવાર ચાંદ્રકુળના નામથી પ્રસિદ્ધ થયો. વિક્રમ સંવતના ૧૭૦ મા વર્ષે પાંચ દિવસના અનશનપૂર્વક તેઓ ભરૂચમાં કાળધર્મ પામ્યા.

**૧૮. શ્રી સમંતભદ્રસૂરિ :**

આ આચાર્ય ઉગ્ર તપસ્વી હતા. તેઓ વૈરાગ્યવશ બની જિનકલ્પી જેવા આચારો પાળવા લાગ્યા. તેથી ગચ્છનો ભાર અને સમુદાય તેમણે શ્રી વૃદ્ધદેવસૂરિને સોંપી દીધો. તેમના નાગનંદી વગેરે ચાર શિષ્યો પણ જિનકલ્પી જેવા આચારો પાળવા લાગ્યા. તેઓએ મથુરામાં ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. તેમનો પરિવાર નંદી શાખા નામથી પ્રસિદ્ધ થયો હતો.

શ્રી સમંતભદ્રસૂરિ મથુરામાં જ કાળધર્મ પામ્યા હતા. નંદી શાખાના શ્રાવકોએ ત્યાં તેમના નામનો સ્તૂપ પણ કરાવેલો હતો.

**૧૯. શ્રી વૃદ્ધદેવસૂરિ :**

તેઓ પ્રથમ કોરંટ ગામમાં ચૈત્યવાસી હતા. તેમણે શ્રી સમંતભદ્રસૂરિ પાસે આગમનો અભ્યાસ કરીને ક્રિયોદ્ધાર કર્યો હતો. વિક્રમ સંવત ૧૮૩ માં તેઓ સૂરિપદ પામ્યા હતા. કોરંટ ગામના નાહડ મંત્રીને જૈન બનાવીને સાચોરમાં તેના દ્વારા જિનાલયો બંધાવ્યાં અને મહાવીર પ્રભુ આદિ જિનપ્રતિમાઓ ભરાવી હતી. વિ. સં. ૨૦૩ માં તેઓ સ્વર્ગે સંચર્યા.

**૨૦. શ્રી પ્રદ્યોતનસૂરિ :**

તેમને સંબંધે પટ્ટાવલીમાં વિશેષ માહિતી મળતી નથી. વિ. સં. ૨૯૮ ના વરસે

તેઓ ભરૂચમાં અનશનપૂર્વક કાળધર્મ પામ્યા હતા.

## ૨૧. શ્રી માનદેવસૂરિ :

કોરંટ નગરમાં જિનદત્ત શ્રેષ્ઠિ અને ધારિણી શેઠાણી એ નામનાં જૈન દંપતિ રહેતાં હતાં. તેમને માનદેવ નામનો પુત્ર હતો. તેમણે પ્રદ્યોતનસૂરિ પાસે દીક્ષા લીધી હતી. પછી તેઓ સૂરિ બન્યા હતા. તેમની બ્રહ્મચર્યની દઢતાથી જયા અને વિજયા દેવીઓ તેમનું સાંનિધ્ય કરતી હતી.

તેમના વખતમાં તક્ષશિલા નગરી પર અમુક વ્યંતર દેવોએ મહામારીનો ઉપદ્રવ કર્યો. શ્રી માનદેવસૂરિએ રચેલ નવા શાંતિસ્તોત્રના પાઠથી તે ઉપદ્રવ શાંત થયો. ત્યારબાદ તક્ષશિલાના લોકો અન્યત્ર રહેવા ચાલ્યા ગયા અને તે નગરીનો મ્લેચ્છોએ નાશ કર્યો. માનદેવસૂરિ મહાન પ્રભાવક હતા.

તેઓ વીરનિર્માણ સં. ૭૩૧ અને વિ. સં. **૨૬૧** માં લગભગ પાંચ દિનના અનશનપૂર્વક રૈવતગિરિ પર કાળધર્મ પામ્યા.

## ૨૨. 'ભક્તામર સ્તોત્ર'ના રચયિતા **શ્રી માનતુંગસૂરિ :**

તેઓ વારાણસીના બ્રહ્મક્ષત્રિય હર્ષદેવના માનતુંગ નામે પુત્ર હતા. તેઓએ પ્રથમ માઘનંદી નામના દિગંબર જૈન મુનિ પાસે દીક્ષા લીધેલી. ત્યાં તેમનું નામ મહાકીર્તિ હતું. તેમની એક શ્વેતાંબર જૈનધર્મી બહેને તેમના પાત્રમાં સંમૂર્છિમ જીવોની ઉત્પતિ દેખાડી. આથી તેઓએ શ્વેતાંબરની દીક્ષા લીધી. અહીં તેમનું નામ માનતુંગ મુનિ રહ્યું. તેમણે નાડોલમાં માનદેવસૂરિ પાસે અનેકવિધ વિદ્યાઓનો અભ્યાસ કર્યો.

ઉજ્જૈનીના રાજા ભોજને એવો ભ્રમ હતો કે ચમત્કાર તો ફક્ત બ્રાહ્મણો જ બતાવી શકે. તેનો રદિયો આપતાં જૈન મંત્રીએ ભોજ રાજાને કહ્યું : 'અમારા જૈનાચાર્યો પણ આનાથી વિશેષ ચમત્કારો સર્જી શકે છે.' રાજાની વિનંતિથી જૈન મંત્રી શ્રી માનતુંગસૂરિને સભામાં તેડી આવ્યા. શ્રી માનતુંગસૂરિએ તેજ વખતે 'ભક્તામર સ્તોત્ર' રચીને રાજાએ કરેલાં ચુમ્માલીસે બેડીનાં બંધનો તોડી નાખ્યાં. આથી રાજા ભોજ જૈનધર્મી બન્યો. તે પછી રાજાએ અવંતી પાર્શ્વનાથ જૈન તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

માનતુંગસૂરિજીએ અઢાર અક્ષરોના મંત્રથી ગર્ભિત ભયહર (નમિઊણ) નામક સ્તોત્ર રચ્યું. તેઓ વિ. સં. ૨૮૮ લગભગ, ઉજ્જૈનીમાં કાળધર્મ પામ્યા.

## ૨૩. શ્રી વીરસૂરિ :

તેઓ ઉગ્ર તપસ્વી હતા. વિ. સં ૩૦૦ લગભગમાં નાગપુરના શા. સમરશેર

શેઠે બંધાવેલા જિનાલયમાં ૩૦૦ જેટલાં જિનબિંબોની શ્રી વીરસૂરિજીએ પ્રતિષ્ઠા કરાવી. તેઓ વિ. સં. ૩૨૩ માં કાળધર્મ પામ્યા હતા.

## ૨૪. શ્રી જયદેવસૂરિ :

આ આચાર્ય ભગવંતશ્રી અંગે વિશેષ માહિતી પ્રાપ્ત થતી નથી. તેઓ લગભગ વિ. સં. ૩૬૩ માં કાળધર્મ પામ્યા હતા.

## ૨૫. શ્રી દેવાનંદસૂરિ :

શ્રી દેવાનંદસૂરિ શ્રી જયદેવસૂરિની પાટે આવ્યા. તેમણે અનેકવિધ શાસનપ્રભાવના કરેલ.

## ૨૬. શ્રી વિક્રમસૂરિ :

આ આચાર્યશ્રીના સમયમાં કેટલાક મુનિઓ શ્રમણસમાચારીમાં ફેરફાર કરીને ચૈત્યવાસી થયા. તે સમય લગભગ વીર સંવત ૮૨૨ નો છે.

## ૨૭. શ્રી નરસિંહસૂરિ :

આ આચાર્યશ્રી અતિ મહિમાશાળી હતા. તેઓએ એક યક્ષને પ્રતિબોધી માંસ-બલિનો ત્યાગ કરાવ્યો હતો.

## ૨૮. શ્રી સમુદ્રસૂરિ :

તેઓ સિસોદિયા ક્ષત્રિયકુળમાં જન્મેલા. પટ્ટાવલિમાં તેમના અંગે આટલો જ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

## ૨૯. શ્રી માનદેવસૂરિ :

તેઓશ્રી સમુદ્રસૂરિની પાટે આવ્યા. તેઓ એક વખત 'સૂરિમંત્ર' વીસરી ગયા, એટલે રૈવતાચલ પર્વત પર ૧૫ દિવસના ઉપવાસ કરી, તેઓએ અંબિકાદેવીને પ્રત્યક્ષ કર્યાં. અંબિકાદેવીએ શ્રી સીમંધર ભગવંત પાસે જઈને, તેઓની પાસેથી સૂરિમંત્ર લાવીને શ્રી માનદેવસૂરિને આપ્યો.

તેઓ વિ. સં. ૫૭૮ માં કાળધર્મ પામ્યા.

તેમના સમયમાં યાકિની મહત્તરાસૂનુ શ્રી હરિભદ્રસૂરિ થયા. શ્રી હરિભદ્રસૂરિએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી હતી. આ હરિભદ્રસૂરિજી વિ. સં. ૫૩૫ માં સ્વર્ગસ્થ થયા. તેમના દરેક ગ્રંથોમાં 'વિરહ' (ભવવિરહ) અને પોતાને પ્રતિબોધ કરનાર સાધ્વીજી યાકિની મહત્તરાના 'ધર્મપુત્ર' તરીકે પોતાના સંબંધે તેમણે ઉલ્લેખ કરેલો છે.

## ૩૦. શ્રી વિબુદ્ધસૂરિ :

**૩૧. શ્રી જયાનંદસૂરિ :**

શ્રી વિબુદ્ધસૂરિની પાટે શ્રી જયાનંદસૂરિ થયા. શ્રી જિનભદ્ર ગણિના વખતમાં શ્રી જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ થયા. શ્રી જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણે સંક્ષિપ્ત જીતકલ્પ, ક્ષેત્રસમાસ, ધ્યાનશતક, બૃહત્ સંગ્રહણી અને વિશેષાવશ્યક ભાષ્ય ઇત્યાદિ ગ્રંથો રચ્યા છે.

**૩૨. શ્રી રવિપ્રભસૂરિ :**

તેઓશ્રીએ વિ. સં. ૭૦૦ માં નાડોલમાં શ્રી નેમનાથ પ્રભુની મૂર્તિની પ્રતિષ્ઠા કરેલી છે.

**૩૩. શ્રી યશોદેવસૂરિ :**

પટ્ટાવલિમાં તેમનો નામનિર્દેશ 'યશોભદ્રસૂરિ' તરીકેનો પણ થયેલો છે. તેમના સમયમાં વનરાજ ચાવડાએ અણહિલપુર પાટણ વસાવ્યું. વનરાજ ચાવડાને શ્રી શીલગુણસૂરિએ પ્રતિબોધી જૈનધર્મી બનાવ્યો હતો.

**૩૪. શ્રી વિમલચંદ્રસૂરિ :**

શ્રી વિમલચંદ્રસૂરિ યશોદેવસૂરિના પટ્ટધર હતા.

**૩૫.** વડગચ્છના નાયક **ઉદ્યોતનસૂરિ :**

તેઓ મહાપ્રભાવક અને વિશાળ શિષ્ય પરિવાર યુક્ત હતા. એક વખત આબુ તીર્થની યાત્રા કરી તેઓ પર્વત પરથી ઊતરવાનો શ્રમ દૂર કરવા, ટેલી ગામની નજીક એક વિશાળ વડના ઝાડ નીચે બેઠા. તે જ વખતે શાસનદેવીએ આકાશવાણી કરી : 'હે ભગવંત ! અહીં જ જો આપ આપના શિષ્યોને સૂરિપદ આપશો, તો આપનો પરિવાર આ વટવૃક્ષની જેમ વૃદ્ધિ પામશે.'

આ સાંભળી શ્રી ઉદ્યોતનસૂરિએ પોતાના ૮૪ શિષ્યોને યોગ્ય જાણી વિ. સં. ૭૨૩ માં સૂરિપદથી અલંકૃત કર્યા.

આ ઐતિહાસિક પ્રસંગ પરથી તેમનો ગચ્છ 'વડગચ્છ' તરીકે ઓળખાયો. (આ ચોર્યાસી સૂરિવરોનાં નામ શ્રી અચલગચ્છની મોટી પટ્ટાવલી પૃ. ૮૧ પર આપેલાં છે.) આ ચોર્યાસી આચાર્યોમાં મુખ્ય શ્રી સર્વદેવસૂરિ હતા. તેઓએ પ્રથમ ચાતુર્માસ, સૂરિ બન્યા પછી તરતમાં જ શંખેશ્વર તીર્થમાં કર્યું હતું, તેથી તેમના પરિવારના મુનિઓના ગચ્છ (ગણ)નું નામ 'શંખેશ્વર ગચ્છ' પ્રસિદ્ધ થયું.

**૩૬. શ્રી સર્વદેવસૂરિ :**

શ્રી સર્વદેવસૂરિ જ્યારે શંખેશ્વર તીર્થમાં ચાતુર્માસ નિમિત્તે રહેલા હતા, ત્યારે ભિન્નમાલના સામંત રાજાના પુત્ર વિજયવંત પોતાના મામાને ત્યાં અહીં આવેલો. તે

વિજયવંત શિકાર કરવા જતો હતો ત્યારે ગામ બહાર સ્થંડિલ જઈ આવેલા શ્રી સર્વ-દેવસૂરિ તેને સામે મળ્યા. સાધુના દર્શનને અપશુકન સમજી વિજયવંતે સૂરિજીને મારવા હાથ ઉગામ્યો, પરંતુ તેનો હાથ સ્થંભિત થઈ ગયો. પોતાની ભૂલ સમજીને તે સૂરિજીનાં ચરણોમાં પડ્યો અને તેમની ક્ષમા માગી. પછી શ્રી સર્વદેવસૂરિએ તેને પ્રતિબોધ પમાડી જૈનધર્મી બનાવ્યો.

વિ. સં. ૭૨૩ ના માગશર સુદ ૧૦ ના દિવસે વિજયવંત રાજાએ, સર્વદેવસૂરિ પાસે સમયક્ત્વ સહિત શ્રાવકધર્મનાં બાર વ્રતો સ્વીકાર્યાં હતાં. વિજયવંત રાજાને પિતા તરફથી લોહીયાણાનું રાજ્ય મળ્યું હતું. વિજયવંતે પોતાના નગરમાં શ્રી સર્વદેવસૂરિનું ચાતુર્માસ કરાવ્યું અને તે નગરમાં વિશાળ જિનમંદિર અને ઉપાશ્રય પણ બંધાવ્યાં.

## ૩૭. શ્રી પદ્મદેવસૂરિ :

આ આચાર્ય ભગવંત વિદ્વાન અને પ્રકાંડ દાર્શનિક હતા. તેઓએ શંખેશ્વર ગામમાં વાદમાં સાંખ્યદર્શનીઓને પરાજિત કર્યા હતા. આથી તેમનું બીજું નામ 'સાંખ્યસૂરિ' એવું પ્રસિદ્ધ થયું હતું.

## ૩૮. અનેક ગોત્ર પ્રતિબોધક **શ્રી ઉદયપ્રભસૂરિ :**

વિ. સં ૭૬૪ લગભગ ભિન્નમાલનો જયંત રાજા મૃત્યુ પામ્યો. તે પુત્ર રહિત હતો, તેથી લોહીયાણાના રાજા ભાણે ભિન્નમાલનું રાજ્ય કબ્જે કર્યું અને તે રાજ્યને ઠેઠ ગંગા નદીના કિનારા સુધી વિસ્તાર્યું.

અગિયાર વર્ષો બાદ નાગેંદ્ર ગચ્છીય સોમપ્રભસૂરિ ભિન્નમાલ પધાર્યા તેઓ સંસાર પક્ષે ભાણ રાજાના સંબંધી હતા. ભાણ રાજાએ વિનંતિ કરી, તેથી તેઓ ત્યાં ચાતુર્માસમાં સ્થિરવાસ રહ્યા. ચાતુર્માસ બાદ શ્રી સોમપ્રભુસૂરિના ઉપદેશથી ભાણ રાજાએ શ્રી શત્રુંજય અને ગિરનારનો સંઘ કાઢીને યાત્રા કરવાનો વિચાર કર્યો. વળી, આ સમયે પોતાના કુળના ઉપદેશક શંખેશ્વર ગચ્છીય શ્રી ઉદયપ્રભસૂરિને પણ પધારવા વિનંતિ કરી. આ સંઘમાં સાથે આ મુજબ રસાલો હતો : સાત હજાર રથો, સવા લાખ ઘોડા, દશ હજાર અને અગિયાર હાથીઓ, સાત હજાર પાલખી, પચીશ હજાર ભાર ઉપાડનારા ઊંટ, પચાશ હજાર બળદ અને અગિયાર હજાર ગાડાં હતાં. આ સંઘમાં ભાણ રાજાએ અઢાર કરોડ સોનામહોર ખર્ચી હતી.

'સંઘપતિને તિલક કોણ કરે ?' એ પ્રશ્ન જ્યારે આચાર્યોમાં ચર્ચાયો, ત્યારે ભાણ રાજાએ કહ્યું : 'અમારા વડીલ વિજયવંત રાજાને જૈન બનાવનાર કુલગુરુ શ્રી સર્વદેવ-સૂરિની પરંપરામાં આવેલ શ્રી ઉદયપ્રભસૂરિને સંઘપતિને તિલક કરવાનો પ્રથમ હક્ક છે.' અને તે મુજબ જ થયું.

**કુલગુરુની મર્યાદા :**

ત્યાર પછી સૌએ ભેગા મળીને એવી મર્યાદા નક્કી કરી કે, આજથી માંડીને જે કોઈ આચાર્ય જેને પ્રતિબોધે, તે માણસના પુત્ર આદિક સર્વ પરિવારનાં નામો તે આચાર્યશ્રીએ એક વહીમાં લખવાં. તે આચાર્ય તે કુલના કુલગુરુ ગણાય. વળી એવી ૫૧ મર્યાદા મૂકવામાં આવી કે, કુલગુરુની આજ્ઞા વિના બીજા પાસે દીક્ષા ન લેવી. પ્રતિષ્ઠા, સંઘપતિ તિલક, વ્રતોચ્ચાર ઈત્યાદિ કુલગુરુ પાસે અથવા તેની સંમતિ લઈ બીજા પાસે કરાવવી. આમંત્રણ આપવા છતાં કુલગુરુ આવે નહિ, તો બીજા ગુરુ પાસે ઉપરોક્ત કાર્યો કરાવવાં. ત્યારથી પ્રતિષ્ઠાદિ કાર્યો કરાવ્યાં, તે જ તેના કુલગુરુ થયા.

આ મર્યાદાનો છેવટનો નિર્ણય ભાણ રાજા ઇત્યાદિ મુખ્ય ગૃહસ્થો અને સર્વે કુલગુરુઓએ મળી વિક્રમ સંવત ૭૭૫ ચૈત્ર સુદ ૭ ના રોજ શ્રી વર્ધમાનપુરમાં કર્યો. આ લખાણ પર તે વખતના પાંત્રીસેક આચાર્યોએ સહી કરી તથા ગૃહસ્થોમાં ભાણ રાજા, શ્રીમાલી જોગા, રાજપૂર્ણ તથા શ્રીકર્ણ વગેરેએ પણ સાક્ષી કરી.

**જૈનધર્મી ભાણ રાજા :**

ભાણ રાજાને ૩૬૫ રાણીઓ હતી, પણ એકે સંતાન ન હતું. પણ કુલગુરુના વચન મુજબ ઉપકેશ નગરના જયમલ નામના ઓશવાળ શ્રેષ્ઠિની પુત્રી રત્નાબાઈ સાથે લગ્ન કરવાથી, તે રત્નાબાઈની કુક્ષિથી તેમને રાણા અને કુંભા નામના બે પુત્રો થયા હતા. લગ્ન પહેલાં રાણી રત્નાએ એવી શરત કરી હતી કે મારા સંતાનને રાજ્ય આપવું જોઈએ. આ શરત મંજૂર રાખેલી. પુત્ર થયા બાદ રાજાએ બાર વ્રત સ્વીકાર્યાં તથા વિ. સં ૭૯૫માં માગસર સુદ ૧૦ ને રવિવારે એવી ઉદ્‌ઘોષણા કરાવી હતી કે, 'જે કોઈ જૈન ધર્મને સ્વીકારશે, તે મારો સાધાર્મિક થશે અને તેનું ઇચ્છિત હું પૂર્ણ કરીશ.'

ભિન્નમાલમાં શ્રીમાલ બ્રાહ્મણ જ્ઞાતિના બાસઠ કરોડપતિ શ્રેષ્ઠિઓ રહેતા હતા. ભાણ રાજા તેમને ઘણું જ માન આપતા એક વાર શ્રી ઉદયપ્રભસૂરિ ભિન્નમાલ પધાર્યા. તેઓએ બાસઠ બ્રાહ્મણ શ્રેષ્ઠિઓને પ્રતિબોધી શ્રીમાળી જ્ઞાતિના નાયક જૈનધર્મી શ્રાવકો બનાવ્યા. આ બાસઠ શ્રેષ્ઠિઓનાં નામ અને ગોત્ર નામ વિધિપક્ષગચ્છની મોટી પટ્ટાવલીમાં (પૃ. ૮૨) ઉપર અપાયેલાં છે તથા ભિન્નમાલના રહેવાસી પ્રાગ્વાટ બ્રાહ્મણ જ્ઞાતિના આઠ શ્રેષ્ઠિઓને પણ શ્રી ઉદયપ્રભસૂરિએ પ્રાગ્વાટ (પોરવાડ) જ્ઞાતિના નાયક જૈનધર્મી શ્રાવકો બનાવ્યા. આ બંને ઘટનાઓ વિ. સં. ૭૯૫, ફાગણ સુદ ૨ ના દિવસે બની. શ્રી ઉદયપ્રભસૂરિજીએ કુલ ૭૦ ગોત્રોના બ્રાહ્મણોને પ્રતિબોધીને જૈન બનાવ્યા હતા.

આ ગોત્રોમાંથી કેટલાંક ગોત્રોની વિશેષ હકીકત પટ્ટાવલીમાં આ મુજબ છે :

## (૧) ગૌતમ ગોત્ર (શ્રીમાલી તથા ઓશવાળ)

મુખ્ય શાખાઓ : વૃદ્ધ સજનીય (વીસા), લઘુ સજનીય (દશા).

પેટા શાખાઓ : મહોતા યશોધન, ભણશાલી, વિસરિયા, શંખેશ્વરીઆ, પુરાણી, ધુરિયાણી, ભરકીયાણી, ઘટ્ટા, છેવદાણી, પખાણી, માલાણી, ઘેલાણી.

ભિન્નમાલમાં પૂર્વ તરફના સમર સંઘ પાડામાં ગૌતમ ગોત્રીય વિજય શેઠ વસતા હતા. શ્રી ઉદયપ્રભસૂરિએ તેમને જૈન બનાવ્યા. તેઓ ચાર ક્રોડના વ્યાપારી હતા.

સંવત ૧૧૧૧ માં ખેડીમુગલ નામના મુસલમાન રાજાએ ભિન્નમાલ નગર પર આક્રમણ કરી નાશ કર્યો. તેમાં લાખો માણસો માર્યા ગયા. આક્રમકે હજારોને કેદ કરી વટલાવીને મુસ્લિમ બનાવ્યા અને અલ્પ સંખ્યામાં માણસો અન્યત્ર નાસ ગયા.

શ્રી વિજય શેઠના વંશજ સહદેએ નાસીને ચાંપાનેરના ભાલેજ નગરમાં વસવાટ કર્યો. તેમનો વેપાર વિવિધ કરિયાણાનો હતો, તેથી તેઓ ભાંડશાલી (ભાણશાલી) એોડકથી ઓળખાયા. તે સહદે શેઠને યશોધન અને સોમા નામે બે પુત્રો હતા. યશોધનને અચલગચ્છ (વિધિપક્ષ)ના સ્થાપક શ્રી આર્યરક્ષિતસૂરિએ પ્રતિબોધીને સં. ૧૧૬૯ માં સમ્યક્ત્વી પરમ શ્રદ્ધાળુ શ્રાવક બનાવ્યો. આથી યશોધન એ અચલગચ્છના પ્રથમ શ્રાવક તરીકે જૈન ગ્રંથોમાં વિરલ કીર્તિ પામ્યા છે. યશોધન શ્રાવકે ભાલેજ ઇત્યાદિ સાત ગામોમાં ભવ્ય જિનાલયો બંધાવ્યાં. આ જ વંશમાંથી ઉપર જણાવેલી પેટા શાખાઓ નીકળી છે.

## (૨) હરિયાણ ગોત્ર (શ્રીમાલી)

મુખ્ય શાખાઓ : વીશા, દશા.

પેટા શાખાઓ : આંબલીઆ, મણિયાર, વહોરા, વીંછીવાડિયા, સહસાગુણા, કકા, ગ્રથલિયા અને અન્ના આદિ. આ વંશના વંશજોએ અચલગચ્છના આચાર્યોની પ્રેરણાથી શાસનપ્રભાવનાનાં અનેક કાર્યો કરેલાં છે.

## (૩) કાત્યાયન ગોત્ર (શ્રીમાલી)

પેટા શાખા : સાંડસા, ખંભાયતી, ગોહડીઆ વગેરે.

આ ગોત્રના મુખ્ય શ્રાવક શ્રીમલ્લ છે. તે શ્રીમલ્લ શ્રાવક ભિન્નમાલમાં સાત કરોડના વ્યાપારી હતા. સં. ૧૧૧૧ માં ભિન્નમાલનો નાશ થતાં તેમના વંશજો અન્યત્ર રહેવા ચાલ્યા ગયા હતા. આ વંશના ભોરોલ ગામમાં થયેલા શેઠ મુંજાશાહે વિ. સં. ૧૩૦૨ માં અચલગચ્છની વલ્લભી શાખાના પુણ્યતિલકસૂરિજીના ઉપદેશથી વિશાળ શિખરબંધ જિનાલય અને એક વાવ બંધાવેલ હતાં.

(૪) વંસીયાણુ ગોત્ર (શ્રીમાલી)

મુખ્ય શાખાઓ : વીશા અને દશા.

પેટા શાખાઓ : વસા, દાધેલિયા, ગાંધી, દોશી, નાણુયા ઇત્યાદિ.

(૫) લાછિલ ગોત્ર (શ્રીમાલી)

શાખાઓ : વહોરા, પારેખ ઇત્યાદિ

શ્રી વિધિપક્ષ (અચલગચ્છ)ની મોટી પટ્ટાવલીમાં (પૃ. ૮૪ થી ૧૧૬ સુધી) ગોત્રો અને પેટા ગોત્રો તથા તે તે વંશજોએ કરેલાં ધર્મનાં પ્રતિષ્ઠાદિ કાર્યો, તે અંગેનો વિસ્તૃત ઇતિહાસ છે.

આ રીતે ઉદયપ્રભસૂરિજીએ સિત્તોર જેટલા ગોત્રજોને પ્રતિબોધી જૈન બનાવ્યા હતા.

**નાણક ગચ્છ અને વલ્લભી ગચ્છ :**

તેમણે નાણકપુર ગામના સંઘના આગ્રહથી શ્રી પ્રભાનંદ મુનિને સૂરિપદ આપ્યું. તે વખતે પ્રભાનંદ મુનિના મામા શ્રી જિનદાસ શ્રાવકે એક લાખ સોનામહોરો ખરચી. આથી શ્રી પ્રભાનંદ સૂરિજીનો સમુદાય 'નાણક ગચ્છ' તરીકે પ્રસિદ્ધ થયો. નાડોલ સંઘના આગ્રહથી ઉપાધ્યાય શ્રી વલ્લભ મુનિને પણ શ્રી ઉદયપ્રભસૂરિજીએ સૂરિપદવી આપી. શ્રી વલ્લભસૂરિથી 'વલ્લભી ગચ્છ' પ્રસિદ્ધ થયો. આ રીતે ચાલ્યા આવતા શ્રી શંખેશ્વર ગચ્છના નાણક અને વલ્લભી એ બે ગચ્છો બનવાથી, બે ભાગલા પડવાથી શ્રી ઉદયપ્રભસૂરિ ખૂબ નારાજ થયા. પણ થાય શું ? ઉપરોક્ત ઘટના વિ. સં. ૮૩૨ લગભગમાં બની હતી. ત્યાર બાદ અલ્પ સમયમાં તેઓ કાળધર્મ પામ્યા.

## ૩૯. શ્રી પ્રભાનંદસૂરિ :

આપણે ઉપર જોઈ ગયા કે, પ્રભાનંદસૂરિથી નાણક ગચ્છ ચાલ્યો. એમના ઉપદેશથી નાણકપુરનો રાજા જૈન બન્યો. આ રાજાએ તેમના ઉપદેશથી શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા સંઘ કાઢીને કરી હતી. શ્રી પ્રભાનંદસૂરિનો શિષ્યપરિવાર વિશાળ હતો. તેઓ વિ. સં. ૮૮૦ માં દેવપતનમાં કાળધર્મ પામ્યા હતા.

## ૪૦. શ્રી ધર્મચંદ્રસૂરિ :

## ૪૧. શ્રી સુવિનયચંદ્રસૂરિ :

તેઓ વિ. સં. ૯૨૨ માં સૂરિપદ પામ્યા હતા.

## ૪૨. શ્રી ગુણસમુદ્રસૂરિ :

તેઓશ્રી વિ. સં. ૯૫૭ માં સૂરિપદ પામ્યા હતા.

### ૪૩. શ્રી વિજયપ્રભસૂરિ :

તેઓશ્રી વિ. સં. ૯૯૫ માં આચાર્ય બન્યા હતા.

### ૪૪. શ્રી નરચંદ્રસૂરિ :

તેઓશ્રી વિ. સં. ૧૦૧૩ માં સૂરિ બન્યા હતા.

### ૪૫. શ્રી વીરચંદ્રસૂરિ :

તેઓ વિ. સં. ૧૦૭૧ માં આચાર્યપદ પામ્યા હતા. તેઓ એક વખત પાલણપુર પધાર્યા હતા. યોગાનુયોગ વલ્લભી ગચ્છના સોમપ્રભસૂરિ પણ ત્યાં પધાર્યા. શંખેશ્વર ગચ્છનો ઉપાશ્રય હતો, તેથી બન્ને આચાર્યો એક જ ઉપાશ્રયમાં ઉતર્યા, પણ પરસ્પર વંદન કરવા બાબત તે બન્ને વચ્ચે સંઘર્ષ થયો.

તે વખતે શ્રી વીરચંદ્રસૂરિજીને સમુદ્ર નામનો શ્રાવક પોતાના બીજા એક સ્થાનમાં લઈ ગયો અને ચાતુર્માસ કરાવ્યું. દષ્ટિરાગથી તે શ્રાવકે છત્ર અને ચામર સહિત રૂપાનો સુખપાલ તે સૂરિજીને ભેટ આપ્યો, આથી આ આચાર્યશ્રી પ્રમાદને વશ બની પાલખીમાં બેસી જિનાલયે જવા લાગ્યા.

આ જોઈ સામંત શ્રાવકે પણ શ્રી સોમપ્રભસૂરિજીને પણ ઉપરોક્ત છત્રચામર સહિત સુખપાલ ભેટ આપ્યો. આથી એ આચાર્યશ્રી પણ પાલખીનો ઉપયોગ કરવા લાગ્યા.

આમ પરસ્પર સ્પર્ધાને કારણે સંયમધર્મમાં શિથિલાચારનો પ્રવેશ થયો. ધીમે ધીમે ગોચરીમાં પણ આધાકર્મી ઇત્યાદિ દોષયુક્ત આહારપાણી વહોરવા લાગી ગયા.

શ્રી વીરચંદ્રસૂરિ વિ. સં. ૧૧૧૩ માં કાળધર્મ પામ્યા. તેમને હસ્તે પદ પામેલા ઉપાધ્યાય શ્રી તિલક મુનિ ત્યાંથી જુદા વિચરીને પાટણ આવ્યા ત્યાં તેઓએ સ્વયં સૂરિ પદવી લીધી. તેમનો પરિવાર 'તિલક શાખા' નામે પ્રસિદ્ધ થયો.

### ૪૬. શ્રી જયસિંહ (જયસિંઘ) સૂરિ :

તેઓ પણ પોતાના ગુરુને જોઈ ચારિત્ર જીવનના આચારોમાં શિથિલ હતા. તેમના ગચ્છનો પરિવાર પણ સ્વેચ્છા મુજબ વર્તતો. અંતે ચૈત્યવાસીઓની જેમ પરિગ્રહ વગેરેમાં આસક્ત બન્યો. તેઓએ એક સાથે નવ શિષ્યોને સૂરિપદ આપેલ. આ નવ આચાર્યોથી નવ ગચ્છો અસ્તિત્વમાં આવ્યા. શ્રી જયસિંહસૂરિ ૧૧૯૯ માં વઢવાણ નગરમાં કાળધર્મ પામ્યા હતા.

# વિભાગ : ૨

૪૭ મા પટ્ટધર અચલગચ્છ પ્રવર્તક
પૂ. દાદાશ્રી આર્યરક્ષિતસૂરિજી મ. સા.
અને તેઓશ્રી પછી થઈ ગયેલા
અચલગચ્છના પટ્ટધરોનું સંક્ષિપ્ત જીવનવૃત

## ૪૭. વિધિપક્ષ ગચ્છપ્રવર્તક, ત્યાગમૂર્તિ પૂ. દાદાશ્રી આર્યરક્ષિતસૂરીજી મ. સા.

**વયજાકુમારનો જન્મ :**

શ્રી આબુ મહાતીર્થની નજીકમાં દંતાણી નગરમાં પ્રાગ્વાટ જ્ઞાતિના શ્રેષ્ઠી દ્રોણ મંત્રી અને તેમનાં સુશીલ પત્ની દેદી રહેતાં હતાં. તેમને વયજા અને સોલ્હા નામના બે પુત્રો હતા. આ બાળ વયજા (વિજયકુમાર) એ જ મહાન શાસનપ્રભાવક, વિધિપક્ષ ગચ્છ-પ્રવર્તક પૂ. દાદાશ્રી આર્યરક્ષિતસૂરિ.

એમનો જન્મ વિ. સં. ૧૧૩૬, શ્રાવણ સુદ ૯, શનિવારની શુભ વેળાએ થયેલ. મહોપાધ્યાય શ્રી વિનયસાગરજી રચિત 'વિધિપક્ષગચ્છીય બૃહત્પટ્ટાવલી'માં આ પ્રમાણે ઉલ્લેખ છે :

**ષડત્રિંશદેકાદશવર્ષકસ્ય સચ્છ્રાવણે માસ્યથ શુક્લપક્ષે**
**તિથૌ નવમ્યાં શનિવાસરે ચ પુષ્ય સ્થિતે... લગ્ને॥ ૫ ॥**
**ગજે તુ યોગેડથ રવૌ ચ ચંદ્રે સ્વસ્થાનગે મેષગતે ચ રાહૌ**
**ઉચ્ચૈર્ગતે ભૂમિસુત . . . કાસિતે સા સુષુવે સુપુત્રં ॥ ૬ ॥**

**માતાને સ્વપ્ન :**

વયજાના જન્મ પૂર્વે ગર્ભાધાનની રાત્રિએ માતા દેદીએ 'ઉગતા સૂર્યનાં તેજસ્વી કિરણો'નું સ્વપ્ન જોયેલું.

શ્રેષ્ઠી દ્રોણ અને માતા દેદી શ્રાવકધર્મના આચારો પાળવામાં નિપુણ હતા. જૈનાચાર્યોની શિથિલતાથી તેમનું હૈયું કકડી ઊઠતું. એકદા ૪૬ મા પટ્ટધર શ્રી જયસિંહસૂરિ તે નગર દંતાણીમાં સુખપાલ(પાલખી)માં બેસીને વિચરતા વિચરતા પધાર્યા, પણ તેમના સામૈયામાં દ્રોણ અને દેદી ન ગયાં.

**આચારપ્રેમી માતા દેદી :**

બીજે દિવસે પોતાને આવેલા સ્વપ્નાનુસાર સૂરિવરે તેમને બોલાવ્યા અને પૂછ્યું : 'કાલે તમે કેમ આવેલાં નહીં ?' તરત દેદીએ તેજસ્વી વાણીમાં જવાબ આપ્યો : 'આપ શાસનના નાયક બની પાલખી-ગાદી ઇત્યાદિ પરિગ્રહ શા માટે રાખો છો ? સર્વજ્ઞ ભગવંતોએ તો મૂર્છા રહિત ભાવનો જ સાધુધર્મ કહેલ છે.'

**સૂરિએ વયજાકુમારની કરેલી માગણી :**

દેદીનું કથન શાંતિથી સાંભળી શ્રી જયસિંહ સૂરિએ કહ્યું : 'સુભગે ! તમારી વાત

સત્ય જ છે, પણ આજે રાતે શાસનદેવીએ મને સ્વપ્નમાં તમારા બાળક દ્વારા વિધિ-માર્ગનું પ્રવર્તન થશે, એવી ભવિષ્યવાણી કહી છે. તેથી તમારો બાળક તમે શાસનને સમર્પિત કરી દો.' દ્રોણ અને દેદીએ કહ્યું : 'જરૂર! અમારા બાળક દ્વારા જિનશાસનની પ્રભાવના થતી હશે, તો વિના સંકોચે અમારા બાળકને અમે આપના ચરણે સોંપીશું.'

વયજાનો જન્મ થતાં આ દંપતી આનંદિત બન્યાં. તે બાળક જેમ જેમ વૃદ્ધિ પામ્યો, તેમ તેમ તેનામાં અનેક સદ્‌ગુણો, અનેક શુભ લક્ષણો વિકસી રહ્યાં હતાં. પટ્ટાવલી અને અન્ય ગ્રંથોમાં વયજાકુમારનું બીજું નામ ગોદુહકુમાર પણ મળે છે. દેદીએ સોલ્હા નામના બીજા પુત્રને જન્મ આપ્યો. વયજાકુમાર છ વર્ષનો થયો, ત્યારે તેને પંડિતને ત્યાં ભણવા મોકલવામાં આવ્યો. પણ . . . . ભાવિનું નિર્માણ કંઈ જુદું જ હતું!

**વયજાનો દીક્ષા સ્વીકાર :**

સં. ૧૧૪૨ માં શ્રી જયસિંહસૂરિ ફરીને દંતાણી નગરે પધાર્યા, ત્યાં દ્રોણ-દેદી દંપતીએ પોતાના લાલ વયજાકુમારને આચાર્યશ્રીને સોંપી દીધો. સં. ૧૧૪૨ ના વૈશાખ સુદ ૮ ના દિવસના પૂર્વ ભાગમાં ગુરુ પુષ્ય યોગમાં શ્રી જયસિંહસૂરિએ બાળ વયજા-કુમારને દીક્ષા આપી.

> દ્વિસંજ્ઞવર્ષે જયસિંહપાર્શ્વે, વૈશાખમાસે વરશુકલપક્ષે ।
> પુર્વાહ્નકાલે ગુરુપુષ્યયોગે ઽષ્ટમ્યાં તિથૌ સંયમમાસસાદ ॥ ૧૩ ॥

મોટી પટ્ટાવલીમાં દીક્ષાનો દિવસ પોષ સુદ ૩ ના રાધનપુરમાં હોવાનો ઉલ્લેખ મળે છે. હવે વયજાકુમાર સંસારી મટીને મુનિ વિજયચંદ્ર અણગાર બન્યો.

**અનેક વિદ્યાઓના અભ્યાસી નૂતન મુનિ :**

દીક્ષા સ્વીકાર્યા પછી ગુરુની નિશ્રામાં તેઓ વ્યાકરણ, કાવ્ય, છંદ, અલંકાર, ન્યાય આદિમાં અતિ નિપુણ બન્યા. આ અભ્યાસ પૂર્ણ થયા બાદ તેઓએ જિનાગમના વાચનનો પ્રારંભ કર્યો. પોતાના ગુરુબંધુ મુનિ રાજચંદ્ર પાસેથી પરકાયપ્રવેશિની આદિ વિદ્યાઓ અને મંત્રોનો પણ અભ્યાસ કર્યો. તેઓ ગુરુકૃપાના પાત્ર બન્યા અચલગચ્છની મોટી પટ્ટાવલીમાં તેમને ગુરુએ સં. ૧૧૫૯ માગસર સુદ ૩ ના ત્રેવીસ વરસની વયે આચાર્ય-પદથી અલંકૃત કર્યા હતા, એવું વિધાન છે. ત્યાર બાદ અલ્પ સમયમાં જ તેઓના જીવનમાં વિરાટ પરિવર્તન આણનાર એક વિરલ ઘટના બની ગઈ.

**શ્રી દશવૈકાલિક સૂત્રના સ્વાધ્યાયથી જીવનપરિવર્તન :**

વાત એમ બની કે, નૂતન આચાર્યશ્રી શ્રી દશવૈકાલિક સૂત્રનું વાચનમનન કરતા હતા. ત્યારે તેમની દૃષ્ટિ એક ગાથાના અર્થમાં સ્થિર બની. એનો અર્થ વિચારતાં તેઓ દ્વિધામાં પડી ગયા. 'સીઓદગં ન સેવિજ્જા ...' આ ગાથાએ તેમના મનમાં જાણે કે

ઇતિહાસ સર્જી દીધો. તેમના મનમાં પ્રશ્ન થયો કે, સાધુથી કાચું અર્થાત્ સચિત્ત પાણી વપરાય નહિ, તો આ સાધુની વસતિ (રહેઠાણ)માં કાચાં પાણીનાં માટલાં શા માટે રાખવામાં આવ્યાં છે? તેઓ તરત જ ઊભા થયા અને ગુરુની પાસે જઈને ગુરુને પ્રશ્ન પૂછ્યો. ગુરુએ કહ્યું : 'વત્સ! આ વિષમ કાળમાં આ વિધિમાર્ગ આચરવો મુશ્કેલ છે.' ગુરુના આવા ઢીલા નિર્માલ્ય જવાબથી શિષ્યને સંતોષ થયો નહિ.

તેમણે ફરીથી પૂછ્યું : 'કોઈ શાસ્ત્રોક્ત વિધિ મુજબ વર્તે તો?'

ગુરુએ કહ્યું : 'તે ધન્યવાદને પાત્ર!'

ગુરુની સંમતિ મળતાં તેમણે આચાર્યપદનો ત્યાગ કર્યો, પણ ગુરુએ આગ્રહ રાખ્યો, તેથી ઉપાધ્યાય પદવી તજી નહિ. વાચક લાવણ્યચંદ્રગણિ 'વીરવંશાનુક્રમ'માં જણાવે છે :

શિષ્યાસ્તસ્ય ગણેશિતુ: શ્રુતભૃતો તિષ્ઠન્તઃ આચાર્યતાં ।
વૈરકત્યાદ્ ગુરુનિગ્રહાદથમહોપાધ્યાયતામા શ્રિતા ॥ ૨૭ ॥

**પદ પ્રત્યે અનાસક્તિ :**

આપણે જોયું કે શ્રી દશવૈકાલિક સૂત્રની એક જ ગાથાએ શ્રી આર્યરક્ષિતસૂરિના જીવનને નવો મોડ (વળાંક) આપી દીધો. અવિધિએ ગ્રહણ કરાયેલ સૂરિપદ પણ તેમને ક્રિયોદ્ધારમાં ભારરૂપ લાગ્યું. હવે તેઓ વિરાટ ત્યાગની મૂર્તિ બનવા થનગની રહ્યા, પણ ગુરુના અતિ આગ્રહથી તેઓ ઉપાધ્યાય પદે રહ્યા.

**ગુરુ પાસેથી માર્ગદર્શન :**

દૂષમ કાળના નામે શ્રમણજીવનમાં પ્રવેશેલી શિથિલતાને દૂર કરવા તેઓ ઉત્કંઠિત બન્યા. 'વિધિમાર્ગની પુન: પ્રતિષ્ઠા કરવા પોતાને પ્રથમ શું કરવું જોઈએ?' એમ પૂછતાં ગુરુએ કહ્યું : 'આ કાળ વિષમ છે. શાસ્ત્રોક્ત આચારોને જીવનમાં ઉતારવા અને પ્રરૂપવા માટે એક વાર સર્વજ્ઞ એવા શ્રી જિનેશ્વરો દ્વારા પ્રરૂપિત સઘળા સિદ્ધાંતો વાંચી જાઓ તેમ જ જિનાજ્ઞા મુજબ આચારોમાં એકમતિ કરો.' આ સંબંધે 'ગચ્છનાયક ગુરુરાસ'માં આમ વર્ણન છે :

હરિસિજઈ કિમઈ તઈ? એકમઈ કીજએ,
શુદ્ધ સિધ્ધંતુ તઈઉ સયલુ વાંચીજએ ।
રહુ ગુરુવયણી ઉવજ્ઝાયપઉ પાલએ,
નામિ વિજયચંદુ વિહિપકખુ અજુઆલયે ॥

ઉપાધ્યાય શ્રી વિજયચંદ્રજી ગુરુની આજ્ઞા મેળવી કેટલાક ક્રિયાપાત્ર મુનિઓ સાથે અલગ વિહાર કરવા લાગ્યા.

**ક્રિયોદ્ધાર માટે પૂર્ણિમા ગચ્છમાં :**

વિહાર કરતાં વિજયચંદ્ર ઉપાધ્યાયજી પોતાના સંસારીપણાના મામા, જેમણે પૂર્ણિમા ગચ્છમાં દીક્ષા લીધી હતી એવા શ્રી શીલગુણસૂરિજી સાથે વિધિપૂર્વક જિનાગમોનો અભ્યાસ અને ક્રિયોદ્ધાર કરવાના હેતુએ વિચરવા લાગ્યા. શ્રી શીલગુણસૂરિએ આગમાદિ ભણાવી વિજયચંદ્ર ઉપાધ્યાયજીને પોતાના ગચ્છમાં આચાર્યપદ સ્વીકારવા ખૂબ આગ્રહ કર્યો. પરંતુ માલારોપણ આદિ સાવદ્ય પ્રવૃત્તિ જોઈને તેઓએ તે માટે અનિચ્છા દર્શાવી. તે પછી તેઓ પૂર્ણિમા ગચ્છથી દૂર રહ્યા અને અલગ વિહારો કરવા લાગ્યા.

**શુદ્ધ સાધુજીવન પાળતા ઉપાધ્યાયજી :**

બ્રહ્મચર્યના દિવ્ય તેજથી ચળકતા લલાટવાળા અને સંયમના ઓજસથી ઓપતા દેહવાળા યુવાન શ્રી વિજયચંદ્ર ઉપાધ્યાયજી લાટ ઇત્યાદિ દૂર દૂરના દેશોમાં વિચરવા લાગ્યા. શ્રી ભાવસાગરસૂરિ રચિત પટ્ટાવલિમાં તેમના ઉચ્ચ સંયમી જીવનનો ખ્યાલ આ પ્રમાણે આવે છે :

'વિજયચંદ્ર ઉપાધ્યાય પાંચ સમિતિની મર્યાદાવાળા, ત્રણ ગુપ્તિથી રક્ષાયેલા, અપ્રમાદી અને ચરણસિત્તરી અને કરણસિત્તોરીના નિયમોમાં દૃઢ હતા. મધ્યાહ્ન સમયે તેઓ ગોચરી અર્થે નીકળતા.'

**અંતે એક નિશ્ચય :**

લાટ વગેરેના ઉગ્ર વિહારો દરમ્યાન તેઓએ અનેક પ્રતિકૂળતાઓ સહન કરી. ચોમેર ચૈત્યવાસીઓ અને પાસત્થાઓની બહુલતાથી ક્રિયાઓ અને આચરણાઓ સંબંધે ઠીકઠીક શિથિલતાઓ પ્રવેશી ચૂકી હતી. આની અસરથી ગૃહસ્થો પણ શુદ્ધ આહારપાણી કેમ વહોરાવાય ઇત્યાદિ બાબતોમાં પણ અનભિજ્ઞ (અજાણ્યા) હતા. શ્રી વિજયચંદ્ર ઉપાધ્યાયજી ઇત્યાદિ મુનિઓને વિહારો દરમ્યાન શુદ્ધ આહારપાણી પ્રાપ્ત થતાં નહોતાં, તેથી તેઓ અસૂઝતાં આહારપાણી વહોરતા નહીં અને સમતાપૂર્વક તપોવૃદ્ધિ કરતા. તેમને લાગ્યું કે, આચારશિથિલતા અને અજ્ઞાનતાનાં મૂળ ખૂબ ઊંડાં છે. તેને દૂર કરવા પુરુષાર્થ કરવો પડશે. અંતે તેઓએ જીવસટોસટ ઝઝૂમવાનો નિશ્ચય કરી લીધો.

**પાવાગઢ તીર્થ પર ઉગ્ર તપ :**

વિજયચંદ્ર ઉપાધ્યાયજી (શ્રી આર્યરક્ષિત સૂરિ) એ ઉગ્ર તપ અને સાધનાનો માર્ગ પસંદ કર્યો. વિહાર કરતાં તેઓ પાવાગઢ પર્વત પર પરમાત્મા શ્રી મહાવીરદેવના તીર્થ રૂપ જિનમંદિરમાં જિનબિંબોને વંદન કર્યાં. સંલેખનો (અનશન) કરવાનો ઇરાદો રાખી તેઓએ ઉગ્ર તપનો, માસખમણથી ચતુર્વિધ આહાર તજીને આરંભ કર્યો.

**પરમાત્મા શ્રી સીમંધર સ્વામી દ્વારા પ્રશંસા :**

એક વખત મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર પરમાત્મા શ્રી સીમંધર સ્વામી ભગવંતને શ્રી ચક્રેશ્વરી દેવીએ પૂછ્યું : 'હે પ્રભુ ! આ કાળમાં ભરતક્ષેત્રમાં આગમ–પ્રણીત શુદ્ધ માર્ગ પ્રરૂપતા અને આચરતા કોઈ સુવિહીત મુનિ છે કે નહીં ?' ભગવંને કહ્યું : 'હા, પાવાગઢ તીર્થ ઉપર સાગારી અનશન કરી રહેલા શ્રી વિજયચંદ્ર ઉપાધ્યાયજી આગમ-પ્રણીત વિધિમાર્ગને જાણે છે, આરાધે છે. તેમનાથી 'વિધિપક્ષ'નું પ્રવર્તન થશે.' મહો. વનયસાગરજી રચિત 'બૃહત્પટ્ટાવલી'માં આવું વિધાન અને વર્ણન છે :

**તસ્મિંશ્ચ કાલેઽથ વિદેહવાસે સીમંધર સ્વામિન્ ઇત્યવોચત।**
**શ્રી ભારતે શ્રીવિજયાદિચંદ્રો યો વિધિમાર્ગં પ્રકટીકરોતિ ॥ ૨૦ ॥**

શ્રી ભાવસાગરસૂરિ વિરચિત પટ્ટાવલિમાં આ પ્રમાણે વર્ણન છે :

**કિરિયાઈ ગુણપસંસ ભણઈ જિણો સાહુવિજયચંદસ્સ।**
**અહુણા ભારહવાસે ઉદ્ધરિયા જેણ મુણિકિરિયા ॥**

પ્રભુના શ્રીમુખથી ઉપરોક્ત વચન સાંભળી ચક્રેશ્વરી દેવી તરત જ પાવાગઢ પર આવી ગુરુને વંદના કરી પ્રશંસા કરતાં કહે છે :

**ધન્યોઽસિ પુણ્યોઽસિ ચ દીર્ઘદર્શી**
**પ્રશંસિતઃ પર્ષદિ તીર્થકૃદ્ભિઃ**

**ચક્રેશ્વરી દેવી દ્વારા પ્રશંસા :**

દેવીએ કહ્યું : 'હે પૂજ્ય ! આપ અનશન કરવાનું સાહસ ન કરશો. આપ ખરેખર ધન્ય છો, પુણ્યવાન છો, દીર્ઘદર્શી છો. શ્રી સીમંધર ભગવંતે સભા વચ્ચે તમારી પ્રશંસા કરી છે. હે પૂજ્ય ! આવતી કાલે સવારે ભાલેજથી યશોધન શ્રાવક સંઘ સહિત અહીં આવશે, તે આપને કલ્પે તેવું શુદ્ધ અન્નજળ વહોરાવશે અને આપના ધર્મોપદેશથી પ્રતિબોધ પામશે. આપ પારણું કરશો. આપના હાથે જિનશાસનનો જયજયકાર થશે.' એટલું કહીને ચક્રેશ્વરી દેવી સ્વસ્થાને ગયાં.

**યશોધન ભણશાલીના હાથે પારણું :**

બીજા દિવસની સૂર્યોદય વેળાએ સંઘપતિ યશોધન સંઘની સાથે પર્વત પર આવ્યો. દેવગુરુનાં દર્શનવંદન કરી તેણે આહારપાણીનો લાભ આપવા ગુરુને વિનંતિ કરી. સંઘનું રસોડું તળેટી પર હતું. યશોધનના અતિ આગ્રહથી શ્રી વિજયચંદ્ર ઉપાધ્યાય બીજે પહોરે ગોચરી વહોરવા પધાર્યા. યશોધનના હાથે અન્નજળ વહોર્યા બાદ શ્રી વિજયચંદ્ર ઉપાધ્યાયજીએ માસખમણના ઉગ્ર તપનું પારણું કર્યું.

**યશોધન પ્રતિ ઉપદેશ :**

યશોધન ફરીને ગુરુ પાસે આવ્યો. ગુરુએ યશોધનને ધર્મોપદેશ આપ્યો તથા તે વખતે વધી રહેલી અવિધિથી પણ વાકેફ કર્યો. આથી યશોધન પ્રતિબોધ પામ્યો અને ચોમેર ફેલાયેલ અવિધિ બાબતમાં ખેદ પામ્યો.

**શ્રી મહાકાલી દેવીનું વચન :**

આપણે જોયું કે શ્રી આર્યરક્ષિત સૂરિના તપોબળથી શાસનદેવી શ્રી ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થયાં. તેવી જ રીતે શ્રી મહાકાલી દેવી પણ પ્રસન્ન થયાં, એવા ઉલ્લેખો પ્રાચીન પટ્ટાવલિઓમાં મળે છે. વીરવંશાવલિકાર નોંધે છે : 'આર્યરક્ષિતસૂરિને તપસ્વી અને જિતેન્દ્રિય જાણીને શ્રી મહાકાલી દેવી તેમના ઉપર પ્રસન્ન થયાં, તેમ જ તેમની સામે પ્રગટ થઈને ગુરુને કહ્યું : 'હું તમારા સંઘનું કલ્યાણ કરીશ.'

શ્રી લાવણ્યચંદ્ર રચિત પટ્ટાવલિમાં આ પ્રમાણે ઉલ્લેખ છે :

**તાન્વીક્ષ્યોગ્રતપઃ ક્રિયાં વિરચયતઃ પાવાદ્રિશૃંગસ્થિતા ।**
**તુષ્ટા તુર્યજિનેશ શાસનસુરી શ્રી કાલિકાદાદ્ વરમ ॥**
**તમાર્યતો રક્ષિત ઇત્યભિખ્યયા ગચ્છસ્તવ સ્તાદ્ વિધિપક્ષસંજ્ઞઃ ।**
**ચક્રેશ્વરી ચાહમુભે સ્વઉદ્યતે ભાવ ત્વકસંઘસમૃદ્ધિકારકે ॥૨૮ ॥**

**અર્થાત્ :** ગુરુને ઉગ્ર તપસ્વી અને ક્રિયાપાત્ર જાણીને ચોથા તીર્થંકર શ્રી અભિનંદન સ્વામીની શાસનદેવી અને પાવાગઢના શિખર પર રહેનારી શ્રી કાલિકા સંતુષ્ટ થઈ અને વરદાન આપ્યું. તથા વધારામાં કહ્યું : 'તમે આર્યોની-મુનિઓની સમાચારીથી રક્ષિત છો, માટે જ તમે 'આર્યરક્ષિત' નામ ધરાવો. તેમ જ તમારા ગચ્છનું નામ 'વિધિપક્ષ' થાઓ. ચક્રેશ્વરી અને હું તમને સહાયક થશું. તમારા સંઘની સમૃદ્ધિ વધારનારી બનશું.'

**ગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી દેવી :**

પાવાગઢ તીર્થ પર શ્રી વિજયચંદ્ર ઉપાધ્યાયજી ( શ્રી આર્યરક્ષિતસૂરિ ) અને યશોધનનું સુભગ મિલન થયું અને તે યશોધન પણ વિધિપક્ષ ( અચલ ) ગચ્છના પ્રથમ શ્રાવક તરીકે પ્રસિદ્ધિ પામ્યો. તેમ જ પાવાગઢ તીર્થ પર ગચ્છની આ ઐતિહાસિક ઘટના બની, તેથી, અને આ તીર્થ શ્રી આર્યરક્ષિતસૂરિની તપોભૂમિ હતી, તેથી પાવાગઢ તીર્થનું સ્થાન આ ગચ્છના ઇતિહાસમાં અપ્રતિમ છે. આ સ્થળ શ્રી મહાકાલી દેવીના સ્થાન તરીકે સર્વત્ર પ્રસિદ્ધ છે. વળી ઉપરોક્ત ઘટનાઓ જોતાં શ્રી મહાકાલી દેવી ગચ્છના અધિષ્ઠાયિકાનું સ્થાન ધરાવે છે, એ હકીકત છે. વળી પાવાગઢ ( ચાંપાનેર ) ના રાજવીઓ આ ગચ્છના આચાર્યોથી પ્રભાવિત થયા હતા, તે આપણે આગળ જોઈશું.

**ગુરુમિલન અને સૂરિપદ :**

શ્રી યશોધન સમેત સંઘના આગ્રહથી શ્રી વિજયચંદ્ર ઉપાધ્યાયજી ભાલેજ પધાર્યા.

ઉપાધ્યાયજીના ગુરુ શ્રી જયસિંહસૂરિને પણ યશોધને બહુમાનપૂર્વક ભાલેજમાં નિમંત્રીને બોલાવ્યા. શ્રી સંઘના આગ્રહથી ભાલેજમાં સં. ૧૧૬૯ માં આપણા ચરિત્રનાયકના ગુરુવર્ય શ્રી જયસિંહસૂરિએ પોતાના શિષ્ય વિજયચંદ્ર ઉપાધ્યાયને સૂરિપદ આપીને 'શ્રી આર્ય-રક્ષિતસૂરિ' એવું નામ આપ્યું. સૂરિપદ પ્રસંગે યશોધન શ્રાવકે એક લાખ ટંક ખરચી અનેરો લહાવો લીધો. ત્યાર બાદ અલ્પ સમયમાં શ્રી જયસિંહસૂરિ કાળધર્મ પામ્યા. શ્રી આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી યશોધને પોતાના ભાલેજ નગરમાં ભરત ચક્રવર્તીની રચના જેવો ભવ્ય અને વિશાળ આદિનાથ પ્રભુનો જિનપ્રાસાદ બંધાવ્યો.

**વિધિપૂર્વક પ્રતિષ્ઠા :**

**'વિહિપુવ્વં સુપઇટ્ઠા બંભવયસાવએહિં કારાવયા'**

અર્થાત્ તેની પ્રતિષ્ઠા અટ્ઠમ તપ અને બ્રહ્મચર્યનું પાલન કરનારા શ્રાવકોના હાથે શાસ્ત્રોક્ત વિધિ મુજબ કરવામાં આવી.

**પ્રતિષ્ઠા પ્રસંગે વિરોધ :**

શ્રી આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી શ્રી યશોધને પ્રતિષ્ઠા કરવા માંડી. તેને અટકાવવા શ્રી હેમચંદ્રાચાર્યના ગુરુ સંગમખેડીઆ દેવેન્દ્રસૂરિ, આશાપલ્લીયા મલયચંદ્રસૂરિ, પીપલ્લીઆ શાંતિચંદ્રસૂરિ આદિ મોટા આચાર્યો તથા અન્ય પાખંડીઓ ઇત્યાદિ ત્યાં ભેગા થયા અને જોરશોરથી વિરોધ કરવા લાગ્યા કે, આ વળી કેવું નવું તૂત ઊભું કર્યું છે કે શ્રાવક પ્રતિષ્ઠા કરે ?

**આકાશવાણીથી વિરોધ શમ્યો :**

આ વિરોધવંટોળથી પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત થયેલા વડોદરા, મંદોર, ખંભાત અને નાડયા ઇત્યાદિના સંઘો ચિંતિત બની ગયા. પણ આર્યરક્ષિતસૂરિએ સૌની સમક્ષ જાહેરમાં આગમના પાઠો ટાંકીને સંઘોને અને લોકોને સમજાવ્યું : 'સુવિહિત સાધુઓ પ્રતિષ્ઠા ન કરી શકે.' ત્યાં તો શ્રી ચક્રેશ્વરી દેવીએ પણ ત્રણ વાર આકાશવાણી કરી : 'હે લોકો ! આ વિધિમાર્ગ સિદ્ધાંતોક્ત અને સર્વજ્ઞકથિત છે અને શાશ્વત છે. એમાં કોઈએ પણ શંકા ન કરવી. આમાં સ્વયં બ્રહ્મા પણ વિઘ્ન કરી શકે એમ નથી.' ભાવસાગરસૂરિ રચિત પટ્ટાવલિમાં આ અંગે આ પ્રમાણે વર્ણન પ્રાપ્ત થાય છે :

**પાખંડી દરિસણેહિં કઓવસગ્ગા સુનિપ્ફલા જાયા ।**
**ચક્કેસરિવયણેણ વિ જાઓ વિહિપક્ખગણતિલઓ ॥ ૮૪ ॥**

**અર્થાત્ :** પ્રતિષ્ઠા વખતે અનેક પાખંડીઓએ અનેક વિઘ્નો કર્યાં, પણ તે બધાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયાં. શ્રી ચક્રેશ્વરીના વચનથી શ્રી આર્યરક્ષિતસૂરિ વિધિપક્ષના 'તિલક' એટલે 'નાયક' થયા.

**ચક્રેશ્વરી દેવીના વરદાનથી અને પછી વિજયનાદ સાથે ગચ્છસ્થાપના :**

આ રીતે ભાલેજ નગરમાં અનેક સંઘો અને વિરાટ માનવમેદનીની ઉપસ્થિતિમાં 'વિધિપક્ષગચ્છ'ની વિજયનાદપૂર્વક સ્થાપના અને ઉદ્‌ઘોષણા થઈ. વિરોધીઓ આગમજ્ઞાન

અંગે પોતાની અજ્ઞાનતાથી લજ્જા પામ્યા. ભાલેજ નગરના સંઘ સહિત, તે પ્રસંગે આવેલા બધા સંઘો આગમતત્ત્વને સમજ્યા. તે પછી ખૂબ જ ઠાઠથી પ્રતિષ્ઠાનો મહોત્સવ ઉજવાયો. યશોધને આ પ્રસંગે પુષ્કળ ધન ખર્ચ્યું.

આ રીતે, શ્રી આર્યરક્ષિતસૂરિએ સં. ૧૧૬૯ માં આગમમાન્ય ૭૦ બોલની પ્રરૂપણા કરી અને 'વિધિપક્ષગચ્છ'નું પ્રવર્તન કર્યું.

**અન્ય ગચ્છોએ સમાચારીનો સ્વીકાર કર્યો :**

શ્રી આર્યરક્ષિતસૂરિએ પ્રરૂપેલ સમાચાર આગમમાન્ય હોવાથી તે વખતના અનેક ભવભીરુ આચાર્યોએ અને સુવિહિત ગચ્છોએ વિધિપક્ષ ગચ્છનો અને તેની સમાચારીનો આદરપૂર્વક સ્વીકાર કર્યો. શંખેશ્વર ગચ્છ, વલ્લભી ગચ્છ, નાણક ગચ્છ, નાડોલ ગચ્છ, ભિન્નમાલ ગચ્છ વિગેરે ગચ્છોએ સંપૂર્ણ સમાચારી સ્વીકારી. ઝાલોરી ગચ્છ, ઝાડાપલ્લીય ગચ્છ, આગમ ગચ્છ, પૂર્ણિમા ગચ્છ અને સાર્ધપૂર્ણિમા ગચ્છના નાયક–આચાર્યોએ પણ આપણા આ ગચ્છની કેટલીક સમાચારીનો સ્વીકાર કર્યો. જેઓએ વિધિપક્ષ ગચ્છની સંપૂર્ણ સમાચારી સ્વીકારી તેઓ શ્રી આર્યરક્ષિતસૂરિના સમુદાયમાં ભળી ગયા. તે આચાર્યના શ્રાવકો પણ સપરિવાર વિધિપક્ષ અચલગચ્છના અનુયાયી બની ગયા.

શ્રી આર્યરક્ષિતસૂરિએ પ્રતિષ્ઠા બાદ ભાલેજના સંઘના આગ્રહથી તે વર્ષનું ચાતુર્માસ પણ ત્યાં કર્યું. ત્યાર બાદ સૂરિજીના ઉપદેશથી તેઓશ્રીની નિશ્રામાં યશોધન ભણશાળીએ શ્રી શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢ્યો. આ સંઘમાં શ્રી મહાકાલી દેવીએ આર્યરક્ષિતસૂરિની સંયમનિષ્ઠાની બે વાર પરીક્ષા કરી. પણ ગુરુને દૃઢસંયમી જાણીને શ્રી મહાકાલી દેવીએ પ્રસન્ન થઈને સંઘના અભ્યુદયનું વરદાન આપ્યું. અને આ યાત્રા નિર્વિઘ્નપણે પૂર્ણ થઈ.

**મંત્રી કપર્દીને પ્રતિબોધ :**

બાદ, શ્રી આર્યરક્ષિતસૂરિ શુદ્ધ રીતે ચારિત્ર પાળતા, સર્વત્ર જિનભાષિત ધર્મનો ઉપદેશ આપતા, અનુક્રમે વિહાર કરતા બિઉણપ (બેણપ) નગરમાં પધાર્યા. સંઘે તેમનું ભવ્ય રીતે સામૈયું કર્યું. ત્યાં શ્રી આર્યરક્ષિતસૂરિજી દરરોજ ધર્મોપદેશ આપવા લાગ્યા.

તે નગરીમાં અઢાર પ્રદેશોમાં પ્રખ્યાત એવો શ્રીમાળી વંશનો કપર્દી (કોડી) નામનો વ્યવહારી (વ્યાપારી) રહેતો હતો. તેના પિતાનું નામ રાંકા (વંકા) શાહ હતું. આ કપર્દી શેઠની સમૃદ્ધિનું વર્ણન 'ગચ્છનાયકગુરુરાસ'માં આ પ્રમાણે છે :

જસ મંદિરી ચઉસાસી બાર, ઘર સઈ ઘોડી પંચ વિયાઉ।
વેલાઉલી અઢારિ વિદીતઉ, દાણ તણઈ બલિ દૂસમ જિતઉ॥

શ્રી ભાવસાગરસૂરિની 'વીરવંશપટ્ટાવલિ'માં આ પ્રમાણે ઉલ્લેખ છે :

તત્થટ્ઠારસ વેલાકૂલ સુવિકખાય કઉડી વ્યવહારી ।
ગુરુવયણેણ બુદ્ધો સકુટુંબો સાવઓ જાઓ ॥ ૮૬ ॥

આવી સમૃદ્ધિવાળો કોટયાધિપતિ કોડી વ્યવહારી શ્રી આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી કુટુંબ સહિત પ્રબોધ પામ્યો અને શુદ્ધ શ્રાવક બન્યો. એટલું જ નહિ, પણ એના દ્વારા શ્રી જિનશાસનનો ઉદ્યોત થયો.

તસ્ય સુયા સમયસિરી ઇગકોડી ટંકમુલ્લલંકારં।
પરિહરિય ગહિયદિકખા પણવીસસહીહિં પરિવરિયા॥૮૭॥

**કરોડોનાં આભૂષણો તજી ગચ્છનાં પ્રથમ સાધ્વી થયાં :**

તે કપર્દી વ્યવહારીની સોમાઈ નામે પુત્રી હતી. તે એક કરોડ ટંકનાં મૂલ્યવાળાં સોનાનાં ઘરેણાં પહેરતી હતી. શ્રી આર્યરક્ષિતસૂરિનો ઉપદેશ સાંભળી એ સોમાઈએ કરોડ મુદ્રાનાં આભૂષણો તજી દઈને પોતાની પચ્ચીસ સખીઓની સાથે દીક્ષા લીધી. દીક્ષા લેતી વખતે સોમાઈને 'સમયશ્રી' એવું નામ આપવામાં આવ્યું. આ સાધ્વીશ્રી સમયશ્રીજી શ્રી આર્યરક્ષિતસૂરિના સમુદાયનાં એટલે વિધિપક્ષગચ્છનાં સર્વ પ્રથમ મહત્તરા સાધ્વી તરીકે અદ્વિતીય કીર્તિ પામ્યાં છે. આ દીક્ષાને પ્રસંગે બીજા ઘણા ભવ્ય જીવોએ સાધુનાં પંચ મહાવ્રતો કે શ્રાવકનાં બાર વ્રતો સ્વીકાર્યાં. કેટલાક જૈનેતરોએ મિથ્યાત્વનો ત્યાગ કરી જૈન ધર્મ સ્વીકાર્યો.

**આર્યરક્ષિતસૂરિ અને જયસિંહ સિદ્ધરાજનો સંપર્ક :**

આ કપર્દી જયસિંહ સિદ્ધરાજ મહારાજાનો દંડનાયક મંત્રી હતો. કપર્દીનાં કાર્યોથી પ્રસન્ન થઈ મહારાજા સિદ્ધરાજે તેને અઢાર ગામો ભેટ આપ્યાં હતાં. આ કપર્દી મંત્રીના શ્રી આર્યક્ષિતસૂરિજીના ત્યાગમય જીવનની પ્રશંસા સાંભળી ગુજરાતના રાજા જયસિંહે શ્રી આર્યરક્ષિતસૂરિને પાટણ બોલાવી તેમનું ઘણું જ સન્માન કર્યું. પટ્ટાવલિ દ્વારા જાણી શકાય છે કે, સિદ્ધરાજ જયસિંહદેવ પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવતા હતા, ત્યારે યજ્ઞશાળામાં એક ગાય મૃત્યુ પામી. એ મરેલી ગાય જીવતી થઈને બહાર નીકળી જાય તો જ યજ્ઞ પૂરો થાય, એવું પુરોહિતોએ જણાવ્યું.

**'વિધિપક્ષ ગચ્છ'નું અપર 'અચલગચ્છ' અભિધાન :**

આ બાબત અંગે રાજાએ શ્રી આર્યરક્ષિતસૂરિને વિનંતિ કરી. શાસનપ્રભાવનાનું પ્રયોજન વિચારીને શ્રી આર્યરક્ષિતસૂરિએ પરકાયપ્રવેશિની વિદ્યાથી ગાયને મંડપમાંથી જીવતી કરીને બહાર કાઢી આપી. આથી વિસ્મિત થયેલ રાજાએ કહ્યું : 'આપ આપના વચનપાલનમાં અચલ છો, તેથી આપના ગચ્છનું નામ 'અચલ ગચ્છ' તરીકે પ્રસિદ્ધિ પામશે.' આ રીતે સિદ્ધરાજ જયસિંહદેવ અને શ્રી આર્યરક્ષિતસૂરિનો પરિચય કરાવવામાં નિમિત્ત બનેલા કપર્દી મંત્રીએ પાટણમાં એક ભવ્ય અને મનોહર જિનમંદિર પણ બંધાવ્યું હતું.

**'અંચલ ગચ્છ' નામ કેમ પડ્યું ?**

એક વખત પરમાર્હત કુમારપાળ મહરાજાની સભામાં શ્રી હેમચંદ્રસૂરિ આદિ ધર્મચર્ચા કરી રહ્યા હતા તે વખતે યોગાનુયોગ ત્યાં કપર્દી મંત્રી આવી ચડ્યા તેમણે ઉત્તરાસંગના વસ્ત્રાંચલ (છેડા)થી ભૂમિને પ્રમાર્જીને વંદના કરી. વંદનાની આ રીત જોઈ આશ્ચર્ય પામેલા કુમારપાળ મહારાજાએ શ્રી હેમચંદ્રાચાર્યને પૂછ્યું : 'વંદનાની આવી વિધિ શું શાસ્ત્રોક્ત છે?' ઉત્તરમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિએ કહ્યું : 'હા, આ વિધિ શાસ્ત્રોક્ત છે.' આ પ્રસંગથી કુમારપાલ રાજાએ વિધિપક્ષ ગચ્છનું બીજું નામ 'અંચલ ગચ્છ' પાડ્યું. આ ઘટના પછી વિધિપક્ષ ગચ્છનું 'અંચલ ગચ્છ' એવું અપર નામ પ્રસિદ્ધ થયું.

શ્રી ભાવસાગરસૂરિ રચિત 'ગુર્વાવલી'માં આ પ્રસંગ અંગે આ પ્રમાણે વર્ણન મળે છે :

**અહ અન્નયા નરેસો મુહપત્તીએ કરેઈ કિઈકમ્મં ।**
**વિહિપકખ કવડિ સાવય ઉત્તસંગેણ તં વિયરઈ ॥ ૧૦૯ ॥**
**એવં કિમિઈ નિવેયણ પુટ્ઠો સિરિ હેમસૂરિ વચ્ચેઈ ।**
**જિણવયણે સા મુદ્દા ? પરંપરા એસ તુમ્હાણં ॥ ૧૦ ॥**
**તત્તો ભણઈ રાયા પરંપરામગ્ગઓ ય એગત્થ ।**
**કીરઈ, સૂરિ વચ્ચઈ મહિમા સિરિ વિજયચંદસ્સ ॥ ૧૧૧ ॥**
**સીમંધરવયણાઓ ચક્કેસરિકહણ સુદ્ધિકિરિયાએ ।**
**સિદ્ધન્ત સુત્તરત્તો વિહમગ્ગં સો પગાસેઇ ॥ ૧૧૨ ॥**
**પચ્છા નિવેણ તસ્સ વિ અંચલગણ નામ સિરિપહેણ કયં ।**
**તિમિરપુરે ગંતણ વંદઈ સુગુરું સુભત્તીએ ॥ ૧૧૩ ॥**

**અર્થાત્ :** હવે બીજે સમયે કુમારપાળ રાજા મુહપત્તિથી શ્રાવકનું આવશ્યક કર્મ (ગુરુવંદન) કરે છે. ત્યારે વિધિપક્ષ ગચ્છનો કપર્દી શ્રાવક ઉત્તરાસંગ (ખેસ)નો ગુરુવંદનમાં ઉપયોગ કરે છે. 'આ કેવી રીતે છે?' એમ કુમારપાળ રાજાએ પૂછ્યું, ત્યારે હેમચંદ્રસૂરિજીએ કહ્યું : 'આ ઉત્તરાસંગ (વસ્ત્રાંચલ)નો ઉપયોગ એ જિનવચન પ્રમાણે જ છે. તમારી શ્રાવકોની આ પરંપરા છે.' ત્યારે રાજા કહે છે : 'જો આ પરંપરામાર્ગ હોય તો તેને એકત્ર કરીશું.' ત્યારે શ્રીહેમચંદ્રસૂરિજીએ વિજયચંદ્રસૂરિનો અથવા આર્યરક્ષિસૂરિનો મહિમા (જિનાજ્ઞાપાલનગુણ) કહે છે : 'શ્રી સીમંધરપ્રભુના વચનથી, શ્રી ચક્રેશ્વરી દેવીના કથન મુજબ શુદ્ધ ક્રિયાવાળા શ્રી આર્યરક્ષિતસૂરિજી સિદ્ધાંતો અને આગમોમાં તલ્લીન રહીને વિધિમાર્ગનો પ્રકાશ કરે છે.' પછી કુમારપાળ રાજાએ 'વિધિપક્ષ'નું 'અંચલ ગચ્છ' એવું નામ જાહેર કર્યું. અને પૂર્ણ ભક્તિથી તિમિરપુરમાં જઈને તેમણે સુગુરુની એટલે આર્યરક્ષિતસૂરિની વંદનાદિ ખૂબ જ ભક્તિ કરી.

**સૂરિજીના પ્રભાવથી મરકી રોગ દૂર થયો :** ૧૧૭૨

શ્રી આર્યરક્ષિતસૂરિ વિહાર કરતા કરતા સં. ૧૯૭૨માં સિંધના પારકર દેશમાં સુરપાટણ નામના નગરમાં પધાર્યા. તે વખતે કોઈ દુષ્ટ યક્ષની કુદૃષ્ટિથી તે નગરમાં મરકી રોગ ફાટી નીકળ્યો. આથી તે નગરીનો રાજા મહિપાલ અત્યંત ચિંતાતુર હતો. મરકી દૂર કરવા રાજાએ અનેક પ્રયત્ન કર્યા, છતાં ઉપદ્રવ શાંત ન થયો. તે રાજાનો ધરણા નામનો મંત્રી જૈનધર્માનુરાગી હતો. પોતાના નગરમાં મહાપ્રભાવક, ઉગ્ર તપસ્વી શ્રી આર્યરક્ષિતસૂરિ પધારેલા છે, એમ મંત્રી પાસેથી જાણી રાજા મંત્રીની સાથે ઉપાશ્રયે આવ્યો અને આચાર્યભગવંતને વંદના કરી અને ઉપદ્રવની હકીકત કહી. આથી શાસનપ્રભાવનાનું કારણ જાણી શ્રી આર્યરક્ષિતસૂરિએ મંત્રિત જળ આપ્યું. તેનો આખી નગરીમાં છંટકાવ કરવાથી ઉપદ્રવ તરત જ દૂર થયો. આથી રાજા પ્રતિબોધ પામ્યો. તેણે ગુરુચરણે કીંમતી ભેટણું ધર્યું, પણ ગુરુએ તેનો અસ્વીકાર કર્યો. ગુરુની નિઃસ્પૃહતા જોઈને રાજા વિશેષ ભક્તિવંત બન્યો. પોતે ભેટમાં આપેલ ધનથી રાજાએ તે નગરમાં શ્રી શાંતિનાથ પ્રભુનું જિનાલય બંધાવી, તેમાં પ્રભુમૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. અને તેણે પુત્ર સહિત જૈન ધર્મ સ્વીકાર્યો, એટલે મંત્રી ધરણાએ પોતાની પુત્રી રાજકુમારને પરણાવી. રાજા મહિપાલને ઓસવાળ જ્ઞાતિમાં ભેળવી દેવામાં આવ્યા. રાજપુત્ર ધર્મદાસને ચંદેરીનું રાજ્ય મળ્યું હતું, અને તેણે સમ્યક્ત્વ સહિત બાર વ્રતો સ્વીકાર્યાં હતાં.

**દીલ્હીના રાજા પૃથ્વીચંદ્ર સાથે સંપર્ક :**

આ રાજા ધર્મદાસ દિલ્હીના રાજા પૃથ્વીરાજનો ખૂબ માનીતો હતો. ધર્મદાસના મુખેથી શ્રી આર્યરક્ષિતસૂરિની પ્રશંસા સાંભળી રાજા પૃથ્વીરાજે સૂરિજીને દિલ્હી તેડાવી તેમની ભક્તિ કરી હતી. આ વખતે રાજા પૃથ્વીરાજ જૈન ધર્મ પ્રત્યે વિશેષ આકર્ષાયો હતો. રાજાના ખૂબ આગ્રહને કારણે સૂરિજી દિલ્હીમાં થોડો વિશેષ સમય સ્થિર રહ્યા હતા.

**રાઉત હમીરજી અને જેસંગદેનો સંપર્ક :**

વિ. સં. ૧૨૧૦ માં શ્રી આર્યરક્ષિતસૂરિજી મારવાડમાં આવેલા ભિન્નમાલ નગર પાસે આવેલા રતનપુર ગામમાં પધાર્યા. ત્યાંનો પરમારવંશીય રાજા હમીરજીના પુત્ર જેસંગદેનું ગમે તે કારણે અપહરણ થયું હતું. ઘણી શોધ કરવા છતાં તે ન મળ્યો.

**સાહસગણા ગાંધી ગોત્ર – માલદે ગોત્ર :**

પોતાના નગરમાં પધારેલા શ્રી આર્યરક્ષિતસૂરિને મહાપ્રભાવક જાણી રાજા તેમને વંદન કરવા ગયો. ઉપાશ્રયે જઈ વંદન કરી રાજાએ તેમને વિનંતિ કરી: 'ગમે તે ઉપાયે અમારા પુત્ર જેસંગદેને આપ શોધી આપો.' શ્રી આર્યરક્ષિતસૂરિના પ્રયત્નોથી અને પ્રભાવથી

રાજપુત્ર જેસંગદે મળી આવ્યો. અને હમીરજી રાજાએ પુત્રની સાથે જૈન ધર્મ સ્વીકાર્યો. ગુરુના ઉપદેશથી તેમને ઓસવાળ જ્ઞાતિમાં ભેળવી દેવામાં આવ્યા. શ્રી આર્યરક્ષિતસૂરિએ જેસંગદે પર વાસક્ષેપ નાખી એવા આશીર્વાદ આપ્યા કે, આ રાજપુત્ર કોઈ પણ રોગી માણસ પર હાથ ફેરવશે, તો તેનો રોગ કે ગમે તેવું વિષ દૂર થશે. તે રાજપુત્ર મોટો થવાથી તેના ગુણોની લોકોમાં પ્રશંસા થવા લાગી. આથી રાઉત જેસંગદેના વંશજો 'સહસગણા ગાંધી' તરીકે ઓળખાવા લાગ્યા. રાઉત હમીરે અને રાઉત જેસંગદે – બન્ને પિતાપુત્રે સમ્યક્ત્વ સહિત બાર વ્રતો સ્વીકાર્યાં. રાઉત જેસંગદેએ તો શત્રુંજય તીર્થનો મોટો સંઘ કાઢયો, સોનામહોરોની લહાણી કરી, ૮૪ ગચ્છોમાં પહેરામણી કરી અને જિનાગમના ગ્રંથો લખાવ્યા. જેસંગદેનાં બીજાં નામો 'સખતસંઘ' અને 'માલદે' હતાં. માલદે નામ પરથી તેના વંશજોનું ગોત્રનામ 'માલદે' થયું. તેના માલદે ગોત્રના વંશજો અનુક્રમે પારકરથી કચ્છ આવીને વસ્યા અને આજે પણ તેઓ માલદે અટક ધરાવે છે.

શ્રી આર્યરક્ષિતસૂરિએ વિધિમાર્ગનું પ્રવર્તન પોતાના વિદ્યા અને તપના બળથી ચારે તરફ કરીને ગચ્છનો ખૂબ વિસ્તાર કર્યો. તેમ છતાં ગચ્છના પાયાને સુદૃઢ કરવાનો યશ તેમના યશસ્વી અને સમર્થ પટ્ટધર શ્રી જયસિંહસૂરિને ફાળે જાય છે.

**શ્રી આર્યરક્ષિતસૂરિનો વિશાળ સાધુ–સાધ્વી પરિવાર :**

શ્રી આર્યરક્ષિતસૂરિના શિષ્ય પરિવાર અંગે વિશેષ જાણી શકાતું નથી, પણ વિશાળ પરિવાર સૂચવતી સંખ્યા જરૂર પ્રાપ્ત થાય છે. તેમનો સમગ્ર સાધુસાધ્વીનો પરિવાર ૩૫૧૭ જેટલો હતો. તેમાં ૨૨૦૨ સાધુઓ અને ૧૩૧૫ સાધ્વીજીઓ હતાં. તેમાં ૧૨ આચાર્ય પદે, ૨૦ ઉપાધ્યાય પદે, ૭૦ પંડિત પદે મુનિઓ હતા. ૩૦૦ સાધ્વીજીઓને મહત્તરા પદ અને ૮૨ સાધ્વીજીઓને પ્રવર્તિની પદ અપાયેલ હતાં. સાધ્વીજીઓમાં મુખ્ય મહત્તરા એમનાં પ્રથમ શિષ્યા સમયશ્રીજી હતાં. શ્રી જયસિંહસૂરિ સિવાયના તેમના અન્ય શિષ્યો કે આચાર્યો વિશે જાણી શકાતું નથી. મોઢેરાની સં. ૧૨૩૫ની પ્રતિમાના લેખમાં નિર્દિષ્ટ શ્રી સંઘપ્રભસૂરિજી તેમના પરિવારમાં હોવાનો સંભવ છે.

**અચલગચ્છના મુખ્ય સાધ્વીશ્રી સમયશ્રીજીની પ્રાપ્ત થતી લઘુ પરંપરા :**

પાટણના 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર'ના સંગ્રહની શ્રી જયશેખરસૂરિ કૃત 'આરાધના સાર' નામક હસ્તલિખિત પ્રતમાં અચલગચ્છનાં પ્રથમ સાધ્વીશ્રી સમયશ્રીજી પછી થયેલાં મુખ્ય સાધ્વીજીઓની પરંપરા પ્રાપ્ત થાય છે. પ્રથમ 'પ્રશસ્તિ' અને ત્યાર બાદ 'ગુરુણી સ્તુતિ' આ મુજબ છે :

**...ઇતિ વિધિપક્ષ મુખ્યાભિધાન શ્રી અંચલગચ્છે શ્રી જયશેખરસૂરિકૃતિ આરાધના સાર મિદમાલિખિ: શ્રી સિરોહીનગરે શ્રી અંચલગચ્છેવા ભાનુલબ્ધ ગણિ યોગ્ય**

**સિરિસમઈ સિરિઆ,** ગુરુણી તપ્પટ્ટિ વિવહ ગુણખાણી,
**જય સુંદરાઈ** ભગવઈ, ગુરુણી **પઉમાવઈ** જાયા ॥ ૧ ॥
સા ( સિ ? ) રિ **ચંદણાઈ** ભગવઈ, **સુમેરુસુંદરી** તઉ ગુરુણી,
**અભયાસુંદરી** ભગવઈ, તઉ **મેરુપા** ગુરુણી ॥ ૨ ॥
તપ્પઈ **સિરિમહિમસિરિ,** તપ્પઇ સંપઈ જિણવરવહિંરતી,
**શ્રી ગુણલખમી** ગુરુણી, **સંપઈ સિરિ રાજશ્રી** ॥ ૩ ॥
તસ પાટ પ્રગટ કરતી, સૌભાગ્યવંતી સકલ સજ્જન,
મનરંજની **શ્રીશ્રીશ્રી પ્રતિષ્ઠા લખમી મુહત્તરા** તાપટ્ટિ,
**અચલલક્ષ્મી** વંદેવા કમેણુ પણમામી ત્રિકાલં ॥ ૪ ॥

**ઈતિ ગુરુણી સ્તુતિ** શ્રી અંચલગચ્છે શ્રી **પુણ્યલબ્ધિ ઉપાધ્યાય** સિષ્ય શ્રી **ભાનુલબ્ધિ ઉપાધ્યાય** શ્રી ગઢા પઠનાર્થં પ્રદતા ।

ઉપરોક્ત ચાર પદ્યોથી જાણી શકાય છે કે, સાધ્વીશ્રી સમયશ્રીજીની પછી સા. શ્રી જયસુંદરીશ્રીજી, પદ્માવતીશ્રીજી, ચંદનાશ્રીજી, સુમેરુસુંદરીશ્રીજી, અભયાસુંદરીશ્રીજી, મેરુપાશ્રીજી, મહિમશ્રીજી, ગુણલક્ષ્મીશ્રીજી, રાજશ્રીજી, પ્રતિષ્ઠાલક્ષ્મીશ્રીજી, અચલલક્ષ્મીશ્રીજી ઈત્યાદિ મુખ્ય મુખ્ય સાધ્વીજીઓ થયાં.

### એક જ દિવસે ચૌદ જિનાલયોની પ્રતિષ્ઠા :

બાડમેર ( રાજસ્થાન ) ના એક ગુરાંસા (વહીવંચા) પાસેથી વહીઓ પૈકીની એક વહીમાં એવી નોંધ મળે છે કે, શ્રી આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી અનેક સ્થળે જિનમંદિરો બંધાયેલાં. તેમાં એક જ દિવસે તેમણે ભદ્રેશ્વર વગેરે ચૌદ સ્થળોનાં દૂર દૂરનાં જિન-મંદિરોમાં પોતાનાં ચૌદ રૂપો કરીને પ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિતિ–નિશ્રા આપી હતી.

### રાજા સોમકરણ અને તેના વંશજો :

સં. ૧૦૦૭ માં ભિન્નમાલનો રાજા સોમકરણ અચલગચ્છીય વલ્લભી શાખાના શ્રી જયપ્રભસૂરિના ઉપદેશથી જૈન બન્યો હતો. પણ સં. ૧૧૧૧ માં ભિન્નમાલનો નાશ થતાં તેના વંશજ રાય ગાંગા બાહડમેર જઈને વસ્યા હતા. ત્યાંના રાજા દેવડે રાય ગાંગાના પુત્ર મુનિચંદ્રને 'સેલહોત' પદ આપ્યું હતું. મુનિચંદ્રનો ગુણચંદ્ર નામે પુત્ર હતો. એક વખત શ્રી આર્યરક્ષિતસૂરિ બાહડમેર પધાર્યા. તેમના ઉપદેશથી અને જય-સિંહસૂરિની પ્રેરણાથી સં. ૧૨૧૬ માં ત્યાંના સંઘ દ્વારા ગુણચંદ્રને ઓસવાળ જ્ઞાતિમાં ભેળવી દેવામાં આવ્યો. આ વંશના કિરાકુડ ગામમાં આલ્હા નામે ભાગ્યશાળી પુરુષ થઈ ગયો. તે ગામમાં ઓસવાળોનાં ૭૨૫ ઘર હતાં. તેમાં આલ્હાનું કુટુંબ 'વડું'

કહેવાતું. તેમાં દુષ્કાળ વગેરે પ્રસંગોએ આલ્હાએ પુષ્કળ ધન ખરચી લોકોની પીડા નિવારી હતી. તેથી આલ્હાના વંશજોએ 'વડેરા' ગોત્ર પ્રાપ્ત થયું, જે આજ સુધી ચાલ્યું આવે છે.

એવી જ રીતે, એ જ અરસામાં માંડવગઢનો મંત્રી ભાટા અચલગચ્છનો શ્રાવક હતો. તેણે સંભવતઃ શ્રી આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી શ્રી શત્રુંજય તીર્થ ઉપર જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી હતી

પ્રાગ્વાટ જ્ઞાતિના વામંગ ગોત્રીય મંત્રી ખેતલ અને તેની પત્ની ખેતલદે વગેરે પણ શ્રી આર્યક્ષિરતસૂરિનાં પરમ ભકત હતાં.

**વિધિપક્ષ (અચલ) ગચ્છની સમાચારી :**

શ્રી આર્યરક્ષિતસૂરિએ પ્રવર્તાવેલ વિધિપક્ષ (અચલ) ગચ્છની સમાચારી અંગે અહીં સંક્ષિપ્ત નોંધ કરવી ઉચિત થશે :

મુનિ જિનબિંબની પ્રતિષ્ઠા ન કરે. દીપપુજા, ફળપૂજા, બીજપૂજા, બલિપૂજા ન કરવી; અક્ષતપૂજા કે પત્રપૂજા કરી શકાય. સામાયિક સવારે–સાંજે એમ બે સમય બે ઘડીનું શ્રાવક કરે. શ્રાવક વસ્ત્રાંચલથી ક્રિયા કરે. ઉપધાન માલારોપણ કરવાં નહિ. નવકારમાં 'હોઈ મંગલ' કહેવું. પૌષધ પર્વ દિવસે કરવું. ચોમાસી પાખી પૂનમે કરવી. પાખી પૂનમ–અમાસે કરવી. સંવત્સરી આષાઢી પૂનમથી પચાસમે દિવસે કરવી અને અભિવર્ધિત વરસમાં વીસમે દિવસે કરવી. અધિક માસ પોષ કે આષાઢમાં જ થાય. સ્ત્રીઓએ મુનિને ઊભે ઊભે જ વાંદવું. ત્રણ થોય કહેવી. મુનિને વંદન કરતાં એક ખમાસમણ દઈ શકાય... ઇત્યાદિ.

ઉપરોક્ત સમાચારીનું વર્ણન શ્રી આર્યરક્ષિતસૂરિના પ્રશિષ્યો શ્રી ધર્મઘોષસૂરિ અને શ્રી મહેન્દ્રસિંહસૂરિ દ્વારા રચિત 'શતપદી ગ્રંથ'માં આગમપ્રમાણો સહિત કરવામાં આવેલું છે. શ્રી આર્યરક્ષિતસૂરિ દ્વારા પ્રરૂપિત સમાચારી વિધિપક્ષ (અચલ) ગચ્છની સમાચારી ભલે હોય, પણ તે શ્રી સર્વજ્ઞ ભગવંત દ્વારા શાસ્ત્રોમાં ગૂંથેલી હોવાથી જિનશાસનની જે સમાચારી છે, એ હકીકતનો સ્વીકાર કરવો રહ્યો. તે વખતે શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણાઓ થઈ રહી હતી. તેની સામે શ્રી આર્યરક્ષિતસૂરિએ આગમતત્ત્વ રજૂ કરી અપ્રતિમ ઉપકાર કર્યો છે.

**યશોધનના વંશજો :**

વિધિપક્ષ (અચલ) ગચ્છના પ્રથમ શ્રાવક શ્રી યશોધન ભણશાળી ખૂબ જ શક્તિશાળી શ્રાવક હતા. શ્રી આર્યરક્ષિતસૂરિના એમના પ્રથમ સમાગમની વાતનું અત્રે પુનરાવર્તન કરવું જરૂરી નથી. યશોધને ભાલેજ ઉપરાંત વડોદરા, નાહપા ઇત્યાદિ સાત ગામોમાં સાત જિનાલયો બંધાવ્યાં હતાં. યશોધનના વંશજ મંત્રી સલખૂએ જૂનાગઢમાં શ્રી આદિનાથનું વિશાળ જિનાલય બંધાવ્યું. પાટણમાં ચોર્યાસી પૌષધશાળામાં કલ્પ મહોત્સવ ઉજવી તેમણે પુષ્કળ ધન ખરચ્યું. યશોધનના વંશજ ભીમાના ભાઈ ભાણાનાં સંતાનો કચ્છી

ઓસવાળ થયાં. સં. ૧૨૯૫ માં રીડાના પુત્ર જીવા શાહે શ્રી શંખેશ્વર તીર્થના જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવેલો.

**ગચ્છ દ્વારા ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ :**

અચલગચ્છ ( વિધિપક્ષ ) પ્રવર્તક શ્રી આર્યરક્ષિતસૂરિએ ગુજરાત, સિંધ, મારવાડ, માળવા, ઉત્તર અને દક્ષિણ ભારતના અનેક પ્રદેશોમાં ઉગ્ર વિહારો કરી જિનશાસનની ઉન્નતિના કાર્યમાં પોતાનો મહત્ત્વનો ફાળો નોંધાવ્યો છે. તેઓએ સ્થાપેલ વિધિપક્ષ ગચ્છ તેઓના સમય બાદ લગભગ નવેક શતાબ્દીઓ પસાર થવા છતાં આજે પણ પોતાનું સ્વતંત્ર અને વિશાળ અસ્તિત્વ ટકાવી શક્યો છે. એ પરથી એ યુગપ્રવર્તક શ્રી આર્યરક્ષિતસૂરિના વિરાટ વ્યક્તિત્વનું અને અપ્રતિહત તપોબળનું દર્શન થાય છે. તેમ જ વર્તમાનની આ ગચ્છની સ્થિતિ જોતાં ભાવિમાં પણ આ ગચ્છ શ્રી જિનશાસનની ઉન્નતિમાં પોતાનો મહત્ત્વનો ફાળો નોંધાવશે, એમ સહેજે કહી શકાય છે અહીં એવી ભાવના રાખવી અસ્થાને નથી કે, અહિંસા-તપ-સંયમ દ્વારા આ ગચ્છ પણ ભારતીય અને ધાર્મિક સંસ્કૃતિનાં સંરક્ષણ અને સંગઠનમાં સદૈવ પોતાનો અમૂલ્ય ફાળો આપ્યા કરશે.

**શ્રી આર્યરક્ષિતસૂરિનું સ્વર્ગગમન :**

શ્રી આર્યરક્ષિતસૂરિ વિ. સં. ૧૨૩૬ માં સો વરસની વયે બનાસકાંઠાના બેણુપ નગરમાં સમાધિપૂર્વક દેવલોક સિધાવ્યા. તેમની વિદાયથી ભારતવર્ષે એક યુગપુરુષ ગુમાવ્યો અને જિનશાસને પોતાનો એક આધારસ્તંભ ગુમાવ્યો.

**ગચ્છસ્થાપના સંવત અંગે ખુલાસો :**

અહીં એક વાતનો નિર્દેશ કરવો અભીષ્ટ છે કે, તપાગચ્છની પટ્ટાવલિમાં વિધિપક્ષ (અંચલ) ગચ્છની સ્થાપના સં. ૧૨૧૩ માં બતાવવામાં આવી છે, તે સર્વથા અસ્વીકાર્ય છે. અનેક ઐતિહાસિક પ્રમાણોને આધારે એ નિર્વિવાદ સિદ્ધ છે કે, આ ગચ્છની સ્થાપના સં ૧૧૬૯ માં થયેલી છે બીજી વાત એ કે, અન્ય ગચ્છોએ આ ગચ્છનું ઉગ્ર ખંડન કરતા અનેક ગ્રંથો લખ્યા છે, પરંતુ આ ગચ્છના કોઈ આચાર્યે કે મુનિએ એકેય ખંડનાત્મક ગ્રંથ લખ્યો નથી. આ હકીકત આ ગચ્છની ગૌરવગાથા સૂચવે છે. વિરોધ કરવા કરતાં જિનાજ્ઞા મુજબ આગમના વિચારોનો સંમત આચાર સ્થાપ્યે જવો, એ આ ગચ્છના આચાર્યોનો વિશિષ્ટ ગુણ જૈનશાસનના ઇતિહાસમાં અવશ્ય નોંધપાત્ર છે.

'પ્રવચન પરીક્ષા' અપર નામ 'કુપક્ષ કૌશિક સહસ્રકિરણ' (રચના સમય: સં. ૧૬૨૯) નામનો ગ્રંથ પોતાના ગચ્છ સિવાય બીજા બધા ગચ્છોનું ખંડન કરતો ગ્રંથ છે. એના રચયિતા તપાગચ્છના ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી છે.

આ ગ્રંથમાં એવી તો ઉગ્રતાથી ખંડન કરાયું છે કે, જેથી સમગ્ર જૈન સંઘમાં તે વખતે અતિશય ઉગ્ર વિરોધ વ્યાપી ગયો હતો. આથી તપગચ્છનાયક શ્રી વિજયદાનસૂરિએ ઉપરોક્ત ગ્રંથને જળશરણ કર્યો અને અમાન્ય ઠરાવ્યો. ઉ. ધર્મસાગરજીને જૈન સંઘમાંથી બહિષ્કૃત કરવામાં આવ્યા, અને તેમને ક્ષમા માગવી પડી. ઉપાધ્યાય ધર્મસાગરજીના આવા ખંડનાત્મક વલણથી ખુદ તપગચ્છમાં પણ આણંદસૂર અને દેવસૂર એવા બે વિભાગ પડી ગયા. અંતે શ્રી હીરવિજયસૂરિજીએ આજ્ઞાઓ અને બોલો ફરમાવી પરિસ્થિતિમાં સુધારો આણ્યો. (આની વિશેષ હકીકત માટે જુઓ 'પ્રાચીન રાસ સંગ્રહ' તેમ જ 'અંચલગચ્છ દિગ્દર્શન' પૃ. ૫૫.)

**આર્યરક્ષિતસૂરિની નવમી જન્મ શતાબ્દી નિમિત્તે :**

અહીં જે વિધિપક્ષ (અચલ) ગચ્છ પ્રવર્તક પૂ. દાદાશ્રી આર્યરક્ષિતસૂરિનું જીવનચરિત્ર આલેખાયું છે. એ પૂજ્યશ્રીના જન્મને વિ. સ. ૨૦૩૫ માં નવસો વરસ અને સ્વર્ગવાસને આઠસો વરસ પૂર્ણ થતાં તેમની સ્મૃતિ નિમિત્તે તાજેતરમાં અનેકવિધ શાસનપ્રભાવનાનાં કાર્યો થવાં પામેલ છે, તથા તેમની સ્મૃતિમાં એક સચિત્ર સ્મૃતિગ્રંથ જે આપના હાથમાં છે, તે પણ ખાસ પ્રકાશિત કરવામાં આવ્યો છે.

વિદ્યમાન અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરિજી મ. સા. ના આદેશ મુજબ પૂ. યુગપ્રધાન દાદા શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. સા. ની નવમી જન્મ શતાબ્દી અને અષ્ટમ સ્વર્ગશતાબ્દી વર્ષની સ્મૃતિ પ્રસંગે ભારતભરમાં કચ્છ, ગુજરાત, રાજસ્થાન, મુંબઈ ઇત્યાદિ ગચ્છનાં મુખ્ય સ્થળોએ શ્રી જિનેશ્વર પરમાત્માની ભક્તિરૂપ ભવ્ય અષ્ટાહ્નિકા, પંચાહ્નિકા ઇત્યાદિ મહોત્સવો ઉજવવામાં આવ્યા હતા. તથા મુંબઈમાં પણ આજ નિમિત્તે શ્રી અનંતનાથ જિનાલય (ખારેક બજાર), શ્રી આદીશ્વર જિનાલય (ભાતબજાર) શ્રી ક. વી. ઓ. દેરાવાસી જૈન નવી મહાજનવાડી (ચિંચબંદર)માં એ વખત, લાલવાડી, ઘાટકોપર, મુલુંડ, લોઅર પરેલ, દાદર, માટુંગા, ગોરેગાંવ, મલાડ, સાંતાક્રુઝમાં શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જૈન તીર્થ, વાંદરા, શીવરી, ભાંડુપ અને ડોંબીવલી ઇત્યાદિ સ્થળોએ પણ ભવ્ય મહોત્સવો ઉજવવામાં આવ્યા.

એ જ વરસે પૂ. ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી મોટા આસંબીઆ (કચ્છ)ના શ્રદ્ધિ બાંધવો–શ્રી શામજી જખુભાઈ અને શ્રી મોરારજી જખુભાઈ ગાલાએ શ્રી શત્રુંજય મહાતીર્થની ૧૦૦૦ યાત્રિકોને ૧૦૦ દિવસો દરમ્યાન નવાણુ યાત્રા કરાવી હતી. તથા એ જ વરસે એટલે સં. ૨૦૩૬ના ફાગણ વદ ૬, ૭, ૮ (તા. ૭, ૮, ૯ માર્ચ ૧૯૮૦) ના અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.ની અધ્યક્ષતામાં શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર ચતુર્વિધ જૈન સંઘનું દ્વિતીય ભવ્ય અને ઐતિહાસિક અધિવેશન મુંબઈના ક્રોસ મેદાનમાં ખાસ તૈયાર કરાયેલ શ્રી આર્યરક્ષિત જૈનનગરમાં ભરાયું હતું. આ અધિવેશનમાં શ્રાવક–શ્રાવિકા

સંઘના પ્રમુખ સંઘરત્ન સંઘવી શ્રી વિશનજી લખમશી સાવલા હતા અને સ્વાગત-પ્રમુખ સમાજરત્ન શ્રી ઘમંડીહામ કેવલજી ગોવાણી હતા. ગચ્છના ઉત્કર્ષ માટે લગભગ એક કરોડ રૂપિયાનાં દાનનાં વચનો આ પ્રસંગે મળ્યાં હતાં અને ધાર્મિક ઠરાવો પાસ થયા હતા.

## ૪૮. અનેક લક્ષ ક્ષત્રિય પ્રતિબોધક **શ્રી જયસિંહસૂરિ :**

### જેસિંગકુમારનો જન્મ :

કોંકણ દેશમાં સોપારા નામના નગરમાં ઓસવાળ જ્ઞાતિના કોટ્યાધિપતિ 'દ્રોણ' (દાહડ) નામના શેઠ રહેતા હતા. તેમને શીલથી વિભૂષિત 'દેઢી' નામે પત્ની હતી. એક સમયે દેઢીને એવું સ્વપ્ન આવ્યું કે, સ્વપ્નમાં પોતે જિનમંદિર ઉપર સોનાનો કળશ ચડાવે છે. બીજે દિવસે તે નગરમાં વલ્લભી ગચ્છના શ્રી ભાનુપ્રભસૂરિ પધાર્યા. શેઠાણીએ પોતાના સ્વપ્નની વાત તેમને કહી. સૂરિજીએ કહ્યું : 'તમને જિનશાસનનો ઉદ્યોત કરનાર મનોહર સુપુત્ર થશે.'

સં. ૧૧૭૯ માં ચૈત્ર સુદ ૯ ના માતા દેઢીએ રૂપવાન અને મનોહર પુત્રનો જન્મ આપ્યો. સ્વપ્નને અનુસારે તે બાળકનું નામ 'જિનકલશ' રાખવામાં આવ્યું, પણ બહુધા તે જેસિંગકુમારના નામે પ્રસિદ્ધ થયો. જેસિંગકુમાર બાલવયથી જ ખૂબ બુદ્ધિશાળી હતો.

### વૈરાગી જેસિંગકુમારનું તીર્થયાત્રાએ જવું :

એક વખત તે નગરમાં આચાર્યશ્રી કક્કસૂરિજી પધાર્યા. માતાપિતાની સાથે જેસિંગ-કુમાર પણ વ્યાખ્યાન સાંભળવા ગયો. જંબૂચરિત્ર સાંભળીને જેસિંગકુમારને વૈરાગ્ય વ્યાપ્યો અને તેને દીક્ષા લેવાની ખૂબ તીવ્ર અભિલાષા જાગી. પોતાના અંતરની અભિલાષા તેણે માતપિતાને જણાવી અને માબાપે સંમતિ આપી. એ પછી તેઓ (જેસિંગકુમાર) તીર્થયાત્રાએ નીકળ્યા. ખંભાત, ભરુચ ઇત્યાદિ સ્થળોની યાત્રા કરતા કરતા તેઓ અણહિલ-પુર પાટણમાં આવ્યા. દ્રોણ શ્રેષ્ઠીએ એક લાખ ટંકની કિંમતનો હીરાજડિત સુવર્ણનો હાર મહારાજા સિદ્ધરાજ જયસિંહદેવને ભેટ આપ્યો. રાજાએ તેમને પાટણ આવવાનું પૂછ્યું, ત્યારે દ્રોણે પોતાની હકીકત જણાવતાં કહ્યું : 'અમારા આ બાળકને દીક્ષા લેવાની ઇચ્છા છે.' આ સાંભળીને આર્યરક્ષિતસૂરિના પરિચયમાં આવેલા અને તેમની ચમત્કાર ભરેલી શક્તિને જાણનારા રાજાએ દ્રોણ શેઠને કહ્યું :' 'તમે થરાદ જાઓ. ત્યાં મહાત્યાગી વિધિપક્ષ-ગચ્છના તિલક શ્રી આર્યરક્ષિતસૂરિ બિરાજમાન છે. તમારા આ બાળકને તેમની પાસે દીક્ષા અપાવજો.'

આ અંગે 'ગચ્છનાયક ગુરુરાસ'માં આ પ્રકારનો ઉલ્લેખ છે :

'અણહિલ વાડઇ રાઉ સિદ્ધનરેસરુ ભટીયઉ એ ॥ ૪૪ ॥

માગીઉ રાજાદેસુ ચાલીઉ ગજ જિમ ગાજતઉ એ ।
થારાઉદ્રિઈ પ્રવેશ સુકરઈ કુમરુ જયસિંહુ તહિં ॥ ૪૫ ॥
'વસ્તુ' તત્થ આવિઉ આવીઉ કુમર જય સિંહ મિતિહિં સિઉં ।
આસધરિય ધરિય ભાવુ પોસાલ પત્તઉ ॥ ૪૬ ॥

(અર્થાત્ પોતાના મિત્રો આસધર આદિની સાથે રાજાની સૂચનાથી જયસિંહ (જેસિંગ) થરાદ આવ્યો અને પૌષધશાળામાં પહોંચી ગયો.)

**થોડી જ વારમાં દશવૈકાલિક સૂત્ર કંઠસ્થ :**

થિરપટ્ટમ્મિ સમેઓ ગુરુરહિય ઉવસ્સ એ પવિટ્ઠો ય ।
સિંહાસણમ્મિ દસકાલિયસ્સ પુત્થી પવાએઈ ॥ ૯૬ ॥
ઈગવારેણ ય વાયણપુવ્વં ઇગસંધિ લદ્ધિ બુદ્ધિઓ ।
આવડિય સયલસુત્તં નાણાવરણકમ્મક્ખઓવસમે ॥ ૯૭ ॥

જેસિંગકુમાર ઉપાશ્રયમાં ગયો, ત્યારે શ્રી આર્યરક્ષિતસૂરિ જિનચૈત્યમાં દેવદર્શને ગયા હતા. તેથી તે ત્યાં બેઠો અને ગુરુની રાહ જોવા લાગ્યો. ત્યાં જેસિંગની દૃષ્ટિ ઠવણી ઉપર પડેલા શ્રી દશવૈકાલિક સૂત્ર પર પડી. તે સૂત્ર હાથમાં લઈને તે વાંચવા લાગ્યો. તે આગમની સાતસો ગાથાઓ ફક્ત એક જ વખત વાંચી જવાની તેને કંઠસ્થ થઈ ગઈ. ત્યાં તો શ્રી આર્યરક્ષિતસૂરિ પણ પધાર્યા. બાળકની એકાગ્રતા અને સ્વાધ્યાયપ્રેમ જોઈ સૂરિજી આશ્ચર્યચકિત થયા. શ્રી આર્યરક્ષિતસૂરિના દર્શનથી જેસિંગકુમારને પણ અપૂર્વ આનંદ થયો. જેસિંગે સૂરિજી સમક્ષ દીક્ષા લેવાની પોતાની ભાવના જણાવી. અઢાર વરસના ચળકતા લલાટવાળા આ યુવાન કુમારને વૈરાગ્યયુકત જોઈને શ્રી આર્યરક્ષિતસૂરિ પણ હર્ષ પામ્યા. સં. ૧૧૯૭ માં થરાદમાં જેસિંગનો ભવ્ય દીક્ષામહોત્સવ ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે દ્રોણ શ્રેષ્ઠીએ થરાદમાં સ્વામીવાત્સલ્ય તથા જિનપૂજા ઇત્યાદિ મહોત્સવમાં બે લાખ ટંકનો ખર્ચ કર્યો. જેસિંગકુમારનું 'યશશ્ચંદ્ર મુનિ' નામ રાખવામાં આવ્યું. મોટી પટ્ટાવલીમાં તે વર્ણન છે. સં. ૧૧૯૩ માં જેસિંગની દીક્ષા થઈ. સં. ૧૧૯૭ માં ઉપાધ્યાય પદવી થઈ.

**શ્રી જયસિંહ મુનિની ઉત્તરોત્તર ઉન્નતિ :**

નવદીક્ષિત યુવાન મુનિની દેહકાંતિ અદ્ભુત હતી. સોળ અંગુલ લાંબો, સાત અંગુલ પહોળો, જાણે કુંકુમના તિલકવાળો ન હોય એવો ઉત્તમ લક્ષણોથી યુકત એમનો લલાટપ્રદેશ હતો. તેમની બુદ્ધિ અદ્ભુત હતી. દીક્ષા લીધા પછી ત્રણ જ વરસમાં ત્રણ કરોડ શ્લોક પરિમાણના ગ્રંથોને તેઓએ જીભને ટેરવે રમતા કરી દીધા હતા. તેઓ વ્યાકરણ, ન્યાય, અલંકાર, છંદ, સાહિત્ય, કાવ્ય અને આગમ આદિમાં પ્રકાંડ વિદ્વાન

બન્યા. મોટી પટ્ટાવલીથી જાણી શકાય છે કે, તેઓ એવી પ્રૌઢ પ્રતિભાથી યુક્ત હતા કે ગુરુએ તેમને પાંચ જ વરસમાં ઉપાધ્યાય પદ આપીને પોતાથી અલગ વિહારો કરવાની આજ્ઞા આપી હતી. તેઓ પ્રકાંડ વિદ્વાન હોવાથી વાદોમાં પણ અનેક વાદીઓને પરાજિત કરી દેતા હતા. આથી પ્રસન્ન થઈ રાજા સિદ્ધરાજ જયસિંહે તેમને 'યુગપ્રધાન' પદ આપ્યું હતું. એવું વર્ણન મોટી પટ્ટાવલીમાંથી પ્રાપ્ત થાય છે.

**સૂરિપદની પ્રાપ્તિ :**

સં. ૧૨૦૨ માં પાવાગઢ તીર્થ નજીકના મંદોરપુરમાં ત્યાંના સંઘે તેમને સૂરિપદથી અલંકૃત કર્યા, ત્યારથી તેઓ શ્રી જયસિંહસૂરિ તરીકે ખ્યાતિ પામ્યા. આ પ્રસંગે ચંદ્રગચ્છી શ્રી રામદેવસૂરિ ઇત્યાદિની ઉપસ્થિતિ હતી. સૂરિપદ પ્રસંગે રામદેવસૂરિના ભક્ત રાઉલચંદ્ર શ્રેષ્ઠીએ પુષ્કળ ધન ખરચીને અનેરો લહાવો લીધો હતો. સાથે સાથે વડોદરા, ખંભાત અને નાહપા આદિના સંઘોએ પણ લાભ લીધો હતો.

**શુદ્ધસંયમી શ્રી જયસિંહસૂરિ :**

જિનશાસનની પ્રભાવના માટે અને ચારિત્રની શુદ્ધિ માટે શ્રી જયસિંહસૂરિ ઉગ્ર વિહારો કરતા. તેઓ પ્રાયઃ ગામડામાં એક રાત અને નગરમાં પાંચ રાત રહેતા. તેમની ચારિત્રનિષ્ઠા અને અપરિગ્રહિતા જોઈને સિદ્ધરાજ જયસિંહ વિસ્મય પામ્યો હતો અને પોતાની સભામાં તેમની પ્રશંસા કરતો હતો.

**શ્રી જયસિંહસૂરિ અને કુમારપાળ રાજાનો સમાગમ :**

સિદ્ધરાજ જયસિંહના મૃત્યુ બાદ કુમારપાળ રાજા સં. ૧૧૯૯ માં ગુજરાતનો રાજા બન્યો હતો. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીના સદુપદેશથી કુમારપાળ ઉત્કૃષ્ટ શ્રાવક (પરમાર્હત) બન્યો હતો. આ કુમારપાળ મહારાજા પણ શ્રી જયસિંહસૂરના સમાગમમાં આવ્યો હતો.

**પાટણમાં સાલવી દિગંબરોનું આવાગમન :**

એકદા મહારાજા કુમારપાળ જિનપૂજા કરતા હતા. આ વખતે કાપડના કેટલાક જૈન વેપારીઓ પણ જિનમંદિરમાં દર્શન કરવા આવ્યા. તેમણે મહારાજાને કહ્યું : 'રાજન્! આપનું પીતાંબર પવિત્ર નથી.' રાજાએ તેનું કારણ પૂછ્યું, ત્યારે તેમણે કહ્યુ :, 'હે રાજન ! આ પીતાંબર અમારા નગરમાં બનેલું છે. અમારા નગરનો રાજા બધાં જ વસ્ત્રોને પહેલાં પોતાની શય્યામાં મુકાવે છે. ત્યાર બાદ જ વસ્ત્રોની નિકાસ થાય છે.' આથી રાજાએ મુંગણી પટ્ટણમાં પોતાના ગુપ્તચરો મોકલીને આ વાતની ખાતરી કરી લીધી. આથી તેણે મુંગણી પટ્ટણના વણકરોને સિદ્ધપુર પાટણમાં વસવાટ કરવાને આમંત્રણ આપ્યું. એટલે તેમને રાજ્ય તરફથી કેટલીક સગવડો પણ આપી. આ વણકરોએ એવી શરત કરી કે, અમારી

સમગ્ર સાલવી જ્ઞાતિ અને અમારા ઇષ્ટદેવની મૂર્તિઓ તથા અમારા ગુરુ છત્રસેન ભટ્ટારકને પણ સાથે લાવીશું. રાજાએ આ શરત કબૂલ રાખી. આ રીતે સાલવી જ્ઞાતિએ પાટણમાં આવીને વસવાટ કર્યો. આ સાલવીઓની વસ્તીથી પાટણમાં સાત પુરા થયા. તે આજે પણ 'સાલવી પાડા' તરીકે પ્રસિદ્ધ છે.

**વાદમાં વિજય મેળવવા શ્રી જયસિંહસૂરિને નિમંત્રણ :**

આ સાલવીઓ દિગંબર જૈન હતા. તેઓ પોતાની સમાચારી મુજબ રાત્રિપૂજા કરતા. રાજા કુમારપાળને થયું કે, આ સાલવીઓ જો શ્વેતાંબર જૈન બની જાય તો સારું. શ્રી હેમચંદ્રસૂરિ સાથે આ બાબત અંગે વિચારણા કરતાં સૂરિજીએ કહ્યું : 'વિધિપક્ષ(અચલ)ગચ્છના જયસિંહસૂરિ મહાપ્રભાવક છે, તેમ જ આ દિગંબરાચાર્ય છત્રસેન ભટ્ટારકને ઘટ સરસ્વતી સિદ્ધ છે શ્રી જયસિંહસૂરિ મંત્રતંત્રના જાણકાર છે. હાલ તેઓ ખંભાતની આસપાસના પ્રદેશમાં વિચરી રહ્યા છે. તેમને તેડી લાવો. તેઓ સમર્થ છે અને આ દિગંબર આચાર્યને જીતીને શ્વેતાંબર બનાવી શકશે. આ સાંભળી મહારાજા કુમારપાળે પોતાના મંત્રી દ્વારા પાટણ પધારવા જયસિંહસૂરિને આમંત્રણ મોકલ્યું.

**જયસિંહસૂરિ અને દિગંબરાચાર્યનો વાદ :**

શાસન પ્રભાવનાનું કાર્ય જાણી શ્રી જયસિંહસૂરિ પાટણ પધાર્યા અને રાજાએ તેમને વિનંતિ કરી : 'વાદમાં છત્રસેન આચાર્યને આપ જીતો.' ત્યારે જયસિંહસૂરિએ કહ્યું : 'અમારાથી રાજદરબારમાં અવાય નહિ. આથી તેઓને અહીં તેડાવો અને તમે પણ હાજર રહો.' પછી રાજાએ દિગંબરાચાર્યને તેડાવ્યા અને વાદ અંગે નિર્ણય થયો. વાદની પૂર્વ શરત એવી હતી કે, જે હારે તે પોતાના શિષ્યો સહિત જીતનારનો શિષ્ય બની જાય. બંને આચાર્યોએ આ શરતને મંજૂરી આપી. બન્ને વચ્ચે વાદ ચાલ્યો. છત્રસેને પડદો બંધાવી કુંભની સ્થાપના કરી, ઘટસરસ્વતી કુંભમાં સ્થાપી અને તે કુંભ પાસે બેસી તેણે વાદ શરૂ કર્યો. એટલે ઘટસરસ્વતી વાદ કરે અને શ્રી જયસિંહસૂરિ તેના પ્રત્યુત્તરો આપે. દરરોજ સવા પહોર પર્યંત વાદ ચાલે. આ રીતે છ દિવસો પસાર થઈ ગયા. ત્યારે રાજાએ કહ્યું : 'હે પૂજ્ય ! હવે જલદી જીતી લ્યો.' એટલે સાતમે દિવસે શ્રી જયસિંહસૂરિએ પોતાના શિષ્યને શીખવીને ઘટ ફોડાવી નંખાવ્યો. પછી એક જ પ્રશ્નમાં તે છત્રસેન દિંગબરાચાર્યને જીતી લીધો. આ વિજયથી પાટણના જૈનો અને મહારાજા આનંદ પામ્યા. જૈનશાસનનો જયજયકાર થયો. છત્રસેન ભટ્ટારક પોતાના શિષ્યો સહિત શ્રી જયસિંહસૂરિના શિષ્ય બન્યા. બધા સાલવીઓ પણ શ્વેતાંબર બની ગયા. તેમની દિગંબરની શ્રી નેમિનાથજીની પ્રતિમાને કણદોરો (કંદોરો) કરાવી, શ્વેતાંબરી બનાવી ત્રીસેરીના જિનાલયમાં પધરાવવામાં આવી.

તે જિનાલય આજે પણ વિદ્યમાન છે. આ સાલવીઓ જયસિંહસૂરિના પરમ ભક્ત હતા અને અચલગચ્છના અનુયાયીઓ હતા.

**વાદીવિજેતા શ્રી જયસિંહસૂરિ :**

મોટી પટ્ટાવલીમાં વર્ણન છે કે, ઉક્ત વાદ પ્રસંગે શ્રી હેમચંદ્રસૂરિ, શ્રી દેવસૂરિ ઇત્યાદિ પણ હાજર હતા. દિગંબરાચાર્યને જીતવા બદલ કુમારપાળ રાજાએ શ્રી જયસિંહ-સૂરિજીને 'વિજયપત્રિકા' પણ લખી આપી હતી. છત્રસેન ભટ્ટારકે વિધિપૂર્વક જયસિંહસૂરિ પાસે દીક્ષા સ્વીકારી અને તેમનું નામ 'છત્રહર્ષ' રાખવામાં આવ્યું હતું. ત્યારથી અચલગચ્છમાં હર્ષ શાખાનો પ્રારંભ થયો. ઉપરોક્ત ઘટના સં. ૧૨૧૭ માં બની હતી. તે વરસે રાજા કુમારપાળે શ્રી જયસિંહસૂરિજીને અતિ આગ્રહપૂર્વક પાટણમાં ચાતુર્માસ પણ કરાવ્યું હતું.

**શ્રી તારંગાજી તીર્થની પ્રથમ યાત્રા :**

ચાતુર્માસ બાદ કુમારપાળ રાજાના આગ્રહથી શ્રી જયસિંહસૂરિએ તારંગા તીર્થ તરફ વિહાર કર્યો. કુમારપાળ રાજાએ કરાવેલા ભવ્ય જીર્ણોદ્ધાર બાદ તરત જ શ્રી જયસિંહ-સૂરિએ આ તીર્થની સર્વ પ્રથમ યાત્રા કરી હતી. તીર્થનું વિશાળ અને ભવ્ય જિનમંદિર જોઈ શ્રી જયસિંહસૂરિ આનંદ પામ્યા. ત્યાં તેમણે અલ્પ દિવસો સુધી સ્થિરતા પણ કરી.

**શાસન-પ્રભાવનાનાં કાર્યો :**

ત્યાર પછી તેમના ઉપદેશથી દેહલ શ્રેષ્ઠીએ શત્રુંજય તીર્થનો સંઘ કાઢયો હતો. આ સંઘમાં શ્રી જયસિંહસૂરિ નિશ્રાદાતા હતા. શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી તેઓ ખંભાત પધાર્યા. અહીં તેમના ઉપદેશથી સાંગણ શેઠે જ્ઞાનપંચમી ઉજમણામાં ત્રણ લાખ ટંક ખર્ચી જિનાગમો લખાવ્યાં. વળી સૂરિજી તે શેઠના આગ્રહથી ખંભાતમાં ચાતુર્માસ રહ્યા. તે પછી તેમણે ગિરનાર તીર્થની યાત્રા કરી. ત્યાંથી તેઓ પ્રભાસપાટણ પધાર્યા. ત્યાંના નિવાસી મંત્રી અંબાક શ્રેષ્ઠીએ શ્રી જયસિંહસૂરિજીના ઉપદેશથી તીર્થરૂપ શ્રી ચંદ્રપ્રભ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ત્યાં ચાતુર્માસ કરી તેઓ કચ્છ પધાર્યા. અચલગચ્છના આચાર્યોમાં કચ્છ પધારનાર તેઓ પ્રથમ હતા. કચ્છમાં કેટલાંક વરસો રહીને તેઓ વાગડ (વાયટ) વિભાગમાં પણ વિચર્યા હતા. ત્યાં તેઓએ ધર્મોપદેશ આપી અનેક જૈનેતરોને જૈન બનાવ્યા.

વહીવંચાની નોંધ દ્વારા જાણવા મળે છે કે, ભદ્રેશ્વરની પ્રતિષ્ઠા શ્રી આર્યરક્ષિતસૂરિએ કરેલી. શ્રી જયસિંહસૂરિએ કચ્છના વિહાર દરમ્યાન ભદ્રેશ્વર તીર્થના જીર્ણોદ્ધાર અંગે પ્રેરણા આપી હોય તેવો સંભવ છે.

**રાજા અનંતસિંહ રાઠોડ સાથે સંપર્ક :**

સં. ૧૨૦૮ માં જયસિંહસૂરિજી વિહાર કરતા હસ્તિતુંડ નગરમાં પધાર્યા. તે

નગરમાં અનંતસિંહ રાઠોડ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે જલોદર નામના જીવલેણ રોગથી પીડાતો હતો. નગરમાં પ્રભાવક આચાર્યશ્રીને પધારેલા જાણી રાણીએ દાસી દ્વારા સૂરિજીને કહેણ મોકલ્યું. જવાબમાં સૂરિજીએ કહી મોકલાવ્યું : 'રાજા જો જૈન ધર્મનો સ્વીકાર કરે, તો રોગ દૂર કરવાનો ઉપાય બતાવીશું.' આ સાંભળી જીવિતથી કંટાળેલા રાજાએ તેમ કરવાનું મંજૂર રાખ્યું. બીજે દિવસે રાણી પોતાના સ્વામીને પાલખીમાં બેસાડી સૂરિજી પાસે ગઈ, ત્યારે સૂરિજીએ પ્રાસુક જલ મંગાવી, મંત્રથી મંત્રીને રાજાને આપ્યું. તે પાણીનો રાજાના પેટ પર લેપ કરવાથી તેનો ભયંકર વ્યાધિ મટી ગયો.

**હત્થુડીઆ રાઠોડ અને સંઘોઈ ગોત્ર :**

નીરોગી બનેલા રાજાએ પરિવારની સાથે જૈન ધર્મનો સ્વીકાર કર્યો, તેમ જ સમ્યક્ત્વ સહિત શ્રાવકનાં બાર વ્રતો સ્વીકાર્યાં. ગુરુના ઉપદેશથી રાજાને ઓસવાળ જ્ઞાતિમાં દાખલ કરવામાં આવ્યા. તે રાજાના વંશજો 'હત્થુડીઆ રાઠોડ' ગોત્રથી પ્રસિદ્ધ થયા. આ વંશજો-માંથી આગળ જતાં 'સંઘોઈ' એવી પેટા શાખા પણ નીકળેલી છે.

**રાજા સોમચંદને પ્રતિબોધ અને ગાલા ગોત્ર :**

મારવાડ અંતર્ગત નગર કોટડામાં યદુવંશીય સોમચંદ નામે રાજા રાજ્ય કરતો હતો. તેની પાસે પાંચ હજાર સુભટોનું સૈન્ય હતું. પણ તે પોતાના સૈન્ય દ્વારા લૂંટફાટ કરતો. સં. ૧૨૧૧ માં શ્રી જયસિંહસૂરિ પોતાના ૫૦૦ શિષ્યો સાથે ઉમરકોટથી જેસલમેર તરફ જઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાં સોમચંદ રાજા તેમને મળ્યો. સોમચંદે સૂરિજીને કહ્યું કે 'તમારી પાસે જે કાંઈ હોય તે આપી દો.' પણ સૂરિજી અને સાધુઓ પાસે તો પાતરાં અને સાધુજીવનનાં ઉપકરણો સિવાય કાંઈ જ ન હતું. મોટી પટ્ટાવલિમાં વર્ણન છે કે, તે સોમચંદ શ્રી જયસિંહસૂરિજીના પ્રભાવથી સ્થંભિત થઈ ગયો. તેની માતા સરૂપદેવી અપર નામ મિણલદેવીએ સૂરિજી પાસે ક્ષમા યાચી. ત્યારે સૂરિજીએ કહ્યું : 'તે જૈન ધર્મ સ્વીકારે અને લૂંટફાટ ન કરવાની પ્રતિજ્ઞા લે, તો તેને સ્તંભનમાંથી મુક્ત કરી શકાશે.' આ વાતમાં પારકરનો રાણો ચાંદો પણ સાક્ષી બન્યો, એટલે સોમચંદને મુક્ત કરવામાં આવ્યો. એ પછી આચાર્ય પોતાના પરિવાર સહ જેસલમેર વિહાર કરી ગયા. હવે સોમચંદના હૃદયનું પરિવર્તન થયું. તે સૂરિજીને વાંદવા કુટુંબને સાથે લઈને જેસલમેર ગયો. ત્યાં તેણે જૈન ધર્મ સ્વીકાર્યો. તેને ગુરુના ઉપદેશથી ઓસવાળ જ્ઞાતિમાં ભેળવી દેવામાં આવ્યો. સોમચંદે કોટડા નગરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ભવ્ય જિનાલય અને પોતાની ગોત્રદેવી વિસલમાતાનું મંદિર બંધાવ્યું તથા સવા મણ સોનાની શાંતિનાથ પ્રભુની મૂર્તિ ભરાવી. આ બધામાં તેણે પાંચ લાખ ટંક દ્રવ્ય ખર્ચ્યું. સોમચંદનો પુત્ર

ગાલા થયો. મુસલમાનોએ કોટડાનો નાશ કર્યો, ત્યારે ગાલા સિંધમાં ગયો. તેના વંશજો 'ગાલા' ગોત્રથી પ્રસિદ્ધ થયા. સં. ૧૫૫૦ માં ગાલાના વંશજો કચ્છમાં આવીને વસ્યા.

**લોલડીઆ ગોત્ર :**

પાવાગઢ – ભાલેજ પાસેના નાપા ગામમાં વીસા શ્રીમાળી લુણિગે વિ. સં. ૧૨૨૦ માં શ્રી જયસિંહસૂરિના ઉપદેશથી જૈન ધર્મ સ્વીકાર્યો. આ લુણિગે ચંદ્રગચ્છીય શ્રી રામદેવસૂરિના સૂરિપદ પ્રસંગે એક લાખ ટંક દ્રવ્ય ખરચ્યું હતું લુણિગના વંશજો લોલાડામાં જઈ વસવાથી તેઓ 'લોલાડીઆ' ગોત્રથી પ્રસિધ્ધ થયા.

**મીઠડીઆ ગોત્ર :**

રત્નપુરના ભંડારી ગોદા શ્રેષ્ઠી મહેશ્વર સંપ્રદાયનો અનુયાયી હતો. તેણે શ્રી જયસિંહ-સૂરિના ઉપદેશથી સં. ૧૨૨૩ માં જૈન ધર્મ સ્વીકાર્યો. શ્રી જયસિંહસૂરિજીના ઉપદેશથી ગોદા શ્રેષ્ઠીએ શત્રુંજય અને ગિરનારના સંઘો કાઢ્યા. તેના વંશજો મહુડીમાં જઈને વસ્યા, તેથી તેઓ 'મીઠડીઆ' તરીકે પ્રસિદ્ધ થયા. ત્યાં નોડા શ્રેષ્ઠીએ જિનમંદિર બંધાવ્યું હતું.

**પડાઈયા–સુમણીઆ ગોત્ર :**

સં. ૧૨૨૪ માં શ્રી જયસિંહસૂરિ શંખેશ્વર તીર્થ પાસે આવેલા લોલાડા નગરમાં પધાર્યા. ત્યાં રાઠોડ જાતિના ફણુધર નામના ક્ષત્રિયને પ્રતિબોધી મિથ્યાત્વ છોડાવી સૂરિજીએ જૈનધર્મી બનાવ્યો. તેને સપરિવાર ઓસવાળ જ્ઞાતિમાં ભેળવ્યો, ત્યારથી ફણુધરના વંશજો 'પડાઈયા' ગોત્રથી પ્રસિદ્ધ થયા. હાલમાં આ ગોત્રના વંશજો બાડમેર ઈત્યાદિ પ્રદેશમાં વસે છે. આ ગોત્રના સમરશીએ સં. ૧૪૫૨ માં લોલાડામાં શ્રી શાંતિનાથ ભગવાનનું જિનાલય બંધાવી પ્રતિષ્ઠા કરાવી હતી. આ વંશમાં થયેલ સાચોરના સાદા શેઠથી 'સુમણીઆ' ગોત્ર પ્રસિદ્ધિમાં આવ્યું.

**નાગડા ગોત્ર :**

સં. ૧૨૨૫ માં શ્રી જયસિંહસૂરિ જેસલમેર પધાર્યા. સંઘના આગ્રહથી ત્યાં ચાતુર્માસ કરી તેઓ પારકર દેશ (સિંધ) માં પધાર્યા. તે દેશના ઉમરકોટમાં સૂરિજી પધાર્યા, ત્યારે પરમાર જ્ઞાતીય મોહણસિંહ તેમનો ઉપદેશ સાંભળી અત્યંત પ્રભાવિત થયો. સં. ૧૨૨૮ માં મોહણસિંહે શ્રી જયસિંહસૂરિના ઉપદેશથી જૈન ધર્મ સ્વીકાર્યો અને તેને ઓસવાળ જ્ઞાતિમાં સંમિલિત કરવામાં આવ્યો. આ મોહણસિંહના પાંચમા પુત્ર 'નાગ'ના નામ પરથી તેના વંશજો 'નાગડા' ગોત્રથી પ્રસિદ્ધ થયા. આ નાગડા ગોત્રમાં જામનગરમાં થયેલા શ્રેષ્ઠી શ્રી તેજશી શાહે જામનગરમાં શ્રી શાંતિનાથ પ્રભુનું વિશાળ જિનાલય બંધાવ્યું છે. તેમના પુત્ર રાજશી શાહ અને નેણશી શાહે તે જિનાલયને ફરતી બાવન દેરીઓ અને

ઉપરાઉપર ત્રણ ચૌમુખજી બાંધ્યા છે નાગડા વંશમાં થયેલા શેઠ મુંજા શાહે નગર પારકરમાં પાર્શ્વનાથ પ્રભુનું વિશાળ જિનાલય બંધાવ્યું. આ વંશમાં 'ચોરવાડીઆ' નામક ગોત્ર પણ થયેલું છે. 'ચોરવાડીઆ' અચલગચ્છીય શ્રાવકો હતા. તેઓ પછીથી પ્રભાસપાટણમાં આવી વસ્યા હતા, અને ઉદ્દેશીનો પરિવાર કચ્છમાં આવી વસ્યો હતો.

**શ્રી જયસિંહસૂરિ અચલ રહ્યા, માટે ગચ્છનું નામ 'અચલગચ્છ' :**

એક વાર કોઈ પરગચ્છના ઈર્ષાળુ શ્રાવકોએ રાજા કુમારપાળના કાન ભંભેર્યા : 'આપણે ભાદરવા સુદ ૪ ના દિવસે સાંવત્સરિક પર્વનું આરાધન કરીએ છીએ. પરંતુ આપણા નગરમાં કેટલાક સાધુઓ એવા છે કે, જેઓ ભાદરવા સુદ ૫ ના દિવસે સાંવત્સરિક પર્વ આરાધે છે. આવો ધર્મભેદ આ નગરમાં શોભે નહીં.' રાજાએ લાંબો વિચાર કર્યા વિના તરત જ આદેશ કર્યો : 'ભા. સુ. ૫ ને દિવસે સાંવત્સરિક પર્વની આરાધના કરનાર સાધુઓ આ નગરમાંથી વિહાર કરી અન્યત્ર ચાલ્યા જાય.'

રાજાનો આ સંદેશો મળતાં પાંચમના દિને સંવત્સરી કરનાર જુદા જુદા ગચ્છના સાધુઓ ત્યાંથી વિહાર કરી ગયા. આ વખતે શ્રી જયસિંહસૂરિ પણ પાટણમાં બિરાજમાન હતા. સૂરિજીએ એક શ્રદ્ધાળુ શ્રાવક દ્વારા રાજાને પુછાવ્યું : 'અમારા ગુરુ પાંચમના દિવસે સંવત્સરી કરી આરાધન કરે છે. હાલમાં તેઓ વ્યાખ્યાનમાં આવશ્યક સૂત્રના પ્રથમ નવકારમંત્રનું વિવેચન કરી રહ્યા છે. તે સંપૂર્ણ કરીને જાય કે અપૂર્ણ મૂકીને જાય ?' આ સંદેશથી રાજા સમજી ગયા કે શ્રી જયસિંહસૂરિ ગીતાર્થ છે અને મહાવાદી છે. કેવળ નવકારમંત્રનું વિવેચન પણ તેઓ બાર વર્ષે પણ પૂરું નહીં કરે. આમ વિચારી તે ઉપાશ્રયે ગયો અને જયસિંહસૂરિ પાસે તેણે ક્ષમા યાચી. આ પ્રસંગે શ્રી જયસિંહસૂરિ પોતાની સમાચારીમાંથી ચલિત ન થયા, પણ અચલ જ રહ્યા. આથી તેઓનો પરિવાર 'અચલગચ્છ' ના નામે પ્રસિદ્ધ થયો. આ ઘટના વિ. સં. ૧૨૨૮ લગભગમાં બની હતી.

શ્રાવક શ્રી ભીમશી માણેકે 'પ્રતિક્રમણ સૂત્ર'માં 'ગુરુપટ્ટાવલી' છપાવી છે. તેમાં પૃ. ૫૦૬ માં આ આખો પ્રસંગ આ પ્રમાણે છે :

' .. એવા અતિશયવાન શ્રી જયસિંહસૂરિ થયા. તે તિહાંથી વિહાર કરી ફરી પણ કાલાંતરે પીરાણ પાટણે આવી ચોમાસું રહ્યા. તિહાં હેમાચાર્ય કુમારપાલને પ્રતિબોધ્યો છે. તેથી કુમારપાલ રાજાને કહ્યું કે તમારા દેશમાં શ્રી જિનધર્મને વિષે બે માર્ગ શ્યા હોય ? જે માટે કેટલાક સાધુ તો ચોથનું પંજોસણ અને ચૌદશની પાખી માને અને કેટલાક સાધુ પંચમીની સંવત્સરી અને પૂનમે તથા અમાવાસ્યાની પાખી માને; માટે જે ચોથ-ચૌદશ ન માને તેને પાટણમાંથી કાઢવા જોઈએ. તે વારે રાજાયે પણ તેમ જ સર્વ ઉપાસરે કહેરાવી મોકલ્યું. તે વારે જે જે ગચ્છવાલા પાંચમ ને પૂનમ માનતા હતા તે સર્વ ગચ્છોના સાધુઓ ચાલી નીકળ્યા. પણ જેણે ચોથ-ચૌદશ માની

લીધી તે પાટણમાં રહ્યા. અને વિધિપક્ષગચ્છને ઉપાસરે રાજાના માણસ કહેવા આવ્યા. તે વારે જયસિંહસૂરિ કોઈક શ્રાવકને ઉપદેશ દેતા હતા. તેથી આચાર્યે કહ્યું કે રાજાને કહો કે આ ગાથાનો અર્થ પૂરો કરીને જઈયેં કે અધૂરો મૂકીને ચાલ્યા જઈયેં. તે વારે રાજાએ કહેવડાવ્યું કે સુખેંથી અર્થ પૂરો કરી આવો. પછી જયસિંહસૂરિ તે ગાથાનો અર્થ પ્રતિદિવસ નવો નવો કરી કહે. એવામાં હેમાચાર્યે ફરી કુમારપાલને કહેવડાવ્યું કે કોઈ ગચ્છના યતિ પંચમના માનનારા રહ્યા છે કે નથી રહ્યા ? તે વારેં રાજાએ કહ્યું બીજા તો સર્વ જતા રહ્યા પણ એક વિધિપક્ષ ગચ્છના આચાર્ય, યતિઓ સહિત ગાથાનો અર્થ પૂરો કરવા સારું રહ્યા છે. શ્રી હેમાચાર્યે કહ્યું, એ આચાર્યને ત્રણ કોટી ગ્રંથ મુખપાઠેં છે. માટે એ ગાથાનો અર્થ બાર વર્ષ સુધી પણ પૂરો કરશે નહીં. એવી રીતે ઈહાં આચાર્ય ચલ્યા નહીં તેથી **અચલગચ્છ** નામ થાપ્યું.'

**શ્રી જયસિંહસૂરિજીને મારવા રચાયેલ ષડ્યંત્ર નિષ્ફળ ગયું :**

એકદા શ્રી હેમચંદ્રસૂરિજીએ વાહક ગણિની સૂચનાથી જયસિંહસૂરિને કહ્યું : 'તમે બેણપ તટથી સમગ્ર સંઘ એકત્રિત કરી એક સમાચારી કરો.' શ્રી જયસિંહસૂરિએ પ્રત્યુત્તરમાં કહ્યું : 'સર્વ ગચ્છો એક થઈને નક્કી કરશે, તો અમે પણ તેમ જ કરીશું.' આવા જવાબથી વાહકગણિ વિચારવા લાગ્યા કે એથી તો આપણામાં જ વિરોધ જાગશે. જેથી વાહકગણિએ એક માણસને તૈયાર કરી એવી ઉદ્‌ઘોષણા કરવા કહ્યું : 'અચલગચ્છવાળા સંઘ બહાર છે.' તે માણસે તેમ કરવા હા પાડી અને તે ઉપરોક્ત ઉદ્‌ઘોષણા કરવા લાગ્યો. પણ તેણે ત્રણ વાર એમ ઉદ્‌ઘોષણા કરી : 'વિધિપક્ષ વિના બીજા સર્વે સંઘ બહાર છે.' ઉક્ત ઉદ્‌ઘોષણા કરનારને લાંચ આપવામાં આવી છે એમ કહીને જુદા જુદા માણસોને તૈયાર કરવામાં આવ્યા. પણ બધાએ એવી જ ઉદ્‌ઘોષણા કરી : 'વિધિપક્ષ વિના બીજા સંઘ બહાર છે.' આથી સૌ મૂંઝાયા. એમનામાં પરસ્પર ઘણો વિવાદ જાગ્યો. શ્રી જયસિંહસૂરિને મારવા બીજા પણ દુષ્ટ પ્રયત્નો કરવામાં આવ્યા. સૂરિજીને મારવા માટે બેણપ બંદરે લાઠીધારી માણસોને મોકલવામાં આવ્યા. તેઓ ત્યાં જઈ સૂરિજીને જીવરક્ષા માટે ઓઘાથી પીઠને પ્રમાર્જતા જોઈ, પરસ્પર લડવા માંડયા અને જમીન પર પડયા. અંતે તેઓ પર સૂરિજીનું ચરણામૃત છાંટવામાં આવ્યું અને તેઓ બચ્યા.

**શ્રી આર્યરક્ષિતસૂરિજીના ચરણોદકથી વ્યાધિ શમ્યો :**

આ ષડયંત્ર રચનાર વાહકગણિ પણ પાટણમાં શૂળના મહારોગથી પીડાવા લાગ્યા. **શ્રી હેમચંદ્રસૂરિજીએ તેમને પૂછ્યું** : 'તમે કોનો અપરાધ કર્યો છે ? ' ત્યારે વાહકગણિએ સત્ય હકીકત કહી બતાવી. તે વખતે શ્રી હેમચંદ્રસૂરિએ કહ્યું : 'શ્રી આર્યરક્ષિતસૂરિના ચરણોદક વિના આ વ્યાધિ મટે તેમ નથી.' તેથી તે પ્રકારનું જલ મંગાવીને વાહકગણિને નીરોગી કરવામાં આવ્યા.

(ઉક્ત પ્રસંગો 'લઘુશતપદી' તથા ભાવસાગરસૂરિ કૃત 'પટ્ટાવલી'માંથી પ્રાપ્ત થાય છે.)

**રાવજી સોલંકી અને કુંવર લાલણ સાથે સમાગમ તથા લાલન ગોત્ર :**

શ્રી જયસિંહસૂરિ સં. ૧૨૨૯ માં સિંધુ નદી પાસે આવેલા પીલુડા શહેરમાં પધાર્યા. ત્યાંના રાજા રાવજી સોલંકીનો બીજો કુંવર લાલણજી કોઢ રોગથી પીડાતો હતો. તે શ્રી જયસિંહસૂરિના સૂરિમંત્રના પ્રભાવથી નીરોગી થયો. તેથી તે રાજા જૈનધર્મી થયો અને તેને ઓશવાળ જ્ઞાતિમાં ભેળવી દેવામાં આવ્યો આ 'લાલણ' થી 'લાલન' ગોત્ર પ્રસિદ્ધિમાં આવ્યું. રાવજી ઠાકોરે તથા લાલને પીલુડામાં શ્રી શાંતિનાથ પ્રભુનું વિશાળ જિનાલય બંધાવ્યું શ્રી જયસિંહસૂરિજીએ તેની પ્રતિષ્ઠા કરી અને તે સાલ ત્યાં જ ચાતુર્માસ રહ્યા. આ વંશમાં નગરપારકરમાં જેસાજી નામના પ્રતાપી પુરુષ થઈ ગયા જામનગરમાં વર્ધમાન શાહ અને પદ્મસિંહ શાહે વિશાળ જિનાલયો બંધાવ્યાં. તે આજે પણ પ્રસિદ્ધ છે.

**સહસગણા, કટારીઆ, પોલડીઆ ગોત્રના આદ્યપુરુષોને પ્રતિબોધ :**

વિ. સં. ૧૨૩૧ માં ડીડુજ્ઞાતીય ચૌધરી બિહારીદાસે શ્રી જયસિંહસૂરિજીના ઉપદેશથી જૈન ધર્મ સ્વીકાર્યો, તે પછી તેના વંશજો 'સહસગણા ગાંધી' તરીકે ઓળખાયા. તથા વિ. સં. ૧૨૨૪૪ માં પુજવાડના રાઉત કટારમલે શ્રી જયસિંહસૂરિજીના ઉપદેશથી જૈન ધર્મ સ્વીકાર્યો. તેના વંશજો 'કટારીઆ' ગોત્રથી ઓળખાયા. શ્રી જયસિંહસૂરિના ઉપદેશથી કટારમલે હસ્તિતુંડ (હત્થુડીઆ) માં શ્રી મહાવીરપ્રભુનું વિશાળ જિનાલય બંધાવ્યું. કોટડાનો રાજસેન પ્રસિદ્ધ લૂંટારો હતો. સં. ૧૨૪૪ માં શ્રી જયસિંહના ઉપદેશથી લૂંટનો ધંધો તજીને તે જૈન બન્યો અને તેનો ઓશવાળ જ્ઞાતિમાં સમાવેશ થયો. તેના વંશજો 'પોલડીઆ' ગોત્રથી ઓળખાયા.

**દેવડ ચાવડાને પ્રતિબોધ અને દેઢીઆ ગોત્ર :**

શ્રી જયસિંહસૂરિ સં. ૧૨૫૫ માં ફરીથી જેસલમેર પધાર્યા. તે વખતે દેવડ ચાવડાએ સૂરિજીની પાસે જૈન ધર્મ સ્વીકાર્યો અને તે ઓશવાળ બન્યો. આ દેવડના પુત્ર ઝામરે એક લાખ સિત્તેર હજાર ટંક ખરચી આદિનાથ પ્રભુનું જિનાલય બંધાવ્યું. વસ્ત્રાદિની લહાણી કરી, કેદીઓને છોડાવ્યા. આ ઝામરનો પુત્ર 'દેઢીઆ' થયો. તેના વંશજો 'દેઢીઆ' ગોત્રથી પ્રસિદ્ધ થયા.

**નીસર, રાઠોડ અને છાજેડ ગોત્ર :**

ચરિત્રનાયકશ્રીએ સં. ૧૨૫૬ માં ચિત્તોડમાં રાઉત વીરદત્ત ચાવડાને પ્રતિબોધી જૈનધર્મી કર્યો. તેના વંશજો 'નીસર' ગોત્રથી ઓળખાયા. સં. ૧૨૫૭ માં શ્રી જયસિંહ-સૂરિજીના ઉપદેશથી નલવરગઢનો રાજા રણજિત રાઠોડ પ્રતિબોધ પામ્યો અને જૈન બન્યો. તેને ઓશવાળ જ્ઞાતિમાં મેળવી લેતાં તેના વંશજો 'રાઠોડ' ગોત્રથી પ્રસિદ્ધ થયા. સં. ૧૨૫૮ માં એ જ સૂરિવરના ઉપદેશથી બાડમેર પાસેના કોટડાના કેશવ રાઠોડે જૈન ધર્મ

સ્વીકાર્યો. તેના દત્તકપુત્ર છાજેલ પરથી તેના વંશજો 'છાજોડ' ગોત્રથી ઓળખાયા. આ રીતે હત્થુડીઆ, રાઠોડ, પડાઈયા, નાગડા, લાલન, ગાલા, દેઢીઆ, કટારીઆ, પોલડીઆ, નીસર, છાજોડ, લોલાડીઆ, મહુડીઆ, સહસ્રગણા ગાંધી ઇત્યાદિ અનેક ગોત્રોને પ્રતિબોધી શ્રી જયસિંહસૂરિજીએ આર્હત ધર્મનો ખૂબ ફેલાવો કર્યો. આ ગોત્રોના શ્રાવકોએ કાળ-સંયોગે સ્થાનાંતર કરવા છતાં પોતાના પ્રતિબોધક અચલગચ્છના આચાર્યોના સદુપદેશથી અનેક પ્રકારનાં શાસનોન્નતિનાં શુભ કાર્યો કર્યાં અને અચલગચ્છની સમાચારી દ્વારા જૈન ધર્મની આરાધના કરી.

**શ્રી શત્રુંજય તીર્થ પર અદ્ભુત દાદા જિનાલય નિર્માણ અને પ્રતિષ્ઠા :**

શ્રી આર્યરક્ષિતસૂરિજીએ રત્નપુરના હમીરજીને ઉપદેશ આપી જૈન બનાવ્યો. તેના પુત્ર સખતસંઘથી 'સહસ્રગણા ગાંધી' ગોત્ર પ્રસિદ્ધિમાં આવ્યું. શ્રી શત્રુંજય મહાતીર્થ પર આવેલ અદ્બુદજીની વિશાળ અને ભવ્ય પ્રતિમા સં. ૧૨૪૯ માં શ્રી જયસિંહસૂરિના ઉપદેશથી ભિન્નમાલ પાસેના રત્નપુરના રહેવાસી શ્રેષ્ઠી ગોવિંદ શાહ સહસ્રગણા ગાંધીએ પ્રસ્થાપિત કરેલ. આ પ્રમાણેનો એક લેખ ડૉ. ભાંડારકરને પ્રાપ્ત થયેલ તે આ મુજબ છે :

वि. १२४९ भिन्नमाल पार्श्वे रत्नपुरवासी सहस्रगणा गांधी अदबुदप्रतिमा शत्रुंजये अंचलगच्छे श्रीजयसिंहसूरिणा प्रस्थापिता।

શ્રી શત્રુંજય તીર્થ ઉપરના શ્રી અદ્બુદ દાદાના જિનાલયનો જીર્ણોદ્ધાર પણ વિ. સં. ૧૬૮૯ માં અચલગચ્છેશ શ્રી કલ્યાણસાગરસૂરિજીના વખતમાં થયેલો. જીર્ણોદ્ધાર કરાવનાર શ્રેષ્ઠી હતા દેવગિરિવાસી શ્રીમાલી ધર્મદાસ. શત્રુંજય મહાતીર્થની યાત્રા કરતા અનેક યાત્રિકો આ અદ્બુદ દાદાની ભવ્ય પ્રતિમાની પણ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક વંદનાદિ ભક્તિ કરી પાવન બને છે.

**કણોનીમાં પ્રતિષ્ઠા :**

શ્રી જયસિંહસૂરિજીના ઉપદેશથી સં. ૧૨૧૭ માં કણોની ગામના શ્રેષ્ઠી જસરાજે એક વિશાળ જિનાલય બંધાવેલું, તેમાં ચોવીસ તીર્થંકરદેવોની ભવ્ય પ્રતિમાઓ પણ પ્રતિષ્ઠિત કરાવેલી.

**ધર્મપ્રચારક શ્રી જયસિંહસૂરિ :**

ભારતનાં મુખ્ય શહેરો અને ગામડાંઓમાં ઉગ્ર વિહારો કરી શ્રી જયસિંહસૂરિજીએ ધર્મનો ખૂબ પ્રચાર કર્યો. શ્રી આર્યરક્ષિતસૂરિએ પ્રકાશેલ જિનાજ્ઞા સંમત સમાચારીનો બહોળો પ્રચાર શ્રી જયસિંહસૂરિએ કર્યો. આથી જ અચલગચ્છનો પાયો દૃઢ થયો અને શતાબ્દીઓ વીતી જવા છતાં આજ પર્યંત અચલ (વિધિપક્ષ) ગચ્છ ટકી શક્યો છે. અલબત્ત તેઓશ્રી પછી થયેલા પ્રભાવક આચાર્યોએ પણ પોતાનો ચિરસ્મરણીય હિસ્સો આપ્યો છે.

## પ્રાચીન ગ્રંથકારોની દૃષ્ટિએ શ્રી જયસિંહસૂરિ :

પ્રાચીન ગ્રંથકારોએ પોતાના ગ્રંથોમાં શ્રી જયસિંહસૂરિની ખૂબ પ્રશંસા કરી છે. પંદરમી સદીમાં થયેલા કવિચક્ર ચક્રવર્તી શ્રી જયશેખરસૂરિ 'ઉપદેશ ચિંતામણિ' ગ્રંથની પ્રશસ્તિમાં લખે છે કે, શ્રી સિદ્ધરાજ જયસિંહ રાજા, શ્રી જયસિંહસૂરિની નિઃસંગતા (અપરિગ્રહિતા)થી આશ્ચર્ય પામ્યો હતો અને પોતાની રાજસભામાં આનંદોર્મિઓ સહિત તે જયસિંહસૂરિની અતિશય પ્રશંસા કરતો હતો.

'શ્રી વર્ધમાન પદ્મસિંહ શ્રેષ્ઠી ચરિત્ર'માં આવું વર્ણન છે :

> ગચ્છે શ્રી વિધિપક્ષભૂષણનિભાઃ શ્રીસિદ્ધરાજાર્ચિતાઃ
> આચાર્યા જયસિંહસૂરિ મુનયઃ સંવેગરંગાંકિતાઃ ।
> વાદે નિર્જિતદિક્પટાઃ સુવિહિતાઃ શાસ્ત્રાંબુધેઃ પારગાઃ
> લક્ષક્ષત્રવિબોધકાઃ પરહિતાઃ કાલીપ્રસાદાઃ બભુઃ ॥

**અર્થાત્:** શ્રી વિધિપક્ષગચ્છમાં ભૂષણ રૂપ શ્રી જયસિંહસૂરિ સિદ્ધરાજથી પૂજાયેલા અને સંવેગ (વૈરાગ્ય) રંગથી રંગાયેલા હતા. તેઓએ વાદમાં દિગંબરાચાર્યોને પરાજિત કર્યા હતા. તેઓ સુવિહિત આચારના પાળનારા અને શાસ્ત્રસમુદ્રના પારગામી હતા. લાખો ક્ષત્રિયોના પ્રતિબોધક હતા. (એટલે તેઓએ લાખો ક્ષત્રિયોને બોધ આપી જૈન બનાવ્યા હતા.) તેઓ બીજાઓ પર ઉપકાર કરવામાં તત્પર હતા, તેમજ ગચ્છાધિષ્ઠાયિકા મહાકાલીદેવી તેમનું સાંનિધ્ય કરતી હતી.

શ્રી ચક્રેશ્વરી દેવી શ્રી જયસિંહસૂરિ પર પ્રસન્ન હતાં. (જુઓ 'ગુરુપટ્ટાવલી' પૃ. ૫૦૫). એકદા કોઈ દુર્મતિએ શ્રી જયસિંહસૂરિને જીવથી ઠાર મારી નાખવા માટે ઘણા માણસો મોકલ્યા. તેઓ ત્યાં આવ્યા, પણ તેમને ચક્રેશ્વરી દેવીએ થંભાવી દીધા. સર્વે મારાઓ મૂર્છા ખાઈને નીચે પડ્યા. તે જાણીને તેમનાં માતપિતા, ભાઈપ્રમુખ સર્વ સગાંવહાલાંઓ ત્યાં આવ્યા અને ગુરુના પગ ધોઈને ચરણોદક એ મારાઓ ઉપર છાંટ્યું ત્યારે તેઓ ભાનમાં આવ્યા અને બંધનમુક્ત થયા.

શ્રી જયસિંહસૂરિએ અનેક લાખ ક્ષત્રિયો, રજપૂતોને પ્રતિબોધી જૈનધર્માનુયાયી બનાવ્યા હતા, તે આપણે જોઈ ગયા. સફળ ધર્મોપદેશક હોવા ઉપરાંત તેઓ સફળ ટીકાકાર અને અદ્વિતીય ગ્રંથકાર પણ હતા. મોટી પટ્ટાવલી અનુસાર તેમણે રચેલ ગ્રંથોનાં નામ આ પ્રમાણે છે : (૧) કર્મગ્રંથ બૃહદ્વૃત્તિ, (૨) કમ્મપયડી ટીકા, (૩ કર્મગ્રંથ વિચાર ટિપ્પણ, (૪) કર્મવિપાક સૂત્ર, (૫) ઠાણાંગ ટીકા, (૬) જૈન તર્કવાર્તિક, (૭) ન્યાયમંજરી ટિપ્પણ, (૮) યુગાદિદેવચરિત્ર ઇત્યાદિ. આ ગ્રંથસૂચિ દ્વારા તેમની ન્યાય અને કર્મસાહિત્ય તેમ જ આગમ અંગેની વિદ્વત્તા અને સૂક્ષ્મ દૃષ્ટિની સમજ મળી રહે છે.

(આ ગ્રંથોની નોંધ જેસલમેરના જ્ઞાનભંડારની એક પ્રાચીન સૂચિમાંથી પ્રાપ્ત થાય છે, પણ આ ગ્રંથો હાલ ઉપલબ્ધ રહ્યા નથી.)

**સ્વર્ગગમન :**

અચલગચ્છના મહામેધાવી શ્રી જયસિંહસૂરિ વિ. સં. ૧૨૫૮ માં બેણુપ નગરમાં એંસી વર્ષની વયે સમાધિપૂર્વક દિવંગત થયા.

**૪૯. શતપદી ગ્રંથના રચયિતા શ્રી ધર્મઘોષસૂરિ :**

મારવાડ અંતર્ગત મહાવપુર નગરમાં શ્રીમાલી જ્ઞાતિના શ્રીચંદ નામના ધનિક શ્રેષ્ઠી રહેતા હતા. તેમની પત્નીનું નામ રાજલદે હતું. તેમને ત્યાં સં. ૧૨૦૮ માં ધનદત્ત-કુમારનો જન્મ થયો હતો. સં. ૧૨૧૬ માં આ ધમદત્તે શ્રી જયસિંહસૂરિ પાસે હરિવર નગરમાં ભાગવતી દીક્ષા સ્વીકારી હતી. ધનદત્તનું દીક્ષાનામ મુનિ 'ધર્મઘોષ' રાખવામાં આવ્યું. દીક્ષા બાદ મુનિ ધર્મઘોષે જ્ઞાનયજ્ઞ માંડયો. શ્રી આર્યરક્ષિતસૂરિ અને શ્રી જયસિંહ-સૂરિ જેવા મહાપ્રભાવક ગુરુવર્યોની છાયામાં તેમનું જીવનઘડતર થયું. તેઓ જિનાગમોના પ્રખર અભ્યાસી બન્યા. સં. ૧૨૩૪ માં ભટ્ટોહરિપુરમાં તેઓ સૂરિપદે આરૂઢ થયા. આ પ્રસંગે શ્રી જયસિંહસૂરિએ એકી સાથે વીશ શિષ્યોને સૂરિપદ આપ્યું હતું.

**શાકંભરીના નૃપતિને પ્રતિબોધ :**

શ્રી ધર્મઘોષસૂરિજીના ઉપદેશથી શાકંભરીનો રાજા પ્રથમરાજ પ્રતિબોધ પામ્યો. તે મદ્યપાન, શિકાર અને વ્યસનોથી મુક્ત થયો. શ્રી ધર્મઘોષસૂરિના ઉપદેશથી આ રાજા શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજીને પૂજતો થઈ ગયો અને જૈન બન્યો.

**બોહડસખા ગોત્ર :**

વિ. સં. ૧૨૪૬ માં શ્રી ધર્મઘોષસૂરિના ઉપદેશથી મારવાડના ખીમલી નગરમાં ડોડીયા જ્ઞાતિના રજપૂત રાઉત 'બોહડી'એ જૈન ધર્મ સ્વીકાર્યો. બોહડીથી 'બોહડસખા' કે, 'બહુલ ગોત્ર' ચાલ્યું. બોહડીએ તીર્થનો સંઘ કાઢયો હતો. મંત્રીઓથી બાંધવબેલડીએ એટલે મંત્રીશ્રી વસ્તુપાળ અને તેજપાળે આ બોહડીને 'સંઘનરેંદ્ર'નું બિરુદ આપ્યું હતું.

**અનેક મનુષ્યો અને બ્રાહ્મણોને પ્રતિબોધ :**

એકદા શ્રી ધર્મઘોષસૂરિ વિહાર કરતા ગંગા નદીને કિનારે મુકતેસર ગઢ પધાર્યા. તે વખતે એવી માન્યતા હતી કે, આ સ્થળે જે મનુષ્ય કરવત મુકાવીને પોતાના જીવનનો અંત આણે, તો બીજા ભવમાં તેને મનોવાંછિત વૈભવ મળે. શ્રી ધર્મઘોષસૂરિએ ત્યાં જીવનનો અંત આણવા આવેલા નાગર જ્ઞાતિના બ્રાહ્મણો ઇત્યાદિને ઉપદેશ આપ્યો, મનુષ્ય-જીવનની દુર્લભતા સમજાવી. આ ઉપદેશની જાદુઈ અસર થઈ. ત્યાં ઘણા લોકો પ્રતિબોધ

પામ્યા અને તેમણે જૈન ધર્મ સ્વીકાર્યો. આ લોકોમાંથી દિનકર ભટ્ટ તો આચાર્યનો પરમ ભક્ત બની ગયો.

**દુર્વાસનનો ચમત્કાર :**

આ પ્રતિબોધ વખતે લોકોએ ધર્મનો પ્રત્યક્ષ પ્રભાવ બતાવવા સૂરિજીને વિનંતિ કરી. આથી શ્રી ધર્મઘોષસૂરિજીએ ૧૦૮ કંબલો મંગાવી. તેના ઉપર પોતે પદ્માસન લગાવીને બેઠા. માળાનો એક મણકો ફેરવતા જાય, તેમ તેમ તેમના આસન નીચે એક એક કંબલ કાઢી લેવામાં આવી. આખી માળા પૂરી કરી એટલે છેલ્લી કંબલ પણ કાઢી લેવામાં આવી, પણ સૂરિજી તો હતા તેટલા ઊંચે આસને જ અવિચળ રહ્યા. આથી લોકોએ આવો અતિશય જોયો, એટલે સૂરિજીના ભક્ત બધા લોકોએ બધી કરવતોને નદીમાં પધરાવી દીધી. ત્યારથી કરવત મૂકવાની રીત બંધ પડી. દિનકર ભટ્ટ ઇત્યાદિએ જૈન ધર્મ સ્વીકાર્યો, એટલે નાગરી નાતે તેમને નાત બહાર કર્યા.

**દેવાણંદ, ભુલાણી, ચોથાણી વગેરે ઓડકો :**

શ્રી ધર્મઘોષસૂરિજીએ દિલ્હીના સંઘને એકત્ર કરી એવો નિર્ણય કરાવ્યો કે, જેમ ક્ષત્રિયો જૈન ધર્મ સ્વીકારતાં ઓસવાળ જ્ઞાતિમાં સ્થાન મેળવે છે, તેમ જૈન એવા બ્રાહ્મણોને પણ ઓસવાળ જ્ઞાતિમાં ભેળવી દેવા. સૂરિજીની આ વાતને સૌએ સંમતિ આપી. અલબત્ત બ્રાહ્મણ જ્ઞાતિના જૈન ધર્મ પામેલ મનુષ્યોને શ્રીમાળી જ્ઞાતિમાં પણ પ્રવેશ અપાયો હતો. ઉક્ત દિનકર ભટ્ટની ત્રીજી પેઢીમાં બાપાનંદના પુત્ર દેવાનંદની સંતતિમાં અગિયાર પુત્રો થયા. તેઓ સહુ દિલ્હી આવીને વસ્યા. દેવાનદ પરથી તેના વંશજો 'દેવાણંદ સખા' ઓડકથી પ્રસિદ્ધ થયા. એમાંથી ગોસલીઆ, ગોઠી, ચોથાણી, વીસલાણી, દેસલાણી, હીરાણી, ભુવાણી, કોકલીઆ, ભૂલાણી અને થાવરાણી ઇત્યાદિ ઓડકો થઈ.

**ચૌહાણ – ડોડીયાલેચા ગોત્ર :**

સં. ૧૨૬૫ માં શ્રી ધર્મઘોષસૂરિ જાલોર પધાર્યા. અહીં તેમના ઉપદેશથી ચૌહાણ વંશનો ભીમ નામે ક્ષત્રિય જૈનધર્માનુયાયી થયો. તેનાથી 'ચૌહાણ' ગોત્ર સ્થપાયું. આ ભીમે ડોડ ગામમાં સૂરિજીના ઉપદેશથી શ્રી વાસુપૂજ્ય સ્વામીનું વિશાળ જિન લય બંધાવ્યું. સં. ૧૨૬૬ માં ઉક્ત જિનાલયની પ્રતિષ્ઠા પણ શ્રી ધર્મઘોષસૂરિજીએ કરી. ડોડ ગામ પરથી ભીમના વંશજો 'ડોડિયાલેચા' ઓડકથી પ્રસિદ્ધ થયા. ચૌહાણ ગોત્રમાંથી ગોપાઉત, સુવર્ણગિરા, સંઘવી, પાલણપુરા અને સિંધલોરા ઇત્યાદિ ઓડકો થઈ છે.

**જાલોર પર ઉપકાર :**

જાલોરના વિહાર દરમ્યાન સુવર્ણગિરિ તીર્થ ઉપર શ્રી ધર્મઘોષસૂરિના ઉપદેશથી જિનાલયો બંધાયાં હશે, એવું અનુમાન અસ્થાને છે. જાલોર ઉપર શ્રી ધર્મઘોષસૂરિનો

અવર્ણનીય ઉપકાર છે. 'ગચ્છનાયક ગુરુ રાસ'માં આ રીતે ઉલ્લેખ પ્રાપ્ત થાય છે:

**જાલઉરી પડિબોહિય બિલ્હપમુહો ગણહરિધમ્મઘોષસૂરિ :**

અર્થાત્: બિલ્હ વગેરેને શ્રી ધર્મઘોષસૂરિએ પ્રતિબોધ પમાડેલો. બિલ્હ જાલોરનો પ્રતિભાશાળી શ્રેષ્ઠી પુંગવ હતો.

**હરિયા ગોત્ર, કારાણી, પેથાણી વગેરે ઓડકો :**

મહાપ્રભાવક શ્રી ધર્મઘોષસૂરિ વિ. સં. ૧૨૬૯ માં મારવાડના ભાલાણી નગરમાં પધાર્યા. ત્યાંના પરમાર ક્ષત્રિય રણમલના કુંવર હરિયાને તેમણે જૈન બનાવ્યો. હરિયા સર્પદંશથી ઘેરાઈ મૂર્ચ્છિત દશામાં પડ્યો હતો. પણ તે ધર્મઘોષસૂરિના પ્રભાવે મૃત્યુમાંથી બચી ગયો. આથી રણમલના સમગ્ર કુટુંબે જૈન ધર્મ સ્વીકાર્યો. તેના પુત્ર હરિયા પરથી 'હરિયા' ગોત્ર પ્રસિદ્ધ થયું. હરિયાએ સં. ૧૨૬૯ માં ભાલાણીમાં શ્રી શાંતિનાથ પ્રભુનું જિનાલય બનાવ્યું. હરિયા ગોત્રમાંથી, સહસ્રગણા, કકા, સાંઇયા અને થથલિયા આ ચાર શાખાઓ થઈ. આ શાખાઓમાંથી મરૂથલીયા, વિજલ, સરવણ, પાંચારીઆ, નપાણી, સાઈયા, કપાઈયા, દિન્નાણી, કારાણી, વકીયાણી, પેથાણી, સાયાણી, કાયાણી હરિયાણી, અભરાણી, ઢાસડીઆ અને હરગણાણી ઇત્યાદિ ઓડકો પ્રસિદ્ધિમાં આવી.

**મેવાડ – ચિત્તોડ તરફ વિહાર :**

શ્રી ધર્મઘોષસૂરિ વિહાર કરતા સુવર્ણગિરિના શ્રેષ્ઠી દેદા શાહના અતિ આગ્રહથી ચિત્તોડ પધાર્યા. દેદા શાહની બહેન મિથ્યાદર્શની હતી એક ઉત્સવમાં તેણે ભોજનમાં વિષ ભેળવ્યું. આ ભોજન મુનિઓને પણ વહોરાવવાનું ષડયંત્ર રચાયેલું હતું. પણ ધર્મઘોષસૂરિને ધ્યાનબળથી આ વાત જાણવામાં આવી ગઈ. આથી બત્રીસ સાધુઓ મૃત્યુના મુખમાંથી બચી ગયા. શ્રી મહેંદ્રસિંહસૂરિ પણ સંભવતઃ તે વખતે સાથે હતા.

**શ્રી ચક્રેશ્વરી દેવીનું પ્રગટ થવું :**

આ પ્રસંગથી શ્રી ધર્મઘોષસૂરિ અંતરથી વિશેષ જાગૃત થયા અને ધ્યાનમાં ચિંતવવા લાગ્યા કે, આ વિષમ કાળમાં સાધુઓની સંયમયાત્રાનો નિર્વાહ કેવી રીતે થઈ શકશે ? સૂરિજીના ધ્યાનના પ્રભાવથી ચક્રેશ્વરી દેવી સૂરિજીની સામે પ્રગટ થયાં અને કહ્યું : 'આજથી વીરપ્રભુનું શાસન જ્યાં સુધી ચાલશે, ત્યાં સુધી વિષમ વેળાએ હું ગચ્છને સહાયતા કરીશ.'

**અન્ય ગચ્છના આચાર્યો અચલગચ્છમાં : જયપ્રભસૂરિ – વીરચંદ્રસૂરિ :**

ઝાડાપલ્લીય ગચ્છના શ્રી જયપ્રભસૂરિએ ધર્મઘોષસૂરિના સમયમાં અચલગચ્છની સમાચારી સ્વીકારી તેમ જ દિગંબર મતના વીરચંદ્રસૂરિને ધર્મઘોષસૂરિએ વાદમાં હરાવ્યા પછી તેમને વલ્લભી શાખામાં સૂરિપદ આપ્યું. આ આચાર્યોને ધર્મઘોષસૂરિએ યોગોદ્વહન કરાવીને સિદ્ધાંતો ભણાવ્યા. તેમણે પ્રતિબોધેલાં શ્રાવકો, ગોત્રો પણ સમાચારી પાળવા લાગ્યાં.

**વિદ્યાધર ગચ્છનાયક સોમપ્રભસૂરિ :**

એવી જ રીતે વિદ્યાધર ગચ્છના નાયક શ્રી સોમપ્રભસૂરિ પણ ધર્મઘોષસૂરિના શિષ્ય થયા. તેમણે અચલગચ્છની સમાચારી સ્વીકારી. તેમની સાથે એ ગચ્છના અન્ય મુનિઓ અને શ્રાવકોએ પણ અચલગચ્છની સમાચારી સ્વીકારી.

**એકવીસ મિત્રો સહિત મંત્રી વિસલની દીક્ષા :**

આપણે આગળ જોયું કે શ્રી આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી મંત્રી કપર્દી આ ગચ્છના મહાન શ્રાવક થયા અને કપર્દીની પુત્રી સોમાઈ આ ગચ્છનાં 'સમયશ્રી' નામનાં પ્રથમ સાધ્વી થયાં. મંત્રી કપર્દીના વંશજ શ્રેષ્ઠી નાના વિસલે એક લાખ સોનામહોરો ખરચીને પોતાના એકવીસ મિત્રો સહિત શ્રી ધર્મઘોષસૂરિ પાસે દીક્ષા લીધી.

**વીસરીઆ – શંખેશ્વરીઆ :**

આ ગચ્છના પ્રથમ શ્રાવક યશોધનના વંશજ શ્રેષ્ઠિ જેતા શાહે શ્રી ધર્મઘોષસૂરિના ઉપદેશથી અનેક ધર્મકાર્યો કર્યાં. ભીમાના ભાઈ ભાણાના વંશજો વીસલદેવના કારભારી હોવાથી 'વીસરીઆ મહેતા' કહેવાયા. તેમાંની એક 'શંખેશ્વરીઆ' ઓડક પ્રસિદ્ધ થઈ.

**જીરાવલ્લિ તીર્થમાં દેવકુલિકા :**

જીરાવલ્લિ પાર્શ્વનાથ તીર્થમાં અચલગચ્છના આચાર્યોના ઉપદેશથી અનેક શ્રાવકોએ પોતાનો ફાળો નોંધાવ્યો છે. સં. ૧૨૬૩ માં ઉપકેશ જ્ઞાતિના શ્રેષ્ઠિ આંબડના પુત્ર જગસિંહ ઉદય ભાર્યા ઉદયાદે તત્પુત્ર નેકોએ શ્રી ધર્મઘોષસૂરિના ઉપદેશથી જીરાવલ્લિ તીર્થમાં ભવ્ય દેવકુલિકા કરાવી.

**શ્રી ધર્મઘોષસૂરિની ગ્રંથરચના – શતપદી :**

શ્રી ધર્મઘોષસૂરિએ સં. ૧૨૬૩ માં પ્રાકૃતમાં 'શતપદી' ગ્રંથની રચના કરી. તે ગ્રંથ મહાકવિની કોટિનો હોઈ તેમના પટ્ટધર શ્રી મહેન્દ્રસિંહસૂરિએ સં. ૧૨૯૪ માં બીજા કેટલાક પ્રશ્નોત્તર ઉમેરી 'શતપદી' અપર નામ 'પ્રશ્નોત્તર પદ્ધતિ' ગ્રંથની સરળ સંસ્કૃતમાં રચના કરી.

શ્રી ધર્મઘોષસૂરિએ રચેલ ગ્રંથમાં અંગ, ઉપાંગ, છેદસૂત્ર, મૂળસૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય અને પયન્ના ઇત્યાદિના આધારે વિધિપક્ષ (અચલ) ગચ્છની સમાચારી ચર્ચવામાં આવી છે. એ ઉપરથી શ્રી ધર્મઘોષસૂરિની ગીતાર્થતા, બહુશ્રુતતા અને સિદ્ધાંતનિષ્ઠા જાણી શકાય છે. આ ગચ્છની સમાચારીને સર્વ પ્રથમ અક્ષરદેહ આપનાર તરીકે શ્રી ધર્મઘોષસૂરિનું નામ ઇતિહાસમાં અમર રહેશે.

**'શતપદી' ગ્રંથની પ્રામાણિકતા :**

શ્રી આર્યરક્ષિતસૂરિએ શિથિલાચારને હટાવવા વિધિમાર્ગને પ્રકાશિત કર્યો શ્રી

જયસિંહસૂરિએ અનેક લાખ ક્ષત્રિયો-જૈનેતરોને પ્રતિબોધી જૈન કર્યા અને ગચ્છના પાયા સુદૃઢ કર્યા, જ્યારે શ્રી ધર્મઘોષસૂરિએ વિધિમાર્ગ સમાચારીને ભાવિ પેઢી જાણી શકે, તે માટે 'શતપદી' ગ્રંથ'ની રચના કરી, અતિ મહત્ત્વનું કાર્ય કર્યું. આ ગ્રંથના એકેય વિચારને આજ સુધી કોઈ પણ આધાર રહિત કે અશ્રદ્ધેય ઠરાવી શક્યા નથી.

**ધર્મઘોષસૂરિ રચિત 'ઋષિમંડલ પ્રકરણ':**

ઉક્ત ગ્રંથ ઉપરાંત શ્રી ધર્મઘોષસૂરિએ 'ઋષિમંડલ પ્રકરણ' ગ્રંથની રચના કરી. 'ભત્તિભરનમિર સુરવાર'થી શરૂ થતો આ ગ્રંથ પ્રાકૃત પદ્યમાં છે. વિ. સં. ૧૯૯૫ માં ઉક્ત ગ્રંથને પદ્મમંદિરગણિ રચિત વૃત્તિ સાથે વિજયોમંગસૂરિજીએ સંપાદિત કરી પ્રગટ કરાવેલ છે. તેઓશ્રી પ્રસ્તાવનામાં આ પ્રમાણે જણાવે છે :

अथ विशेषविचारणायां क्रियमाणायां सत्यां विधिपक्षाञ्चलगच्छनायके जयसिंहसूरि पट्टधरो धर्मघोषसूरिः सम्भाव्यते । एतेन धर्मघोषसूरिणा ऋषिमण्डलस्तव प्रकरणं प्रणीतं स्याद् ।

**'ઋષિમંડલ' ગ્રંથ પર ટીકાઓ :**

'શ્રી ઋષિમંડલ પ્રકરણ' ગ્રંથના રચયિતા અચલગચ્છીય શ્રી ધર્મઘોષસૂરિ છે, એ માટે બીજા પણ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. આ ગ્રંથ માટે અન્ય ગચ્છના મુનિવરોએ ખૂબ જ આદર પ્રગટ કરેલ છે. અચલગચ્છીય ભુવનતુંગસૂરિ કૃત ટીકા આ ગ્રંથની પ્રથમ ટીકા છે ત્યાર બાદ અન્ય ગચ્છીય મુનિઓએ પણ વિસ્તૃત ટીકાઓ રચી છે, જેનાંથી કેટલીક તો પ્રકાશિત થઈ ગયેલ છે. શ્રી ભાવસાગરસૂરિ 'ગુર્વાવલી'માં જણાવે છે કે 'શ્રી ધર્મઘોષસૂરિએ' 'શતપદી' ઇત્યાદિ ગ્રંથોની રચના કરેલી છે.' શ્રી ધર્મઘોષસૂરિ 'વાદીગજ શાર્દૂલ' 'મહાકવિ' ઇત્યાદિ બિરુદોથી પ્રસિદ્ધ હતા.

**અપ્રતિહત વિહારો:**

મહા પ્રભાવક શ્રી ધર્મઘોષસૂરિ પોતાના ગુરુ શ્રી જયસિંહસૂરિની જેમ કચ્છ, ગુજરાત, સિંધ, માળવા, મહારાષ્ટ્ર, મરુદેશ અને સોરઠ ઇત્યાદિ પ્રદેશોમાં અપ્રતિહત વિચર્યા અને બહોળો ધર્મપ્રચાર કર્યો.

**શ્રી ધર્મઘોષસૂરિનો કાળધર્મ :**

સં. ૧૨૬૮ માં ૬૦ વરસની વયે તેઓશ્રી તિમિરપુરમાં કાળધર્મ પામ્યા મોટી પટ્ટાવલીમાં તેઓ કચ્છના ડોણ ગામમાં સ્વર્ગસ્થ થયા હતા, એવો ઉલ્લેખ મળે છે.

શ્રી આર્યરક્ષિતસૂરિ, શ્રી જયસિંહસૂરિ અને શ્રી ધર્મઘોષસૂરિ-આ ત્રિપુટી પટ્ટધરોએ અચલ (વિધિપક્ષ) ગચ્છના પાયા સુદૃઢ કર્યા હતા. પછીના પટ્ટધરો અને આચાર્યોને તો ઉક્ત ત્રિપુટીએ પ્રસ્થાપિત કરેલ સમાચારીને અનુસરવાનું હતું.

## ૫૦. આગમકલા મુખ શ્રી મહેન્દ્રસિંહસૂરિ :

**મહેન્દ્રકુમારનો જન્મ :**

મારવાડના સરનગર (શ્રીનગર)માં શ્રીમાલી જ્ઞાતીય શ્રેષ્ઠી શ્રી દેવપ્રસાદ અને તેમનાં પત્ની ક્ષીરદેવી રહેતાં હતાં. સં. ૧૨૨૮ માં માલ (મહેન્દ્ર) કુમારને ક્ષીરદેવીએ જન્મ આપ્યો.

આ બાળકે સં. ૧૨૩૭ માં ખંભાતમાં ધર્મઘોષસૂરિ પાસે દીક્ષા સ્વીકારી. નવદીક્ષિત મહેંદ્ર મુનિની બુદ્ધિ સતેજ હતી. અલ્પ સમયમાં જ તેઓ આગમોના અજોડ અભ્યાસી બની ગયા. સં. ૧૨૫૭ માં મહેન્દ્ર મુનિ ઉપાધ્યાય પદથી અલંકૃત થયા અને ગુર્વાજ્ઞાથી અલગ વિચરવા લાગ્યા સં. ૧૨૫૭ નું ચાતુર્માસ પણ તેમણે નગરપારકરમાં કર્યું.

સં. ૧૨૬૯ માં ગુરુએ તેમને સૂરિપદ આપ્યું અને તેમનું નામ 'મહેન્દ્રસિંહસૂરિ' જાહેર કર્યું. ગુરુના સ્વર્ગગમન બાદ એજ સં. ૧૨૬૯ ના વર્ષમાં તેઓ ગચ્છનાયક પદે આરુઢ થયા.

**ત્રણ વર્ષ દુષ્કાળ અને વડેરા ગોત્ર :**

તેમના સમયમાં લાગલગાટ ત્રણ વર્ષ દુષ્કાળ પડેલો. તે વખતે તેઓ બાહડમેર પાસેના કિરાડુ નગરમાં ચાતુર્માસમાં વસતા હતા. તેમના ઉપદેશથી કિરાડુના શ્રેષ્ઠી આલ્હાએ દુકાળપીડિતોને ખૂબ સારી મદદ કરી હતી. કિરાડુમાં ઓશવાળોનાં સવા સાતસો ઘર હતાં. તેમાં આલ્હાનું ઘર 'વડું' કહેવાતું હતું. આલ્હાએ દુકાળમાં પ્રથમ વરસે એક કળશી, બીજે વરસે બે કળશી અને ત્રીજે વરસે ત્રણ કળશી અન્ન આપીને અનેક દુઃખિતોને સહાયતા કરી હતી. શેઠ આલ્હાની કીર્તિ સાંભળી અસંખ્ય લોકો તેમનું ઘર પૂછતા આવતા કે, અનાજ ક્યાંથી મળે છે? ત્યારે લોકો કહેતા કે 'વડેરા' આલ્હા શેઠની દાનશાળામાંથી. આ રીતે આલ્હાના વંશજો 'વડેરા' તરીકે પ્રસિદ્ધ થયા.

**ઉસનગરમાં પ્રતિષ્ઠા :**

સં. ૧૨૯૫ માં શ્રી મહેન્દ્રસિંહસૂરિના ઉપદેશથી શ્રીમાલી ખોડાયન ગોત્રીય શ્રેષ્ઠી જાણાએ ઉસનગરમાં એક શિખરબંધ જિનાલય બંધાવ્યું, તેમાં ચોવીસ તીર્થંકરોની પ્રતિમાજીઓ પણ મૂળનાયકની પ્રતિમા સહિત પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી.

**શ્રેષ્ઠી હાથીનાં ધર્મકાર્યો :**

વળી પ્રાગ્વાટ જ્ઞાતિના શ્રેષ્ઠી શ્રી હાથીએ શ્રી મહેન્દ્રસિંહસૂરિના ઉપદેશથી દહીંથલીમાં આદિનાથ પ્રભુનું જિનાલય બંધાવ્યું અને સંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રા કરી. વિસલપુર ઇત્યાદિ સ્થળોમાં અઢાર લાખ ટંક ધર્મકાર્યોમાં ખર્ચ્યા. શ્રેષ્ઠી હાથીને દહીંથલીના રાજા મંડલિકે પોતાના મંત્રી તરીકે રાખ્યા હતા.

**ડોડીયાલેચા ઓડક :**

શ્રી મહેન્દ્રસિંહસૂરિના ઉપદેશથી ચૌહાણ ભીમ રજપૂત જૈનધર્માનુયાયી બન્યો. તેને ડોડ ગામનો અધિકાર મળ્યો હતો. તેથી તેના (ભીમ રજપૂતના) વંશજો 'ડોડીયાલેચા' ઓડકથી ઓળખાયા. તેમણે ડોડ ગામમાં શ્રી વાસુપૂજ્ય પ્રભુનું વિશાળ જિનાલય બંધાવ્યું.

**બેણપમાં 'અષ્ટોતરી'ની રચના :**

બેણપમાં શ્રી મહેન્દ્રસિંહસૂરિ પોતાના સોળ શિષ્યો સાથે ચાતુર્માસ રહ્યા હતા. આ બેણપ ગામમાં જ પ્રતિક્રમણમાં તેમણે 'અષ્ટોત્તરી તીર્થમાળા'ની રચના કરી, સ્તુતિ કરી હતી. આ 'અષ્ટોત્તરી તીર્થમાળા આજે' પણ અચલગચ્છના પ્રતિક્રમણમાં બોલાય છે.

**શંખેશ્વર તીર્થનો જીર્ણોદ્ધાર :**

આ ગચ્છના પ્રથમ શ્રાવક શ્રી યશોધન ભણશાલીના વંશજ શ્રેષ્ઠી શ્રી રીડા શાહે સં. ૧૨૯૫માં શંખેશ્વરજી મહાતીર્થનો જીર્ણોદ્ધાર શ્રી મહેન્દ્રસિંહસૂરિના ઉપદેશથી કરાવ્યો હતો. રીડા શેઠના વંશજો શંખેશ્વરથી માંડલ જઈને વસ્યા હતા.

**દિગંબરાચાર્ય સામે જીત :**

શ્રી મહેન્દ્રસિંહસૂરિ મહાવાદી હતા. ભીમસેન નામના દિગંબર મુનિને વચનોની ચતુરતાથી જીતી લઈ તેમણે તેને પોતાનો શિષ્ય બનાવ્યો હતો.

**રાજા પૃથ્વીચંદ્રને પ્રતિબોધ :**

વાચક લાવણ્યચંદ્ર એવો પણ ઉલ્લેખ કરે છે કે, શ્રી મહેન્દ્રસિંહસૂરિએ પૃથ્વીચંદ્ર નામના રાજાને પ્રતિબોધ પમાડી જૈનધર્માનુયાયી બનાવ્યો હતો.

**રત્નપુરમાં જિનાલય અને વીરજી શેઠનાં ધર્મકાર્યો :**

રોહડના કટારીઆ ગોત્રના શ્રી કરણ શેઠના પુત્ર વીરજી શેઠે વિ. સં. ૧૨૯૬માં ભિન્નમાલ નજીકના રત્નપુરમાં આ સૂરિજીના ઉપદેશથી શ્રી શાંતિનાથ પ્રભુનું જિનાલય બંધાવ્યું હતું. વીરજી શેઠે આ ઉપરાંત શત્રુંજય તીર્થનો સંઘ કાઢયો હતો અને ધર્મકાર્યોમાં સાત લાખ સોનામહોરોનો વ્યય કર્યો હતો.

**મહેન્દ્રસૂરિના દર્શને મંત્રી વસ્તુપાળ અને તેમના સંશયોનું સમાધાન :**

શ્રી મહેન્દ્રસૂરિની પ્રવચનશૈલીથી આકર્ષાઈ મંત્રીશ્રી વસ્તુપાળ પોતાના ૮૪ સુભટોની સાથે તેમને વાંદવા માટે કર્ણાવતી નગરીમાં આવ્યા હતા. સૂરિજીની દેશના સાંભળી વસ્તુપાળના બધા સંશયો દૂર થઈ ગયા. એક વખત જાલોરનો સંઘ તેમને વંદન કરવા આવ્યો, ત્યારે સૂરિજીએ સંઘના બ્યાસી સંશયો પૂછ્યા વિના જ એક જ વ્યાખ્યાનમાં દૂર કર્યા અને બે સંદેહ એકાંતમાં દૂર કર્યા. તેમને આગમો મુખપાઠ હતાં, એટલું જ

નહિ, તેમનો આગમોનો અભ્યાસ તલસ્પર્શી હતો. તેથી તેમને 'આગમકલા મુખ' નામના બિરુદથી નવાજવામાં આવ્યા હતા.

**શ્રી પુણ્યતિલકસૂરિ સાથે વાદમાં જીત :**

એકદા કાસહ્રદગચ્છીય શ્રી પાદલિપ્તસૂરિની પરંપરાના પુણ્યતિલકસૂરિ અને વિધિપક્ષ (અચલ) ગચ્છાધિરાજ શ્રી મહેન્દ્રસિંહસૂરિ પાટણમાં એકત્ર થયા. વિદ્યામદથી ગર્વિષ્ઠ બનેલા પુણ્યતિલકસૂરિએ ચરિત્રનાયકને વાદ માટે આહ્વાન આપ્યું. ત્યારે શ્રી મહેન્દ્રસિંહસૂરિએ કહ્યું : 'નાહક વાદ કરવાથી શો લાભ?' જવાબમાં પુણ્યતિલકસૂરિએ કહ્યું : 'જે પરાજય પામે તે શિષ્ય અને જીતે તે ગુરુ.' ચરિત્રનાયકે આ શરત કબૂલ રાખી અને વાદની શરૂઆત થઈ. એક મુહૂર્તમાં જ ચરિત્રનાયકે શ્રી પુણ્યતિલકસૂરિને જીતી લીધા. આથી શ્રી પુણ્યતિલકસૂરિ પોતાને ધન્ય માનવા લાગ્યા અને શ્રી મહેન્દ્રસિંહસૂરિજીને ગુરુ તરીકે સ્થાપી, તેમને વંદના કરી.

**પ્રભાવક 'શ્રી વીરજિન સ્તોત્ર' :**

ગુરુએ પણ તેમને અચલગચ્છના શાખાચાર્ય તરીકે સ્થાપ્યા. આ ઐતિહાસિક પ્રસંગની સ્મૃતિ તરીકે તેમજ શાખાચાર્યને માન આપવા નિમિત્તે તેમના પૂર્વાચાર્ય શ્રી પાદલિપ્તસૂરિ દ્વારા રચિત 'જયઈ નવનલિણ કુવલય' એ 'શ્રી વીરજિન સ્તોત્ર'ને ગચ્છના તૃતીય સ્મરણ તરીકે સ્થાન આપ્યું. આ તૃતીય સ્મરણ અનેક વિદ્યા અને મંત્રોના આમ્નાયો ઇત્યાદિથી ભરપૂર છે. આ સ્તોત્ર ભક્તિ અને સિદ્ધિથી સભર હોવાથી નવદીક્ષિતોને સર્વ પ્રથમ તેનું સ્મરણ અને સ્વાધ્યાય કરાવવામાં આવે છે.

**મંત્રવાદી શ્રી ભુવનતુંગસૂરિ :**

શ્રી મહેંદ્રસિંહસૂરિજીની જેમ તેમનો શિષ્યપરિવાર પણ પ્રભાવક હતો. તેમના શિષ્ય શ્રી ભુવનતુંગસૂરિએ રાઉલ ખેંગાર ચોથાની સામે જૂનાગઢ નગરમાં તક્ષક નાગને પ્રત્યક્ષ કરીને સોળ ગારુડિકના વાદમાં વિજય મેળવ્યો હતો, એટલું જ નહિ, પણ તે ગારુડિકોને આજીવન સર્પ પકડવાનો કે સર્પ ખેલવવાનો ધંધો ન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. આથી રાઉલ ખેંગારે તેમને ફરમાન લખી આપ્યું હતું. શ્રી ભુવનતુંગસૂરિએ સવા લાખ જાળ છોડાવી અને પાંચસો હિંસક ભઠિયારખાનાં બંધ કરાવ્યાં. શ્રી ભુવનતુંગસૂરિએ ચોર્યાસી જ્ઞાતિના વણિકો અને ચોર્યાસી ગચ્છના યતિઓની ઉપસ્થિતિમાં શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાને બોલાવી ચમત્કાર બતાવેલો.

**'પાયાંગ' ટીકાકાર શ્રી ભુવનતુંગસૂરિ :**

શ્રી ભુવનતુંગસૂરિ મંત્રવાદી હોવા સાથે સમર્થ સાહિત્યકાર પણ હતા. તેમણે જૈનાગમોના પયન્નાઓ પર ટીકાઓ રચી. (૧) ચઉશરણ વૃત્તિ, (૨) આતુર પ્રત્યાખ્યાન

વૃત્તિ (આ બન્ને ટીકાઓને અંતે તેમણે શ્રી આર્યરક્ષિતસૂરિ ઇત્યાદિનો ઉલ્લેખ પણ કરેલો છે, જે ધ્યાનાકર્ષક છે.), (૩) સંસ્તારકપ્રકીર્ણક અવચૂરિ, (૪) શ્રી ઋષિમંડલ પ્રકરણ ટીકા, ૪૫૦૦ શ્લોક પ્રમાણ (આ ટીકામાં અનેક કથાનકો ગૂંથી લેવાયાં છે), (૫) આદિનાથ ચરિયં, (૬) મલ્લિનાથ ચરિયં, (૭) સીતા ચરિયં, (૮) આત્મસંબોધ કુલક ( આ ગ્રંથો પ્રાકૃત ભાષામાં છે ).

**કવિધર્મ :**

શ્રી મહેંદ્રસિંહસૂરિના શિષ્યો પૈકી કવિધર્મ પણ થઈ ગયા. તેમણે સં. ૧૨૬૬ માં પ્રાચીન ગુર્જરમાં 'જંબૂસ્વામિચરિય' રચેલ છે. પ્રાચીન ગુર્જર ભાષાનું સ્વરૂપ જાણવા માટે આ કૃતિ અભ્યસનીય છે.

**'શતપદી' સમેત ગ્રંથ રચના :**

શ્રી મહેન્દ્રસિંહસૂરિએ સં. ૧૨૯૪ માં સરળ સંસ્કૃતમાં ૫૩૪૨ શ્લોક પ્રમાણ (૧) 'શતપદી' અપરનામ 'પ્રશ્નોત્તરપદ્ધતિ સમુદ્ધાર' ગ્રંથની રચના કરી. અચલ (વિધિપક્ષ) ગચ્છની સમાચારી જાણવા માટે આ પ્રમાણગ્રંથ છે. (૨) અષ્ટોતરી : ( આ તીર્થમાળાની ૧૧૧ શ્લોક પ્રમાણ પ્રાકૃતમાં રચના કરી હતી તીર્થ સાહિત્યમાં વિસ્તારવાળી આ સર્વ-પ્રથમ તીર્થમાળા છે. (આ તીર્થમાળા પર શ્રી જયકેશરિસૂરિ કૃત અવચૂરિ પ્રસિદ્ધ છે.) (૩) વિચાર સપ્તતિકા, (૪) મનઃસ્થિરીકરણ પ્રકરણ, (૫) સારસંગ્રહ, (૬) ગુરુગુણષટ્ ત્રિંશિકા આદિ. તેમણે બીજા અનેક ગ્રંથો રચ્યા હશે.

**શ્રી મહેંદ્રસિંહસૂરિનું સ્વર્ગગમન :**

આ રીતે શ્રી મહેંદ્રસિંહસૂરિ અજોડ કવિ, મહાવાદી, શુદ્ધ ચારિત્રવાળા અને ઉગ્રવિહારી હતા. તેઓ બ્યાસી વરસની વયે ખંભાત (તિમિરપુર)માં સં. ૧૩૦૯ માં સમાધિપૂર્વક સ્વર્ગે સંચર્યા. અચલગચ્છ આ આચાર્યશ્રીને કદાપિ ભૂલી શકે તેમ નથી. તેમણે રચેલ 'શતપદી' ગ્રંથ આ ગચ્છનો સમાચારી વિષયક આધારગ્રંથ છે. તેમણે રચેલ 'અષ્ટોત્તરી તીર્થમાળા' આજ સુધી પ્રતિક્રમણમાં સ્તવના રૂપે બોલાય છે.

## ૫૧. ન્યાયવિશારદ શ્રી સિંહપ્રભસૂરિ :

તેમના પિતા શ્રીમાલવંશીય હતા. પિતાનું નામ અરિસિંહ અને માતાનું નામ પ્રીતિમતિ હતું. તેમનો જન્મ સં. ૧૨૮૩ માં ગુજરાતના વીજાપુરમાં થયેલો. તેમણે અચલગચ્છની વલ્લભી શાખાના શ્રી ગુણપ્રભસૂરિ પાસે સં. ૧૨૯૧ માં દીક્ષા સ્વીકારી હતી.

**ન્યાયશાસ્ત્રમાં નિપુણતા અને મહાવાદી :**

તેમના વડીલબંધુ દીક્ષા લેવાનો વિચાર કરતા હતા, પરંતુ દીક્ષા સ્વીકારતી વખતે અચકાતા હતા. તે વખતે ઢીલ થતાં સિંહપ્રભસૂરિએ સિંહની જેમ તૈયાર થઈને દીક્ષા

સ્વીકારી હતી. તેમણે જૈનાગમનાં પ્રત્યેક સૂત્રોનો અભ્યાસ કર્યો હતો, અને તે સૂત્રોની ઉલટી આવૃત્તિ કરીને દક્ષિણ ભારતના મહાવાદીને જીત્યા હતા. તેઓ ન્યાયશાસ્ત્રમાં નિષ્ણાત હતા. તેમણે પાટણમાં મિથિલ વગેરે શૈવધર્મના અનુયાયીઓને પણ વાદમાં જીત્યા હતા.

**વલ્લભી શાખાનું અચલગચ્છમાં વિલીન થવું :**

સં. ૧૩૦૯ માં અચલગચ્છાધિરાજ શ્રી મહેન્દ્રસિંહસૂરિ કાળધર્મ પામ્યા. ત્યાર પછી ખંભાતના સંઘે પ્રકાંડ વિદ્વાન શ્રી સિંહપ્રભ મુનિને તેડાવીને ગચ્છનાયક પદ આપ્યું. ત્યારથી વલ્લભી શાખા મુખ્ય અચલગચ્છમાં વિલીન થઈ ગઈ.

**વલ્લભી ગચ્છની પરંપરા :**

અહીં વલ્લભી ગચ્છ અંગે સંક્ષેપમાં ઉલ્લેખ કરવો ઉચિત થશે. આપણે આગળ શ્રી ઉદયપ્રભસૂરિ અંગે ઉલ્લેખ કરી ગયા છીએ. તેમને શ્રી પ્રભાનંદસૂરિ અને શ્રી વલ્લભસૂરિ નામના બે શિષ્યો હતા. પ્રભાનંદસૂરિથી નાણક ગચ્છ અને વલ્લભસૂરિથી વલ્લભી ગચ્છ ચાલ્યો હતો. વડ ગચ્છમાં શંખેશ્વર ગચ્છ અને તેમાંથી આ ગચ્છો નીકળ્યા છે.

વલ્લભી ગચ્છની પરંપરા આ મુજબ છે :

| | | | |
|---|---|---|---|
| (૧) વલ્લભસૂરિ, સૂરિપદ | સં. ૮૩૨ | (૨) ધર્મચંદ્રસૂરિ | સં. ૮૩૭ |
| (૩) ગુણચંદ્રસૂરિ | સં. ૮૬૯ | (૪) દેવચંદ્રસૂરિ | સં. ૮૯૯ |
| (૫) સુમતિચંદ્રસૂરિ | સં. ૯૭૦ | (૬) હરિચંદ્રસૂરિ | સં. ૯૫૪ |
| (૭) રત્નસિંહસૂરિ | સં. ૬૭૦ | (૮) જયપ્રભસૂરિ | સં. ૧૦૦૬ |
| (૯) સોમપ્રભસૂરિ | સં. ૧૦૫૧ | (૧૦) સુરપ્રભસૂરિ | સં. ૧૦૯૪ |
| (૧૧) ક્ષેમપ્રભસૂરિ | સં. ૧૧૪૫ | (૧૨) ભાનપ્રભસૂરિ | સં. ૧૧૭૭ |
| (૧૩) પુણ્યતિલકસૂરિ | સં. ૧૨૦૭ | (૧૪) ગુણપ્રભસૂરિ | સં. ૧૨૫૯ |
| (૧૫) સિંહપ્રભસૂરિ | સં. ૧૩૦૯ | | |

એ પછી આ શાખા અચલગચ્છમાં વિલીન થઈ ગઈ.

**વિધિપક્ષગચ્છીય વિમલ મંત્રી દ્વારા વિમલવસહીની પ્રતિષ્ઠા :**

આ ગચ્છની માન્યતા મુજબ અચલગચ્છની વલ્લભી શાખાના શ્રી સોમપ્રભસૂરિના સદુપદેશથી તેમની નિશ્રામાં મહામંત્રી શ્રી વિમલ 'વિમલવસહી' (આબુ)ની પ્રતિષ્ઠા કરાવી હતી. અચલગચ્છીય વિનીતસાગરજી રચિત 'વિમલમેતાનો શલોકો' માં 'વિધિપક્ષ શ્રાવક કુલ તિલક' વ. વર્ણન આવે છે. વિમલમંત્રી આમ તો વિદ્યાધરગચ્છીય શ્રાવક હતા. પણ આ વિદ્યાધરગચ્છ પછીથી અચલ (વિધિપક્ષ) ગચ્છમાં વિલીન થઈ ગયો હતો.

તે આ મુજબ સં. ૧૨૮૦ માં વિદ્યાધરગચ્છના અધિપતિ શ્રી સોમપ્રભસૂરિએ અચલગચ્છની સમાચારીને સ્વીકૃતિ આપી હતી. તેઓ અને તેમના શિષ્યો અચલગચ્છના તૃતીય પટ્ટધર શ્રી ધર્મઘોષસૂરિની આજ્ઞામાં આવી ગયા હતા

**ભોરોલમાં ૭૨ જિનાલય નિર્માણ :**

વલ્લભીગચ્છના શ્રી પુણ્યતિલકસૂરિના સદુપદેશથી શ્રીમાલી કાત્યાયનગોત્રીય મુંજા શ્રેષ્ઠીએ ભોરોલમાં સં. ૧૨૦૨ માં નેમનાથ ભગવાનનું ભવ્ય તીર્થ રૂપ ૭૨ જિનાલય બંધાવેલ. આજે પણ ભોરોલમાંથી એ પ્રાચીન જિનાલયના અવશેષો પ્રાપ્ત થાય છે. પાસેની વાવ આજે પણ 'મુંજા વાવ' તરીકે પ્રસિદ્ધ છે. તે સમયમાં બોરીચા, વાહણી અને પારેખ ઇત્યાદિ ઓડકોના શ્રાવકો પણ અચલગચ્છીય હતા.

સં. ૧૩૧૩ માં ત્રીસ વરસની લઘુ વયે તિમિરપુર ( ખંભાતમાં )માં સિંહપ્રભસૂરિ સમાધિપૂર્વક દિવંગત થયા.

**૫૬. ભટેવા તીર્થના પ્રતિષ્ઠાપક-સમરસિંહ નૃપ પ્રતિબોધક શ્રી અજિતસિંહસૂરિ :**

**અચલકુમારનો જન્મ :**

મારવાડના ડોડ ગામમાં શ્રીમાળી શ્રેષ્ઠી શ્રી જિનદેવ શ્રાવકના ઘરે જિનમતીની કુક્ષિથી સં. ૧૨૮૩ માં અચલકુમારનો જન્મ થયો હતો.

એકદા જિનદેવ-જિનમતી બન્ને પોતાના પુત્ર અચલકુમારને લઈ તીર્થયાત્રાએ નીકળ્યા. યાત્રાઓ કરતાં કરતાં અનુક્રમે તેઓ ખંભાત આવ્યાં, ત્યારે તે બન્ને શેઠશેઠાણી જ્વરરોગથી મૃત્યુ પામ્યાં. નિરાધાર એવા આ બાળકને ખંભાતના સંઘે વલ્લભીગચ્છીય શ્રી ગુણપ્રભસૂરિને સમર્પિત કર્યો. ગુરુની સાથે રહેવાથી બાળકને દીક્ષા લેવાની ભાવના જાગી. સં. ૧૨૯૧ માં શ્રી ગુણપ્રભસૂરિએ અચલકુમારને દીક્ષા આપી. તે સમયે દીક્ષાનામ અજિતસિંહ મુનિ આપ્યું.

**જાલોર પ્રતિ વિહાર અને પદવી પ્રદાન :**

શ્રી સિંહપ્રભસૂરિ કાળધર્મ પામતાં સં. ૧૩૧૪ માં પાટણમાં અજિતસિંહ મુનિ સૂરિપદથી અલંકૃત થયા. સં. ૧૩૧૬ માં શ્રી અજિતસિંહસૂરિ વિહાર કરતા અનુક્રમે મારવાડના જાલોર શહેરમાં પધાર્યા ત્યાંના સંઘે તેમને 'ગચ્છનાયક' પદથી અલંકૃત કર્યા. ત્યાંથી વિહાર કરી તેઓ પુનઃ પાટણ પધાર્યા. તેમણે ગચ્છના પંદર સાધુઓને આચાર્ય, ઉપાધ્યાયાદિ પદોથી અલંકૃત કર્યા હતા.

**નૃપપ્રતિબોધાદિ દ્વારા શાસન-પ્રભાવના :**

એકદા શ્રી અજિતસિંહસૂરિ જાલોર (મારવાડ)માં ચાતુર્માસે બિરાજતા હતા, ત્યારે

તેમને વંદન કરવા આવતા બધા સંઘો જાલોરના રાજા સમરસિંહને ભેટણું-નજરાણું ધરતા હતા. આથી રાજાને જાણવા મળ્યું કે જાલોરમાં છઠ્ઠ-અઠ્ઠમ ઉગ્ર તપની આરાધના કરનાર આચાર્ય શ્રી અજિતસિંહસૂરિ ચાતુર્માસે બિરાજમાન છે. આથી રાજા સમરસિંહ સૂરિવરને વંદન કરવા ઉપાશ્રયે આવ્યો. સૂરિજીનો ધર્મોપદેશ સાંભળી નૃપતિ ખૂબ પ્રભાવિત થયો. આ રાજાએ પોતાની આજ્ઞા ચાલતી હતી, એ પ્રદેશમાં સર્વત્ર અમારીની ઘોષણા કરાવી. વળી તે રાજાએ જૈન ધર્મ સ્વીકાર્યો તેથી તેની પ્રજા પણ ધર્મના આચારો પાળવા લાગી. એક ઉલ્લેખ મુજબ આ સમરસિંહ રાજાએ શ્રી અજિતસિંહસૂરિના પંદર શિષ્યોને આચાર્ય-ઉપાધ્યાયાદિ પદો અપાવ્યાં હતાં. રાજા સમરસિંહ અને અજિતસિંહ-સૂરિના સમાગમને ઇતિહાસકારોએ પોતાના ગ્રંથોમાં ગૌરવ સાથે નોંધેલ છે. 'મેવાડના ઇતિહાસ'માં ઓઝાજીએ એવો ઉલ્લેખ કર્યો છે કે, અજિતસિંહસૂરિના ઉપદેશથી ત્યાંના રાજાએ ચિત્તોડ ઇત્યાદિ મેવાડના પ્રદેશમાં રાત્રિભોજન બંધ કરાવેલું.

પટ્ટાવલીઓમાં એવો ઉલ્લેખ મળે છે કે, જાલોર ( સુવર્ણગિરિ ) ના રાજા સમરસિંહને પ્રતિબોધીને અજિતસિંહસૂરિએ દેશમાં થતી જીવહિંસા બંધ કરાવી હતી. એટલે ત્યાંના લોકો પરમાર્હત મહારાજા કુમારપાળના સમયને યાદ કરવા લાગ્યા.

**શ્રી ભટેવા પાર્શ્વનાથ તીર્થની સ્થાપના :**

મહાપ્રભાવક શ્રી અજિતસિંહસૂરિના સમયમાં તેમના ઉપદેશથી ચાણસ્મા જૈન તીર્થ પ્રસિદ્ધિમાં આવ્યું. વીશા શ્રીમાળી જ્ઞાતિની એક પ્રાચીન વહીમાં આવો ઉલ્લેખ છે :

**" પૂર્વિ વર્ધમાનભાઈ જયતા ઉચલી ચાહણસામિં વાસ્તવ્ય: સાસરમાંહી તવશ્રી ભટેવા શ્રી પાર્શ્વનાથ ચૈત્યં કારાપિતં. સં. ૧૩૩૫ વર્ષે અંચલગચ્છે શ્રી અજિતસિંહસૂરિ-ણાસુપદેશેન પ્રતિષ્ઠતમ્"**

આ ઉલ્લેખથી એ નક્કી થાય છે કે, વર્ધમાનભાઈના ભાઈ જયતાએ ઉચાળો ભરી પોતાના સસરાના ગામ ચાણસ્મામાં નિવાસ કર્યો. ત્યાં તેમણે સં. ૧૩૩૫ માં શ્રી ભટેવા પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું અને અંચલગચ્છીય આચાર્યશ્રી અજિતસિંહસૂરિના ઉપદેશથી તેની પ્રતિષ્ઠા કરાવી.

**'શકુન' ગ્રંથના કર્તા શ્રી માણિક્યસૂરિ :**

ચારિત્રનાયકશ્રીના શિષ્ય શ્રી માણિક્યસૂરિએ સં. ૧૩૩૮ માં ૫૦૮ શ્લોક પ્રમાણ 'શકુનસારોદ્ધાર' નામે જ્યોતિષ ગ્રંથ સંસ્કૃતમાં લખ્યો. તેમના અન્ય શિષ્યો અને આચાર્યોનાં નામ પ્રાપ્ત થતાં નથી.

શ્રી અજિતસિંહસૂરિના વખતમાં તેમના ઉપદેશથી અનેક જિનમંદિરોનું નિર્માણ અને અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ હતી.

**આ વખતમાં તપાગચ્છની સ્થાપના :**

આ આચાર્યશ્રીના વખતમાં તપાગચ્છની સ્થાપના થઈ. સં. ૧૨૮૫ માં શ્રી જગચ્ચંદ્રસૂરિએ ઉગ્ર તપ આદર્યું. તેથી મેવાડના રાજાએ તેને 'તપા' બિરુદ આપ્યું અને તેમનાથી 'તપાગચ્છ' સ્થપાયો.

પૃથ્વી પટ પર વિચરતા શ્રી અજિતસિંહસૂરિ સં. ૧૩૩૯ માં પાટણ પધાર્યા. તે જ વરસે તેઓ દેહથી અસ્વસ્થ થયા. છપ્પન વર્ષની વયે તેઓ પાટણમાં સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા.

**૫૩. કાવ્યમય પ્રવચનકાર શ્રી દેવેન્દ્રસિંહસૂરિ :**

પાલનપુરમાં શ્રીમાળી વોહરા શ્રેષ્ઠી શ્રી સાંતુની પત્ની સંતોષશ્રીએ સં. ૧૨૯૯ માં દેવચંદ્ર નામે પુત્રને જન્મ આપ્યો.

સંવત ૧૩૦૬ માં દેવચંદ્રે દીક્ષા સ્વીકારી. સં. ૧૩૨૩ માં તેઓ સૂરિપદથી અલંકૃત થયા. શ્રી અજિતસિંહસૂરિએ પંદર મુનિઓને પદવીઓ આપી, તે વખતે આ ચારિત્રનાયક પણ સૂરિપદથી અલંકૃત થયા હોય એ સ્વીકાર્ય લાગે છે.

સં. ૧૩૩૯ માં શ્રી અજિતસિંહસૂરિ દિવંગત થતાં શ્રી દેવેન્દ્રસિંહસૂરિ ગચ્છનાયક-પદે નિયુક્ત થયા હતા.

**મહાપ્રભાવક પ્રવચનકાર :**

શ્રી દેવેન્દ્રસિંહસૂરિએ સૂત્રબદ્ધ કાવ્યોવાળી જિનસ્તુતિઓ અને જૈન મેઘદૂતાદિ કાવ્યો રચ્યાં છે, એવા ઉલ્લેખો પટ્ટાવલીઓમાંથી પ્રાપ્ત થાય છે. દેવેન્દ્રસિંહસૂરિ અજોડ અને સચોટ વક્તા હતા. તેઓ જ્યારે વ્યાખ્યાન આપતા ત્યારે વિદ્વાનોનાં મસ્તક ડોલી ઊઠતાં. તેમનાં વ્યાખ્યાનોનો રસાસ્વાદ માણવા અનેક દેશોથી આવેલા આચાર્યોથી, ઉપાધ્યાયોથી અને વિદ્વાનોથી આખી સભા ભરાઈ જતી. સામાન્ય શ્રોતાને તો એમાં જગા મેળવવી જ મુશ્કેલ હતી.

**સિરોહીમાં તીર્થ રૂપ જિનાલયની સ્થાપના :**

શ્રી દેવેન્દ્રસિંહસૂરિના વખતમાં સં. ૧૩૨૩ માં સિરોહી (રાજસ્થાન) માં અર્ધશત્રુંજય તુલ્ય અચલગચ્છીય તીર્થનું નિર્માણ થયું. અર્થાત્ ભગવાન આદીશ્વરના ભવ્ય જિનાલયનો શિલાન્સાસ થયો. તેની પ્રતિષ્ઠા પણ સં. ૧૩૩૯, અષાઢ સુદ ૧૩ ના મંગળવારે થઈ. સિરોહીમાં આ જિનાલય અત્યારે પણ મોજુદ છે. બાજુમાં અચલગચ્છનો ઉપાશ્રય પણ છે.

આ આચાર્યશ્રીના સમયમાં ભારતભરમાં અલ્લાઉદ્દીન ખીલજીએ ખળભળાટ મચાવી દીધો હતો. આથી જૈન સાહિત્યને પણ ખૂબ મોટું નુકસાન થયું હતું.

શ્રી ધર્મપ્રભસૂરિ સં. ૧૩૯૩ માં આસોટી ગામમાં કાળધર્મ પામ્યા હતા.

**ધનરાજનો જન્મ :**

**૫૪. 'કાલકાચાર્ય' પ્રાકૃત કથાના રચયિતા શ્રી ધર્મપ્રભસૂરિ :**

મારવાડના ભીનમાલ નગરમાં શ્રીમાળી શ્રેષ્ઠી લીંબા શાહની પત્ની વિજલદેની કુક્ષીથી સં. ૧૩૩૧ માં ધનરાજ નામે પુત્રનો જન્મ થયો. સં. ૧૩૪૧ માં ધનરાજે લઘુ વયમાં શ્રી દેવેન્દ્રસિંહસૂરિ પાસે જાલોરમાં દીક્ષા લીધી સં. ૧૩૫૯ માં તેઓ આચાર્યપદને પ્રાપ્ત થયા અને સં. ૧૩૭૧ માં પાટણમાં જ તેઓ ગચ્છનાયક પદથી ભૂષિત થયા હતા.

**વર્ધમાન શ્રેષ્ઠિનાં ધર્મકાર્યો :**

સં. ૧૩૪૫ માં ધર્મપ્રભસૂરિના ઉપદેશથી ખેરાલુમાં શ્રીમાળી લાછિલ ગોત્રીય વર્ધમાન શ્રેષ્ઠીએ ભવ્ય જિનાલય બંધાવેલું હતું. આ શ્રેષ્ઠીને શત્રુંજય તીર્થનો મોટો સંઘ કાઢયો હતો અને કુલે ત્રણ કરોડ રૂપિયા વર્ધમાન શેઠે ધર્મકાર્યોમાં ખર્ચ્યા હતા.

આ વખતમાં આ ગચ્છના શ્રાવકોમાં 'કામસા' ગોત્ર પ્રચલિત બન્યું હતું.

**શ્રી જયાનંદસૂરિ :**

ધર્મપ્રભસૂરિના શિષ્ય શ્રી જયાનંદસૂરિએ બાહડમેરમાં પરમારવંશીય ડાંગર શાખાના સમરથ નામના રજપૂતને પ્રતિબોધીને જૈનધર્માનુયાયી બનાવ્યો હતો.

**ક્ષત્રિય પ્રતિબોધ :**

શ્રી ધર્મપ્રભસૂરિ ઉગ્ર વિહારી હતા. તેઓ સિંધના નગરપારકરમાં પધારેલા, ત્યારે ત્યાંના પરમારવંશીય નવ ક્ષત્રિય કુટુંબોને પ્રતિબોધી તેમણે તેમને જીવહિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરાવી હતી.

**ઉગ્ર તપસ્વી અને અપ્રમત્ત :**

તેઓ ઉગ્ર તપસ્વી અને ક્રિયાપાત્ર આરાધક આત્મા હતા. તેમના ચરણજલથી બધી વ્યાધિઓ નાશ પામી જતી. તેમને વચનસિદ્ધિ વરી હતી. તેઓ સોળમે પહોરે એક ઠામે એક ટંક આહારપાણી વાપરતા. તેમ જ તેઓ દિવસે તથા રાત્રિના નિદ્રા તો કરતા જ નહીં, માટે જ તેઓ અપ્રમાદી હતા. તેઓ 'પ્રજ્ઞાતિલકસૂરિ' એવા અપર નામથી પ્રસિદ્ધ હતા. તેમના ઉગ્રતમ તપ અને અપ્રમાદી જીવનની રાજસભામાં પણ પ્રશંસા થતી.

**ચિત્રમય શ્રી કાલકાચાર્ય કથા :**

શ્રી ધર્મપ્રભસૂરિજીએ સં. ૧૩૮૯ માં પ્રાકૃતમાં ૫૭ શ્લોકપ્રમાણ શ્રી કાલકાચાર્યની કથા રચી હતી. આ કથાની સુવર્ણચિત્રિત અનેક પ્રાચીન પ્રતો ઉપલબ્ધ હોવાથી જૈનાશ્રિત ચિત્રકળા જાણવા માટેનો તે ઉત્તમ નમૂનો પૂરો પાડે છે. ધર્મપ્રભસૂરિ કૃત કાલકાચાર્ય

કથાને પ્રથમ પ્રકાશિત કરવાનો યશ વિદેશી વિદ્વાનોને ફાળે જાય છે. ડૉ. લોયમેને તથા ડૉ. ડબલ્યુ નોર્મન બ્રાઉને સને ૧૯૩૩ માં પ્રકટ કરેલી આ કથા 'નયરમ્મિ ધરા વાસે' થી શરૂ થાય છે.

**સાધ્વી તિલકપ્રભા ગણિની :**

આ ગચ્છના પ્રવર્તક શ્રી આર્યરક્ષિતસૂરિના સમયમાં ગચ્છનાં પ્રથમ સાધ્વીજી સમયશ્રીજી થઈ ગયાં, તે આપણે આગળ જોઈ ગયા. પણ ત્યાર બાદ દીર્ઘ સમયને અંતરે અચલગચ્છનાં સાધ્વીજીનો નામોલ્લેખ પ્રાપ્ત થાય છે. 'શ્રી શાંતિનાથ ચરિત્ર' તથા 'પર્યુષણા કલ્પ ટિપ્પનક'ની પ્રતની પ્રશસ્તિ મુજબ સં. ૧૩૮૪, ભા. સુ. ૧ શનિવારના અચલગચ્છીય સાધ્વીશ્રી તિલકપ્રભા ગણિની વિદ્યમાન હતાં.

ચરિત્રનાયક સં. ૧૩૯૩ના મહા સુદ ૧૦ ના આસોટી ગામમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

**૫૫. શાસન-પ્રભાવક શ્રી સિંહતિલકસૂરિ :**

શાસનપ્રભાવક મારવાડના આદિત્યપુરમાં શ્રીમાળી શ્રેષ્ઠી આશાધરની પત્ની ચાંપલદેની કુક્ષીથી સં. ૧૩૪૫ માં સિંહતિલકસૂરિનો જન્મ થયો હતો. સં. ૧૩૫૨ માં તેમણે શ્રી ધર્મપ્રભસૂરિ પાસે દીક્ષા સ્વીકારી હતી. સં. ૧૩૭૧ માં તેઓ સૂરિ પદ પામ્યા હતા. સં. ૧૩૯૩ માં તેઓ ગચ્છનાયક પદ પામ્યા હતા.

શ્રી સિંહતિલકસૂરિના ઉપદેશથી અનેક જિનમંદિરોનું નિર્માણ અને અનેક પ્રતિષ્ઠાઓ થઈ હતી. સં. ૧૩૭૧ માં શ્રી સિંહતિલકસૂરિના ઉપદેશથી ખંભાતના જાજા ગોત્રીય છાહડ શ્રેષ્ઠીએ શત્રુંજય તીર્થનો સંઘ કાઢયો હતો, અને ખંભાતમાં શ્રી મહાવીરદેવનો જિનપ્રાસાદ બંધાવ્યો હતો. તેમના સમયની વિશેષ હકીકતો પ્રાપ્ત થતી નથી. તેમની ગચ્છનાયકપદની અવધિ લાંબી નહોતી. સં. ૧૩૯૫ માં ચૈત્ર સુદ ૯ ના પોતાની પાટે શ્રી મહેંદ્રપ્રભસૂરિને નિયુક્ત કરી ૫૦ વરસની ઉંમરે તેઓ ખંભાતમાં કાળધર્મ પામ્યા હતા.

**૫૬. અનેક વિદ્વાન શિષ્યોના ગુરુ શ્રી મહેન્દ્રપ્રભસૂરિ :**

**મહેન્દ્રકુમારનો જન્મ :**

મારવાડના શ્રી જીરાવલ્લી મહાતીર્થ નજીકના વડગામમાં વિ. સં. ૧૩૬૩ માં તેઓ જન્મ્યા હતા તેમના પિતા ઓશવાળ શ્રેષ્ઠી આભા અને માતા જીવણી (નિંબિણી) દેવી હતાં. તેમનું સંસારી નામ મહેંદ્રકુમાર હતું.

મહેંદ્રકુમારે વઈજલપુરમાં સં. ૧૩૭૫ માં શ્રી ધર્મપ્રભસૂરિ પાસે દીક્ષા સ્વીકારી હતી. તે વેળાએ તેમનું દીક્ષાનામ 'મહેંદ્રપ્રભ' મુનિ રાખવામાં આવ્યું હતું. તેમનું જીવન-

ઘડતર ઉગ્ર તપસ્વી એવા શ્રી ધર્મપ્રભસૂરિ અને પ્રકાંડ વિદ્વાન એવા શ્રી સિંહતિલકસૂરિની નિશ્રામાં રહીને થયું હતું. સં. ૧૩૯૩માં શ્રી સિંહતિલકસૂરિએ તેમને સૂરિપદથી અલંકૃત કર્યા હતા. સં. ૧૩૯૮ માં મહેંદ્રપ્રભસૂરિને ખંભાતના સંઘે મહોત્સવપૂર્વક 'ગચ્છેશપદ' પર આરૂઢ કર્યા હતા.

**ગચ્છની ઉન્નતિ માટે છ માસ પર્યંત સૂરિમંત્રનો જાપ :**

શ્રી મહેંદ્રપ્રભસૂરિએ વિષમકાળના પ્રભાવથી પોતાના ગચ્છને તપક્રિયામાં મંદ થયેલો જાણીને વિચારપૂર્વક એક ચિત્તે ધ્યાન ધર્યું. પછી આયંબિલ તપની આરાધનાપૂર્વક તેમણે સળંગ છ મહિના સુધી એક લાખ પ્રમાણ સૂરિમંત્રનો જાપ કર્યો. આથી શ્રી ચક્રેશ્વરી દેવી પ્રગટ થયાં અને વરદાન આપ્યું કે, ગચ્છની શોભા વધે તેમ થશે. આ પછી અનુક્રમે તેમનો શિષ્યપરિવાર વધ્યો અને ગચ્છમાં ઉત્સાહભેર જ્ઞાનતપની આરાધનાઓ થવા માંડી. તેઓશ્રીનો થોડા જ સમયમાં પાંચસો શિષ્યોનો પરિવાર થયો.

**એકી સાથે છ શિષ્યોને સૂરિપદ પ્રદાન :**

આ આખો પ્રસંગ 'પ્રાકૃત અચલગચ્છ ગુર્વાવલી' માં આ પ્રમાણે છે :

અહ કાલ વિસમ દુષમ વસેણ તુટ્ઠં પમાય દોસેણ ।
તવ નિયમ કિરિય વિજ્જા, રહિયં દટ્ઠુણનિયગચ્છ ॥

ચિંતઈ સુગુરુ કસુવાયમિતિદેવી વયણમિત્તિ ઉચ્છલિયં ।
ઇગચિત્ત મંતરાઓ એગંતે ઝાયગો હોઉ ॥

અંબિલ તપ વિહિપુવ્વં છમ્માસં જાવ સૂરિયંતસ્સ ।
જાવો લક્ખ પમાણો સાહણ જોએણ તેણ કઓ ॥

પયડી ભૂઆ દેવી નમિઊણ ગુરુ પભાસએ વયણં ।
સયલં સમીહિત વિય ભવિસ્સઈ ગચ્છ દિત્તિકરં ॥

તત્તો દિવસે દિવસે વડ્ઢઈ સોહગ્ગ ઉગ્ગ કિરિયાઓ ।
રવિ પરિ ધમ્મ પયાવો, અહ વિપરઈ મહિયલે કમ સો ॥

બહુ સીસ લદ્ધિ વસઓ પરિબોહિય દેઈ ભવિ ચારિત્તં ।
પંચ સઈ પરિવારો ગુણ મજ્ઝે ભાસઓવિ ગુરુ ॥

વિ. સં. ૧૪૨૦, આષાઢ સુદ ૫ ના પોતાના છ અજોડ શક્તિવાળા શિષ્યોને તેમણે સૂરિપદથી વિભૂષતિ કર્યા. તેમનાં નામ આ પ્રમાણે છે : (૧) ધર્મતિલકસૂરિ (૨) સોમતિલકસૂરિ (૩) મુનિશેખરસૂરિ (૪) મુનિચંદ્રસૂરિ (૫) અભયતિલકસૂરિ (૬) જયશેખરસૂરિ.

એકી સાથે છ શિષ્યોને સૂરિપદ આપવાનો આ પ્રસંગ ખરેખર આહ્લાદક છે. શ્રી મહેન્દ્રપ્રભસૂરિના વખતના અચલગચ્છીય આચાર્યોનાં કેટલાંક નામ પણ આ પ્રમાણે

પ્રાપ્ત થાય છે : (૧) શ્રી અભયસિંહસૂરિ, (૨) શ્રી રંગરત્નસૂરિ, (૩) શ્રી મેરુતુંગસૂરિ, (૪) શ્રી ચંદ્રપ્રભસૂરિ, (૫) શ્રી માણિક્યસુંદરસૂરિ, (૬) શ્રી સોમચંદ્રસૂરિ ઇત્યાદિ.

આટલા સમર્થ શિષ્યો અને આચાર્યો હોવા છતાં તેમના મુખ્ય પટ્ટધર શિષ્ય તરીકે મહાપ્રભાવક શ્રી મેરુતુંગસૂરિ બન્યા હતા. આ અંગે આપણે આગળ જોઈશું. રાસમાંથી એ પણ જાણવા મળે છે. કે, મહેંદ્રપ્રભસૂરિ અનેક આચાર્યો–ઉપાધ્યાયાદિ પદસ્થો તથા ૫૦૦ સાધુસાધ્વીઓના વિશાળ પરિવારથી શોભતા હતા.

**તેમના સમયના અન્ય આચાર્યોની સંક્ષિપ્ત નોંધ :**

આપણે આગળ જોઈ ગયા કે શ્રી મહેંદ્રપ્રભસૂરિએ સં. ૧૪૨૦ માં, આષાઢ સુદ ૫ ના અણહિલપુર પાટણમાં એકી સાથે છ શિષ્યોને સૂરિપદથી અલંકૃત કરેલા. એમાંથી શ્રી જયશેખરસૂરિ સિવાયના અન્ય આચાર્યો અંગે વિશેષ કશું પણ જાણી શકાતું નથી.

શ્રી સોમતિલકસૂરિના ઉપદેશથી સં. ૧૪૪૬ માં પાટણમાં ફોફલીયાવાડમાં શ્રીમાલી શ્રી વોરા શેઠે પૌષધશાળા બંધાવી હતી, તેની આટલી જ નોંધ પ્રાપ્ત થાય છે.

શ્રી ધર્મતિલકસૂરિ, શ્રી મુનિચંદ્રસૂરિ અને શ્રી અભયતિલકસૂરિ અંગે પણ વિશેષ જાણી શકાતું નથી. 'ધમ્મિલચરિત્ર'ની પ્રશસ્તિમાં શ્રી જયશેખરસૂરિ નોંધે છે: 'एतेषु शिष्यः खलु मध्यमोऽहम् ।

અર્થાત્ શ્રી જયશેખરસૂરિ પોતાને વચેટ શિષ્ય ગણે છે. શ્રી મહેન્દ્રપ્રભસૂરિના શ્રી મુનિશેખરસૂરિ, શ્રી જયશેખરસૂરિ અને શ્રી મેરુતુંગસૂરિ આ ત્રણે શિષ્યો હતા. એવી શક્યતા છે કે આ ત્રણ આચાર્યો સિવાયના અન્ય આચાર્યો શ્રી મહેંદ્રપ્રભસૂરિના શિષ્ય નહીં હોય, પણ શાખાચાર્ય કે ગુરુભાઈઓ હશે. પોતે ગચ્છનાયક હોઈ શાખાચાર્ય કે ગુરુભાઈ ઓને સૂરિપદ આપેલ હોય.

શ્રી મુનિશેખરસૂરિની સં. ૧૪૬૨ સુધીની વિદ્યમાનતા 'ધમ્મિલચરિત્ર'ની પ્રશસ્તિ પરથી માની શકાય એમ છે. શ્રી મહેન્દ્રપ્રભસૂરિના સમુદાયમાં તેઓ માન્ય વડીલ હતા. એટલી જ નોંધ અહીં બસ થશે.

ઉપરોક્ત આચાર્યો તથા એ વખતના અન્ય આચાર્યો શ્રી ચંદ્રપ્રભસૂરિ, શ્રી સોમચંદ્ર-સૂરિ આદિ અંગે અન્વેષણ કરવું આવશ્યક છે. પ્રાચીન જ્ઞાનભંડારો કે છૂટક પત્રોમાંથી સંશોધન કરતાં આ અંગે વિશેષ ઐતિહાસિક માહિતી મળી રહે એ શક્ય છે. શ્રી અભયસિંહસૂરિ અને તેમની પૂર્વે થયેલા શ્રી જિનચંદ્રસૂરિ તથા અનુગામી શ્રી ગુણસમુદ્ર-સૂરિ, શ્રી માણિક્યકુંજરસૂરિ આદિ અંગે પણ ઐતિહાસિક વિગતો પ્રકાશમાં આવે તે અત્યંત જરૂરી છે.

## કવિચક્ર–ચક્રવર્તી શ્રી જયશેખરસૂરિ :

શ્રી મહેન્દ્રપ્રભસૂરિજીના શિષ્ય શ્રી જયશેખરસૂરિનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે :

શ્રી જયશેખરસૂરિ ગુજરાતી ભાષાના આદ્ય પદ્યકાર કવિ તરીકે વિરલ કીર્તિ પામ્યા છે. તેમના અજ્ઞાત શિષ્ય દ્વારા રચિત 'શ્રી જયશેખરસૂરિ ફાગુ' પ્રાપ્ત થાય છે. પણ ઉચ્ચ પ્રતિભાસંપન્ન આ આચાર્યશ્રીનાં માતપિતા તથા જન્મસ્થળ, જન્મસંવત ઇત્યાદિની વિશેષ વિગતો અદ્યાપિ પ્રાપ્ત થઈ શકી નથી, એ આશ્ચર્યપ્રદ છે. તેઓ ગુજરાતી ભાષાના આદ્ય પંક્તિના પદ્યકાર કવિ હોઈ ગુજરાતમાં જન્મ્યા હશે એ પ્રતીતિપ્રદ છે. તેઓ બહુધા ગુજરાતમાં વિચર્યા છે અને વિશેષ ગ્રંથરચના એ જ પ્રદેશમાં કરી છે. તેઓ સંવત ૧૪૧૦ પહેલાં લઘુ વયમાં દીક્ષિત થયેલા હતા. તેઓ 'ગચ્છનાયક' ન હોઈ તેમના નામ અને તેમના સાહિત્યના નિર્દેશ સિવાય પટ્ટાવલીઓમાંથી પણ વિશેષ પરિચય પ્રાપ્ત થઈ શકતો નથી. તેમની વિદ્યમાનતા સં. ૧૪૯૩ સુધી મનાય છે.

શ્રી જયશેખરસૂરિ 'કવિ ચક્રવર્તી,' 'વાણીદત્તવર,' 'મહાકવિ' ઇત્યાદિ બિરુદોથી અલંકૃત હતા. તેઓ વિ. સં. ૧૪૨૦, આષાઢ સુદ ૫ ના પાટણમાં સૂરિપદને પ્રાપ્ત થયા હતા. આ પ્રસંગે શ્રી ઋષભદેવ પ્રભુના જિનાલયમાં શ્રેષ્ઠી શ્રી વેરાએ અષ્ટાહ્નિકા મહોત્સવ કરેલો હતો. તેમણે રચેલા અને લખેલા એક 'વિનતિ સંગ્રહ'ની પ્રાચીન હસ્તપ્રતની અંદરના ઉલ્લેખથી તેઓ ગણિપદથી અલંકૃત થયેલા જાણી શકાય છે.

## પ્રાચીન ગુજરાતી ભાષાના સ્રષ્ટા જૈનાચાર્યો તથા શ્રી જયશેખરસૂરિ અને 'ત્રિભુવનદીપક પ્રબંધ' ગ્રંથ :

કવિચક્રવર્તી શ્રી જયશેખરસૂરિએ રચેલા ગ્રંથોનું અનેક વિદ્વાનોએ પરિશીલન કરેલું છે. પ્રાચીન ગુર્જર ભાષાના ઉત્તમ ઉદાહરણ રૂપ 'શ્રી ત્રિભુવન દીપક પ્રબંધ' ગુર્જર પદ્ય ગ્રંથ અંગે પણ ઘણા વિદ્વાનોએ અભિરુચિ દાખવી છે. એટલું જ નહીં, 'ત્રિભુવન દીપક પ્રબંધ,' 'પૃથ્વીચંદ્રચરિત્ર' ઇત્યાદિ ગુર્જર ભાષાના પદ્ય–ગદ્યબદ્ધ ગ્રંથો તથા ગુર્જર ભાષામાં રચાયેલી અન્ય અનેક કૃતિઓ જોતાં વિદ્વાનો હવે એ અભિપ્રાય ઉપર આવ્યા છે કે પ્રાચીન ગુજરાતી ભાષાના ઘડવૈયા જૈનાચાર્યો અને જૈનમુનિઓ જ છે.

શ્રી જયશેખરસૂરિ રચિત 'ત્રિભુવન દીપક પ્રબંધ' અપર નામ 'પરમહંસ પ્રબંધ' ગ્રંથ માટે પં. લાલચંદ્ર, ડૉ. સાંડેસરા, મોહનલાલ દેસાઈ, કેશવલાલ ધ્રુવ ઇત્યાદિ અનેક વિદ્વાનોએ સુંદર અભિપ્રાયો વ્યક્ત કર્યા છે. ડૉ. સાંડેસરા જણાવે છે કે 'ત્રિભુવન દીપક પ્રબંધ અને 'પ્રબોધ' ચિંતામણિ' એ એક સુંદર કાવ્ય અને રૂપક છે. સાહિત્યમાં ઉચ્ચ સ્થાન લઈ શકે એવું સુશ્લિષ્ટ રૂપક તો શ્રી જયશેખરસૂરિનું જ પ્રથમ છે.

સત્યવાદી નામના મરાઠી દૈનિક (તા. ૧૪-૧૨-૮૦)માં મરાઠીમાં અગ્રલેખ તરીકે પં. સૂરિજન રચિત 'પરમહંસ કથા' (રસગ્રહણ) નામક વિસ્તૃત લેખ પ્રગટ થયો છે. લેખના લેખક પ્રો. શ્રીધર આ પ્રમાણે ખાસ નોંધે છે :

पं. सूरिजन यांनी मराठीत ही कथा नव्यानेच लिहिली असे नाही. कारण सूरिजनांचे गुरु ब्रह्म जिनदास यांनी परमहंस रासची रचना केलीच होती. तत्पूर्वी जयशेखरसूरि यांनी प्रथमतः संस्कृतात व नंतर गुजराथीत परमहंस प्रबंध नावाचा ग्रंथ संवत् १४६२ मध्ये लिहिला. या वरून परमहंसाची कथा श्वेतांबरपंथीय जयशेखरसूरि पासून दिगंबरपंथीय ब्रह्म जिनदासने घेतली व त्या कथेवरुन पं. सूरिजनाने मराठी रचना केली. कारण भाषा-कल्पना व कथा बाबतीत तीन्ही ग्रंथात साम्य आहे।

આ રીતે શ્રી જયશેખરસૂરિ રચિત 'ત્રિભુવન દીપક પ્રબંધ' ગ્રંથ પર દિગંબર વિદ્વાનોએ તથા અન્ય ગચ્છના મુનિવરોએ પણ સારો એવો રસ દાખવ્યો છે. અને વિવિધ ભાષાઓમાં આ ગ્રંથના માધ્યમે નૂતન રચનાઓ પણ કરી છે. શ્રી જયશેખરસૂરિએ પ્રથમ આ ગ્રંથ 'પ્રબોધ ચિંતામણિ' નામે સંસ્કૃત ભાષામાં પણ રચેલ છે.

**શ્રી જયશેખરસૂરિ રચિત પ્રાચીન ગુર્જર સાહિત્ય અને વિનતિઓ :**

આપણા સદ્ભાગ્યે શ્રી જયશેખરસૂરિ રચિત અને તેઓ દ્વારા લિખિત એક હસ્ત-લિખિત પ્રત ચાણસ્માના ભંડારમાંથી મળી આવી છે. વિદ્વદ્વર્ય પૂ. પં. શ્રી અભયસાગરજી ગણિવર્ય મ. સા. ના સૌજન્યથી તે પ્રતની ફોટોકોપી પણ પ્રાપ્ત થયેલ છે. આ પ્રતને અંતે પ્રશસ્તિ આ પ્રમાણે છે :

सं. १०२५ वरसे स्वयं लखितं जयशेखरसूरि माघ सुद ७ गुरुवासरे

જો કે શરતચૂકથી સંવત લેખનમાં ભૂલ છે. સં. ૧૪૨૫ યા સં. ૧૫૦૨ હશે એમ અનુમાન કરી શકાય.

શ્રી જયશેખરસૂરિ[1] લિખિત ઉક્ત પ્રત અતિ મરોડ અને સ્વચ્છ અક્ષરોમાં લિપિબદ્ધ છે. પ્રશસ્તિના અક્ષરો જુદા તરી આવે છે. પ્રશસ્તિ લખનારને ખ્યાલ હશે કે, આ પ્રત જયશેખરસૂરિએ સ્વયં લિપિ કરેલ છે, માટે જ એ જાતનો ઉલ્લેખ સંભવે.

ઉક્ત પ્રતમાં બાવન કૃતિઓ છે. આ કૃતિઓ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ગુર્જર ભાષામાં રચાયેલ છે. દરેક કૃતિનું નામ આદિ અંશ તથા શ્લોક આ પ્રમાણે છે :

**શ્રી જયશેખરસૂરિ લિખિત અને રચિત કૃતિઓ :**

૧. ઋષભદેવ ચઉપઈ (પ્રમાણ ગાથા ૩૭). પ્રારંભ : પહિલઈ ભવિ ધન સારપ.

૨. શ્રી નેમિનાથ ક્રીડા ચઉપઈ (પ્રમાણ ગાથા ૩૮). પ્રારંભ : સમુદ્રવિજય સિવાદેવી મલ્હારુ સ્વામિ.

---

૧. શ્રી જયશેખરસૂરિ લિખિત ઉક્ત પ્રત માટે જુઓ, આ ગ્રંથમાં પ્રકાશિત ચિત્ર (ફોટો).

૩. શ્રી ચઉવીસ જિનવર ચઉપઈ ( પ્રમાણુ ગાથા ૨૫ ). પ્રારંભ : નાભિ નરેસર નંદન નાહ્.

૪. ત્રોટકબંધન શ્રી નેમિનાથ સ્તુતિ ( પ્રમાણુ ગાથા ૨૦ ). પ્રારંભ : ઋતુરાઉ પુહતઉ પુહવિતલે.

૫. ૭૨ જિનેન્દ્ર સ્તુતિ. પ્રારંભ : રિસહુ—નાભિ મરુદેવી—તણુ રુહુ.

૬. અષ્ટાપદ સ્તુતિ ( ગાથા ૧૮ ). પ્રારંભ : સિરિ રિસહેસરુ નાભિરાય મરુદેવી સંતઉ.
( અહીં શુભં ભવતુ કલ્યાણમસ્તુ લખેલ છે. )

૭. પંચાસરા વિનતી ( પ્રમાણુ ગાથા ૧૨ ). પ્રારંભ : સરવ પાસુ પંચાસરાધીશ પેખઉં હુયઉ.

૮. વાયડ વિનતી ( પ્રમાણુ ગાથા ૧૧ ).
પ્રારંભ : પામિય ઘણુ અણરાઉ વાઈડિ વાંદઉ વીસમઉ મુણિસુવ્વય જિણરાઉ.

૯. એસરેડી શ્રી આદિનાથસ્તુતિ ( પ્રમાણુ ગાથા ૯ ). પ્રારંભ : ભિલીતાલિમંભોલહરુ નયર પામી.

૧૦. વીતરાગ વિનતી ( પ્રમાણુ ગાથા ૯ ). પ્રારંભ : તેણુઇં મનિ સમાધિલડી જઇ નાથ નામિ રસના વિલહીજઈ......

૧૧. અર્બુદાચલ વિનતી ( ગાથા ૯ ). પ્રારંભ : ૨ર્વિ આબુય ડુંગરિ જાઈસિંઉં;
રિસહ નેમિતણા ગુણ ગાઈસિઉં.

૧૨. વીસ વિહરમાન વિનતી ( પ્રમાણુ ગાથા ૨૦ ). પ્રારંભ : જયજણિયસુખ જયકપ્પરુક્ખ.

૧૩. શત્રુંજય વિનતી ( પ્રમાણુ ગાથા ૫ ). પ્રારંભ : પુણ્યયોગી વિમલાચલુ પામી.

૧૪. પાર્શ્વનાથ વિનંતી. પ્રારંભ : બલઈ જિ બલવંતુ દેઉ.

૧૫. મહાવીર વિનતી ( પ્રમાણુ ગાથા ૭ ). પ્રારંભ : નગરુ તાં વઢવણુ વિશેષિયઈ.

૧૬. નેમિનાથ વિનતી ( પ્રમાણુ ગાથા ૫ ). પ્રારંભ : ભલી ભાવના ભેટીવા નેમિ પાયા.

૧૭. શાંતિનાથ વિનતી ( પ્રમાણુ ગાથા ૯ ). પ્રારંભ :
પામી છઇ બોધિ ભમી ભમી જઈ. શ્રી શાંતિનામિઇં જિન તઉ નમી જઈ.

૧૮. જીરાપલ્લીય પાર્શ્વનાથ વિનતી ( પ્રમાણુ ગાથા ૭ ).
પ્રારંભ : જગન્નાથુ જીરાઉલિઉ, હું જુહારઉં; પ્રભો પાસ પૂજી સેવ કાજ સારઉં.

૧૯. થાંભણા વિનતી ( પ્રમાણુ ગાથા ૮ ).
પ્રારંભ : થંભણપુરિ સિરિ પાસ જિણુ દો; આસસેણ કુલકમલ દિણિંદો.

૨૦. સ્તંભનક વિનતી ( પ્રમાણુ ગાથા ૧૧ ). પ્રારંભ : જઉ પરમેસરુ પૂજિઉ વાસવે.

૨૧. મથુરાવતાર વિનતી ( પ્રમાણુ ગાથા ૧૬ ). પ્રારંભ : મહુરઉં કયઅવયારુ સારુ સિરિ પાસજિણેસરુ.

૨૨. મુનિસુવ્રત સ્વામિ વિનતી ( પ્રમાણુ ગાથા ૭ ). પ્રારંભ : નગર જાંબૂ તાં જગિ જાણિય ઈ.

૨૩. આદિનાથ વિનતી ( પ્રમાણુ ગાથા ૮ ). પ્રારંભ : કુલિ ભલ ઈ અવતારિ સુખે લહી નવ લખઈ.

૨૪ આદિનાથ વિનતી ( પ્રમાણુ ગાથા ૯ ). પ્રારંભ : યુગાદીશુ શેત્રુંજનઇં શૃંગિ બઇઠઉ.

૨૫. તારણગિરિ વિનતી ( પ્રમાણુ ગાથા ૧૧ ).

પ્રારંભ : મનિ મનોરથ એઉ સદા વસઈ સભાવુ હિયડ઼ નિતુ ઉલ્લસઈ;
કિમઇ તારણિ ડુંગરિ જાઈ, અજિતદેવ પગે સિર લાયઈ.

૨૬. થાંભણા શ્રી પાર્શ્વનાથ વિનતી ( પ્રમાણુ ગાથા ૧૩ ).
પ્રારંભ : સખે! થંભણઈ પાસસામી નમીજઈ;
સુખિઇ સિદ્ધિ સીમંતિની સેઉ રમીજઈ.

૨૭. આદિનાથ વિનતી વીણા (પ્રમાણુ ગાથા ૯).
પ્રારંભ : વડઈ વેગિ વીણભણી ભવ્ય ચાલઈ;
યુગાદીશુ દેખી કરી પાપ વાલઈં.

૨૮. અરિષ્ઠ નેમિનાથ વિનતી ( પ્રમાણુ ગાથા ૯ ).
પ્રારંભ : અરિઠ્ઠનેમિ પ્રભુ પણુમિંતરિ ભવિયણુ પૂજઉ ભાવિ નિરંતરિ.

૨૯. શ્રી નેમિનાથ ધઉલ ( ગાથા ૧૪. રાગ : ગૂજરી ધઉલ )
દ્વારિકાં ઘરિ ઘરિ મંગલ ચારુ, સમુદ્રવિજય નરવરતણુ એ.

૩૦. સકલ પાર્શ્વનાથ વિનતી ( પ્રમાણુ ગાથા ૭, પ્રાકૃત )
પ્રારંભ : પાસ જિણુંદ વંદિયા, તસ્સય જંપેમિ જમ્મણુંમિ,
સેયં જેહ પવ્વં સુરપવ્વયસિરંમિ સુરવઈ.
અંતે : इतिश्री पार्श्वनाथ सकल ॥

૩૧. સર્વજિન કલશ ( પ્રમાણુ ગાથા ૫, પ્રાકૃત )
પ્રારંભ : ભવિયણુ કપ્પારુહણુય વ ચિંતામણિ કામધેણુસારિચ્છો.

૩૨. શ્રી સંભવનાથ વિનતી ( પ્રમાણુ ગાથા ૭ )
પ્રારંભ : બુદ્ધિ અહ્મારી હઇઈ ધરીજઈ જઉં તીર્થંકર સમરીજઈ.

૩૩. શત્રુંજય મંડન શ્રી યુગાદિદેવ સ્તુતિ ( પ્રમાણુ શ્લોક ૧૬, વસ્તુબંધનાલંકૃતા. જૂની ગુજરાતી )
પ્રારંભ : વિમલગિરિવર સિહર અવયંસ, વર કેવલિસિરિ કલિય;
મલિયસયલ-મ્મહપરક્કમા કમલાયર.

૩૪. શ્રી ગિરનારસ્થ નેમિજિન સ્તુતિ ( પ્રમાણુ ગાથા ૧૬ ). [ વસ્તુબંધન. પ્રાકૃત જૂની ગૂજરાતી ]
પ્રારંભ : લચ્છિકુલહરુ ર સારા સાહજુ સંખંકિઉ સામલ ઉજ્જંત ગિરિરાય મંડણુ.

૩૫. શ્રી જીરાપલ્લી પાર્શ્વનાથ સ્તુતિ ( પ્રમાણુ ગાથા ૧૬, ) [ વસ્તુબંધન. પ્રાકૃત. જૂની ગૂજરાતી ]
પ્રારંભ : દેવુ દરિસણિ દરિસણિ સયલસુહ.

૩૬. ગચ્છનાયક સ્તુતિ (પ્રમાણુ ગાથા ૧૬). [લઘુ પટ્ટાવલિરૂપ-પ્રત્યેક ગચ્છનાયક માટે એક શ્લોક ]
પ્રારંભ : નમિય જિણવર રંગિ ચઉવીસ અનુસરઈ.

૩૭. નેમિફાગુ ( પ્રમાણુ ગાથા ૫૮ ).
પ્રારંભ : જિણિ જગિ જિતઉ સમરસિ અમરશિરોમણિ કામુ,
લિચ્છિય સિદ્ધિ સયંવર સંવરગુણ અભિરામુ.

૩૮. નેમિનાથ ફાગુ (પ્રમાણ ગાથા ૩૪).
પ્રારંભ : પણમિય શિવગામિય સામિય સવિ અરિહંત.

૩૯. ચોર્યાસી લાખ પરિભ્રમણ આદિ નિગોદ અનંત (ગાથા ૭).

૪૦. ગિરનાર યા નેમનાથ ચૈત્ર પ્રવાડી-ધવલસ્તુતિ (ગાથા ૨૨).
પ્રારંભ : તે જલસરુવર તલહરીએ મરકડઉં કેકઉં અમીયઉં કુંડું.

૪૧. શ્રી સોપારામંડણ શ્રી આદિનાથ (માસ, ગાથા ૯)
પ્રારંભ : નયર સાપારએ જાઇય એ જાયઇય નરવર નાભિ મલ્હારુ.

૪૨. પંચતીર્થંકર સ્તુતિ (પ્રમાણ ગાથા ૧૧).
પ્રારંભ : ઘ્રૂં એક કલ્પદ્રુમ આદિનાથ તઇં એકલઈ.

૪૩. મલ્લિનાથ વિનતી (પ્રમાણ ગાથા ૮).
પ્રારંભ : મલ્લિનાથુ મનિ દઉ સંચિયઇ, મલ્લિકા કુસુમાલકે અંચિયઈ.

૪૪. શ્રી પાર્શ્વનાથ શ્લોકા. પ્રારંભ : જિરાઉલ્લિ ગ્રામકૃતાવિકસ્તં શ્રી પાર્શ્વનાથં જનપૂજિતાશં.

૪૫. શ્રીનાભિ ભૂપસ્ય કુલાવતંસં (જયશેખરસૂરિકૃતાઃ શ્લોકાઃ)

૪૬. શંખેશ્વર પાર્શ્વનાથ વિનતી (પ્રમાણ ૨૧ ગાથા). પ્રારંભ : સયલ સુર અસુર નરનાહ વંદિય.

૪૭. શાંતિનાથ વિનતી (પ્રમાણ ગાથા ૯). પ્રારંભ : તિહુયણમણવંછિય દાયણ.

૪૮. ઋષભદેવ વિનતી (પ્રમાણ ગાથા ૭).
પ્રારંભ : સિરિ યુગાદિ જિણેસર જોયઇ સકલ ધન્યતણઇ ધુરિ.

૪૯. જીરાઉલ્લ પાર્શ્વનાથ વિનતી (પ્રમાણ ગાથા ૧૧).
પ્રારંભ : જીરાઉલ્લી અવતારુ તારુ ચરિઉ ગુણગરુ-તિલકુ.

૫૦. શાંતિનાથ વિનતી. પ્રારંભ : સોલસમુ જિણરાઉ, સંતિકરુ સિરિ સંતિ જિણ.

૫૧. પાર્શ્વનાથ સ્તુતિ (પ્રમાણ ગાથા ૧૨). અંતે : ઇતિ પં. જયશેખરગણિકૃતા ચારુપ પાર્શ્વસ્તુતિ.

૫૨. સ્તંભક મંડન પાર્શ્વનાથ દેવસ્તુતિ (પ્રમાણ શ્લોક ૯). [સંસ્કૃત]
અંતે : સં. ૧૦૨૫ વરસે સ્વયં લખિતં જયશેખરસૂરિ માઘ સુદ ૭ ગુરુવાસરે.

**શ્રી જયશેખરસૂરિ રચિત સાહિત્ય અને 'ઉપદેશ ચિંતામણિ' ગ્રંથ :**

તેમણે સં. ૧૪૩૬ માં પાટણ નગરમાં રહી 'શ્રી ઉપદેશ ચિંતામણિ' નામના પ્રાકૃત પદ્યગ્રંથની રચના કરી આ ગ્રંથમાં ચાર વિભાગો પાડવામાં આવ્યા છે : (૧) જૈન ધર્મ પ્રશંસા, (૨) માનવભવાદિ દુર્લભ ધર્મસામગ્રી, (૩) દેશવિરતિ, (૪) સર્વવિરતિ. આ મૂળ ગ્રંથ ખરેખર સૌએ કંઠસ્થ કરવા જેવો છે. આ ગ્રંથમાં જિનાગમોનો સાર ઠાંસી ઠાંસીને ભરી દેવામાં આવ્યો છે. મૂળ ગ્રંથને સારી રીતે સમજી શકાય તે માટે તેઓએ બાર હજાર શ્લોક પ્રમાણ 'સ્વોપજ્ઞ ટીકા'ની પણ રચના કરી છે. આ ગ્રંથ દ્વારા તેઓની વિદ્વત્તા, અચારનિષ્ઠા, શાસનપ્રેમ અને ઊંડું ચિંતન ઇત્યાદિ જાણી શકાય છે.

આ ગ્રંથ આજે ઘણાં સાધુ-સાધ્વીજીઓ ચાતુર્માસ દરમ્યાન વ્યાખ્યાનમાં વાંચે છે. શાસન અને ગચ્છના કારણે તેઓએ ખરેખર એક અદ્ભુત ગ્રંથરત્નની ભેટ ધરી છે. શાસ્ત્રીય સત્યને રજૂ કરવા માટે 'ઉપદેશ ચિંતામણિ' એ પ્રમાણગ્રંથ ગણાય છે. એ માટે પ્રાચીન ઉલ્લેખો પણ પ્રાપ્ત થાય છે :

> **ઉપદેશ ચિંતામણી કીઉંએ બાર સહસ પ્રમાણ,**
> **છાજઈ આગમ ઉપમા એ ઝણહણીયા જાણ.**

('શ્રી ઉપદેશ ચિંતામણિ' મહાગ્રંથ મૂળ ટીકા અને ગુજરાતી અનુવાદ સ.થે અચલગચ્છા-ધિપતિ પૂ. સ્વ. આચાર્ય ભગવંતશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણાથી ચાર વિભાગમાં ચાર પ્રતો રૂપે પ્રકાશિત થયેલ છે.)

**જયશેખરસૂરિની અન્ય કૃતિઓ-ગ્રંથો :**

ઉપદેશ ચિંતામણિ ગ્રંથ ઉપરાંત શ્રી જયશેખરસૂરિએ પ્રબોધચિંતામણિ, ત્રિભુવનદીપક પ્રબંધ, જૈન કુમારસંભવ મહાકાવ્યં, ધમ્મિલ ચરિત્રં, સકલ સુખ નામક બૃહદ્ જિનશાંતિ સ્તવ, બૃહદતિચાર, ક્રિયાગુપ્ત સ્તોત્ર, શ્રી જીરાવલ્લા સ્તોત્ર, શ્રી જંબૂસ્વામી ફાગુ અને શ્રી નેમનાથ ફાગુ, કલ્પસૂત્ર સુખાવબોધ વિવરણ, ન્યાયમંજરી, ધર્મસર્વસ્વાધિકાર પ્રકરણ, આત્માવબોધકુલક, દ્વાત્રિંશિકાત્રયી, અનેક વિનતિઓ, પ્રવાડીઓ અને સ્તોત્રો ઇત્યાદિ રચ્યાં છે. તેમનું સાહિત્ય મોટે ભાગે પ્રસિદ્ધ અને લોકભોગ્ય રહ્યું છે. તેમણે રચેલ 'બૃહદતિચાર' અને 'બૃહદ્અજિતશાંતિસ્તવ' આજે પણ અચલગચ્છના પાક્ષિક પ્રતિક્રમણમાં બોલાય છે. અન્ય કવિઓએ પણ પોતાની કૃતિઓમાં શ્રી જયશેખરસૂરિના ગ્રંથોનો આધાર લીધો છે.

**યોગી અને ધ્યાની શ્રી જયશેખરસૂરિ :**

તેમના શિષ્ય ધર્મશેખરસૂરિએ 'જૈન કુમારસંભવ મહાકાવ્ય''ની ટીકામાં પોતાના ગુરુ શ્રી જયશેખરસૂરિને અષ્ટાંગયોગી અને ધ્યાની વર્ણવ્યા છે. આ ઉપરથી શ્રી જયશેખરસૂરિના આધ્યાત્મિક જીવનનો પરિચય મળી રહે છે. શ્રી મેરુતુંગસૂરિ કરતાં તેઓ સૂરિ-દીક્ષા પર્યાયમાં મોટા હતા, છતાં તેઓ ગચ્છનાયક ન બન્યા, એ એમની વિશેષ પદ પ્રત્યેની અનાસક્તિ હશે.

**શ્રી જયશેખરસૂરિ દ્વારા લિખિત પ્રત :**

શ્રી જયશેખરસૂરિએ રચેલ ૫૧ જેટલી વિનતિઓ, સ્તોત્રો, અને લઘુ પટ્ટાવલી આદિની તેમના હાથે જ લખાયેલ એક વિરલ હસ્તલિખિ પ્રત પ્રાપ્ત થાય છે. આ પ્રતમાં 'જયશેખરગણિ કૃત' એવા ઉલ્લેખથી જાણી શકાય છે કે તેઓ પ્રથમ 'ગણિ' પદથી પણ અલંકૃત થયા હતા. આ પ્રત સુંદર મરોડદાર અક્ષરોથી અંકિત છે. એ દ્વારા

તેમની સુંદર લેખન પદ્ધતિનો પણ ખ્યાલ આવે છે. આવું સાહિત્ય શીઘ્ર પ્રકાશિત થવું આવશ્યક છે.

**પ્રભાવક વા. મેરુચંદ્ર ગણિ તથા મંત્રી વાડવ અને તેની કૃતિઓ :**

શ્રી જયશેખરસૂરિ મહાકવિ શ્રી માણિક્યસુંદરસૂરિના પણ વિદ્યાગુરુ હતા. શ્રી જયશેખરસૂરિના શિષ્યોમાં શ્રી ધર્મશેખરસૂરિ અને વાચનાચાર્ય શ્રી મેરુચંદ્ર ગણિ આદિનાં નામો પ્રાપ્ત થાય છે. વાચનાચાર્ય શ્રી મેરુચંદ્ર ગણિ તો ખૂબ જ પ્રભાવક હતા. શ્રી મેરુચંદ્ર ગણિએ યવનપતિએ કેદ કરેલા અનેક યતિઓને મુક્તિ અપાવી હતી. વાચક શ્રી મેરુચંદ્ર ગણિની સૂચનાથી તેમના ભક્ત વિરાટ નગરીના વિદ્વાન મંત્રી વાડવે (પંચાયણે) સત્તર ગ્રંથો પર અવચૂરિ રચી હતી. તેમાંથી 'વૃત્તરત્નાકરાવચૂરિ'[१] પ્રાપ્ત થાય છે. આ અવચૂરિની પ્રશસ્તિમાંથી ઉપરોક્ત ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ઉક્ત અચલગચ્છીય વાડવ મંત્રીશ્વરે રઘુવંશ, કુમારસંભવ ઇત્યાદિ મહાકાવ્યો, યોગપ્રકાશ, વીતરાગસ્તોત્ર, વિદગ્ધમુખમંડન તથા અનેક સ્તોત્રો પર અવચૂરિઓ રચી હતી.

ઉક્ત મંત્રીશ્વર પંચાયણે એક જિનબિંબ સં. ૧૫૦૯, વૈશાખ સુદ ૧૩, શુક્રવારના રોજ ભરાવેલું.

કવિચક્રવર્તી શ્રી જયશેખરસૂરિ પ્રખર સાહિત્યસર્જક, મહાકવિ અને તે ઉપરાંત ઉગ્ર વિહારી પણ હતા. સિંધ, માળવા, ગુજરાત, મરુદેશ, સોરઠ ઇત્યાદિ પ્રદેશોમાં તેઓ વિચર્યા હતા અને ધર્મોપદેશ આપ્યો હતો.

**શાસન પ્રભાવક શ્રી જયશેખરસૂરિ :**

અચલગચ્છીય મંત્રી વાડવ રચિત 'વૃતરત્નાકરાવચૂરિ' ગ્રંથની પ્રશસ્તિમાં શ્રી જયશેખરસૂરિને 'અનેક નૃપતિઓ દ્વારા પૂજાયાં છે ચરણ કમલ જેમનાં' એવા વિશેષણોથી નવાજેલ છે. તે પરથી અનુમાન કરી શકાય છે કે તેઓ અનેક રાજાઓના પરિચયમાં આવ્યા હશે. પ્રાચીન વહીઓ પરથી જાણવા મળે છે કે શ્રી જયશેખરસૂરિએ ક્ષત્રિયો–જૈનેતરોને પ્રતિબોધી જૈનધર્મી કર્યા હતા.[२] 'જૈન ગોત્ર સંગ્રહ'માં નોંધ છે કે ઓશવંશીય સહસ્રગણા ગાંધી ગોત્રના શ્રેષ્ઠિ શ્રી ગોવિંદ શ્રી જયશેખરસૂરિના પરમ ભક્ત હતા. સૂરિજીની પ્રેરણાથી રતનપુરમાં ૭૨ દેવકુલિકાઓથી શોભિત શ્રી આદીશ્વર પ્રભુનું ભવ્ય અને વિશાળ જિનાલય શ્રી ગોવિંદ શેઠે બંધાવી શ્રી જયશેખરસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી હતી. ગોવિંદ શેઠે શ્રી શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢી સંઘપતિ બનવાનો લહાવો લઈ તીર્થ પર ધ્વજારોપણ

---

૧. વિશેષ માટે જુઓ, શ્રી આર્યકલ્યાણ ગૌતમ સ્મૃતિ ગ્રંથ.

૨. જુઓ શ્રી [illegible] ..., પૃ. ૭૫.

કર્યું હતું. સાકરની પરબ બાંધી, માળ પહેરી સંઘવી' પદ પ્રાપ્ત કર્યું હતું. સંઘને જમાડી માણસ દીઠ એક એક રૂપિયાની પ્રભાવના કરી હતી. પછી ઘેર આવી દેશતેડું કરી સર્વેને પકવાન્ન જમાડી ઘર દીઠ એક સાડી, એક થાળી, એક રૂપિયો અને એક શેરના મોતીચૂરના લાડુ નાખી સમગ્ર શહેરમાં લહાણી કરી હતી. શ્રી જયશેખરસૂરિના ઉપદેશથી બીજાં પણ અનેક શ્રેષ્ઠ કાર્યો કર્યાં હશે.

**શાખાચાર્ય શ્રી અભયસિંહસૂરિ :**

શ્રી મહેન્દ્રપ્રભસૂરિના વખતમાં શાખાચાર્ય શ્રી અભયસિંહસૂરિ પ્રભાવક આચાર્ય થઈ ગયા. અચલગચ્છના શાખાચાર્યોની એક પટ્ટપરંપરા આ પ્રમાણે પ્રાપ્ત થાય છે : (૧) જિનચંદ્રસૂરિ, (૨) પદ્મદેવસૂરિ, (૩) સુમતિસિંહસૂરિ, (૪) અભયદેવસૂરિ, (૫) અભય-સિંહસૂરિ, (૬) ગુણસમુદ્રસૂરિ, (૭) માણિક્યસૂરિકુંજર, (૮) ગુણરાજસૂરિ, (૯) વિજય-સિંહસૂરિ, (૧૦) પુણ્યપ્રભસૂરિ, (૧૧) જિનહર્ષસૂરિ, (૧૨) ઉપા૦ શ્રી ગુણહર્ષ ગણિ. ઉક્ત અભયસિંહસૂરિ અભયદેવસૂરિના શિષ્ય હતા. શ્રી ગોડી પાર્શ્વનાથ તીર્થની પ્રેરણાનું ઉદ્દગમ સ્થાન શ્રી અભયસિંહસૂરિ હતા.

કવિવર કાન્હ રચિત 'શ્રી ગચ્છનાયક ગુરુરાસ'માં શ્રી અભયસિંહસૂરિનો આ પ્રમાણે સામાન્ય પરિચય પ્રાપ્ત થાય છે :

> **સિરિમાલી વિજયપાલ સૂઉમાં ભોજત કુલિ અવઈન્નુ;**
> **શ્રી અભયસિંહસૂરિ જે નમઉ, તે નર નારિય ધન્ન.**

શ્રી અભયસિંહસૂરિ શ્રીમાલીવંશીય ભોજત ગોત્રીય શ્રેષ્ઠિ શ્રી વિજયપાલના સુપુત્ર હતા. શ્રી અભયસિંહસૂરિના પટ્ટધર શ્રી ગુણસમુદ્રસૂરિ અને શ્રી માણિક્યકુંજરસૂરિ અંગે પાછળ ઉલ્લેખ કરીશું.

**શ્રી ગોડી પાર્શ્વનાથ તીર્થનો ઇતિહાસ :**

શ્રી ગોડી પાર્શ્વનાથનું ઐતિહાસિક ચોઢાળિયું તથા બીજાં અનેક ઐતિહાસિક પ્રમાણોથી જાણી શકાય છે કે વિધિપક્ષગચ્છાધિરાજ શ્રી મહેન્દ્રપ્રભસૂરિના નિર્દેશથી મીંઢડીઆ ગોત્રના મેઘા શાહે સં. ૧૪૩૨, ફા. સુ. ૨ ભૃગુવારે શ્રી ગોડી પાર્શ્વનાથનું ભવ્ય બિંબ ભરાવેલ. ઘણું ધન ખરચીને પાટણમાં મહોત્સવપૂર્વક જિનમંદિરમાં ઉક્ત પ્રતિમાજીને મૂળ-નાયક તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આવેલ. પણ તે વખતે મુસલમાનોનાં ઝનૂની આક્રમણો થતાં તે પ્રતિમાજીને સં. ૧૪૪૫ માં જમીનમાં ભંડારી દેવામાં આવેલાં. સં. ૧૪૬૫ માં હુસેનખાન સરદારે પાટણ સર કર્યું. તેના ઘોડેસવારનો ખીલો ખોડવા જતાં આ પ્રતિમાજી પ્રગટ થયાં. દર્શનથી હુસેનખાન પ્રભાવિત થયો. તેની બીબી (પત્ની) જૈન કન્યા હતી.

તે ભાવથી પ્રતિમાને પૂજવા લાગી. આ રીતે સં. ૧૪૭૦ સુધી આ પ્રતિમાજી હુસેનખાનને ત્યાં પૂજાતાં રહ્યાં. સ્વપ્નસંકેત મુજબ મેઘા શાહે સવાસો દ્રમ્મ આપીને તે પ્રતિમાજી મેળવી લીધાં. આ વખતે શ્રી મેરુતુંગસૂરિ પણ પાટણમાં બિરાજમાન હતા. મેઘા શાહે ઉક્ત સૂરિજીને સર્વ વૃત્તાંત કહીને તે પ્રતિમાજીનાં દર્શન કરાવ્યાં. પ્રતિમાજીનાં દર્શનથી હર્ષિત થયેલા શ્રી મેરુતુંગસૂરિએ કહ્યું કે આ શ્રી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુનાં પ્રભાવક અને દિવ્ય પ્રતિમાજી છે તેમને તમારા મૂળ વતન પારકર (સિંધ)માં લઈ જાઓ. ત્યાં ભવ્ય જિનાલય બંધાવી તેમાં આ પ્રતિમાને મૂળનાયક પદે સ્થાપવાં એ ગોડી પાર્શ્વનાથ પ્રભુનું મહાન તીર્થ થશે. આ રીતે સં. ૧૪૭૦ માં શ્રી મેરુતુંગસૂરિની પ્રેરણાથી મેઘા શાહ આ દિવ્ય પ્રતિમાજી પોતાના વતન નગર પારકરમાં લાવ્યા. પ્રતિમાજીના પ્રભાવથી રસ્તામાં અનેક ચમત્કારો થયા રસ્તામાં પોઠોને કોઈ ગણી શક્યું નહીં અર્થાત્ ક્યાં યે કર ભરવો ન પડ્યો.

**શ્રેષ્ઠી મેઘા શાહ અને કાજલ :**

વતનમાં પહોંચતાં જ મેઘા શાહ પાસે શ્રેષ્ઠી કાજલ શાહે હિસાબ માગ્યો. ત્યારે મેઘા શાહે પ્રતિમાજીના સવાસો દ્રમ્મ પોતના ખાતે લખવા કહ્યું. પણ પ્રતિમાજીને જોતાં જ તે પ્રતિમા પોતાને આપી દેવા કાજલ શેઠે માગણી કરી. મેઘા શાહે તે પ્રતિમાજી આપવા ના પાડી. આટલી જ વાત પરથી તેઓ વચ્ચે કલહનાં બીજ રોપાયાં. મેઘા શાહે તે પ્રતિમાજી પોતાને ઘેર પધરાવ્યાં. તે દિવ્ય પ્રતિમાજીના દર્શનાર્થે અનેક સંઘો અને ભાવુકો આવવા માંડ્યા આથી કાજલનું હૃદય ઈર્ષ્યાથી વધુ કલુષિત બન્યું. મેઘા શાહની કીર્તિને તેઓ સહી શક્યા નહીં. આમ કરતાં બાર વરસ વીતી ગયાં. મેઘા શાહને મહિયા અને મહેરા નામના બે પુત્રો હતા.

**ગોડીપુરની સ્થાપના**

એકદા મેઘા શાહ પોતાને આવેલા સ્વપ્નાનુસાર વહેલી સવારે એક વહેલમાં પ્રતિમાજીને પધરાવી, વહેલને બે વાછરડા જોતરી આગળ ચાલવા લાગ્યા. આગળ ચાલતાં સ્વપ્નાનુસાર જ્યાં ગહુંલીનું ચિહ્ન હતું, ત્યાં વહેલ અટકાવી. ખોદકામ કરતાં ત્યાંથી વિપુલ નિધાન નીકળ્યું. તેમણે એ જ સ્થાને જિનાલયનો પાયો નાખ્યો ને ત્યાં ગોડીપુર ગામ વસાવ્યું. સિરોહીના ઉસ્તાદ શિલ્પીએ જિનાલયનું કામ ભાવથી સ્વીકારી લીધું. મેઘા શાહની કીર્તિ ચારે બાજુ પ્રસરવા લાગી. આથી કાજલ શાહ વધુ ઈર્ષ્યાળુ બન્યો.

**મેઘા શાહનું મૃત્યુ :**

મેઘા શાહની કીર્તિ સાંભળી તે જમીનના માલિક ઠાકુર ઉદયપાલ તથા ખેતશી લુણોત મંત્રીએ મેઘા શાહને ખૂબ જ ઉત્સાહ આપ્યો. ૧૪૮૨ માં જિનાલયનું લગભગ

કામ પૂર્ણ થવા આવ્યું હતું, પણ કુદરતની અકળ કળાને કોણ જાણી શકયું છે? કાજલના કપટથી વિ. સં. ૧૪૯૪ માં મેઘા શાહ મૃત્યુ પામ્યા. કાજલે પોતાની પુત્રીના લગ્ન પ્રસંગે મેઘા શાહને બોલાવેલ, ત્યાં દૂધમાં ઝેર આપી, તેને મૃત્યુને શરણ કર્યો. કાજલની બહેન મરઘા એ મેઘા શાહની પત્ની હતી. પોતાના પતિના મૃત્યુથી મરઘાને ખૂબ આઘાત લાગ્યો. થોડા દિવસ પછી આ વાત શમી ગઈ

**શ્રી ગોડીજી તીર્થની પ્રતિષ્ઠા :**

કાજલે પોતાના ભાણેજ મેઘા શાહના બન્ને પુત્ર મહિયા અને મહેરા સાથે મળી જિનાલયનું બાકીનું કામ પૂર્ણ કરાવ્યું. કાજલે પોતે જિનાલયનો આગળનો ભવ્ય રંગમંડપ કરાવી આપ્યો. સંઘ (મહાજન) તરફથી જિનાલયને ફરતી ચોવીશ દેવકુલિકાઓનું નિર્માણ થયું. કહેવાય છે કે, શિખર પર ધ્વજારોહણ કરતી વખતે કાજલ અને મેઘા શાહના પુત્ર મહેરા વચ્ચે વિવાદ થયેલો. અંતે મહાજનની સલાહ મુજબ કાજલે મૂળનાયક બિંબને ગાદીનશીન કર્યો અને મહેરાએ ધ્વજારોહણ કર્યું. ત્યાર બાદ ગોડીજી પાર્શ્વનાથ તીર્થનો મહિમા ખૂબ જ વિસ્તર્યો. ગુજરાત, મારવાડ ઇત્યાદિથી અનેક છ'રી પાળતા સંઘો આ તીર્થની યાત્રાએ આવવા લાગ્યા. કાજલ શાહે પોતાની ભૂલોનો પશ્ચાત્તાપ કર્યો અને પોતાનું મન ધર્મમાં જોડ્યું. કાજલ શેઠે શત્રુંજય અને ગિરનાર તીર્થનો છ'રી પાળતો સંઘ કાઢયો. ધર્મમાર્ગે પુષ્કળ ધન ખર્ચી જીવન સફલ બનાવ્યું.

એક વખત સિંધ પારકરમાં જૈનોની જાહોજલાલી હતી. પણ સત્તરમી શતાબ્દીમાં આ પ્રદેશ દુશ્મનોનું નિશાન બન્યો હતો. આ (ગોડીજી તીર્થ) પારકરથી દક્ષિણમાં ભૂજ ૫૦ ગાઉ દૂર હતું, તેમાં ૪૦ ગાઉની હદ તો પારકરની હતી.

**શ્રી ગોડી પાર્શ્વનાથજીનાં પ્રતિમાજી કયાં છે?**

સં. ૧૪૩૨, ફા. સુ. ૨ ના ઉક્ત શ્રી મહેન્દ્રસૂરિ અને શ્રી અભયસિંહસૂરિ આચાર્યાદિના નામથી અંકિત લેખવાળાં એ શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુનાં પ્રતિમાજી બનાસકાંઠાના વાવ ગામમાં હતાં યા છે. 'શ્રી વિજયભદ્રસૂરિ જન્મ શતાબ્દી ગ્રંથ'માં છપાયેલા વાવના પ્રતિષ્ઠા-લેખોમાં આ લેખ નોંધાયેલો છે. વાવ અને સિંધના એક જૈન ભાઈ સાથે સંપર્ક સાધતાં આ અંગે એવું અનુમાન થાય છે કે આ લેખવાળાં પ્રતિમાજી વીરાવાવ, વાવ યા પાલીતાણામાં છે.[1] આ સંબંધે સંશોધકોએ વ્યવસ્થિત તપાસ કરવી ઘટે. શ્રી ગોડી પાર્શ્વનાથનાં મૂળ પ્રતિમાજી જે નગરપારકરના ગોડીપુરમાં બિરાજિત કરાયાં હતાં, તે હાલ તો અપ્રગટ મનાય છે. હવે તો આ નગર પારકર કે ગોડીજી જૈન તીર્થ પણ ભારતના નકશામાંથી નીકળી ગયું છે, અને તે હાલ પાકિસ્તાનમાં છે. ઈ. સ. ૧૯૭૧ માં ભારત

૧ આ લેખ માટે જુઓ, આ ગ્રંથના દ્વિતીય ખંડમાં પૃષ્ઠ ૪૨૦ પરનો 'પ્રતિષ્ઠા લેખ.'

પાકિસ્તાનનું યુદ્ધ થતાં ભારતના જવાનો નગર પારકર પ્રદેશને જીતી લીધેલો, પરંતુ સમાધાન થતાં પુનઃ એ પ્રદેશ પાકિસ્તાન હસ્તક ગયો છે. શ્રી ગોડી પાર્શ્વનાથનું ચોઢાળિયું અચલગચ્છના શ્રાવકશ્રાવિકાઓ દર દશમ તિથિનાં સ્તવનોને સ્થાને પ્રતિક્રમણમાં બોલે છે. આ ગચ્છમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથનો મહિમા ખૂબ જ વર્ણવાયો છે.

આપણે જોયું કે મહેંદ્રપ્રભસૂરિના નિર્દેશથી અને શાખાચાર્ય શ્રી અભયસિંહસૂરિની પ્રેરણાથી શ્રી ગોડી પાર્શ્વનાથના બિંબની પ્રતિષ્ઠા થઈ અને શ્રી મેરુતુંગસૂરિની પ્રેરણાથી આ તીર્થની સ્થાપના થઈ. અપ્રગટ શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમાજી શીઘ્ર પ્રગટ થઈ અનેકોના તારક બનો!

શ્રી મહેન્દ્રપ્રભસૂરિના સમુદાયના શ્રી રંગરત્નસૂરિના ઉપદેશથી પાટણવાસી શ્રેષ્ઠી દેવશીએ શ્રી શત્રુંજય તીર્થનો છ'રી પાળતો સંઘ કાઢેલો હતો.

**પ્રભાવક શ્રી મહેંદ્રપ્રભસૂરિ :**

શ્રી મહેન્દ્રપ્રભસૂરિ સં. ૧૪૦૯ માં નાણી ગામમાં ચાતુર્માસ બિરાજમાન હતા. એ વર્ષે વરસાદની ઋતુ હોવા છતાં વરસાદ પડ્યો નહીં. તેઓશ્રીએ ધ્યાનબળથી જાણ્યું કે ચાલીસ દિવસનું વિઘ્ન છે. તેઓ ધ્યાનમાં સ્થિર થયા. ધ્યાનના પ્રભાવથી સારી વૃષ્ટિ થઈ અને સુકાળ થયો તેમ જ લોકો સુખી થયા. એ જ ચાતુર્માસમાં આસો વદ ૮ ના તેઓશ્રી ધ્યાનમાં સ્થિર હતા, ત્યારે એક ઝેરી સર્પે ડંખ દીધો. પોતાને સમજ હોવા છતાં તેઓએ ધ્યાન મૂક્યું નહિ. ધ્યાનના પ્રભાવથી દશમે પહોરે તેમના પુણ્ય-ગાત્રમાં પ્રવેશેલું વિષ મુખ દ્વારા વમાઈ ગયું. સવારના બધાને સમજ પડતાં સૌ સૂરિજીના પ્રભાવથી ચમત્કૃત થયાં. સંઘવી ચૂણા આદિ શ્રાવકોએ આ પ્રસંગે વિવિધ વ્રતો સ્વીકાર્યાં અને નાણી ગામમાં મહા મહોત્સવ થયો.

**સૂરિના ઉપદેશથી પ્રતિષ્ઠાદિ કાર્યો :**

શ્રી મહેન્દ્રપ્રભસૂરિના ઉપદેશથી ગોભલેજના શ્રીમાલી વંશીય ભાદા શેઠે સં. ૧૩૯૫ આસપાસમાં શ્રી શત્રુંજય મહાતીર્થ પર પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય બંધાવેલું. ખેરાલુના શ્રીમાલી ઝાલા શેઠે પણ એ તીર્થ પર શ્રી ઋષભદેવ પ્રભુનું જિનાલય બંધાવેલું. આ શ્રેષ્ઠીએ ધર્મકાર્યોમાં અગિયાર કરોડ ખરચીને અપૂર્વ લહાવો લીધો. સં. ૧૪૨૫ માં દુષ્કાળ વખતે ઝાલા શેઠે ખૂબ જ દાનપુણ્ય કર્યું.

**માણકાણી, મહેતા, પારીખ અને રાણાણી ઓડકો :**

સં. ૧૪૪૧ માં કચ્છ ખાખરના દેઢીઆ મીમણે ઉક્ત સૂરિજીના ઉપદેશથી શત્રુંજય તથા ગોડીજી તીર્થના છ'રી પાળતા સંઘો કાઢ્યા હતા. એ વંશના મણશીના પુત્ર માણકથી 'માણકાણી' ઓડક નીકળી છે.

એ જ અરસામાં અચલગચ્છીય શ્રીમાલી શ્રેષ્ઠિ શ્રી જગદેએ અનેક ધર્મનાં કાર્યો કર્યાં. આ જગદે શ્રેષ્ઠિના વંશજો 'મહેતા' ઓડક તરીકે પ્રસિદ્ધ થયા. શ્રીમાલી શ્રેષ્ઠિ શ્રી ગોપાલ શેઠ પણ પ્રતાપી પુરુષ થઈ ગયા. તેમનાથી 'પારીખ' ઓડક અસ્તિત્વમાં આવી. કચ્છ છસરાના દેઢીઆ રાણા શેઠે પણ શત્રુંજય અને ગોડીજીના સંઘો કાઢયા અને ઘેર આવીને દેશતેડું કર્યું. રાણા શેઠના વંશજો 'રાણાણી' ઓડકથી ઓળખાય છે.

શ્રી મહેન્દ્રપ્રભસૂરિના ઉપદેશથી અનેક જિનબિંબો અને જિનાલયોની પ્રતિષ્ઠાઓ થઈ હતી તથા અનેક છ'રી પાળતા સંઘો નીકળ્યા હતા.

**શ્રી મહેંદ્રપ્રભસૂરિ રચિત સાહિત્ય :**

ચરિત્ર નાયકે રચેલ સાહિત્યમાં એક માત્ર કૃતિ પ્રાપ્ત થાય છે. 'પ્રભુ જીરીકાપલ્લી' થી શરૂ થતું 'શ્રી જીરાવલ્લી પાર્શ્વનાથ સ્તોત્ર' એ એમની જીવંત કૃતિ છે. શ્રી જીરાવલ્લી પાર્શ્વનાથ સ્તોત્રની ૪૫ કંડિકાઓ છે અને તે ભક્તામર સ્તોત્રની ઝાંખી કરાવે તેવું ભાવસભર, મધુર અને ગેય છે. આ એક જ કૃતિ દ્વારા તેમની કવિત્વશક્તિનો પરિચય મળી રહે છે. તેમણે અન્ય કૃતિઓ પણ રચી હશે. ઉક્ત સ્તોત્ર પર ઉપા૦ શ્રી ધર્મનંદન ગણિ તથા મંત્રી પંચાયણ (વાડવ) કૃત અવચૂરિ ટીકા પ્રાપ્ત થાય છે. આ સ્તોત્ર પર પ્રાચીન ગુર્જરમાં બાલાવબોધો પણ રચાયા છે.

અનેક વિદ્વાન આચાર્યો અને શિષ્ય મંડળીના નાયક મહાપ્રભાવક શ્રી મહેંદ્રપ્રભસૂરિ સં. ૧૪૪૪ કા. સુદ ૧૩ ના પાટણમાં કાળધર્મ પામ્યા.

## ૫૭. મહિમાનિધિ, મંત્રપ્રભાવક **શ્રી મેરુતુંગસૂરિ :**

**વસ્તિગકુમારનો જન્મ :**

મારવાડના નાણી ગામમાં પ્રાગ્વાટ વંશીય શ્રેષ્ઠી વયરસિંહ વોરાની સુશીલ પત્ની શ્રીમતી નાલદેવીએ સં. ૧૪૦૩ માં વસ્તિગકુમારને જન્મ આપ્યો. રાસકાર લખે છે કે વસ્તિગના જન્મ પહેલાં માતા નાલદેવીએ સ્વપ્નમાં સહસ્ર કિરણોવાળા સૂર્યને પોતાના મુખમાં પ્રવેશતો જોયો. પણ તરત જ ચક્રેશ્વરી દેવીએ આવીને માતાને સ્વપ્નનું ફળ સમજાવ્યું અને કહ્યું : 'મુક્તિમાર્ગ પ્રકાશક, મહાન યોગીશ્વર એવો બાળક તમારી કુક્ષીમાં અવતરશે.' વસ્તિગકુમાર બીજના ચંદ્રની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો.

**વસ્તિગમાંથી મુનિ મેરુતુંગ :**

શ્રી મહેન્દ્રપ્રભસૂરિના ઉપદેશથી વૈરાગ્ય પામી તેજસ્વી એવા વસ્તિગે સં. ૧૪૧૦ માં નાણી ગામમાં સંયમ સ્વીકાર્યો. તેમનું નામ મેરુતુંગ મુનિ રાખવામાં આવ્યું. દીક્ષા વખતે તેઓ સાત વરસના જ હતા. ગુરુના સાન્નિધ્યમાં નવોદિત બાલ મુનિવર એક પછી

એક સિદ્ધિઓ પ્રાપ્ત કરવા લાગ્યા. વ્યાકરણ, સાહિત્ય, છંદ, અલંકાર, જ્યોતિષ, આગમ અને દર્શનશાસ્ત્રમાં તેઓ નિપુણ બન્યા.

**મુનિમાંથી સૂરિ શ્રી મેરુતુંગ :** ૫૭

સં. ૧૪૨૬ માં ગુરુદેવે તેમને સૂરિપદે આરૂઢ કર્યા. આ પ્રસંગે સંઘપતિ નરપાલ શ્રેષ્ઠિએ ભવ્ય મહોત્સવ કર્યો. હવે તેઓ શ્રી મેરુતુંગસૂરિ તરીકે ખ્યાતિ પામ્યા. તેઓ મંત્ર પ્રભાવક પણ હતા. તેઓ અષ્ટાંગયોગ, મંત્રામ્નાયો ઇત્યાદિમાં પણ નિપુણ હતા.

**અનેક નૃપતિ આદિના પ્રતિબોધક :**

એકદા શ્રી મેરુતુંગસૂરિ વિચરતાં વિચરતાં અસાઉલી નગરે પધાર્યા. અહીંના યવનરાજને પ્રતિબોધી તેને અહિંસાનો મર્મ સમજાવ્યો હતો. રાસકાર વર્ણવે છે :

અસાઉલઈ સાખ, યવન રાઉ પડિબોહિઉએ;
કહતાં લાગઈ પાખ, માસ વાત છઇ તે ઘણીયે.

**લોલાડામાં ચમત્કાર, મહંમદ સુલતાનને પ્રતિબોધ :**

સં. ૧૪૪૪ માં સૂરિદેવ લોલાડા નગરમાં ચાતુર્માસ રહેલા. તે દરમ્યાન ત્યાંના રાઠોડવંશીય ફણગર મેઘરાજાને ૧૦૦ મનુષ્યો સહિત પ્રતિબોધિત કર્યો. આ જ સમય દરમ્યાન ગુજરાતના અધિપતિ મહંમદ સુલતાનનું સૈન્ય તે નગર તરફ આવતું હતું. આથી નગરજનો ભયભીત થવા લાગ્યા, ત્યારે શ્રી મેરુતુંગસૂરિએ શ્રાવકોએ આણેલા સવામણ ચોખાને મંત્રી આપ્યા. જે ચોખા સૈન્ય પર નાખતાં સૈન્ય સહિત સુલતાન ત્યાંથી નાસવા લાગ્યો. શ્રી મેરુતુંગસૂરિએ મહંમદ સુલતાનને શ્રી પાર્શ્વનાથ પ્રભુના મંત્રપ્રભાવથી પાછો વાળ્યો અને તેને પ્રતિબોધ આપ્યો. આ પ્રસંગે લોલાડા સંઘે સૂરિજીને વિનંતિ કરી કે 'આપના મુનિવરોને દર સાલ ચાતુર્માસ મોકલવા.' સંઘની વિનંતિનો શ્રી મેરુતુંગસૂરિએ સ્વીકાર કર્યો અને કહ્યું કે તમારે દર સાલ વિનંતિ કરવી. આ અંગે તામ્રપત્ર પણ થયેલું.

**સર્પદંશ વખતે પણ અચલ :**

એ જ નગરમાં થયેલો શ્રી મેરુતુંગસૂરિનો બીજો એક પ્રસંગ પણ ઉલ્લેખનીય છે. સાંજના સમયે સૂરિજી કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર ઊભા હતા. તે વખતે તેમને એક કાળા સર્પે દંશ દીધો. પરંતુ આચાર્યશ્રી અચલ જ રહ્યા. કાયોત્સર્ગ બાદ મંત્ર, તંત્ર કે ગારુડિકાદિ પ્રયોગો કે ઔષધોપચાર કરવાને બદલે તેઓશ્રી શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં પ્રતિમાજી સમક્ષ ધ્યાનસ્થ દશામાં બેસી ગયા. શ્રી જીરાવલ્લી પાર્શ્વનાથ ભગવંતના 'ત્રૈલોક્ય વિજય' નામના મહામંત્રથી અને યંત્રથી પ્રભુની સ્તુતિ કરી. તેના પ્રભાવથી સર્પનું વિષ અમૃત-રૂપમાં પરિણમી ગયું. સવારના સમયે લોકોને જ્યારે આ પ્રભાવની સમજ પડી ત્યારે

ત્યાં જૈન ધર્મનો મહિમા ખૂબ પ્રસર્યો. આ વખતે અચલગચ્છના આ યશસ્વી આચાર્યશ્રીના ઉપદેશથી અનેક મનુષ્યો જૈન થયા.

**મંત્રપ્રભાવથી અજગર ચાલ્યો ગયો :**

લોલાડા નગરના મુખ્ય દ્વાર પાસેના એક બિલમાં તેર હાથ પ્રમાણ લાંબો અજગર રહેતો હતો. લોકોની વિનંતીથી શ્રી મેરુતુંગસૂરિએ શ્રી જીરાવલ્લી પાર્શ્વનાથ સ્તોત્રના પાઠથી એ અજગરની તકલીફ દૂર કરી દીધી અર્થાત્ અજગર જંગલમાં ચાલ્યો ગયો.

**સૂરિજીના તેજસ્વી લલાટથી ચમત્કૃત યવનરાજ :**

એક વાર શ્રી મેરુતુંગસૂરિ પાટણની નજીકમાં પોતાના વિશાળ શિષ્યસમુદાય સાથે વિચરી રહ્યા હતા. ત્યારે તેમને યવન (મુસલમાન) સૈનિકો રસ્તામાં મળ્યા અને તેઓ સાધુઓનાં ઉપકરણો આંચકી લેવા માંડયાં. શ્રી મેરુતુંગસૂરિ તરત જ યવનરાજ પાસે પહોંચ્યા. સૂરિજીના વિશાળ અને તેજસ્વી લલાટને જોઈ યવનરાજ વિસ્મિત થયો, એટલું જ નહીં પણ તેના હૃદયનું પરિવર્તન થયું. તેણે સૂરિજી આદિ સાધુઓ પાસે ક્ષમા યાચી. શ્રી મેરુતુંગસૂરિએ આ યવનરાજને પ્રતિબોધ આપી જીવહિંસા ન કરવી એમ જણાવ્યું.

**સાચોર, બાહડમેર અને આબુમાં ચમત્કાર :**

એવી જ રીતે ખંભાત, સાચોર અને બાહડમેરમાં તેઓ બિરાજમાન હતા ત્યારે તે નગરો ઉપર શત્રુઓ ત્રાટકેલા પણ શ્રી મેરુતુંગસૂરિના પ્રભાવથી અને ધ્યાનબળથી પલાયન થઈ ગયા હતા. એકદા શ્રી મેરુતુંગસૂરિ આબુ મહાતીર્થની યાત્રાએ પધારેલા. પાછા ફરતાં સાંજ થઈ જવાથી અંધકાર વ્યાપી ગયો. આથી તેઓ રસ્તામાં ભૂલા પડી ગયા. પણ વીજળીની જેમ ચમકાર કરતા દેવે પ્રગટ થઈને તેમને માર્ગ બતાવ્યો.

એકદા તેઓ બાહડમેરમાં ચાતુર્માસ બિરાજમાન હતા, ત્યારે લઘુ પોસાળના દ્વાર પાસે એક સાત હાથ લાંબો સર્પ ફરવા લાગ્યો. આ સર્પને જોઈ સાધ્વીજીઓ પણ નાસભાગ કરવા લાગ્યાં, પણ શ્રી મેરુતુંગસૂરિના પ્રભાવથી આ વિઘ્ન દૂર થયું.

**તીર્થરક્ષા માટે મંત્રપ્રભાવથી આગ ઓલવાઈ :**

એક વખત તેઓ ખંભાતમાં ચાતુર્માસ બિરાજતા હતા. તે વખતે શ્રી મેરુતુંગસૂરિએ કહ્યું કે આ શત્રુંજય તીર્થના મુખ્ય જિનાલયમાં દીપકની જ્યોતથી ચંદરવો સળગી રહ્યો છે, તે અગ્નિને મેં તીર્થરક્ષા માટે બુઝાવ્યો. આ વાત સાંભળી ખંભાતના સંઘે શત્રુંજય તીર્થ પર ખાસ માણસો મોકલી આ વાતની તપાસ કરાવી. જાણવા મળ્યું કે

ખરેખર શત્રુંજય તીર્થના મુખ્ય જિનાલયમાં ચંદરવો સળગી રહ્યો હતો, તે ઓલવાઈ ગયેલો છે. તેવી જ રીતે તિમિરપુરમાં લાગેલી પ્રચંડ આગ તેમના ધ્યાનબળથી ઓલવાઈ ગઈ.

**દૈવિક પ્રભાવથી બહેન ગુરુદર્શન કરી શકી :**

શ્રી મેરુતુંગસૂરિનાં સંસારી બેન ચંદ્રાએ અભિગ્રહ લીધેલો કે સૂરિજીનાં દર્શન કરવાં, પણ સૂરિજી ખૂબ દૂર વિચારતા હતા. પણ દેવના પ્રભાવથી બેન ચંદ્રા સૂરિજીનાં દર્શન કરવા ભાગ્યશાળી બની શકી.

ઉપરોક્ત પ્રસંગોથી જાણી શકાય છે કે ગ્રંથકારોએ શ્રી મેરુતુંગસૂરિને 'મંત્રપ્રભાવક,' 'મહિમાનિધિ' જેવાં બિરુદોથી નવાજ્યા છે, તે ઉપયુક્ત જ છે. તેમણે રચેલા મહાપ્રભાવક 'ૐ નમો દેવદેવાય' સ્તોત્રની કથા આ પ્રમાણે છે :

**વડનગરના નાગર બ્રાહ્મણોને પ્રતિબોધ અને સ્તોત્રરચના :**

એકદા શ્રી મેરુતુંગસૂરિ બિહાર કરતા 'વડનગર' પધાર્યા. ત્યાં નાગર બ્રાહ્મણોનાં ત્રણસો ઘર હતાં. કિંતુ કોઈએ પણ આહારપાણી વહોરાવ્યાં નહિ. સૂરિજી સહિત બધા સાધુઓ તપોવૃદ્ધિ માની સમતાશીલ રહ્યા. એ જ સાંજે નગરશેઠનો પુત્ર સર્પદંશથી મૂર્છા પામ્યો. પણ જિનશાસનની પ્રભાવના કરવા માટે શ્રી મેરુતુંગસૂરિએ 'ૐ નમો દેવદેવાય' એ સ્તોત્રના રચનાપૂર્વકના પાઠથી નગરશેઠના પુત્રનું વિષ દૂર કર્યું અને તેની મૂર્છા ઉતરી ગઈ. આ પ્રસંગે અનેક નાગર બ્રાહ્મણોએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો. તે નગરમાં જૈન ધર્મનો મહિમા ખૂબ જ પ્રસર્યો. નાગર જૈનોએ સૂરિજીને તે વર્ષનું ચાતુર્માસ પણ ત્યાં જ કરાવ્યું. નાગર જૈનોએ વડનગરમાં સૂરિજીના ઉપદેશથી વિશાળ જિનમંદિર અને ઉપાશ્રય પણ બંધાવ્યાં. શ્રી મેરુતુંગસૂરિના ઉપદેશથી નાગર જૈનોએ ભરાવેલાં જિનબિંબો અને તે ઉપરના પ્રતિષ્ઠા લેખો ઉપલબ્ધ થાય છે.

**ગચ્છનાયક શ્રી મેરુતુંગસૂરિ :**

શ્રી મહેન્દ્રપ્રભસૂરિ ગુરુદેવના કાળધર્મ બાદ સં. ૧૪૪૫, ફા. વ. ૧૧ ને દિવસે શ્રી મેરુતુંગસૂરિ પાટણમાં 'ગચ્છનાયક' પદે આરૂઢ થયા. આ પ્રસંગે શ્રેષ્ઠી સંગ્રામસિંહે પ્રચુર ધનનો વ્યય કરી અનેરો લહાવો લીધો. આ પ્રસંગે મુનિશ્રી રત્નશેખરસૂરિને પણ સૂરિપદથી અલંકૃત કરવામાં આવ્યા.

**શાસનદેવી શ્રી ચક્રેશ્વરી દેવીનું સાન્નિધ્ય :**

એકદા શ્રી મેરુતુંગસૂરિ ખંભાતમાં ચાતુર્માસ નિમિત્તે બિરાજમાન હતા. ત્યારે શ્રી ચક્રેશ્વરી દેવી તેમને વંદના કરવા આવ્યાં. દેવીએ ગુરુને કહ્યું કે આજથી એકવીશમે દિવસે દિલ્હી પર મોગલો ત્રાટકશે, માટે તમારા ઉપાધ્યાયશ્રી જેઓ હાલ દિલ્હીમાં છે,

તેમને તેડાવી લેવા સૂરિજીએ તે વાત શ્રાવકોને કરી. ખંભાતના સંઘે વિશ્વાસુ ખેપિયા દ્વારા આ વિગત દિલ્હી કહેવડાવી. ત્યાં રહેલા અચલગચ્છીય ઉપાધ્યાયજીએ રાવણ પાર્શ્વનાથની યાત્રા નિમિત્તે શ્રાવકોને પણ સાથે લીધા. આ રીતે અનેકોની જિંદગી બચી ગઈ.

**શ્રી જીરાવલ્લી પાર્શ્વનાથ તીર્થના અધિષ્ઠાયક દેવનો ચમત્કાર :**

એકદા શ્રી મેરુતુંગસૂરિએ શ્રી જીરાવલ્લી પાર્શ્વનાથ તીર્થ તરફ ચાલેલા સંઘના કોઈ ક્ષીણ જંઘાબળવાળા થતા શ્રદ્ધાળુ શ્રાવકની સાથે સ્તુતિ રૂપે ત્રણ શ્લોકો પત્રમાં લખીને મોકલ્યા હતા, અને કહ્યું હતું કે આ પત્ર પ્રભુજીની પ્રતિમા આગળ નમસ્કાર રૂપે મૂકવો. તીર્થમાં પહોંચતાં જ તે શ્રાવકે સૂરિજીનો પત્ર પ્રભુ આગળ મૂકયો. આથી પ્રભુના અધિષ્ઠાયક દેવે સંઘનાં વિઘ્નો અને ઉપસર્ગોની શાંતિ માટે સાત ગુટિકાઓ આપી અને કહ્યું કે આ ગુટિકાઓ શ્રી મેરુતુંગસૂરિજીને આપવી....તે ગુટિકાઓના પ્રભાવથી સંઘમાં ઋદ્ધિ–સમૃદ્ધિની વૃદ્ધિ થવા લાગી. એકદા આ જ તીર્થમાં ભયંકર મહામારીનો રોગ ફાટી નીકળ્યો, પણ શ્રી મેરુતુંગસૂરિ દ્વારા રચિત સ્તોત્રના પાઠના પ્રભાવે ઉપદ્રવ શાંત થયો.

આજે પણ અચલગચ્છના નવસ્મરણો પૈકીના છઠ્ઠા સ્મરણમાં 'ૐ નમો દેવદેવાય' એ સ્તોત્રનું મંગલ સ્મરણ (અને સ્વાધ્યાય) કરવામાં આવે છે. આ સ્તોત્રની સાથે જ સૂરિજીએ ભગવાન પર મોકલેલ ઉપરોક્ત પત્રના ત્રણ શ્લોકોનો પણ પાઠ કરવામાં આવે છે.

**શ્રી મેરુતુંગસૂરિના ઉપદેશથી પ્રતિષ્ઠાકાર્યો :**

શ્રી મેરુતુંગસૂરિના ઉપદેશથી વીંછીવાડા, કુંઆરોદ્રી, સિંહવાડા, સલખણપુર, પુનાસા, વડનગર આદિ અનેક નગરોમાં જિનાલયોનું નિર્માણ થયું હતું અને અનેક જિનબિંબો–ધાતુમૂર્તિઓની પણ પ્રતિષ્ઠા થઈ હતી.

**શ્રી મેરુતુંગસૂરિનો શિષ્યપરિવાર :**

શ્રી મેરુતુંગસૂરિનો શિષ્યપરિવાર વિશાળ હતો. એ પરિવારમાં વિદ્વાન આચાર્યો, પદસ્થો અને મુનિઓની સંખ્યા પણ વિશાળ હતી. શ્રી જયકીર્તિસૂરિ તેમના મુખ્ય પટ્ટધર હતા, તેમ જ માણિક્યશેખરસૂરિ, માણિક્યસુંદરસૂરિ, મેરુનંદનસૂરિ, રત્નશેખરસૂરિ, ભુવનતુંગસૂરિ, ઉપાધ્યાય ધર્મનંદનગણિ આદિ અનેક આચાર્ય–ઉપાધ્યાયાદિ મુનિઓ હતા.

**ગૂર્જર ભાષાના પ્રસિદ્ધ મહાકવિ શ્રી માણિક્યસુંદરસૂરિ :**

શ્રી મેરુતુંગસૂરિના શિષ્ય શ્રી માણિક્યસુંદરસૂરિ ઉચ્ચ કોટિના સાહિત્યકાર થઈ ગયા. તેમના અંગત જીવન વિશે વિશેષ જાણી શકાતું નથી. સં. ૧૪૬૨ આસપાસમાં તેમને શ્રી મેરુતુંગસૂરિએ ખંભાત નગરમાં શાહ તેજા શ્રેષ્ઠીએ કરેલા મહોત્સવમાં સૂરિપદે આરૂઢ

કર્યા હતા. તેઓ સં. ૧૪૩૦ ની આસપાસમાં જન્મ્યા હશે અને તેમની જન્મભૂમિ ગૂજરાત હશે એમ અનુમાન કરી શકાય છે. સં. ૧૫૦૦ સુધી તેમની વિદ્યમાનતા માની શકાય. 'શ્રીધરચરિત મહાકાવ્ય'માં તેઓ પોતાના વિદ્યાગુરુ શ્રી જયશેખરસૂરિને નમસ્કાર કરે છે. આ ઉલ્લેખથી માની શકાય છે કે તેઓશ્રીએ શ્રી જયશેખરસૂરિ પાસે વિદ્યાભ્યાસ કર્યો હતો. શ્રી મેરુતુંગસૂરિના શિષ્યપરિવારમાં તેઓ માનભર્યું સ્થાન પામ્યા હતા. ઉપાધ્યાય શ્રી ધર્મનંદનગણિ, વાચક શ્રી કીર્તિસાગરજી, વાચકશ્રી રાજકીર્તિગણિ આદિ શ્રી માણિક્યસુંદર-સૂરિના શિષ્યો હતા.

**શ્રી માણિક્યસુંદરસૂરિ રચિત સાહિત્ય :**

શ્રી માણિક્યસુંદરસૂરિના સાહિત્યની સમીક્ષા કરવા જતાં વિસ્તૃત લખાણ થાય એમ છે. તેમણે રચેલા સાહિત્યનું અવગાહન કરતાં કે એની સૂચિ જોતાં આપણને તેમના પ્રત્યે માન ઉત્પન્ન થાય છે. તેમણે રચેલા ગ્રંથો આ પ્રમાણે છે :

(૧) શ્રી શ્રીધરચરિત મહાકાવ્ય : (નવ સર્ગમાં સંસ્કૃત પદ્યબદ્ધ મહાકાવ્ય છે.) ૧૬૮૫ શ્લોક પ્રમાણ આ ગ્રંથની સં. ૧૪૬૩ માં તેઓએ રચના કરી. આ ગ્રંથનું ગચ્છાધીશ શ્રી મેરુતુંગસૂરિએ સાચોરમાં સંશોધન કરી આપેલું છે.

(૨) શ્રીધરચરિત મહાકાવ્ય સ્વોપજ્ઞ – દુર્ગપદ વ્યાખ્યા : (સં. ૧૪૮૮ માં પાટણમાં રહીને તેમણે સ્વરચિત ગ્રંથ પર ટીકા લખી.)

(૩) શ્રી ચતુઃપર્વી ચમ્પૂ : આ ગ્રંથ ચાર પર્વો સંબંધે કથાનકો પર સંસ્કૃતમાં રચ્યો છે. આ ગ્રંથની એક હસ્તપ્રત કોટાના સંગ્રહમાં ઉપલબ્ધ છે.

(૪) શ્રી ગુણવર્મા ચરિત્ર અપર નામ સત્તર ભેદી પૂજાકથા : ૧૯૪૮ શ્લોક પ્રમાણની સંસ્કૃત ભાષામાં સં. ૧૪૮૪ માં આ કૃતિ સાચોરમાં રહીને રચી.

(૫) શ્રી શંકરાજ કથા : ૫૦૦ શ્લોક પ્રમાણનો સંસ્કૃત ચરિત્રગ્રંથ.

(૬) શ્રી મહાબલ મલયાસુંદરી કથા : આ સંસ્કૃત કૃતિ ચાર ખંડમાં રચવામાં આવી છે.

(૭) ચંદ્રધવલભૂપ–ધર્મદત્તકથા : સંસ્કૃતમાં ગદ્યપદ્યમાં રચના. આ કથા અતિથિસંવિ-ભાગ વ્રત પર રચાઈ છે.

(ઉપરોક્ત ચરિત્રગ્રંથો 'શ્રી આર્ય જય કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ' તરફથી પ્રતાકારે પ્રકાશિત કરવામાં આવેલા છે.)

(૮) શ્રી પૃથ્વીચંદ્ર ચરિત્ર : ગૂર્જર ગદ્ય કૃતિ ૯૫૮ શ્લોક પરિમાણની છે. આ કૃતિ સં. ૧૪૭૮, શ્રાવણ સુદ ૫ રવિવારે પુરુષપત્તનમાં પાંચ ઉલ્લાસમાં રચાયેલી છે. આ ગ્રંથનું અપરનામ 'વાગ્વિલાસ' છે. પ્રો. કાપડિયા આ ગ્રંથને 'ગદ્યકાદંબરી' કહે છે, તે યોગ્ય જ છે. આ ગ્રંથે અનેક વિદ્વાનોનું ધ્યાન આકર્ષ્યું છે. બે ત્રણ પ્રકાશન સ્થળેથી આ ગ્રંથ

પ્રકાશિત થયેલો છે. ગૂર્જર ભાષાનું સ્વરૂપ જાણવા માટે આ ગ્રંથ અભ્યસનીય છે. આ એક જ કૃતિ દ્વારા માણિક્યસુંદરસૂરિ ગૂજરાતીના આદ્ય ગદ્યકાર કવિ મનાયા છે. શ્રી જયશેખરસૂરિ પણ 'ત્રિભુવનદીપક પ્રબંધ'ની રચનાથી ગૂજરાતી ભાષાના આદ્યકવિ ગણાયા છે. 'શ્રી પૃથ્વીચંદ્ર ચરિત્ર' ગ્રંથ અંગે ડૉ. ભોગીલાલ સાંડેસરા લખે છે : ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ આ ગ્રંથ ઉપયોગી છે એટલું જ નહિ, તે એક વિસ્તૃત વર્ણનપ્રધાન ગ્રંથ હોવાને કારણે ઉપયોગી માહિતી પણ તેમાંથી મળી આવે છે.

(૯) શ્રી નેમીશ્વર ચરિત ફાગબંધ : આ ફાગુ કાવ્ય પ્રાચીન ગૂર્જર ભાષામાં ૯૧ પદ્યપ્રમાણ છે. વચ્ચે સંસ્કૃત શ્લોકો પણ રચાયા છે. આ સંસ્કૃત શ્લોકો પર અવચૂરિ પ્રાપ્ત થાય છે.

(આ સ્મૃતિગ્રંથમાં જ એ ફાગુ પ્રકાશિત કરાયેલું છે. જુઓ, દ્વિતીય ખંડ, પૃષ્ઠ ૪૨૧)

(૧૦) શ્રી સિંહસેન કથા : (વસ્ત્રદાન ઉપર) આ કથા સંસ્કૃત ગદ્યપદ્યમાં રચાઈ છે.

(૧૧) શ્રી અજાપુત્ર કથાનકચરિત્ર : આ કથા પણ સંસ્કૃતમાં છે.

(૧૨) શ્રી સિંહાવલોક ઋષભજિન સ્તોત્ર : આ મનોહર સ્તોત્ર 'પંચપ્રતિક્રમણ સૂત્રાણિ' પુસ્તકમાં પ્રકાશિત છે. આ નાનકડા સ્તોત્રમાં પણ તેમણે પોતાના વિદ્યાગુરુ શ્રી જયશેખરસૂરિનો ઉલ્લેખ કર્યો છે.

(૧૩) શ્રી વિચારસાર સ્તવન : ૨૨ શ્લોક પ્રમાણ.

(૧૪) શ્રી પાર્શ્વજિન સ્તવ : સંસ્કૃતમાં આ ગ્રંથો અને કૃતિઓ ઉપરાંત શ્રી ધર્મશેખરસૂરિ કૃત 'શ્રી જૈનકુમારસંભવ મહાકાવ્ય'ની ટીકાનું, શ્રી શીલરત્નસૂરિ કૃત 'શ્રી જૈન મેઘદૂત મહાકાવ્ય'ની ટીકાનું શ્રી માણિક્યસુંદરસૂરિએ સંશોધન કરી આપેલું. શ્રી માણિક્યસુંદરસૂરિ કૃત ગ્રંથો બહુધા પ્રસિદ્ધ થઈ ગયા છે.

**જૈનાગમોના બહુશ્રુત શ્રી માણિક્યશેખરસૂરિ અને તેમના ગ્રંથો :**

શ્રી મેરુતુંગસૂરિના શિષ્ય શ્રી માણિક્યશેખરસૂરિ જૈનાગમોના પ્રખર અભ્યાસી, માન્ય બહુશ્રુત વિદ્વાન થઈ ગયા. શ્રી મેરુતુંગસૂરિએ તેમને અનુક્રમે ઉપાધ્યાયપદ અને સૂરિપદથી અલંકૃત કર્યા હતા. સાથે સાથે શ્રી મેરુનંદનસૂરિને પણ સૂરિપદે આરુઢ કરવામાં આવ્યા હતા. આ પદોત્સવ વખતે શ્રેષ્ઠી શ્રી ખીમરાજ સંઘવીએ મહોત્સવ કર્યો હતો. શ્રી માણિક્યશેખરસૂરિએ જૈન આગમો પર રચેલ દીપિકાઓ અને વૃત્તિઓ સુપ્રસિદ્ધ છે.

તેમના ગ્રંથોની સૂચિ આ પ્રમાણે છે :

(૧) શ્રી આવશ્યક નિર્યુક્તિ દીપિકા : સં. ૧૪૭૨ માં રચાયેલી, સંસ્કૃતમાં ૧૧૭૫૦ શ્લોક પ્રમાણ.

(૨) શ્રી યોગનિર્યુક્તિ દીપિકા : ૫૭૦૦ શ્લોક પ્રમાણ.
(૩) શ્રી પિંડનિર્યુક્તિ દીપિકા : ૨૮૩૩ શ્લોક પ્રમાણ.
(૪) શ્રી દશવૈકાલિક સૂત્ર દીપિકા.
(૫) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર દીપિકા.
(૬) શ્રી આચારાંગ સૂત્ર દીપિકા.
(૭) શ્રી નવતત્ત્વ વિસ્તૃત વિવરણ.
(૮) શ્રી કલ્પસમર્થનાવચૂરિ.
(૯) શ્રી ભક્તામર સ્તોત્ર ટીકા.

પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સાહેબે તૈયાર કરેલ 'જેસલમેર ભંડારની અચલગચ્છીય ગ્રંથોની સંક્ષિપ્ત સૂચિ'ની એક પ્રતમાં શ્રી માણિક્યશેખરસૂરિ રચિત ૨૦ જેટલા આગમાદિ ગ્રંથો પર દીપિકાવૃત્તિ રચ્યાની, અને તે પ્રતો જેસલમેરના કોઈ જ્ઞાનભંડારમાં હોવાની નોંધ છે. સંશોધકોએ આ ગ્રંથોની વિશેષ માહિતી મેળવવા પ્રયત્ન કરવા જેવો છે.

**અચલગચ્છીય આચાર્ય શ્રી માણિક્યકુંજરસૂરિ :**

આ નામના આચાર્ય પણ શ્રી મેરુતુંગસૂરિના સમયમાં થઈ ગયા. શ્રી માણિક્યસુંદરસૂરિ, માણિક્યશેખરસૂરિ, શ્રી માણિક્યકુંજરસૂરિ અને શ્રી માણિક્યસૂરિ આવા લગભગ સમાન નામવાળા આચાર્યો અચલગચ્છમાં થઈ ગયા. આ આચાર્યોને એક ગણીને વિદ્વાનોએ ગૂંચવાડો ઊભો કર્યો છે, પણ ઉક્ત ચારે આચાર્યો ભિન્ન છે.

શ્રી માણિક્યકુંજરસૂરિની ગુરુપરંપરા આ પ્રમાણે ઉપલબ્ધ થાય છે :

(૧) શ્રી જિનચંદ્રસૂરિ (૨) શ્રી પદ્મદેવસૂરિ (૩) શ્રી સુમતિસિંહસૂરિ (૪) શ્રી અભયદેવસૂરિ (૫) શ્રી અભયસિંહસૂરિ (૬) શ્રી ગુણસમુદ્રસૂરિ (૭) શ્રી માણિક્યકુંજરસૂરિ.

સં. ૧૫૮૧ માં શ્રી માણિક્યકુંજરસૂરિના અજ્ઞાત શિષ્ય દ્વારા લિખિત 'અચલગચ્છીય શ્રાવક પ્રતિક્રમણ વિધિ' ગ્રંથ પ્રાપ્ત થાય છે. શ્રી માણિક્યકુંજરસૂરિનો 'સૂરિમંત્ર ચિત્રપટ્ટ' પણ પ્રાચીન જૈન ચિત્ર સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. 'શ્રી સૂરિમંત્ર કલ્પસંગ્રહ ભાગ ૨'માં તે મુદ્રિત કરાયેલ છે.

શ્રી માણિક્યકુંજરસૂરિ પછીની પરંપરા આ પ્રમાણે પ્રાપ્ત થાય છે :

(૧) શ્રી ગુણરાજસૂરિ (૨) શ્રી વિજયહંસસૂરિ (૩) શ્રી પુણ્યપ્રભસૂરિ (૪) શ્રી જિનહર્ષસૂરિ (૫) વાચક ગુણહર્ષ ગણિ. શ્રી જિનચંદ્રસૂરિ, શ્રી પદ્મદેવસૂરિ ઇત્યાદિ ક્યારે થયા, તે અંગે સંશોધન કરવું ઘટે. અચલગચ્છની આ યશસ્વી સૂરિપરંપરાએ અનેકવિધ શાસનોન્નતિનાં કાર્યો કર્યાં છે.

**અચલગચ્છીય આચાર્ય શ્રી રંગરત્નસૂરિ :**

આ આચાર્યશ્રી સં. ૧૪૪૫ આસપાસમાં વિદ્યમાન હતા, એવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. શ્રીમાલી જૈન કુટુંબ વંશની એક પ્રાચીન વહીથી * જાણવા મળે છે કે ખંભાત પાસેના તારાપુરના શ્રેષ્ઠી શ્રી ગોગને સં. ૧૪૪૫ માં શત્રુંજય તીર્થની યાત્રા કરેલી તથા અંચલગચ્છીય શ્રી રંગરત્નસૂરિના પદમહોત્સવ પ્રસંગે ૮૪ ગચ્છના યતિઓને વાણોતર મોકલાવી વેશ વહોરાવેલ. સં. ૧૪૪૫ માં શ્રી રંગરત્નસૂરિના ઉપદેશથી પાટણના દેવશી શ્રેષ્ઠીએ શ્રી શત્રુંજય તીર્થનો છ'રી પાળતો સંઘ કાઢ્યો હતો. સં. ૧૪૪૫ ના ફા. વદ ૧૧ ને દિવસે પાટણમાં શ્રી મેરુતુંગસૂરિને 'ગચ્છેશપદ' પ્રાપ્ત થયું. તે વખતે શ્રી રત્નશેખરસૂરિને આચાર્ય પદસ્થ કરવામાં આવેલ. શકય છે કે, સાથે શ્રી રંગરત્નસૂરિને આચાર્ય પદસ્થ કરવામાં આવ્યા હોય.

**વિશાળ સાધ્વી પરિવાર :**

શ્રી આર્યરક્ષિતસૂરિ, શ્રી જયસિંહસૂરિના વખતમાં મહત્તરા સાધ્વીશ્રી સમયશ્રીજી આદિ વિશાળ સાધ્વીસમુદાય પછી દીર્ઘ સમયના આંતરે આ ગચ્છના અર્થાત્ શ્રી મેરુતુંગસૂરિના સમયના સાધ્વીસમુદાય અંગે ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. સાધ્વીશ્રી મહિમશ્રીજીને શ્રી મેરુતુંગસૂરિએ 'મહત્તરા'પદે સ્થાપિત કર્યાં હતાં. (સમયશ્રીજીની પરંપરામાં પટ્ટસ્થાને મહિમશ્રીજીનો ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે. તે કાવ્ય શ્રી આર્યરક્ષિતસૂરિજીના જીવન-ચરિત્રમાં જોઈ ગયા.)

**અચલગચ્છીય સાધ્વીજી રચિત ગ્રંથો :**

પ્રવર્તિની સાધ્વીજી મહિમશ્રીજી દ્વારા રચિત શ્રી ઉપદેશ ચિંતામણિની અવચૂરિ પ્રાપ્ત થાય છે. અવચૂરિને અંતે 'સા. શ્રી મહિમશ્રિયા વિરચિતા' એવો ઉલ્લેખ પણ છે તેઓ વિદુષી હતાં. શ્રી મેરુતુંગસૂરિના સમુદાયમાં અન્ય સાધ્વીજી શ્રી મેરુલક્ષ્મીશ્રીજી રચિત બે સ્તોત્રો પ્રાપ્ત થાય છે. સાથે સાથે તેઓ પ્રવર્તિની અને ગણિની હતાં એવો ઉલ્લેખ વિશેષ ધ્યાનાકર્ષક છે. શ્રી મેરુતુંગસૂરિનો અન્ય સાધ્વી--સમુદાય વિશાળ હતો, એમાં કોઈ શક નથી. તે વખતના સાધ્વીજીઓ દ્વારા અન્ય ગ્રંથો પણ રચાયા હશે.

**પાંચસો ભવ્ય જીવોને પ્રતિબોધ :**

શ્રી મેરુતુંગસૂરિએ પાટણ, ખંભાત, જંબુસર ઇત્યાદિ અનેક સ્થળોમાં વિચરી પાંચસો ભવ્ય જીવોને પ્રતિબોધી દીક્ષિત કરેલા. તેમના સાધુ–સાધ્વી સમુદાય અંગે રાસકાર નોંધે છે કે તેમના સાધુ–સાધ્વીજીનો જે વિશાળ પરિવાર જોયો તેની સંખ્યા કોણ કહી શકશે ?

**શ્રી ચક્રેશ્વરી દેવીના કૃપાપાત્ર :**

શ્રી મેરુતુંગસૂરિ મહાપ્રભાવક હોઈ ચક્રેશ્વરી દેવી, પદ્માવતી દેવી, જીરાવલ્લી તીર્થના

* આ વહી આ ગ્રંથના દ્વિતીય ખંડમાં પ્રકાશિત કરવામાં આવી છે.

અધિષ્ઠાયક યક્ષ આદિ તેમનું સાંનિધ્ય કરતા. પ્રાચીન ગ્રંથોમાં અને પ્રશસ્તિઓમાં આ પ્રમાણે ઉલ્લેખ છે :

**ચક્રેશ્વરી ભગવતી વિહિત પ્રસાદા: । શ્રી મેરુતુંગગુરવો નરદેવ વંદ્યા: ॥**

આ ઉલ્લેખોથી જાણી શકાય છે કે સમ્યગ્દ્રષ્ટિ દેવો પણ તેમનું સાન્નિધ્ય કરતા.

**શ્રી મેરુતુંગસૂરિ દ્વારા નૃપપ્રતિબોધ :**

શ્રી મેરુતુંગસૂરિજીએ પ્રતિબોધેલા નૃપતિઓ પૈકીના સાચોરના રાજા રાઉ પાતા, નરેશ્વર મદનપાલ, ઇડરપતિ કુંવર સુંદરદાસ, જંબુનરેશ રાઉ ગજમલ ગડુઆ, જીવનરાય આદિ છે. આ નૃપતિઓને પ્રતિબોધીને શ્રી મેરુતુંગસૂરિજીએ જૈનાચાર્યોમાં ઉત્તમ કોટિનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. હવે શ્રી મેરુતુંગસૂરિના સાહિત્યક્ષેત્રનું નિરીક્ષણ કરીએ.

**શ્રી મેરુતુંગસૂરિ રચિત ગ્રંથો :**

તેઓએ રચેલ સાહિત્ય જૈન સંસ્કૃતિનું અને ભારતીય સાહિત્ય મહામૂલું અંગ છે. અહીં એનો નામોલ્લેખ તેમ જ કિંચિત્ પરિચય આ મુજબ છે :

(૧) ષડ્દર્શન સમુચ્ચય : આ ગ્રંથની એક હસ્તપ્રત મુંબઈની સેન્ટ્રલ લાયબ્રેરીના સંગ્રહમાં છે. છ દર્શનોની સંક્ષિપ્તમાં તુલના કરી યોગ્ય નિર્ણય કર્યો છે. ગ્રંથ સરળ અને સુબોધ છે.

(૨) મેરુતુંગ વ્યાકરણ : આ ગ્રંથના અપરનામ 'બાલાવબોધ વ્યાકરણ–કુમાર વ્યાકરણ' પણ પ્રાપ્ત થાય છે. આ ગ્રંથ અદ્યાપિ અપ્રગટ છે. પ્રાય: આ વ્યાકરણ પર તેઓ રચિત વૃત્તિ પણ છે.

(૩) જૈન મેઘદૂત મહાકાવ્યં અપર નામ નેમીદૂત મહાકાવ્યં : મહાકાવ્યની કોટિના આ ગ્રંથમાં કર્તાએ શ્રી નેમનાથ ભગવાન અને રાજીમતીના સંબંધ ઇત્યાદિનું વર્ણન કર્યું છે. ચાર સર્ગમાં અને મંદાક્રાંતા છંદથી અલંકૃત છે.

(૪) ધાતુ પારાયણ : આ ગ્રંથમાં વ્યાકરણમાં આવતા ધાતુઓનાં નિયમો અને રૂપોનું કર્તાએ વિશદ વર્ણન કરેલ છે.

(૫) રસાધ્યાય વૃત્તિ : કંકાલય રચિત આ ગ્રંથની વૃત્તિ શ્રી મેરુતુંગસૂરિએ સં. ૧૪૪૩ માં પાટણમાં રહીને ભડીગના પુત્ર રાઉલ ચંપકની વિનંતીથી રચી. વૈદક વિષયક આ ગ્રંથમાં–વૃત્તિમાં સુંદર માર્ગદર્શન મળી રહે છે.

(૬) સપ્તતિભાષ્ય ટીકા : કર્મગ્રંથને લગતા આ ગ્રંથ પર વિશદ વિવેચનાત્મક સંસ્કૃત ટીકા શ્રી મેરુતુંગસૂરિએ રચેલ છે.

(૭) લઘુ શતપદી યા શતપદી સારોદ્ધાર : શ્રી ધર્મઘોષસૂરિ રચિત શતપદી ગ્રંથના ૪૫ ઉપયોગી વિચારો અને સાત નવા વિચારો ઉમેરી સંસ્કૃતમાં સં. ૧૪૫૩ માં આ ગ્રંથની રચના થઈ.

(૮) કામદેવ ચરિત્રં : શ્રુતજ્ઞાનની આરાધના અને વિરાધનાના વિષય પર ૭૫૦ શ્લોક પ્રમાણ, સંસ્કૃત ચરિત્રાત્મક આ ગદ્ય કૃતિ સં. ૧૪૬૯ માં રચાઈ.

(આ કૃતિ મૂળ તથા અનુવાદ સાથે શ્રી આર્ય જય કલ્યાણ કેન્દ્ર દ્વારા તાજેતરમાં પ્રકાશિત થયેલી છે.)

(૯) કાતંત્રવ્યાકરણ બાલાવબોધ વૃત્તિ : આ ગ્રંથ પર શ્રી મેરુતુંગસૂરિએ સં. ૧૪૪૪ માં સંસ્કૃત ટીકા રચી. આ વ્યાકરણનું બીજું નામ 'કાલાપક વ્યાકરણ' પણ છે. આ ગ્રંથની વિરલ પ્રત કચ્છના એક ભંડારમાં ઉપલબ્ધ છે.

(૧૦) ઉપદેશ ચિંતામણિ લઘુવૃત્તિ : ચરિત્ર નાયકે પોતાના જ ગચ્છ અને સમુદાયના સમકાલીન શ્રી જયશેખરસૂરિ રચિત ગ્રંથ પર ૧૧૬૪ શ્લોક પ્રમાણની આ સંસ્કૃત ટીકા રચી.

(૧૧) નાભાકનૃપ કથા : દેવદ્રવ્ય રક્ષાના વિષય પરના આ સંસ્કૃત ગદ્ય-પદ્ય કથાનકની રચના સં. ૧૪૬૪ માં ૨૯૪ શ્લોક પ્રમાણમાં કરી.

(૧૧) સુશ્રાદ્ધ કથા : આ કથાનકના રચયિતા પણ શ્રી મેરુતુંગસૂરિજી છે. આ ચરિત્ર હજી સુધી અપ્રગટ છે.

(૧૩) ચતુષ્કવૃત્તિ : વ્યાકરણના જુદા જુદા વિષયો પરની વૃત્તિ રૂપ આ ગ્રંથ સંભવે છે.

(૧૪) અંગવિદ્યા ઉદ્ધાર : આ ગ્રંથનો ઉલ્લેખ 'શ્રી મેરુતુંગસૂરિ રાસ'માંથી મળે છે.

(૧૫) પદ્માવતી કલ્પ : આ ગ્રંથ મેરુતુંગસૂરિ રચિત છે એવા ઉલ્લેખો સાંપ્રત વિદ્વાનોના ગ્રંથોમાંથી મળે છે, પણ હજી સુધી મૂળ પ્રતિ કે આ કૃતિ દૃષ્ટિગોચર થયેલ નથી.

(૧૬) શતકભાષ્ય : 'સપ્તતિકાભાષ્ય વૃત્તિ' એ કર્મગ્રંથ વિષયક ગ્રંથનું આ અપરનામ સંભવે છે.

(૧૭) નમુત્થુણં ટીકા : 'ચૈત્યવંદન વિધિ'માં શક્રસ્તવ તરીકે બોલાતા આ સૂત્ર ટીકા રૂપ આ કૃતિ સંભવે છે.

(૧૮) જીરાવલ્લી પાર્શ્વનાથ સ્તોત્ર : 'ૐ નમો દેવદેવાય'થી શરૂ થતું મહિમાવંત આ સ્તોત્ર શ્રી મેરુતુંગસૂરિએ રચેલ છે.

(૧૯) સૂરિમંત્રકલ્પ–સારોદ્ધાર : ૫૫૮ સંસ્કૃત શ્લોક પ્રમાણના આ ગ્રંથની રચના શ્રી મેરુતુંગસૂરિજીએ કરેલ છે. આ ગ્રંથ બે પ્રકાશકો દ્વારા પ્રકાશિત થઈ ગયેલ છે.

(શ્રી 'સૂરિમંત્ર કલ્પ ગ્રંથ'ના શ્રી મેરુતુંગસૂરિકૃત સૂરિમંત્રના યંત્રના ચિત્ર માટે જુઓ આ જ ગ્રંથમાં આપેલા ચિત્ર સંગ્રહમાં.)

**મહાયોગી શ્રી મેરુતુંગસૂરિ :**

શ્રી મેરુતુંગસૂરિ ઉગ્રવિહારી અને મહાતપસ્વી હતા. તેઓ નિત્ય રાજયોગ, હઠયોગ અને પ્રાણાયામ કરતા. તેઓ નિત્ય ધ્યાન ધરતા. તેઓ ગ્રીષ્મના તાપમાં કે શિયાળાની કાતિલ ઠંડીમાં નિત્ય કાયોત્સર્ગ કરતા. ગ્રંથકારો તેમને 'પૂરવ રિષિ' ( પૂર્વ ઋષિ ) જેવાં વિશેષણો આપે છે તે યોગ્ય જ છે.

અચલગચ્છના આ યશસ્વી પટ્ટધર તે વખતે એટલે એમના જીવનકાળ દરમ્યાન જૈન-શાસનમાં ઉચ્ચ સ્થાન ધરાવતા હતા, એ હકીકત ઇતિહાસ પ્રસિદ્ધ છે. અનેક યવનપતિઓને પ્રતિબોધી જૈન સંસ્કૃતિને છિન્નભિન્ન થતી અટકાવવામાં તેમનું યશસ્વી પ્રદાન ઇતિહાસમાં સદૈવ સુવર્ણાક્ષરે અંકિત રહેશે.

**શ્રી મેરુતુંગસૂરિનો સ્વર્ગવાસ :**

શ્રી મેરુતુંગસૂરિ ઉગ્રવિહારી હોવાથી પૃથ્વી–પટ પર અવિરત વિચરી અનેક ઉપકારો કર્યા હતા. અંતે સં. ૧૪૭૧ માં પાટણમાં આવી પોતાનું અલ્પાયુષ જાણીને તેમણે અનશન સ્વીકાર્યું. અંતે એ જ સાલે એટલે સં. ૧૪૭૧ માં માગસર પૂર્ણિમા અને સોમવારને દિવસે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું શ્રવણ કરતાં શ્રી અરિહંત–સિદ્ધભગવંતોનું ધ્યાન ધરતાં તેઓ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેઓ શાસનગચ્છ રક્ષા માટે સદા ચિંતિત રહ્યા હતા.

## ૫૮. અંચલગચ્છ ચૂડામણિ **શ્રી જયકીર્તિસૂરિ :**

**શ્રી દેવકુમારનો જન્મ :**

મરુદેશના તિમિરપુરમાં શ્રીમાલી સંઘવી ભૂપાલ શ્રેષ્ઠી અને માતા ભ્રમરાદેને ત્યાં સં. ૧૪૩૩ માં તેમનો જન્મ થયેલો. તેમનું મૂળ નામ દેવકુમાર હતું. સં. ૧૪૪૪ માં દેવકુમારે શ્રી મેરુતુંગસૂરિ પાસે દીક્ષા સ્વીકારી હતી. નૂતન મુનિનું નામ જયકીર્તિ મુનિ રાખવામાં આવ્યું હતું. જયકીર્તિ મુનિ અત્યંત બુદ્ધિશાળી હતા.

અલ્પ સમયમાં નૂતન મુનિશ્રી જયકીર્તિ સર્વ શાસ્ત્રોમાં નિપુણ બની ગયા. સં. ૧૪૬૭ માં ખંભાતમાં ગુરુએ તેમને યોગ્ય જાણીને 'સૂરિપદ' આપ્યું. તેઓશ્રી હવે જયકીર્તિસૂરિને નામે પ્રસિદ્ધ થયા. સં. ૧૪૭૩ માં વૈશાખ વદ ૫ ના પાટણમાં તેઓ ગચ્છેશ પદે આરૂઢ થયા હતા. આ પ્રસંગે પાટણના સંઘે મહોત્સવ કર્યો. આ પ્રસંગને અનુલક્ષીને રચાયેલું 'શ્રી જયકીર્તિસૂરિ ગચ્છેશ પદ ફાગુ' પણ પ્રાપ્ત થાય છે.

**વિષાપહાર ગોત્રને પ્રતિબોધ – સાચોરમાં જિનાલયનિર્માણ :**

એકદા તેઓ વિચરતા કંકલી ગામમાં પધાર્યા. ત્યાં ઓસવાળ સહસાક શ્રેષ્ઠી રહેતો હતો. એકદા તેને ઘેર પકવાન થતું હતું. તેમાં સર્પનું વિષ પડ્યું. સહસાક અને તેની

પત્નીને ઉપવાસ હતો. ત્યાં આવેલ અતિથિ વગેરેએ ભોજન કરતાં સહુ મૃત્યુ પામ્યા. ત્યાં પધારેલા શ્રી જયકીર્તિસૂરિને વિનંતિ કરતાં સૂરિજીએ વિષાપહાર મંત્રના પ્રભાવથી સૌને સચેતન કર્યા. આ પ્રસંગ પરથી સહસાકના વંશજો 'વિષાપહાર ગોત્ર' થી પ્રસિદ્ધ થયા. સહસાકના વંશજ સાલિગે સાચોર તીર્થમાં શ્રી જયકીર્તિસૂરિના ઉપદેશથી શ્રી મહાવીર પ્રભુનું વિશાળ જિનાલય બંધાવ્યું. સં. ૧૪૯૩, જેઠ સુદ ૧૦ના તેની પ્રતિષ્ઠા કરાવી. આ પ્રસંગે પચીસ હજાર પીરોજીનો ખર્ચ થયો.

શ્રી જયકીર્તિસૂરિના ઉપદેશથી અનેક જિનમંદિરો અને અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા થયેલી. શ્રી જીરાવલ્લી તીર્થના ઉદ્ધારમાં તેમની પ્રેરણા મુખ્ય હતી.

**શ્રી જયકીર્તિસૂરિના શિષ્યો :**

તેમના શિષ્યોમાં શ્રી જયકેસરીસૂરિ, શ્રી શીલરત્નસૂરિ, શ્રી ઋષિવર્ધનસૂરિ, ઉપાધ્યાય શ્રી લાવણ્યકીર્તિ, શ્રી ક્ષમારત્ન મુનિ આદિનાં નામો ઉલ્લેખનીય છે. શ્રી શીલરત્નસૂરિ કૃત 'જૈન મેઘદૂત મહાકાવ્ય'ની ટીકા, 'સ્તુતિ ચોવીશી' આદિ ગ્રંથો ઉપલબ્ધ થાય છે. શ્રી ઋષિવર્ધનસૂરિ રચિત 'ચૈત્યવંદન ચોવીશી,' 'નલદમયંતીરાસ,' 'જિનાતિશય પંચાશિકા,' અને પાદપૂર્તિ સહ 'મહિમ્ન જિનસ્તોત્ર' આદિ પ્રસિદ્ધ છે.

**ગચ્છના અન્ય આચાર્યોનો ઉલ્લેખ :**

શ્રી જયકીર્તિસૂરિના સમકાલીન અચલગચ્છના અન્ય આચાર્યોમાં શ્રી ધર્મશેખરસૂરિ, શ્રી મહીતિલકસૂરિ, શ્રી માણિક્યશેખરસૂરિ, શ્રી માણિક્યસુંદરસૂરિ, શ્રી માણિક્યકુંજરસૂરિ, શ્રી માનતુંગસૂરિ, શ્રી મેરુનંદનસૂરિ, શ્રી ભુવનતુંગસૂરિ, ઉપાધ્યાયશ્રી ધર્મનંદન ગણિ, પં. શ્રી મહિનંદન ગણિ આદિનાં નામો ઉલ્લેખનીય છે. 'ગચ્છનાયક ગુરુરાસ'માં તે વખતના અન્ય આચાર્યોનો નામોલ્લેખ આ મુજબ પ્રાપ્ત થાય છે : પુણ્યપ્રભસૂરિ, સુમતિસિંહસૂરિ, વીરસિંહસૂરિ, ધર્મસિંહસૂરિ, અભયદેવસૂરિ, પ્રજ્ઞાતિલકસૂરિ, ચંદ્રપ્રભસૂરિ, ધર્મદેવસૂરિ, સોમચંદ્રસૂરિ. આ નામોમાંથી શ્રી જિનચંદ્રસૂરિ, પદ્મદેવસૂરિની પરંપરામાં થયેલા આચાર્યોનાં નામો છે. બાકીના આચાર્યો અંગે વિશેષ માહિતી મેળવવી જરૂરી રહે છે.

**શાસનરક્ષા માટે શત્રુંજય પર આયંબિલ તપ :**

શ્રી મેરુતુંગસૂરિએ શાસનદેવીના પ્રત્યક્ષ આવાગમનનો નિષેધ કરેલ હતો. પરંતુ શાસનરક્ષા માટે શ્રી જયકીર્તિસૂરિએ શત્રુંજય મહાતીર્થ ઉપર ઘણાં વર્ષો સુધી આયંબિલ તપ કર્યું હતું. આથી પ્રસન્ન થઈને મધ્યરાત્રિએ ચક્રેશ્વરી દેવીએ પ્રગટ થઈને કહ્યું : 'હું આપની પાસે આવીશ. પરંતુ આપ મને ઓળખશો નહીં.' બીજે દિવસે ખંભાતથી સંઘ આવ્યો. તેમાં દેવીએ શ્રાવિકાનું રૂપ ધારણ કરીને સુવર્ણમુદ્રાથી મિશ્રિત પૌંઆ વહોરાવીને

સૂરિજીનો મનોરથ પૂર્ણ કર્યો. આથી સૂરિજીને પોતાના આગમનનું જ્ઞાન કરાવ્યું, જેથી ભાવિ ગચ્છોદય થશે એમ જાણી સૂરિજીને સંતોષ થયો.

**શ્રી જયકીર્તિસૂરિ રચિત સાહિત્ય :**

શ્રી જયકીર્તિસૂરિ ઉગ્ર તપસ્વી હોવા સાથે સફળ ગ્રંથકાર હતા. તેમના રચેલા ગ્રંથોમાં (૧) ઉત્તરાધ્યયન સૂત્ર દીપિકાવૃત્તિ, (૨) ક્ષેત્રસમાસ ટીકા, (૩) સંગ્રહણી ટીકા, (૪) પાર્શ્વદેવ સ્તોત્ર આદિ છે. આ સ્તોત્ર પર અવચૂરિ ટીકા પ્રાપ્ત થાય છે.

શ્રી જયકીર્તિસૂરિ સં. ૧૫૦૦ માં ૬૭ વર્ષની વયે પાટણમાં કાળધર્મ પામ્યા હતા.

**૫૯. અનેક જિનબિંબોની પ્રતિષ્ઠાના ઉપદેશક શ્રી જયકેશરીસૂરિ :**

**ધનરાજનો જન્મ :**

પાંચાલ દેશના થાન નગરમાં શ્રીમાલી શેઠ દેવસિંહ અને તેમની પત્ની લાખણદેને ત્યાં સં. ૧૪૭૧ માં ધનરાજ નામે પુત્રનો જન્મ થયો હતો. જન્મકાળ પહેલાં માતાએ કેશરી સિંહનું સ્વપ્ન જોયું હતું. સં. ૧૪૭૫ માં લઘુ વયે બાળક ધનરાજે શ્રી જયકીર્તિસૂરિ પાસે દીક્ષા સ્વીકારતાં તેમનું નામ જયકેશરી મુનિ રાખવામાં આવ્યું હતું. દીક્ષા બાદ અલ્પ દિવસોમાં જ તેઓ જૈનાગમોના પારગામી થયા હતા. સં. ૧૪૯૪ માં ગુરુએ તેમને સૂરિપદે આરૂઢ કર્યા હતા. (શ્રી ભાવસાગરસૂરિ કૃત પ્રાકૃત પટ્ટાવલી અનુસાર ચાંપાનેરના રાજા ગંગદાસના વચનથી તેમને સૂરિપદે આરૂઢ કરવામાં આવ્યા હતા.) સં. ૧૫૦૧ માં શ્રી જયકેશરી સૂરિ 'ગચ્છેશ પદ' ધારક બન્યા હતા. આ પ્રસંગે પાવાગઢ તીર્થના શ્રી વીરજિનાલયમાં શાલાપતિ જ્ઞાતીય સંઘવી કાલાગરે ભવ્ય મહોત્સવ કર્યો હતો.

**અમદાવાદમાં મંત્રના બળે બાદશાહની રોગમુક્તિ :**

એકદા શ્રી જયકેશરીસૂરિ અમદાવાદમાં બિરાજતા હતા. તે વખતે ત્યાંનો બાદશાહ મહંમદશાહ જવર રોગથી પીડાતો હતો. અનેક ઉપાયો કરવા છતાં તે રોગમુક્ત ન થયો. શ્રી જયકેશરીસૂરિને પ્રભાવશાળી જાણીને બાદશાહે પોતાને ત્યાં પધારવા વિનંતિ કરી. શાસનપ્રભાવનાનું કારણ જાણી સૂરિજી બાદશાહને ત્યાં પધાર્યા. સૂરિજીએ 'જ્વરાપહાર' મંત્ર ભણીને શાસનદેવીને સ્મરીને પોતાનું રજોહરણ ત્રણ વખત બાદશાહના શિર પર ફેરવ્યું. તરત જ રાજા રોગરહિત થયો. ગુરુએ પોતાનું રજોહરણ પથ્થરની શિલા પર ખંખેર્યું, એટલે જ્વરની ઉષ્ણતા શિલામાં પ્રવેશી અને શિલાના બે ટુકડા થઈ ગયા. આથી પ્રભાવિત થયેલો સ્વસ્થ બાદશાહ સૂરિજીના ચરણોમાં નમી પડયો. આ સૂરિજીના ઉપદેશથી બાદશાહે અમદાવાદમાં ઝવેરીવાડમાં અચલગચ્છીય સાધુઓ માટે ઉપાશ્રય બંધાવી આપ્યો. આજે પણ આ ઉપાશ્રય મોજુદ છે. આ ઉપાશ્રયની નજીક શ્રી પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય પણ છે.

**ચાંપાનેરના રાજા-મંત્રી આદિને પ્રતિબોધ :**

પાવાગઢના રાજા ગંગરાજેશ્વરની પર્ષદામાં શ્રી જયકેશરીસૂરિ માનભર્યું સ્થાન ધરાવતા હતા. આ રાજાનો પુત્ર જયસિંહ પણ આ સૂરિજીના સમાગમમાં આવ્યો હતો. ચાંપાનેરના રાજા ઉપરાંત ત્યાંના મંત્રીઓ પણ સૂરિજીના સમાગમમાં આવેલા અને જિનબિંબો ભરાવેલાં.

**પાવાગઢ અને અચલગચ્છાધિષ્ઠાયિકા :**

અચલગચ્છ પ્રવર્તક શ્રી આર્યરક્ષિતસૂરિની તપોભૂમિ તરીકેનો યશ પણ આ પાવાગઢને ફાળે જાય છે. તેમ જ મહાકાળી દેવીનું સ્થાન પણ પાવાગઢમાં હોવાથી મહાકાળી દેવીને 'અચલગચ્છાધિષ્ઠાયિકા' તરીકે સ્થાન મળ્યું છે. આ ઘટનાઓ સૂચક ગણી શકાય.

**શ્રી જયકેશરીસૂરિનો શિષ્યપરિવાર :**

શ્રી જયકેશરીસૂરિના શિષ્યોમાં શ્રી સિદ્ધાંતસાગરસૂરિ, શ્રી કીર્તિવલ્લભ ગણિ, શ્રી મહીસાગર ગણિ, શ્રી મહીમેરુ ગણિ ઇત્યાદિ નામો ઉલ્લેખનીય છે. શ્રી કીર્તિવલ્લભ ગણિ કૃત ઉત્તરાધ્યાયન દીપિકા, ઉપા. શ્રી મહીસાગર ગણિ કૃત 'ષડાવશ્યક વિવરણ' આદિ ગ્રંથો ઉપલબ્ધ છે.

**સૌથી વધારે જિનબિંબોના પ્રતિષ્ઠાપક :**

અચલગચ્છના આચાર્યોમાં સૌથી વધારે જિનબિંબોના પ્રતિષ્ઠાપક તરીકે શ્રી જયકેશરીસૂરિનું નામ સુવર્ણાક્ષરે લખાશે. પ્રાયઃ પ્રત્યેક જિનાલયોમાં તેમને હાથે પ્રતિષ્ઠિત થયેલ ધાતુમૂર્તિઓ ઉપલબ્ધ થશે. આજ સુધીમાં શ્રી જયકેશરીસૂરિના સેંકડો પ્રતિષ્ઠાલેખો પ્રસિદ્ધિમાં આવ્યા છે અને ઉપલબ્ધ બનતા રહે છે.

**સ્તુતિકાર શ્રી જયકેશરીસૂરિ :**

શ્રી જયકેશરીસૂરિ આદર્શ જિનભક્ત હતા. જિનભક્તિની પ્રસાદી રૂપે તેઓએ 'ચતુર્વિંશતિ જિન સ્તોત્રાણિ' * રચ્યાં હતાં, જે પ્રકાશિત થયેલ છે. આ સ્તોત્રાવલિમાં ઉત્તમ કાવ્ય તરીકે અને ભક્તિરસથી મનોહર સ્તોત્રો તરીકે પ્રસિદ્ધ સ્તોત્રો તેમાં સ્થાન પામે તેવાં છે. ઉપરાંત તેમણે રચેલ 'શ્રી આદિનાથ સ્તોત્ર,' 'શ્રી સાધારણ જિન સ્તોત્ર' પણ ઉપલબ્ધ બને છે. તેઓશ્રીએ 'અષ્ટોતરી તીર્થમાળા' પર સંસ્કૃતમાં ટીકા રચેલી છે, જેની અનેક હસ્તપ્રતો ઉપલબ્ધ થાય છે. આ ગ્રંથ શીઘ્ર પ્રકાશિત થાય એ જરૂરી છે.

સં. ૧૫૪૧, પોષ સુદિ ૮ ના ૭૨ વરસની વયે ખંભાતમાં શ્રી જયકેશરીસૂરિ કાળધર્મ પામ્યા હતા.

---

* આ સ્તોત્રાવલિ ગ્રંથ મૂળ અને ગુજરાતી અનુવાદ સાથે અનેક વિષયો પર પ્રકાશ પાડતી પ્રસ્તાવના સાથે શ્રી આર્ય-જય-કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ તરફથી પ્રગટ થયેલ છે.

## ૧૦. શ્રી માંડવગઢે તીર્થના પ્રેરક શ્રી સિદ્ધાંતસાગરસૂરિ :

**સોનપાલનો જન્મ :**

અણહિલપુર પાટણના ઓસવાળ સોની જાવડ અને તેની પત્ની પૂરલદેના ઘરે સં. ૧૫૦૬ માં સોનપાલ પુત્રનો જન્મ થયો હતો.

સં. ૧૫૧૨ માં સોનપાલે શ્રી જયકેશરીસૂરિ પાસે દીક્ષા સ્વીકારી હતી. તેઓ હવે મુનિ સિદ્ધાંતસાગરજી તરીકે પ્રસિદ્ધ થયા. અલ્પ સમયમાં તેઓ સિદ્ધાંતસાગરોના પારગામી બન્યા. તેઓ ગણિપદ અને ઉપાધ્યાયપદથી અલંકૃત થયા હતા. સં. ૧૫૪૧ માં પોષ સુદ ૮ ના દિવસે ગચ્છનાયક શ્રી જયકેશરીસૂરિ કાળધર્મ પામતાં એ જ વર્ષે ચતુર્વિધ સંઘે ફાગણ સુદ ૫ ના દિવસે અમદાવાદમાં તેમને સૂરિપદ અને ગચ્છેશપદે અલંકૃત કર્યા હતા. આ પ્રસંગે શ્રીમાલી હંસરાજે ભવ્ય મહોત્સવ કર્યો હતો.

**શ્રી સિદ્ધાંતસાગરસૂરિ દ્વારા અચલગઢ તીર્થમાં પ્રતિષ્ઠાદિ કાર્યો :**

પડાઈયા મંડલિક શ્રેષ્ઠીએ સં. ૧૫૪૮ ના વૈશાખ વદ ૧૦ ને દિવસે સાચોરમાં શ્રી સિદ્ધાંતસાગરસૂરિના ઉપદેશથી શ્રી સુમતિનાથ–બિંબની પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રસંગે ઉક્ત શ્રેષ્ઠીએ અગિયાર હજાર પિરોજી ખરચી હતી. કાશ્યપગોત્રીય શ્રેષ્ઠી લોલાએ સૂરિજીના ઉપદેશથી ભિન્નમાલથી શત્રુંજય, ગિરનાર અને જીરાવલ્લા તીર્થ આદિના સંઘ કાઢ્યા હતા. આ શ્રેષ્ઠીએ આબુ તીર્થ પરના અચલગઢના ડુંગર પરના ચૌમુખમાં બે કાઉસગ્ગિયા કરાવી, ત્યાં પ્રતિષ્ઠા કરાવી હતી, જેમાં બાવીશ હજાર રૂપિયા ખર્ચ્યા હતા.

શ્રી સિદ્ધાંતસાગરસૂરિએ પણ શાસન અને ગચ્છની ઉન્નતિ માટે શ્રી ચક્રેશ્વરી દેવીનું આરાધન કર્યું હતું, એવો ઉલ્લેખ પ્રાચીન ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે.

**શ્રી માંડવગઢ તીર્થની સ્થાપના :**

ચરિત્રનાયકશ્રી માંડવગઢ તરફ વિચર્યા હતા. માંડવગઢમાં તેઓશ્રીના ઉપદેશથી અચલ-ગચ્છીય સોની ગોત્રના વંશજોએ ૩૦ ઈંચ મોટી ધાતુની શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમા ઈત્યાદિ જિનબિંબો ભરાવ્યાં હતાં અને માંડવગઢના જિનાલયમાં પ્રતિષ્ઠા કરાવી હતી. માંડવગઢના મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુનાં પ્રતિમાજી ખૂબ જ ચમત્કારી છે. આ મૂર્તિ સં. ૧૮૯૮ માં ખોદકામ કરતાં ભીલ લોકોને મળી આવી હતી. મૂર્તિને ધાર લઈ જવામાં આવતાં માંડવગઢના રસ્તામાં જ દિલ્હી દરવાજા આગળ જિનમૂર્તિને લઈ જતો હાથી અટકી પડ્યો હતો. પછી સંઘે ત્યાં જ જિનમંદિરનો જિર્ણોદ્ધાર કરાવી તેમાં શ્રી શાંતિનાથ પ્રભુનાં ઉક્ત પ્રતિમાજીને પ્રતિષ્ઠિત કર્યા હતા.

શ્રી સિદ્ધાંતસાગરસૂરિ સમેત અચલગચ્છના આચાર્યો અને મુનિઓનો માંડવગઢ પ્રદેશ ઉપર ખૂબ જ ઉપકાર છે. અહીં તેમના ઉપદેશથી શાસનનાં અનેકવિધ કાર્યો થયાં હતાં.

શ્રી સિદ્ધાંતસાગરસૂરિના સમુદાયમાં ઉપાધ્યાય ભાવવર્ધનથી 'વર્ધન' શાખા અને કમલરૂપ ગણિથી 'રૂપ' શાખા અને ધનલાભથી 'લાભ' શાખા અસ્તિત્વમાં આવી હતી.

ઉગ્રવિહારી શ્રી સિદ્ધાંતસાગરસૂરિ બહુધા ગુજરાત અને માળવામાં વિચર્યા હતા. સં. ૧૫૯૦ માં તેઓ પાટણમાં પધાર્યા. એ જ નગરમાં કાળધર્મ પામ્યા હતા. (તેઓ માંડલમાં 'કાળધર્મ પામ્યા હતા એવો બીજો ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે.)

**૬૧.** પ્રાકૃત પટ્ટાવલીના રચયિતા **શ્રી ભાવસાગરસૂરિ :**

**ભાવડકુમારનો જન્માદિ વૃત્તાંત :**

મારવાડના ભિન્નમાલ નગરમાં શ્રીમાલી શ્રેષ્ઠી સાંગરાજ અને તેની પત્ની શૃંગારદેવીને ઘેર સં ૧૫૧૬ માં ભાવડકુમારનો જન્મ થયો હતો.

સં. ૧૫૨૦ માં ખંભાતમાં ભાવડકુમારે શ્રી જયકેશરીસૂરિ પાસે દીક્ષા સ્વીકારી હતી. તેમનું નામ મુનિ ભાવસાગર રાખવામાં આવ્યું હતું.

સં. ૧૫૬૦ માં શ્રી સિદ્ધાંતસાગસૂરિ કાળધર્મ પામતાં માંડલના સંઘે મુનિશ્રી ભાવસાગરજીને સૂરિપદ સાથે ગચ્છેશપદે આરૂઢ કર્યા હતા. આ પ્રસંગ વૈશાખ સુદ ૩ ના ઉજવાયો હતો. માંડલના રહીશ શ્રેષ્ઠી વાઘા અને હરખચંદે શ્રી ભાવસાગરસૂરિના પદ-મહોત્સવ પ્રસંગે ૫૦ હજાર દ્રવ્ય ખર્ચ્યું હતું. ઉક્ત શ્રાવકોએ એ જ દિવસે શ્રી શીતલનાથ પ્રભુના બિંબની પ્રતિષ્ઠા કરાવી હતી.

**શ્રી ભાવસાગરસૂરિનો શ્રમણપરિવાર :**

શ્રી ભાવસાગરસૂરિના શ્રમણપરિવારમાં શ્રી સોમરત્નસૂરિ, વાચનાચાર્ય શ્રી લાભમંડન ગણિ, વાચક શ્રી નયસુંદર ગણિ આદિ નામો ઉલ્લેખનીય છે.

**શ્રી ભાવસાગરસૂરિ પછી અન્ય એક પટ્ટપરંપરા :**

તેમના શિષ્ય સુમતિસાગરસૂરિ પણ પ્રભાવક આચાર્ય હતા. પ્રાચીન ગ્રંથકારોએ રચનાની પ્રશસ્તિઓમાં તેમને 'ગચ્છનાયક' કહ્યા છે. તેમની પરંપરા આ પ્રમાણે છે :

(૧) ગજસાગરસૂરિ, (૨) પુણ્યરત્નસૂરિ, (૩) ગુણરત્નસૂરિ, (૪) ક્ષમારત્નસૂરિ ઇત્યાદિ.

**જ્ઞાનસાગરજી રચિત ગ્રંથો :**

શ્રી ગજસાગરસૂરિજીના શિષ્ય પં. લલિતસાગરજીના શિષ્ય પંડિત માણિક્યસાગરજીના શિષ્ય પં. જ્ઞાનસાગરજી ઉચ્ચ કોટિના કવિ થઈ ગયા. પં. જ્ઞાનસાગરજીએ ગૂર્જર ભાષામાં અનેક રાસો રચ્યા. તેમણે 'શ્રીપાલ રાસ' પણ રચ્યો. સત્તર જેટલા રાસ અને ચરિત્રો ઉપરાંત તેઓ દ્વારા રચિત 'સ્તવન ચોવીશી,' 'અર્બુદ ચૈત્યપરિપાટી' આદિ કૃતિઓ પણ પ્રાપ્ત થાય છે.

**શ્રી ભાવસાગરસૂરિ રચિત 'શ્રી વીરવંશાનુક્રમ પટ્ટાવલી':**

ભાવસાગરસૂરિના અનેક પ્રતિષ્ઠા લેખો ઉપલબ્ધ થાય છે. ભાવસાગરસૂરિ કૃત ૨૩૧ પ્રાકૃત કંડિકા પ્રમાણ 'વીર વંશાનુક્રમ પટ્ટાવલી,' અપર નામ 'અચલગચ્છ ગુર્વાવલી' પ્રાપ્ત થાય છે. આ પટ્ટાવલી અચલગચ્છના ઇતિહાસનું મહત્વનું અને વિશ્વસનીય અંગ બની રહી છે. ચરમ તીર્થંકર શ્રી ભગવાન મહાવીર દેવના પંચમ ગણધર શ્રી સુધર્મા સ્વામીથી લઈને શ્રી સિદ્ધાંતસાગરસૂરિ સુધીના આચાર્યોની ઐતિહાસિક માહિતી ઉક્ત ગુર્વાવલીમાં સંગૃહીત છે. આ ગ્રંથ ઉપલબ્ધ છે, પણ હજી સુધી પ્રકાશિત થયો નથી. શ્રી ભાવસાગરસૂરિનું પ્રાકૃત પરનું પ્રભુત્વ જોતાં તેમણે સંસ્કૃત–પ્રાકૃતમાં અન્ય ગ્રંથો પણ રચ્યા હોય એ શક્ય છે.

**આ સમયે નવા ગચ્છ-મતો :**

શ્રી ભાવસાગરસૂરિના સમયમાં અન્ય નવા ગચ્છો અને સંપ્રદાયો સ્થાપાયા હતા, જેમાં લોકાશાહે લોકા ગચ્છ, કડવા શાહે કડવા ગચ્છ, બીજા શાહે બીજા મત, અને પાર્શ્વચંદ્રસૂરિએ પાર્શ્વચંદ્ર ગચ્છ પ્રવર્તાવ્યો. અનેક નવા ગચ્છો અને નવા મતો ઉદ્ભવ્યા હોવાથી આવા સમયે શ્રી ભાવસાગરસૂરિએ શુદ્ધ ક્રિયા અને તપનો માર્ગ સ્વીકાર્યો. પટ્ટાવલીમાં તેમને 'યુગપ્રધાન' કહ્યા છે.

સં. ૧૫૮૩ માં ખંભાત નગરમાં શ્રી ભાવસાગરસૂરિ કાળધર્મ પામ્યા હતા.

**૬૬. શાસનપ્રભાવક શ્રી ગુણનિધાનસૂરિ :**

**સોનપાલનો જન્માદિ વૃતાંત :**

પાટણના શ્રીમાળી શ્રેષ્ઠી સંઘવી નગરાજની પત્ની લીલાદેવીની કુક્ષીથી સં. ૧૫૪૮ ના માઘ માસના શુક્લ પક્ષમાં સોનપાલનો જન્મ થયો હતો. એકદા શ્રી સાગરસૂરિ વિહાર કરતા પાટણ પધાર્યા, ત્યારે ધર્માનુરાગી ઉક્ત દંપતીએ પોતાનો બાળક સોનપાલ સૂરિજીને સમર્પિત કરી દીધો; અને સંવત ૧૫૫૨ માં સોનપાલે પાટણમાં દીક્ષા સ્વીકારી. થોડાજ વખતમાં મુનિ ગુણનિધાન જિનાગમોના સારા અભ્યાસી થયા હતા.

મુનિ ગુણનિધાનને સં. ૧૫૬૫ માં જંબુસરમાં ભાવસાગરસૂરિએ સૂરિપદે આરૂઢ કર્યા હતા અને સં. ૧૫૮૪ માં ખંભાતમાં પ્રાગ્વાટ શ્રેષ્ઠી વિદ્યાધર શાહે કરેલા ઉત્સવમાં તેઓ ગચ્છનાયક પદ પામ્યા હતા.

**ગુણનિધાનસૂરિના વખતના અચલગચ્છીય શ્રમણો**

**સુમતિસાગરસૂરિ :**

આ આચાર્યશ્રી ૬૧ મા પટ્ટધર શ્રી ભાવસાગરસૂરિના શિષ્ય હતા. તેમનો જન્મ સં. ૧૫૫૪ માં પાટણના શ્રીમાલીજ્ઞાતીય શ્રેષ્ઠી વસ્તાની પત્ની વિમલાદેની કુક્ષીથી થયો હતો.

સં. ૧૫૭૯ માં ૨૫ વર્ષની યુવાન વયમાં ભાવસાગરસૂરિના શિષ્ય તરીકે દીક્ષિત થયા હતા. સં. ૧૫૯૮ માં તેમણે સૂરિપદ પ્રાપ્ત કર્યું હતું. સં. ૧૬૧૪ માં ૬૧ વર્ષની વયે તેઓ દિવંગત થયા હતા. ગચ્છમાં તેઓ પ્રભાવક શાખાચાર્ય તરીકેનું માન પામ્યા હતા. તેમના પટ્ટ શિષ્ય શ્રી ગજસાગરસૂરિ ઇત્યાદિ અંગે આગળ ઉલ્લેખ કરીશું. સુમતિ સાગરસૂરિના શિષ્ય હેમકાંતિ મુનિવરે 'શ્રાવક વિધિ ચઉપઈ' ગ્રંથ રચ્યો હતો.

**ભાવવર્દ્ધનસૂરિ :**

મારવાડમાં વિચરતા મેદપાટી અચલગચ્છીય શાખાના તેઓ ગચ્છનાયક હશે, એવું અનુમાન કરી શકાય છે. મારવાડ–મેવાડમાં આ શાખાના આચાર્યો અને મુનિવરોના ઘણા જ ઉપકાર છે. એ પ્રદેશના જ્ઞાનભંડારોની હસ્તપ્રતોની પ્રશસ્તિઓ અને અને ઉત્કીર્ણિત લેખો પરથી આ શાખાના મુનિવરોના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. 'શ્રી ભાવવર્દ્ધનસૂરિ અચલગચ્છના હતા.' એવો ઉલ્લેખ તેમના દ્વારા લિખિત એક હસ્તપ્રત દ્વારા જાણી શકાય છે. અચલગચ્છની આ પરંપરા અંગે વિદ્વાનોએ સંશોધન કરવું ઘટે.

**વાચક પુણ્યચંદ્ર ગણિ :**

શ્રી ગુણનિધાનસૂરિના સમયમાં તેમના શિષ્ય વાચક પુણ્યચંદ્ર ગણિ મંત્રવાદી અને પ્રભાવક મુનિવર થઈ ગયા. તેમણે અનેક ચમત્કારો દર્શાવ્યા હતા. એવો ઉલ્લેખ છે કે તેમણે અમાસને દિવસે પૂનમનો ચંદ્ર બતાવ્યો હતો. એના પરથી એમની શાખા 'ચંદ્ર શાખા' નામે પ્રસિદ્ધ થઈ હતી. આ શાખામાં અનેક પ્રભાવક મુનિવરો થઈ ગયા. પુણ્યચંદ્રની પરંપરા આ પ્રમાણે પ્રાપ્ત થાય છે : (૧) પુણ્યચંદ્ર, (૨) માણિકયચંદ્ર, (૩) વિનયચંદ્ર, (૪) રવિચંદ્ર, (૫) વાચક દેવસાગરજી, (૬) વાચક જયસાગરજી, (૭) વાચક લક્ષ્મીચંદ્ર, (૮) વાચક લાવણ્યચંદ્ર.

બીજી પરંપરા આ પ્રમાણે પ્રાપ્ત થાય છે : (૧) પુણ્યચંદ્ર, (૨) વિમલચંદ્ર, (૩) કુશલચંદ્ર, (૪) ભક્તિચંદ્ર, (૫) માનચંદ્ર, (૬) કલ્યાણચંદ્ર, (૭) સૌભાગ્યચંદ્ર.

ત્રીજી પરંપરા આ પ્રમાણે છે : (૧) પુણ્યચંદ્ર, (૨) કનકચંદ્ર, (૩) વીરચંદ્ર, (૪) સ્થાનસાગર.

નવાંગ વૃત્તિકાર શ્રી અભયદેવસૂરિ ખરતર ગચ્છના હતા, એવું વિધાન સં. ૧૬૧૭ માં પાટણ અને ખંભાતમાં સર્વ ગચ્છોના આચાર્યોએ મળીને સિદ્ધ કર્યું હતું. ખંભાત મતપત્ર અચલગચ્છ વતીથી પુણ્યચંદ્રે સહી કરી હતી એવો ઉલ્લેખ સમયસુંદર ગણિ રચિત 'સમાચારી શતક' ગ્રંથમાંથી મળી રહે છે. જ્યારે પાટણ મતપત્રમાં ધવલ પક્ષીયા

આંચલિયા ગચ્છના પંન્યાસ રંગાએ સહી કરી હતી, એ ઉલ્લેખ પણ 'સમાચારી શતક' ગ્રંથમાં છે. ચંદ્ર શાખાના મુનિવરો દ્વારા રચિત અનેક ગ્રંથો પ્રાપ્ત થાય છે, જેનો પ્રસંગોપાત ઉલ્લેખ કરીશું.

**હર્ષનિધાનસૂરિ :**

ગુણનિધાનસૂરિના શિષ્ય હર્ષનિધાને લોલાડા નગરમાં રહીને 'રત્નસંચય પ્રકરણ' નામક ગ્રંથ શાસ્ત્રગ્રંથોમાંથી ઉદ્ધૃત કર્યો. ૫૫૦ પ્રાકૃત ગાથાઓના પરિમાણના આ ગ્રંથમાં કર્તાએ જૈન શાસનના પદાર્થો, વિષયો ઇત્યાદિ અંગે અનેક ઉપયોગી માહિતી રજૂ કરી છે. અચલગચ્છ–વિધિપક્ષગચ્છની માન્યતા પર્યુષણ પર્વ પાંચમ, ક્ષય તિથિ આદિ માન્યતાઓ અને 'ચંદપન્નતિ સૂત્ર'ના આધારે રજૂ કરી છે. આ મૂળ ગ્રંથ અને તેનો ગુજરાતી અનુવાદ 'જૈન ધર્મ પ્રસારક સભા' (ભાવનગર) તરફથી પ્રકાશિત થયેલ છે. શાસ્ત્રીય વિષયોને વિષદતાથી જાણવા આ ગ્રંથ ખાસ મનનીય મનાય છે. આ ગ્રંથ પર બાલાવબોધો પણ પ્રાપ્ત થાય છે. ગ્રંથના અંતે કર્તાએ પ્રશસ્તિ યોજી છે. જેમાં તેઓનો 'સૂરિ' તરીકેનો ઉલ્લેખ ખાસ ધ્યાન ખેંચે એવો છે. આ ગ્રંથ પરથી એમ અનુમાન કરી શકાય છે કે તેઓ જૈનાગમોના પ્રખર અભ્યાસી અને ગીતાર્થ હતા.

**ઉપાધ્યાય ઉદયરાજ :**

અચલગચ્છની મેદપાટી શાખાના તેઓ પ્રભાવક મુનિરાજ થઈ ગયા. નાડોલ ગામમાં પ્રવેશતાં જ આવતા વિશાળ અને ભવ્ય જિનાલયની બહારની ડાબી બાજુમાં ખાસ બંધાયેલ દેવકુલિકામાં તેમની તથા તેમના શિષ્યોની પાદુકાઓ પ્રતિષ્ઠિત છે, તે પરથી આ પ્રદેશમાં તેમનાં શાસનપ્રભાવક કાર્યોની ઝાંખી કરી શકાય છે. આબુ મહાતીર્થના (વિમલવસહી) જિનાલયના સ્તંભલેખ દ્વારા જાણી શકાય છે કે વાચક ઉદયરાજ, વા૦ વિમલરંગ, પં૦ દેવચંદ્ર, પં૦ જ્ઞાનરંગ, પં૦ તિલકરાજ, પં૦ સોમચંદ્ર, હર્ષરત્ન, ગુણરત્ન, દયારત્ન ઇત્યાદિ મુનિવરોએ આબુ તીર્થની યાત્રા કરી અને ગુણનિધાનસૂરિના પ્રસાદથી જ્ઞાનરંગ અને હર્ષરત્ને આબુ પર ચાતુર્માસ કર્યું. 'કાલકાચાર્ય' ગ્રંથની પ્રશસ્તિ દ્વારા જાણવા મળે છે કે સં. ૧૫૭૭ માં કે તે પહેલાં તેઓ ઉપાધ્યાય પદે આરૂઢ થયા હતા. ઉપાધ્યાય ઉદયરાજના શિષ્ય હર્ષરત્ન ગણિ અને તેમના શિ૦ સુમતિહર્ષ ગણિએ જ્યોતિષ ગ્રંથો પર ટીકાઓ રચી.

**પંડિત તિલકગણિ અને પંડિત ગુણરાજ :**

જિનવિજયજી સંપાદિત 'શંત્રુજય તીર્થોદ્ધાર પ્રબંધ' ગ્રંથ દ્વારા જાણી શકાય છે કે આ મુનિવરો સં. ૧૫૮૭ માં વિદ્યમાન હતા. કર્મશાહ શ્રેષ્ઠિએ શત્રુંજય તીર્થનો

સં. ૧૫૮૭, વૈશાખ વદ ૬, રવિવારના જીર્ણોદ્ધાર કરાવ્યો. તે વખતે આ બન્ને મુનિવરો પણ હાજર હતા. સર્વ ગચ્છોએ સર્વાનુમતે નક્કી કર્યું હતું કે, શત્રુંજય તીર્થ બધા શ્વેતાંબર ગચ્છોનું છે. આ લેખની નકલ આ મુજબ છે : 'શત્રુંજય તીર્થ ઉપરકા મૂલગઢ ઔર મૂલકા શ્રી આદિનાથ ભગવાન કા મંદિર સમસ્ત જૈનોં કે લિયે હૈ, ઔર બાકી સબ દેવકુલિકા ભિન્ન ભિન્ન ગચ્છવાલોંકી સમઝની ચાહિયે. યહ તીર્થ સબ જૈનોંકે લિયે એક સમાન હૈ. એક વ્યક્તિ ઈસ પર અપના અધિકાર જમા નહીં સકતી. ઐસા હોને પર ભી યદિ કોઈ અપની માલિકી સાબિત કરના ચાહે તો ઉસે ઈસ વિષયકા કોઈ પ્રામાણિક લેખ યા ગ્રંથાક્ષર દિખાના ચાહિયે. વૈસા કરને પર હમ ઉસકી સત્યતા સ્વીકાર કરેંગે.' અંચલગચ્છીય યતિ તિલક ગણિ ઔર પંડિત ગુણરાજ ગણિ લિખિતં. (વિશેષ માટે જુઓ, 'અંચલગચ્છ દિગ્દર્શન' પૃ. ૩૪૩)

**અન્ય શ્રમણોનાં નામો :**

શ્રી ગુણનિધાનસૂરિના સમયના ઉપરોક્ત શ્રમણો ઉપરાંત અન્ય અચલગચ્છીય શ્રમણોનાં નામાભિધાન આ મુજબ છે : ઉપાધ્યાય શ્રી વિદ્યાસાગરજી, વાચક વિદ્યાવલ્લભ ગણિ, વા૦ રંગતિલક ગણિ, પં૦ ભાવરત્ન, વાચક કમલમેરુગણિ તથા તેમના શિષ્ય પં૦ સંયમમૂર્તિ, વા૦ હેમકુશલ ગણિ તથા તેમના શિષ્ય પં૦ વિનયરાજ, પંડિત વિવેકમંડન ગણિ, પં૦ વિદ્યાશીલ અને તેમના શિષ્ય વિવેકમેરુ, પં૦ મુનિશીલ, વાચક ભાનુરુભ ગણિ તથા તેમના શિષ્ય લાભ ગણિ અને તેમના શિષ્ય શિવસી, મુનિ દયાશીલ, કવિ સેવક આદિ.

ઉપરોક્ત ઉલ્લેખ પરથી તે વખતના શ્રમણ ગણનો અનેક આચાર્યો, ઉપાધ્યાયો, વાચકો અને પંડિતો ઇત્યાદિ પદસ્થોનો સામાન્ય પરિચય મળી રહે છે. ઉપરોક્ત શ્રમણો દ્વારા રચિત ગ્રંથો પણ પ્રાપ્ત થાય છે. આ અંગે ઐતિહાસિક નોંધો દ્વારા વિગતો બહાર આવે તે જરૂરી છે.

**એ અરસામાં અચલગચ્છીય શ્રાવકો દ્વારા ધર્મોન્નતિનાં કાર્યો :**

ગુણનિધાનસૂરિના સદુપદેશથી જાંબુવાસી ખોડાયણગોત્રીય મંત્રી ધરણે સં. ૧૫૬૫ માં ધર્મકાર્યોમાં વિપુલ ધન ખર્ચ્યું હતું. યોગાનુયોગ એ જ વરસે ચારિત્ર નાયકશ્રીના પદમહોત્સવ વખતે પણ ધરણે ધન ખરચીને લાભ લીધો. ધરણના પૂર્વજ જગદેવ શેઠ પ્રતાપી પુરુષ હતા. જગદેવના સુપુત્રો સોમચંદ અને ગુણચંદે આબુ તીર્થના વસ્તુપાલ-તેજપાલ કારિત જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

**શત્રુંજય તીર્થ પર જિનાલયોનું નિર્માણ :**

આ અરસામાં થયેલા અચલગચ્છીય શ્રાવક જશવંતનો ઉલ્લેખ કરવો પ્રસ્તુત છે. તે અત્તરનો વેપારી હતો. શત્રુંજય તીર્થ જ્યારે મજાહિદખાનને જાગીરમાં મળ્યો, ત્યારે તેની પાસે લાગવગ ધરાવનાર શ્રેષ્ઠિ જશવંતે વિનંતી કરી. જે માન્ય થતાં જશવંતે સં. ૧૫૬૪ના ફાગણ સુદ ૩ ના શુક્રવારે ભવ્ય અને વિશાળ જિનમંદિર બંધાવવાનો પ્રારંભ કર્યો. શિખરયુક્ત જિનાલય તથા પાંત્રીસ દેવકુલિકાઓ પણ બંધાવી. ત્યાર બાદ અન્ય અચલગચ્છીય શ્રાવકો ચૌહત, વીરપાલ આદિએ પણ જિનાલય બંધાવવાનો પ્રારંભ કર્યો. ત્રણ વર્ષ બાદ ત્રણ વિશાળ જિનાલયો અને નવ લઘુ જિનમંદિરોનું નિર્માણ થયું. આ જિનાલયો શત્રુંજય તીર્થ પર ક્યાં આવ્યા તે શોધવા ઘટે.* ઉક્ત જિનાલયો શત્રુંજય તીર્થની વિમલવસહીમાં હોવા અંગેની સંભાવનાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

ગુણનિધાનસૂરિ રચિત એક પણ ગ્રંથ અદ્યાપિ પર્યંત પ્રકાશમાં આવ્યો નથી.

સં. ૧૬૦૨માં પાટણમાં ૫૪ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી તેઓ સ્વર્ગવાસ પામ્યા હતા.

**૬૩. પરમ ક્રિયોદ્ધારક શ્રી ધર્મમૂર્તિસૂરિ :**

**શ્રી ધર્મદાસનો જન્મ આદિ વૃતાંત :**

ખંભાત નગરમાં શ્રીમાળી શ્રેષ્ઠી હંસરાજની પત્ની હાંસલદેવી કુક્ષીથી સં. ૧૫૮૫, પોષ સુદ ૮ના એમનો જંન્મ થયો હતો. મૂળ નામ ધર્મદાસ હતું. ધર્મદાસે સં. ૧૫૯૯ માં ગુણનિધાનસૂરિ પાસે દીક્ષા લીધી હતી. નૂતન મુનિનું નામ 'ધર્મદાસ' રાખવામાં આવ્યું, પણ વડી દીક્ષા વખતે 'ધર્મમૂર્તિ મુનિ' એવું નામ રાખવામાં આવ્યું હતું. સં. ૧૬૦૨ માં રાજનગરમાં સૂરિપદની પ્રાપ્તિ સાથે તેઓ ગચ્છનાયક પદ પામ્યા હતા.

**ગચ્છોન્નતિ માટે પ્રશસ્ય પ્રયત્નો અને ક્રિયોદ્ધાર :**

ગચ્છનાયક થયા બાદ શ્રી ધર્મમૂર્તિસૂરિ ગચ્છને ઉન્નતિની દિશામાં લઈ જવા માટે ખૂબ જ પ્રયત્નશીલ રહ્યા હતા. તે વખતે અન્ય ગચ્છો અને સંપ્રદાયોના વધતા જતા જોરને કારણે સાધુઓમાં શિથિલતા પ્રવેશી હતી, પણ ધર્મમૂર્તિસૂરિએ પોતાના આજ્ઞાવર્તી બાવન સાધુઓ અને ચાળીસ સાધ્વીઓ મળીને એકંદરે ૯૨ ના પરિવાર સહિત સં. ૧૬૧૪ માં ક્રિયોદ્ધાર કર્યો હતો. ક્રિયોદ્ધાર સ્થળ તરીકે પટ્ટાવલીમાં શત્રુંજય તીર્થનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

**પ્રાચીન ગચ્છોમાં ક્રિયોદ્ધાર :**

એ સમયમાં અનેક નવા ગચ્છો અને મતોની ઉત્પત્તિ, પ્રતિમા અને સાધુજન નિષેધ ઇત્યાદિ છિન્નભિન્નતાનાં કારણે પ્રાચીન ગચ્છોમાં પણ શિથિલતા પ્રવેશી હતી.

* જુઓ, "અચલગચ્છ દિગ્દર્શન" પૃ. ૩૩૯

તપાગચ્છમાં શ્રી આણંદવિમલ સૂરિએ સં. ૧૫૮૨ માં ક્રિયોદ્ધાર કર્યો હતો. અચલગચ્છમાં શ્રી ધર્મમૂર્તિસૂરિએ સં. ૧૬૧૪ માં અને ખરતર ગચ્છમાં શ્રી જિનચંદ્રસૂરિએ સં. ૧૬૧૪ માં ચૈત્ર વદ ૭ ના દિવસે ક્રિયોદ્ધાર કર્યો હતો.

સં. ૧૬૦૨ માં ધર્મમૂર્તિસૂરિ સૂરિપદ અને ગચ્છનાયક પદ પામ્યા. ત્યારથી જ તેઓ ક્રિયોદ્ધારની દિશામાં સક્રિય હતા. તેમણે ઉગ્ર તપ અને ક્રિયા દ્વારા આત્મશુદ્ધિનો અને ચારિત્રશીલ નેતૃત્વ દ્વારા ગચ્છૈક્યતાનો માર્ગ અપનાવ્યો હતો. સંવત ૧૬૧૪ ના ઉલ્લેખ પરથી અનુમાન કરી શકાય છે કે સમગ્ર ગચ્છના ક્રિયોદ્ધારની ભૂમિકા તૈયાર કરી ગચ્છના ૯૨ જેટલાં સાધુ–સાધ્વીજીઓનો સહકાર મળતાં તેમણે શત્રુંજય તીર્થ પર ક્રિયોદ્ધાર કર્યો. *

**બ્રહ્મચર્યની દેવી દ્વારા પરીક્ષા :**

એકદા શ્રી ધર્મમૂર્તિસૂરિ વિહાર કરતા યાત્રાર્થે આબુ તીર્થ પધાર્યા. ત્યાં નિવાસ કરતાં અર્બુદાદેવી રાત્રે અત્યંત લાવણ્યવતી અને સોળે શણગાર સજીને સ્રીનું રૂપ લઈ શ્રી ધર્મમૂર્તિસૂરિની પરીક્ષા કરવા માટે આવ્યાં, પરંતુ સૂરિજી તો સ્થિર જ રહ્યા. તેમના મનમાં વિકારભાવનો અંશ પણ ઉદ્દભવ્યો નહિ. આથી દેવી સ્વસ્વરૂપે પ્રગટ થયાં, અને 'હું તમારા પર પ્રસન્ન થઈ છું.' એમ કહીને શ્રી ધર્મમૂર્તિસૂરિને દેવીએ અદૃશ્યરૂપકારિણી અને આકાશગામિની એમ બે વિદ્યાઓ સમર્પિત કરી. આ પ્રસંગ સં. ૧૬૧૨ માં બનેલો હતો.

**આગ્રામાં ધર્મપ્રભાવના–સમેતશિખરજી તીર્થનો સંઘ :**

આગ્રામાં લોઢાવંશીય શ્રેષ્ઠી શ્રી ઋષભદાસ તથા તેમના પુત્રો મંત્રીબાંધવો સોનપાલ અને કુંરપાલ શ્રી ધર્મમૂર્તિસૂરિના પરમ ભક્ત હતા. તેઓએ આગ્રામાં ધર્મમૂર્તિસૂરિના ઉપદેશથી બે હજાર યાત્રિકો સહિત શ્રી સમેતશિખરજી મહાતીર્થની યાત્રા કરી.

**યુગપ્રધાનપદની પ્રાપ્તિ :**

અમદાવાદના શ્રીમાલી આભા શેઠ પણ સૂરિજીના પરમ ભક્ત હતા. તેમણે અમદાવાદમાં ધર્મમૂર્તિસૂરિને ચાતુર્માસ પણ કરાવેલું. ધર્મમૂર્તિસૂરિના ત્યાગમય અને તપોમય જીવનથી આકર્ષાઈ અમદાવાદ નગરના સંઘે તેમને 'યુગપ્રધાન' પદ આપ્યું હતું. આભા શેઠે તે જ નગરમાં એક જિનમંદિર પણ બાંધ્યું હતું. સં. ૧૬૨૯ ના

* જુઓ, 'અચલગચ્છની મોટી પટ્ટાવલી'નું ભાષાંતર અને ત્રિપુટી મહારાજ રચિત 'જૈન પરંપરાનો ઈતિહાસ' ભા. ૨, પૃ. ૫૩૨.

મહા સુદ ૧૩ ના પાર્શ્વનાથ પ્રભુ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા કરી હતી. આ જિનાલય અત્યારે પણ છે.

**શ્રી ધર્મમૂર્તિસૂરિના ઉપદેશથી તેજશીં શાહ દ્વારા ધર્મપ્રવૃત્તિ :**

નવાનગર (જામનગર) ના શ્રેષ્ઠી તેજશી નાગડા પણ ધર્મમૂર્તિસૂરિના ભક્ત હતા. સૂરિજીના ઉપદેશથી જામનગરમાં તેમણે બે લાખ સોનામહોરો ખર્ચી શાંતિનાથ પ્રભુનું ભવ્ય અને વિશાળ જિનાલય બંધાવ્યું હતું, જેની પ્રતિષ્ઠા સંવત ૧૬૨૪, પોષ સુદ ૮ ના થઈ હતી. તેજશી શાહે પાંચ લાખ મુદ્રિકાઓ ખર્ચી શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢયો હતો. તેજશીં શાહના પુત્ર રાજશીં શાહે પણ અઢળક નાણું ખર્ચી પુણ્યોપાર્જન કર્યું હતું.

**શ્રી ધર્મમૂર્તિસૂરિજીના શાસનપ્રભાવક વિહારો-ચાતુર્માસો :**

મોટી પટ્ટાવલીમાં તેમનો વિહારક્રમ આ પ્રમાણે છે :

શ્રી ધર્મમૂર્તિસૂરિ આબુ તીર્થની યાત્રા બાદ સં. ૧૬૧૨ માં સિરોહીમાં ચાતુર્માસ રહ્યા હતા. સં. ૧૬૧૩ માં તેજશીં શાહના આગ્રહથી નવાનગર ચાતુર્માસ રહ્યા હતા. એ જ અરસામાં જામનગરમાં તેજશીં શાહે જિનાલય બંધાવવાની શરૂઆત કરી હતી. સં. ૧૬૧૪ માં શત્રુંજય તીર્થ પર ક્રિયોદ્ધાર કર્યો હતો, અને વિશાળ પરિવાર સાથે પાલીતાણામાં જ ચાતુર્માસ રહ્યા હતા. ત્યાંથી વિહાર કરી સં. ૧૬૧૫ માં અમદાવાદ, સં. ૧૬૧૬ માં ઉદયપુર, સં. ૧૬૧૭ માં આગ્રા પધાર્યા હતા. અહીં સમ્રાટ અકબરની સભામાં માનવંતુ સ્થાન પામનાર લોઢા શ્રેષ્ઠી ઋષભદાસ અને તેમના ભાઈ પ્રેમને શિખરજી મહાતીર્થનો સંઘ કાઢયો હતો. શિખરજીની યાત્રા કરી ધર્મમૂર્તિસૂરિ સં. ૧૬૧૮ માં વારાણસી ચાતુર્માસ રહ્યા હતા. સં. ૧૬૨૪ માં જામનગર પધાર્યા હતા. એ જ વર્ષે નાગડા ગોત્રના તેજશીં શાહ કારિત શ્રી શાંતિનાથ પ્રભુ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ હતી. સં. ૧૬૨૮ માં આગ્રા પધાર્યા હતા. અહીં લોઢા ગોત્રીય ઋષભદાસના સુપુત્રો કુંરપાલ અને સોનપાલે ચાતુર્માસ કરાવ્યું હતું અને ચાતુર્માસ બાદ આગ્રામાં વિશાળ એવાં બે જિનાલયો બાંધવાનો શુભ આરંભ કરાયો હતો. ઉકત મંત્રી બાંધવોએ આગરામાં અચલગચ્છ ઉપાશ્રય પણ બંધાવેલો. આ સમયમાં ધર્મમૂર્તિસૂરિ પાવાપુરી, રાજગૃહી ઇત્યાદિ સ્થળોએ પધાર્યા હતા. સં. ૧૬૨૯ માં અમદાવાદ અને ત્યાર બાદ માંડલ, ખંભાત, સુરત, રાણપુર, વઢવાણ અને પાલીતાણામાં તેઓ ચાતુર્માસ રહ્યા હતા. સં. ૧૬૪૭ માં પોરબંદર, સં. ૧૬૪૮ માં માંડવી (કચ્છ) થઈ પુનઃ નવાનગર પધાર્યા હતા. અને અહીં યાદગાર પ્રતિષ્ઠા મહોત્સવો ઉજવાયા હતા. સં. ૧૬૫૩

માં તેઓ સુરત પધાર્યા હતા. અહીંના ચાતુર્માસ બાદ તેમની પ્રેરણાથી શ્રી સંભવનાથ જિનાલયની પ્રતિષ્ઠા થઈ હતી.

**બાડમેર, જેસલમેર, પારકર પ્રદેશમાં વિહાર :**

રાજસ્થાન બાડમેરમાં શ્રી ધર્મમૂર્તિસૂરિના ઉપદેશથી મંત્રી કૂંપાએ સં. ૧૬૫૬ લગભગમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય જિનાલય બંધાવ્યું હતું. પંદર હજાર રૂપિયા ખરચી શ્રી ગોડી પાર્શ્વનાથ તીર્થની યાત્રા કરી. સં. ૧૬૫૭ માં આચાર્યશ્રી જેસલમેર પધાર્યા હતા. અને ત્યાંના સંઘની વિનંતિથી તે સાલનું ચાતુર્માસ ત્યાં રહેલા. ત્યાં તેમના ઉપદેશથી વડેરા ધનપાલે તથા ઋષભદાસ લાલને પચ્ચીશ હજાર ટંક ખરચીને જિનાગમો લખાવ્યાં હતાં, અને જેસલમેરના અચલગચ્છીય ઉપાશ્રયના જ્ઞાન-ભંડારમાં તે રખાવ્યાં હતાં. સં. ૧૬૫૭ માં તેઓ પારકર પ્રદેશમાં પધાર્યા હતા અને ગોડીજી પાર્શ્વનાથ તીર્થની તેમણે યાત્રા કરી હતી.

**શ્રી સમેતશિખરજી જૈન શ્વેતાંબર તીર્થનો જીર્ણોદ્ધાર :**

સં. ૧૬૫૯ માં બાડમેર ચાતુર્માસ રહ્યા. સં. ૧૬૬૫ માં મંત્રીબાંધવો કુંરપાલ–સોનપાલની વિનંતિથી શ્રી ધર્મમૂર્તિસૂરિ આગ્રા પધાર્યા હતા, અને ત્યાં જ ચાતુર્માસ રહ્યા હતા. બાદ મંત્રી બાંધવોએ પરિવાર સહિત શ્રી ધર્મમૂર્તિસૂરિની અધ્યક્ષતામાં શ્રી સમેતશિખરજી તીર્થની યાત્રા કરી હતી અને શ્રી સમેતશિખરજી તીર્થની પાદુકાઓની દેવકુલિકાઓનો જીર્ણોદ્ધાર પણ કરાવ્યો હતો.

**મારવાડમાં વિહાર, રાણકપુર તીર્થનો સંઘ, રાણકપુર–વરકાણા તીર્થનો જીર્ણોદ્ધાર :**

સં. ૧૬૬૬ માં તેઓશ્રી જયપુરમાં ચાતુર્માસ રહેલા. ત્યાંના શ્રેષ્ઠી જુહારમલ નાગડાએ સૂરિજીના ઉપદેશથી શાંતિનાથ પ્રભુની સુવર્ણમય પ્રતિમા ભરાવીને તેની પ્રતિષ્ઠા કરાવી હતી. શ્રેષ્ઠીએ પત્નીની સાથે શ્રાવકનાં બાર વ્રતો સ્વીકાર્યાં હતાં. ત્યાંથી સૂરિજી વિહાર કરતા સાદડી પધાર્યા હતા. અહીંના શ્રેષ્ઠી સમરસિંહે રાણકપુર પંચતીર્થીનો મોટો યાદગાર સંઘ કઢાવ્યો હતો. શ્રી ધર્મમૂર્તિસૂરિના ઉપદેશથી સંઘવી શ્રી સમરસિંહે રાણકપુર અને વરકાણા તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેમણે યુગાદિદેવ (ઋષભ-દેવજી)ની રૌપ્ય પ્રતિમા પણ ભરાવી હતી. ઉક્ત શ્રેષ્ઠીએ સૂરિજીના ઉપદેશથી દીક્ષા સ્વીકારી હતી. તેમનું નામ 'મુનિ સૌભાગ્યસાગરજી' રાખવામાં આવ્યું હતું. ત્યાંથી સૂરિજી પાલીનગર પધાર્યા હતા. ત્યાંનો સાચીહર બ્રાહ્મણ નથમલ સંસ્કૃત ભાષાનો પ્રકાંડ વિદ્વાન હતો. નથમલે સૂરિજી પાસે દીક્ષા લીધી હતી. તેમનું નામ 'નાથાગણિ'

રાખવામાં આવ્યું હતું. નાથાગણિના અક્ષરો મોતીના દાણા જેવા થતા હતા. તેમણે જિનાગમાદિને લખીને ઘણી અજોડ શ્રુતસેવા કરી હતી.

**લહિયાઓ દ્વારા ગ્રંથ લેખન-જ્ઞાનભંડારની સ્થાપના :**

પાલીથી વિહાર કરી ધર્મમૂર્તિસૂરિ જોધપુર પધાર્યા હતા અને સં. ૧૬૬૭ માં ચાતુર્માસ પણ ત્યાં જ કર્યું હતું. ત્યાંના શ્રેષ્ઠી સહસમલે નાગોરથી દશ લહિયાઓને તેડાવી અનેક જિનાગમાદિ જૈન ગ્રંથો લખાવ્યા હતા. નૂતન જ્ઞાનભંડાર કરાવી તે ગ્રંથો સુરક્ષિત રાખવામાં આવ્યા હતા.

**પાલનપુર નવાબને પ્રતિબોધ :**

સં. ૧૬૬૯ નું ચાતુર્માસ તેમણે પાલનપુરમાં કર્યું હતું. પાલનપુરના નવાબની બીબી કરીમા દીર્ઘ સમયથી જ્વરરોગથી પીડાતી હતી. નવાબની વિનંતીથી શ્રી ધર્મ-મૂર્તિસૂરિના મંત્ર પ્રભાવથી બીબી જ્વરરોગથી મુક્ત થઈ હતી. આથી નવાબ સૂરિજીનો ભક્ત બન્યો હતો. સૂરિજીને ચરણે નવાબે ધરેલ સોનામહોરોથી પાલનપુરમાં અચલગચ્છનો ઉપાશ્રય બાંધવામાં આવ્યો હતો.

**અમદાવાદમાં ગ્રંથભંડાર :**

આ રીતે શ્રી ધર્મમૂર્તિસૂરિ ભારતના લગભગ મુખ્ય સ્થળોમાં અપ્રતિહતપણે વિચર્યા હતા...ધર્મોપદેશ દ્વારા તેમણે અનેક વ્રતો આપી ઉગાર્યા હતા. તેમણે કરેલું ગ્રંથોદ્ધારનું કાર્ય જૈન ઇતિહાસમાં ચિરસ્મરણીય રહેશે. અમદાવાદમાં પણ તેમના ઉપદેશથી અચલ-ગચ્છના ઉપાશ્રયમાં વિશાળ જ્ઞાનભંડાર સ્થપાયો હતો અને વૃત્તિ, ચૂર્ણિ અને ભાષ્ય સહિત જિનાગમો લખાવાયાં હતાં.

**શ્રી ધર્મમૂર્તિસૂરિનો વિશાળ પરિવાર, પદસ્થો :**

શ્રી ધર્મમૂર્તિસૂરિના પરિવારમાં મહોપાધ્યાય પદધારકો – રત્નસાગરજી, વિનય-સાગરજી, ઉદયસાગરજી, દેવસાગરજી, સૌભાગ્યસાગરજી, લબ્ધિસાગરજી, સૂરસાગરજી, તથા ઉપાધ્યાય પદવીધર – સકલમૂર્તિ, નાથાચંદ્ર, માણિકચચંદ્ર, રાજમૂર્તિ, સકલકીર્તિ ઇત્યાદિ હતા.

**અન્ય મુનિ પરિવાર :**

તેમ જ વાચક મૂલા, વાચક ડુંગર મુનિ, ધર્મચંદ્રગણિ, પં૦ ક્ષમાકીર્તિ, પં૦ રાજ-કીર્તિ, વા. રત્નચંદ્ર, ઉપા. પુણ્યલબ્ધિ, ઉપા. ભાનુલબ્ધિ, વાચક મેઘરાજ, વાચનાચાર્ય કમલશેખર ગણિ, વા. સત્યશેખર ગણિ, વા. વિનયશેખર ગણિ, વિવેકમેરુ ગણિ, પં.

મુનિશીલ ગણિ, પં. ગજલાભ ગણિ, હર્ષલાભ ગણિ આદિનાં નામો ઉપલબ્ધ થાય છે. શાખાચાર્યોમાં ગજસાગરસૂરિ, પુણ્યપ્રભસૂરિ, પુણ્યરત્નસૂરિ આદિ નામો પ્રાપ્ત થાય છે.

**શ્રી ધર્મમૂર્તિસૂરિના સમયમાં સાધ્વી પરિવાર :**

સાધ્વી સમુદાયમાં સાધ્વી ચંદ્રલક્ષ્મી, સા. કરમાઈ, સા. પ્રતાપશ્રી, સા. વિમલા, સા. કુશલલક્ષ્મી, સા. વાલ્હા, સા. સુમતિલક્ષ્મી, સા. સહજલક્ષ્મી, સા. પુણ્યશ્રી, સા. નિર્મલાશ્રી આદિ નામો પ્રાપ્ત થાય છે. તેમ જ શ્રી ધર્મમૂર્તિસૂરિએ ક્રિયોદ્ધાર કર્યો, તે વખતે ૪૦ સાધ્વીજીઓએ તેમની સાથે ક્રિયોદ્ધાર કર્યાનો ઉલ્લેખ પ્રાચીન ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે.

**શ્રી ધર્મમૂર્તિસૂરિ રચિત સાહિત્ય :**

શ્રી ધર્મમૂર્તિસૂરિના આધ્યાત્મિક શાસન દરમ્યાન અનેક ગ્રંથો અને ખાસ કરીને ગુર્જર ભાષામાં ચરિત્ર પ્રકારના રાસોની રચના થઈ હતી. શ્રી ધર્મમૂર્તિસૂરિએ 'ષડાવશ્યક વૃત્તિ', 'ગુણસ્થાન ક્રમારોહ બૃહદ્‌વૃત્તિ' આદિ ગ્રંથો રચ્યાની નોંધ પટ્ટાવલીમાં છે, પણ હાલ આ ગ્રંથો વિદ્યમાન જણાતા નથી. શ્રી ધર્મમૂર્તિસૂરિએ સંકલિત કરેલ અને લિપિ કરેલ 'વિચારસાર' ગ્રંથ પ્રાપ્ત થાય છે. જેની એક માત્ર પ્રત જોધપુરના 'રાજસ્થાન પ્રાચ્ય વિદ્યા પ્રતિષ્ઠાનના' સંગ્રહમાં છે. ધર્મમૂર્તિસૂરિ કૃત 'ગોડી પાર્શ્વનાથ સ્તવન' પ્રાપ્ત થાય છે.

અચલગચ્છના મહાન ક્રિયોદ્ધારક શ્રી ધર્મમૂર્તિસૂરિ સં. ૧૬૭૦ ના ચૈત્ર સુદ ૧૫ ના પાટણમાં કાળધર્મ પામ્યા હતા. □

# વિભાગ : ૩

જગદ્ગુરુ, યુગવીર, અનેક નૃપ પ્રતિબોધક, શાસન સમ્રાટ, ૬૪ મા પટ્ટધર પૂ. આચાર્યશ્રી કલ્યાણસાગરસૂરિજી મ. સા. અને તેમના પછી થઈ ગયેલા અચલગચ્છના પટ્ટધરોનું સંક્ષિપ્ત જીવનવૃત

## ૬૪. અનેક નૃપ પ્રતિબોધક
## શ્રી કલ્યાણસાગરસૂરિ

**કોડનકુમારનો જન્મ :**

સત્તરમી સદીના ચળકતા સિતારા, જગદ્ગુરુ, યુગવીર, જંગમ તીર્થ, યુગપ્રધાન ઇત્યાદિ બિરુદોથી પ્રસિદ્ધ અને શિવસિંધુ, શિવોદધિસૂરિ, શુભસાગર, ક્ષેમસાગર આદિ અપરનામોથી પ્રખ્યાત શ્રી કલ્યાણસાગરસૂરિનો જન્મ ઉત્તર ગુજરાતના વઢિયાર દેશમાં, શ્રી શંખેશ્વર મહાતીર્થની નિકટમાં આવેલા લોલાડા ગામમાં થયો હતો.

**શ્રી કલ્યાણસાગરસૂરિની જન્મતિથિ :**

શ્રીમાલી પિતાનું નામ નાનીંગ અને માતાનું નામ નામિલદે હતું. તેમનું મૂળ નામ કોડનકુમાર હતું. સં. ૧૬૩૩ ના વૈશાખ સુદ ૬ ના બાળક કોડનકુમારનો જન્મ થયો હતો. 'શ્રી કલ્યાણસાગરસૂરિ ગુરુસ્તુતિ' અને 'શ્રી કલ્યાણસાગરસૂરિ' નિર્વાણરાસમાં આ વિગતો ઉલ્લેખાઇ હોઈ ઉકત તિથિ સ્વીકાર્ય પ્રચલિત માન્યતા મુજબ આષાઢ સુદ ૨, ગુરુવાર તેમની જન્મતિથિ મનાય છે.

**બાલ કોડનકુમારની ચેષ્ટાઓ :**

એકદા અચલગચ્છેશ્વર શ્રી ધર્મમૂર્તિસૂરિ વિચરતા લોલાડા નગર પધાર્યા. સંઘે તેમનું ભવ્ય સામૈયું કર્યું. માતાની સાથે વ્યાખ્યાન સાંભળવા આવેલ બાળ કોડનકુમાર સૂરિજીના દર્શન કરવાથી ખૂબ આનંદિત થયો. વ્યાખ્યાન બાદ કોડનકુમાર સૂરિજીના ઉત્સંગમાં બેસી તેમની મુહપત્તિ પોતાના મસ્તકે રાખી હર્ષિત થવા લાગ્યો.

બાળકના તેજસ્વી લલાટને જોઈ ધર્મમૂર્તિસૂરિએ નામિલદે પાસે આ બાળકને જિનશાસન અને પોતાને અર્પણ કરી દેવાનો પ્રસ્તાવ મૂકયો. નામિલદેએ જવાબમાં કહ્યું : 'આ બાળક હજી તો નાનો છે. એના પિતાજી પરદેશ ગયા છે. યથાવસરે વાત.'

**મુનિશ્રી કલ્યાણસાગરજીનાં દીક્ષા-સૂરિપદ :**

શ્રી ધર્મમૂર્તિસૂરિ ત્રણ વરસ બાદ વિચરતા પુનઃ લોલાડા પધાર્યા. આ વખતે નાનીંગ શ્રેષ્ઠી પણ હાજર હતા. આ અવસરે બાળક કોડનકુમારને પણ દીક્ષા લેવાની ભાવના ઉત્કટ બની હતી. જિનશાસનાનુરાગી આ દંપતીએ પોતાનો પુત્ર કોડનકુમાર સૂરિજીને ચરણે સમર્પિત કરી દીધો. કોડનને લઈ આચાર્યશ્રી ધોળકા નગરે પધાર્યા. અહીં સંઘની વિનંતિથી ઉમંગભેર કોડનકુમારનો દીક્ષોત્સવ ઉજવાયો. સં. ૧૬૪૨, ફાગણ સુદ ૪ શનિવારે શુભ મુહૂર્તે કોડનકુમારે દીક્ષા લીધી. તેમનું નામ 'મુનિ

કલ્યાણસાગરજી' રાખવામાં આવ્યું. મોટી પટ્ટાવલી અનુસાર લઘુ દીક્ષા વખતે 'કલ્યાણ-સાગરજી' નામ રાખવામાં આવેલું. દીક્ષા પ્રસંગે ધોળકાના શ્રેષ્ઠી માણેક નાગડાએ પાંચ હજાર ટંકનો ખર્ચ કરી લહાવો લીધો હતો. સં. ૧૬૪૪, મહા સુદ ૫ ના પાલીતાણામાં વડી દીક્ષા આપવામાં આવી હતી. સં. ૧૬૪૯ ના મહા સુદી ૬ ને રવિવારે મુનિશ્રી કલ્યાણસાગરજીને સૂરિપદથી અલંકૃત કરવામાં આવ્યા. હવે તેઓશ્રી 'કલ્યાણસાગરસૂરિ' તરીકે પ્રસિદ્ધ થયા. પદોત્સવ પ્રસંગે દીવના મંત્રી શ્રી ગોવિંદ શાહે પુષ્કળ ધનનો સદ્વ્યય કર્યો હતો.

**કચ્છ તરફ વિહાર :**

આચાર્ય થયા બાદ લઘુવયસ્ક છતાં પ્રૌઢપ્રતાપી શ્રી કલ્યાણસાગરસૂરિએ ગુર્વાજ્ઞાથી સર્વ પ્રથમ કચ્છ દેશ પધાર્યા. પ્રવેશદ્વાર સમા ભદ્રેશ્વર ( ભદ્રાવતી ) તીર્થમાં શ્રી કલ્યાણસાગરસૂરિજી પધારતાં ત્યાંના સંઘે ભવ્ય પ્રવેશ મહોત્સવ કર્યો.

**શત્રુંજય તીર્થનો છ'રી સંઘ ;**

ભદ્રાવતીમાં પ્રથમ વ્યાખ્યાનમાં જ લઘુ વયના આચાર્યશ્રીએ શત્રુંજય મહા-તીર્થનો મહિમા તેમજ છરી પાળતા સંઘનો મહિમા અદ્દભુત શૈલીથી વર્ણવ્યો. આચાર્યશ્રીની વાણીના પ્રભાવથી સુથરી પાસેના આરીખાણા ગામથી વ્યાપાર અર્થે અત્રે (ભદ્રેશ્વરમાં) આવીને વસેલા લાલનગોત્રીય શેઠ અમરસિંહ શાહના સુપુત્રો શેઠ વર્ધમાન શાહ અને શેઠ પદ્મસિંહ શાહ – આ બાંધવો શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢવા ભાવનાશીલ થયા. આમંત્રણને માટે કંકુ છાંટીને દેશપરદેશ કંકોતરીઓ મોકલવામાં આવી. ચારે બાજુથી સેંકડો સાધર્મિક શ્રાવકશ્રાવિકાઓ ભદ્રાવતી આવવા લાગ્યાં. તે વખતે રણનો પ્રદેશ ખૂબ ભયંકર હતો. રણમાં સંઘ સહ પ્રયાણ કરવું મુશ્કેલ હતું; આથી શુભ મુહૂર્તે સંઘમાં જોડાયેલાં શ્રાવકાશ્રાવિકાઓના સમુદાયની સાથે આ બાંધવો પોતાનો પરિવાર લઈને દરિયાના માર્ગે વહાણોમાં બેસી 'નાગના' બંદરે આવ્યા. શ્રી કલ્યાણસાગરસૂરિજી પણ સાધુસાધ્વીજીઓના વિશાળ સમુદાય સાથે રણના કઠિન અને ઉગ્ર વિહારો કરી અનુક્રમે 'નાગના' બંદરે પ્રધાર્યા. ત્યારનું નાગના (નવાનગર) બંદર એ જ આજનું 'જામનગર.'

**રાજ સન્માન :**

ત્યાંના રાજાશ્રી જશવંતસિંહજીએ સંઘપતિઓનું ઉત્તમ પ્રકારે આદરમાન કર્યું. પંદર હજારની યાત્રિક સંખ્યા ધરાવતા આ સંઘની રક્ષા માટે રાજાએ એક સો શસ્ત્ર-સજ્જ સૈનિકો અને સંઘમાં ઉપયોગી થાય તેટલા હાથીઘોડા અને રથાદિ પણ આપ્યા.

સંઘપતિઓના ગુણોથી આકર્ષાઈ રાજાએ સંઘપતિ બાંધવોને કહ્યું : 'યાત્રાની

પૂર્ણાહુતિ બાદ તમારે અને આવી વસવું. ઉપરાંત 'વ્યાપારાર્થે' કચ્છના રાજાથી અમે અડધું દાણ લઈશું.' આ રીતની રાજાની લાગણી જોઈ સંઘપતિઓએ આ વાતનો સ્વીકાર કર્યો.

**સંઘમાં સાથે રસાલો :**

જામનગરથી શુભ દિવસે સંઘનું પ્રયાણ થયું. તે સમયે છ'રી પાળતા સંઘમાં શ્રી કલ્યાણસાગરસૂરિ આદિ બસો મુનિવરો અને ત્રણસો સાધ્વીજીઓ પધારેલાં હતાં. પંદર હજાર શ્રાવકશ્રાવિકારૂપ યાત્રીઓ હતાં. ઉપરાંત એકસો શસ્ત્રધારી સુભટો, વીસ માણસો બેંડવાજાં વગાડનારા, પચીસ ઝાંઝ કાંસિયાં સહિત ગીત ગાનારા, પચાસ દાંડિયારાસાદિ નૃત્ય કરનારા, એકસો બિરુદાવલી બોલનારા ભાટ ચારણો, બસો રસોયા, એકસો કંદોઈ, દોઢસો તંબુઓ (બાંધવા–છોડવા)ની રચના કરનાર, એકસો હજામ, પચાસ લુહાર, પચાસ સુતાર, પચાસ દરજી, નવસો ઘોડા, પાંચસો રથો, સાતસો ગાડાંઓ, પાંચસો ઊંટો અને એક હજાર ખચ્ચરો હતા. પંદર હજાર યાત્રિકોની પથારીઓ, રસોડાંનો સામાન, વિશાળ તંબુઓનાં ( થાંભલા, પડદા આદિ ) સાધનો ઇત્યાદિ ઉંચકવા માટે ગાડાં, ખચ્ચરો ઇત્યાદિનો ઉપયોગ થતો. તે વખતે મોટરાદિ ઝડપી સાધનોનો યોગ ન હોવાથી, તંબુ ઇત્યાદિના ત્રણથી ચાર સેટ રખાતા, જેમને ઊંચકવા ગાડાં-ઊંટોનો ઉપયોગ થતો. યાત્રિકો તો છ'રી નિયમ મુજબ પાદવિહાર કરીને જ મુસાફરી કરતા.

**સંઘ પ્રયાણનો ક્રમ :**

આ સંઘમાં સર્વપ્રથમ હાથી પર રાખવામાં આવેલું મોટું નગારું તથા બીજા હાથી પર લહેરાતો ધ્વજ જિનશાસન અને આ મહાન સંઘની યશોગાથા ગાઈ રહ્યો હતો. તેની પાછળ હાથી, ઘોડા, સશસ્ત્ર સુભટો ચાલતા હતા. ત્યાર બાદ દેવાધિદેવ ભગવાન શ્રી શાંતિનાથ પ્રભુજીની સુવર્ણમય પ્રતિમાથી અલંકૃત સુવર્ણરત્ન જડિત ચાંદીનો રથ જેમાં જિનાલયની રચના કરવામાં આવેલ, તે ચાલતો. ત્યાર બાદ આચાર્ય-શ્રીની પોથીવાળી સોનાની પાલખી ચાલતી હતી. તેની પછી સુવર્ણ અંબાડીમાં સંઘ-પતિઓ બેસતા, તે હાથી ચાલતો. ત્યાર બાદ, આચાર્યાદિ મુનિવરો તથા શ્રાવકો ચાલતા હતા. ત્યાર બાદ સાધ્વીજીઓ તથા શ્રાવિકાઓ અને પછી વાહનવિહારી શ્રાવકશ્રાવિકાઓ હતાં. આ ક્રમપૂર્વક સંઘનું નિત્ય પ્રયાણ થતું.

**ભયંકર આપત્તિની આગાહી અને તે દૂર કરવા આચાર્યશ્રીને ચિંતા :**

આજનો મુકામ હતો ભાદર સરિતાના તટે. દૈવસિક પ્રતિક્રમણ નિપજ્યા બાદ

પહોર નિશા પૂર્ણ થઈ, ત્યારે સૌએ સંથારા પોરિસી ભણાવી. બાદ દિવસના થાકને દૂર કરવા નિદ્રાધીન થયા.

આજની રજની ભયંકર ભાસતી હતી. મધ્ય રાત્રિમાં જાગૃત આચાર્ય ભગવંત શ્રી કલ્યાણસાગરસૂરિ ભૈરવયુગલનો ધ્વનિ સાંભળી સંચિત બન્યા. જોયું તો આ પક્ષી-યુગલ સંઘપતિઓના તંબુ ઉપર બેઠું હતું. આ અવાજ સંઘના વિઘ્નને સૂચવતો હોવાથી આચાર્યશ્રીએ ગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી દેવીનું સ્મરણ કર્યું. તરત જ પ્રગટ થયેલાં ગચ્છાધિષ્ઠાયિકા પાસેથી સંઘપતિઓના મરણાંત કષ્ટને જાણી, આચાર્યશ્રીએ વિઘ્નનિવારણનો ઉપાય જાણી લીધો.

**વિનયી સંઘપતિઓ :**

બીજા દિવસે સંઘનાયક આચાર્યશ્રીની આજ્ઞાથી સંઘપતિઓ પૌષધ લઈ તેઓશ્રી સાથે ચાલ્યા. આથી મહાવતો ગુસ્સે થયા અને જૈન સાધુઓ માટે ફાવે તેમ બોલવા લાગ્યા. સંઘપતિઓના આજ્ઞાપાલનરૂપ આ વિનયથી સૌ યાત્રિકોનાં હૃદય સંઘપતિઓને નમી પડ્યાં.

**પ્રભાવક આચાર્યશ્રી :**

આગળ વધતાં સંઘપતિઓ જેના પર બેસતા તે હાથી એક હાથણીને જોઈને મદોન્મત્ત થયો. વૃક્ષની વડવાઈઓમાં સાંકળો ભરાઈ જતાં લાંબા સમયે મહામુશ્કેલીએ હાથી વશ થયો. આ રીતે આચાર્યશ્રીની સમયસૂચકતાથી સંઘપતિઓ પરનું મરણાંત વિઘ્ન ટળી ગયું. આચાર્યશ્રીના પ્રભાવક નેતૃત્વથી આનંદવિભોર બની સૌ જિનશાસનનાં વિશેષ અનુરાગી બન્યાં.

**તીર્થ પર જિનાલય નિર્માણ :**

સ્થળે સ્થળે જૈન શાસનની વિજયપતાકા લહેરાવતાં, ભક્તિ આરાધનાથી સ્વજીવનને ધન્ય બનાવતાં, સૌ નિર્વિઘ્નપણે એક માસને અંતે શ્રી શત્રુંજય તીર્થે પહોંચ્યાં. ચતુર્વિધ સંઘ સહ સૌએ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના નાયક શ્રી આદિનાથ પ્રભુજીની યાત્રા કરી. તે જ દિવસોમાં આચાર્યશ્રીની પ્રેરણા પામી સંઘપતિઓએ તીર્થ પર સં. ૧૬૫૦ના માગસર વદ ૯ ના નૂતન જિનમંદિરો બંધાવવા ખાતમુહૂર્ત કર્યું. શાહ રાજશી નાગડાએ પણ જિનાલય માટે ખાતમુહૂર્ત કર્યું.

**જામનગરમાં વસવાટ :**

આ છ'રી પાળતા સંઘ માટે ૩૨ લાખ કોરીઓનો ખર્ચ થયેલ હતો. યાત્રા કરી પાછા ફરતાં વર્ધમાન, પદ્મસિંહ શાહબાંધવો રાજાના આગ્રહથી જામનગરમાં આવી વસ્યા. ત્યારે આ બાંધવો ત્યાં મંત્રીપદે નિયુક્ત કરાયા.

**કચ્છમાં શાસન પ્રભાવના :**

આચાર્યશ્રી પુનઃ કચ્છ પધાર્યા, ત્યારે તેમણે કચ્છમાં ધાર્મિક ક્ષેત્રે નવચેતનના આણી. સં.૧૬૫૧ માં આચાર્યશ્રી કચ્છ જખૌમાં ચાતુર્માસ રહેલા ત્યારે મહોપાધ્યાય રત્નસાગરજીના સંસારી કાકા શાહ રણસિંહ નાગડાએ શ્રાવકનાં બાર વ્રત સ્વીકાર્યાં.

**સૌરાષ્ટ્રમાં વિહાર :**

સં. ૧૬૫૨ માં આચાર્યશ્રી જામનગર પધાર્યા ત્યારે શાહ રાયસિંહ નાગડાએ શત્રુંજય તીર્થનો છ'રી સંઘ કાઢયો. તેમાં બે લાખ કોરી ખરચીને પછી આગ્રહપૂર્વક જામનગરમાં આચાર્યશ્રીને ચાતુર્માસ કરાવ્યું. બાદ ગિરનાર તીર્થ તથા સૌરાષ્ટ્રમાં વિચરી સં. ૧૬૫૩ નું ચોમાસું પ્રભાસપાટણ કર્યું.

**કચ્છના રાજાને પ્રતિબોધ, અમારી પાલન, દીક્ષા-પ્રતિષ્ઠાનાં કાર્યો :**

સં. ૧૬૫૪ માં કચ્છના પાટનગર ભુજનગરમાં આચાર્યશ્રી પધાર્યા. વાત રોગથી પીડાતા કચ્છના મહારાઓ (રાજા) ભારમલ (પ્રથમ)ને મંત્રેલા પાણીથી રોગરહિત કરી, પ્રતિબોધી આચાર્યશ્રીએ જૈનધર્માનુરાગી બનાવેલા. રાજાએ કચ્છભરમાં પર્યુષણ પર્વના આઠ દિવસો દરમ્યાન અમારી (અહિંસા) પળાવવાનું ફરમાન બહાર પાડયું. રાજાએ પ્રસન્ન થઈ આચાર્યશ્રીના ઉપદેશથી 'રાજવિહાર' નામે જિનાલય બંધાવ્યું. રાજાએ રાજમહેલમાં આચાર્યશ્રીને જે પાટ પર બિરાજમાન કરેલ હતા, તે પાટ આજે પણ ભુજના અચલગચ્છ ઉપાશ્રયમાં વિદ્યમાન છે. સં. ૧૬૫૪ થી સં. ૧૬૬૭ પર્યંતમાં આચાર્યશ્રીએ કચ્છમાં વિચરી ૭૫ પુરુષો અને ૧૨૭ સ્ત્રીઓને પરમ પવિત્ર દીક્ષા આપી અને તેર પ્રતિષ્ઠાઓ કરાવી. આ રીતે કચ્છની ભૂમિ પર એમણે મહાન ઉપકાર કર્યો. ભુજ–માંડવીનાં જિનાલયો પણ આચાર્યશ્રીની પ્રેરણાથી નિર્મિત થયેલાં છે. વચ્ચે સં. ૧૬૬૫ માં જામનગરથી રાયશીં શાહે શત્રુંજય તીર્થનો સંઘ કાઢેલ.

**જામનગરમાં અર્ધશત્રુંજય તુલ્ય તીર્થ જિનાલયના નિર્માણ માટે પ્રેરણા :**

સં. ૧૬૬૮ વૈશાખ સુદ ૩ ના રાયશીં શાહે સૂરિજીની પ્રેરણાથી વિશાળ જિનાલય બંધાવવાનું ખાતમુહૂર્ત કરેલું.

**જામનગરમાં ૭૨ જિનાલયનો પાયો :**

સં. ૧૬૬૮ ના શ્રાવણ સુદ ૫ ના આચાર્યશ્રીના ઉપદેશથી અને પદ્મસિંહ શાહની ભાર્યા કમલાદેવીની પ્રેરણાથી ઉકત બાંધવોએ જામનગરમાં મહોત્સવપૂર્વક બોતેર જિનાલયવાળા મહાન જિનાલયનો પાયો નાખ્યો. આ જિનાલય બાંધવામાં છ સો કારીગરો (સલાટો) રોકવામાં આવેલા. જિનાલય બાંધતાં આઠ વરસ પસાર થયેલાં.

**પાલનપુરના નવાબને પ્રતિબોધ :**

સં. ૧૬૬૯ માં આચાર્યશ્રી પોતાના વયોવૃદ્ધ ગુરુદેવ આચાર્યશ્રી ધર્મમૂર્તિસૂરિને વંદન કરવા માટે પાલનપુર પધાર્યા અને ગુરુદેવ સાથે જ ચાતુર્માસ રહ્યા. ત્યાંના નવાબની વિનંતિથી નવાબની પત્ની કરીમા બેગમ જે જ્વર રોગથી સંતપ્ત હતી, તેનો રોગ નિવારવા આચાર્યશ્રીએ મહોપાધ્યાય રત્નસાગરજીને રાજમહેલે મોકલ્યા. મંત્રપ્રભાવથી બેગમ રોગરહિત થઇ. નવાબ અને બેગમ બન્ને સંસાર–ત્યાગી બન્યાં. નવાબે ત્યાં એક ઉપાશ્રય પણ બંધાવી આપ્યો.

**ગચ્છનાયક પદ :**

સં. ૧૬૭૦ માં યુગપ્રધાન દાદાશ્રી ધર્મમૂર્તિસૂરીશ્વરજી કાળધર્મ પામતાં પાટણના સંઘે શ્રી કલ્યાણસાગરસૂરિને પોષ વદ ૧૧ ના 'ગચ્છેશ' પદથી અલંકૃત કર્યા. આચાર્યશ્રી સંઘના આગ્રહથી ત્યાં જ ચાતુર્માસ રહ્યા.

**આગરામાં છ'રી સંઘ :**

સં. ૧૬૭૧ માં વૈશાખ સુદના આગરામાં યુગપ્રધાન આચાર્યશ્રી ધર્મમૂર્તિસૂરિના ઉપદેશથી લોઢા ગોત્રીય શ્રી કુંરપાલ–સોનપાલ મંત્રીબાંધવોએ નિર્મિત કરેલાં બે જિન-મંદિરોમાં શ્રી કલ્યાણસાગરસૂરિએ ૪૫૦ નૂતન જિનપ્રતિમાજીઓની અંજનશલાકા સહ પ્રતિષ્ઠા કરીને, ત્યાં જ ચાતુંમાસ રહેવાનું સ્વીકાર્યું. આચાર્યશ્રીની પ્રેરણાથી આગરામાં બન્ને બાંધવોએ ઉપાશ્રય બંધાવ્યો. ચોમાસા બાદ આચાર્યશ્રી સાથે આ મંત્રીબાંધવોએ સમ્મેતશિખર, પાવાપુરી આદિ તીર્થોની ભાવપૂર્વક યાત્રા કરેલ. સમ્મેતશિખરાદિ તીર્થોના જીર્ણોદ્ધારમાં સાત લાખ સોનૈયા ખર્ચી મહાન લાભ ઉપાર્જિત કરેલ. બાદ આચાર્યશ્રી વારાણસી (કાશી) પધાર્યા. ઉક્ત મંત્રી બાંધવોએ શત્રુંજય તીર્થનો સંપૂર્ણ સંઘ કાઢેલ.

**આગરામાં ચમત્કાર, જહાંગીર બાદશાહને પ્રતિબોધ :**

આ બાજુ દુર્જનોથી ભંભેરાયેલા દિલ્હીના મુગલ બાદશાહ જહાંગીરે પોતાના મંત્રીઓ લોઢાવંશીય કુરપાલ બાંધવોને કહ્યું : 'તમારા જિનમંદિરમાં રહેલા દેવ જો દશ દિવસમાં કોઇ ચમત્કાર નહીં દેખાડે, તો આ દેવાલયોના હું ભુક્કા બોલાવી દઈશ.'

આ વાત સાંભળીને બન્ને મંત્રીબાંધવો સચિંત બન્યા અને શીઘ્રવેગી ઊંટ પર સોનપાલ કાશી પહોંચ્યા. આચાર્યશ્રીને આગરામાં બનેલી હકીકત સમજાવી. આચાર્યશ્રીએ આશ્વાસન આપતાં કહ્યું : 'તમે ચિંતા છોડી દો. હું જાતે જ ત્યાં પહોંચી આવીશ.'

ગુરુદેવ પર શ્રદ્ધાવાળા સોનપાળ આગરા આવ્યા. આટલા દિવસોમાં આગરા પહોંચવું અશક્ય હોવાથી પૂજ્ય આચાર્યદેવશ્રી કલ્યાણસાગરસૂરિ પાદલેપ કરી આકાશગામિની

વિદ્યાને બળે આગરા પહોંચ્યા. આ વિદ્યા અને અદૃશ્યરૂપકારિણી વિદ્યા તેમના ગુરુદેવ પૂ. આચાર્યશ્રી ધર્મમૂર્તિસૂરિએ તેમને આપેલી.

ચેતવણીના શબ્દો પ્રમાણે દશમે દિવસે જહાંગીર બાદશાહ જિનાલયમાં આવી પહોંચ્યો. ત્યારે આચાર્યશ્રીએ કહ્યું: 'તમે નમન કરો, તો આ દેવ તરતજ ચમત્કાર બતાવશે.' બાદશાહે હાથ જોડીને શિર ઝુકાવ્યું કે આચાર્યશ્રીના પ્રભાવથી ગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલીદેવીએ જિનપ્રતિમામાં પ્રવેશી હાથ ઊંચો કરી બાદશાહને 'ધર્મલાભ' આપ્યો. આ ચમત્કાર જોતાં બાદશાહના મુખમાંથી શબ્દો નીકળ્યા : "જૈનકા દેવ સચ્ચા, જૈનકા સેવડા ઈલમકી ખાણ." આચાર્યશ્રીના પ્રભાવને જોઈ બાદશાહે દશ હજાર સોનામહોરો મંત્રીબાંધવોને આપી. મંત્રી બાંધવોએ આ સોનામહોરોનો ધર્મના કાર્યમાં સદ્વ્યય કર્યો.

**યુગપ્રધાન પદ :**

કાશીથી વિહાર કરતા અનુક્રમે પૂ. આચાર્યશ્રી ઉદયપુર પધાર્યા. ત્યાંના સંઘની અતિ આગ્રહભરી વિનંતિથી સં. ૧૬૭૨ માં ત્યાં ચાતુર્માસ રહ્યા. એમની મહાનતાથી આકર્ષાઈ ભારતના વિવિધ જૈન સંઘોએ મળીને એમને યુગપ્રધાન પદથી વિભુષિત કર્યા.

**અનેક જિનાલયોની પ્રતિષ્ઠા :**

સં. ૧૬૭૩ નું ચોમાસુ અમદાવાદ કર્યું. ત્યાર બાદ સં. ૧૬૭૪ નું ચોમાસું તેઓશ્રીએ વઢવાણ કર્યું. ત્યાંથી વિહાર કરી શ્રી શત્રુંજય તીર્થ પર સંઘવી શ્રી વર્ધમાન-પદ્મસિંહ શાહ કારિત જિનાલયોની આચાર્યશ્રીએ પ્રતિષ્ઠા કરી.

સં. ૧૬૭૫ માં રાયશી શાહની વિનંતિથી આચાર્યશ્રી જામનગર પધાર્યા. ત્યાં રાયશી શાહે ભરાવેલ ૩૦૨ જિનબિંબોની અંજનશલાકા કરાવીને પોતે બંધાવેલ જિનાલય-દેરીઓમાં પ્રતિષ્ઠા કરાવી. સં. ૧૬૭૬, વૈશાખ સુદ ૩ બુધવારના આચાર્યશ્રીએ મંત્રી બાંધવ વર્ધમાન-પદ્મસિંહ શાહ કારિત મહાન જિનાલયોમાં શાંતિનાથ પ્રભુ આદિ ભવ્ય જિનબિંબોની પ્રતિષ્ઠા કરી. સં. ૧૬૭૮ માં આચાર્યશ્રી પુનઃ જામનગર પધાર્યા, ત્યારે ઉક્ત બાંધવોએ ૭૨ દેરીઓમાં ૫૦૧ જિનબિંબોની અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવી. આ જિનાલયમાં બન્ને બાંધવોએ મળી સાત લાખ મુદ્રિકાઓ ખર્ચી. સૂરિજીની પ્રેરણાથી ઉક્ત બાંધવોએ મોડપુર અને છીકરીમાં પણ જિનમંદિરો બંધાવ્યાં.

**જામનગરનાં ચોરીવાલા જિનાલયો :**

રાયશી શાહના ભાઈ નેણશી શાહે આચાર્યશ્રીના ઉપદેશથી જામનગરમાં એક ઊંચા શિખરનું ભવ્ય ચૌમુખ જિનાલય બંધાવ્યું. તેમાં સંભવનાથ પ્રભુ આદિ ભવ્ય જિન-

બિંબોની આચાર્યશ્રીના હસ્તે પ્રતિષ્ઠા કરાવી. રાયશી શાહ અને નેણુશી શાહના જિનાલયોનું પ્રવેશદ્વાર એક રાખ્યું. અંદર શ્રી નેમનાથની ચોરીવાળું જિનાલય બંધાવી, તેમાં મૂળનાયક નેમનાથને બિરાજમાન કર્યા. અંદરની ચોરીના કારણે એકજ દ્વારવાળાં બન્ને જિનાલયો 'ચોરીવાળા' દેરાસરના નામથી પ્રસિદ્ધ છે.

**કચ્છમાં પધરામણી :**

સં. ૧૯૭૮ નું ચાતુર્માસ જામનગર કરી સં. ૧૯૭૯ ના કચ્છ માંડવીમાં ચાતુર્માસ રહ્યા બાદ તેઓશ્રી ભુજ પધાર્યા, ત્યારે રાજ્ય તરફથી તેઓનું ઐતિહાસિક સામૈયું થયું. સં. ૧૯૮૦ માં કોઠારા, સં. ૧૯૮૧ માં અંજાર, સં. ૧૯૮૨ માં ભદ્રેશ્વર–આ રીતે ચાતુર્માસ કર્યા.

**વર્દ્ધમાન–પદ્મસિંહ શાહ દ્વારા ધર્મનાં કાર્યો :**

પૂ. આચાર્યશ્રીના ઉપદેશથી વર્ધમાન–પદ્મસિંહ શાહે ભદ્રેશ્વર તીર્થનો દોઢ લાખ મુદ્રિકાઓથી જીર્ણોદ્ધાર કરાવ્યો અને પ્રતિષ્ઠા કરાવી. વળી તેમણે સાધર્મિકોના ઉદ્ધારમાં સાત લાખ મુદ્રિકાઓ ખર્ચી. તેમ જ નવપદ જ્ઞાનપંચમીના ઉજમણાઓમાં પાંચ લાખ મુદ્રિકાઓ ખર્ચી તથા અરિષ્ટરત્ન, નીલરત્ન, માણિક્ય રત્નાદિની ભવ્ય પ્રતિમાઓ ભરાવી. આચાર્યશ્રીની પ્રેરણાથી ઉક્ત બાંધવોએ ગિરનાર, તારંગા, આબુ, સમ્મેતશિખર, શત્રુંજય આદિ તીર્થોના જીર્ણોદ્ધારમાં કે પગથિયાં બંધાવવામાં લગભગ ૧૨ લાખ મુદ્રિકાઓનો સદ્‌વ્યય કર્યો. ઉપરાંત પાવાપુરી, ચંપાપુરી, રાજગૃહી, વારાણસી, હસ્તિનાપુર ઇત્યાદિ તીર્થોની યાત્રા કરી.

**વિવિધ સ્થળે ચાતુર્માસો :**

સં. ૧૯૮૩ માં મુંદરા, સં. ૧૯૮૪ માં આધોઈ, સં. ૧૯૮૫ માં ભદ્રેશ્વર, સં. ૧૯૮૯માં પાલનપુર, સં. ૧૯૯૦ માં અમદાવાદ, સં. ૧૯૯૧ માં ભુજ, સં. ૧૯૯૨ માં ખાખર, સં. ૧૯૯૩ માં મુંદરા, સં. ૧૯૯૪ માં માંડવી, સં. ૧૯૯૫ માં રાધનપુર, સં. ૧૯૯૬ માં ખેરવા, સં. ૧૯૯૭ માં બિકાનેર, સં. ૧૯૯૮ માં જેસલમેર અને સં. ૧૯૯૯ માં બાડમેર થઈ નાગર પારકર ચાતુર્માસ કરી જાલોર (રાજસ્થાન) પધાર્યા. ત્યાં મરકી રોગ વ્યાપેલો હતો, તે આચાર્યશ્રીના પ્રભાવથી શાંત થયો. સં. ૧૭૦૦ જાલોર, સં. ૧૭૦૧ જોધપુર, સં. ૧૭૦૨ ઉદયપુર, સં. ૧૭૦૩ બોટાણા, સં. ૧૭૦૪ માંડલ, સં. ૧૭૦૫ ખંભાત, સં. ૧૭૦૬ સુરત, સં. ૧૭૦૭ નવસારી, સં. ૧૭૦૮ જંબુસર, સં. ૧૭૦૯ ભરૂચ, સં. ૧૭૧૦ ગોધરા–પંચમહાલ, સં. ૧૭૧૧ વડનગર, સં. ૧૭૧૨ અમદાવાદ, સં. ૧૭૧૩ સાદડી, સં. ૧૭૧૪ નાંદલઈ, સં. ૧૭૧૫–૧૬ પાટણ–આ રીતે ચાતુર્માસ રહ્યા.

**શ્રી રાયશી શાહ દ્વારા ધર્મપ્રવૃત્તિ :**

વચ્ચે સં. ૧૬૯૭માં ફાગણ સુદ ૩ ને શુક્રવારે સૂરિજીના ઉપદેશથી રાયશી શાહે જામનગરમાં દ્વિતીય પ્રતિષ્ઠા કરાવેલી. રાયશી શાહે ગોડી પાર્શ્વનાથ તીર્થનો સંઘ પણ કાઢયો અને આ પ્રસંગે ભારતના અચલગચ્છીય સંઘોનાં પ્રત્યેક ઘરોમાં લહાણાંઓ કર્યાં. રાયશી શાહનાં પત્ની સીરીયાદેએ ગિરનાર તીર્થનો સંઘ કાઢયો.

**સંઘવી લીલાધર પારેખ દ્વારા ધર્મ-પ્રવૃત્તિ :**

સં. ૧૬૯૦ માં અમદાવાદમાં ઓશવાળ વડેરા જસુ પારેખના પુત્ર લીલાધર શાહે શ્રી કલ્યાણસાગર સૂરિના ઉપદેશથી શાંતિનાથ પ્રભુની સુવર્ણ પ્રતિમા ભરાવી તથા જયશેખર-સૂરિ રચિત 'કલ્પસૂત્ર સુખાવબોધ વિવરણ'ની સચિત્ર પ્રત સુવર્ણાક્ષરે લખાવી. સં. ૧૭૧૨ માં સંઘવી લીલાધર પારેખે શત્રુંજય થઈ ઉના, દેલવાડા, અજાહરા, કોડીનાર, માંગરોળ, જૂનાગઢ, ગિરનાર, ત્યાંથી અનુક્રમે શંખેશ્વર, માંડલ, વીરમગામ થઈ પાછા અમદાવાદ–આ રીતે ઊભી સોરઠનો સંઘ કાઢયો. સંઘવી લીલાધરના પુત્રે શ્રી ગોડીજી તીર્થનો સંઘ કાઢયો હતો.

**અદ્ભુદ દાદાજીના જિનાલયનો જીર્ણોદ્ધાર :**

કલ્યાણસાગરસૂરિની પ્રેરણાથી શ્રીમાલી લઘુશાખીય શ્રેષ્ઠી હાસુજી તુકજીએ શત્રુંજય તીર્થ પરના અદ્ભુદજીના વિશાળ જિનમંદિરોનો કોટ સહિત જીર્ણોદ્ધાર કરાવ્યો.

**શ્રેષ્ઠી શ્રી નાગજી શાહની ધર્મપ્રવૃત્તિ :**

ખંભાતના શ્રેષ્ઠી નાગજી, પદ્મસિંહ સમેત અનેક શ્રેષ્ઠીઓ શ્રી કલ્યાણસાગરસૂરિના પરમ ભક્ત હતા. શ્રેષ્ઠી મંત્રી નાગજી શાહે ખંભાતમાં મુનિસુવ્રત પ્રભુનું વિશાળ જિનાલય તથા ધર્મમૂર્તિસૂરિ થોભ ઇત્યાદિ કરાવ્યાં હતા. ભીનમાલના ચાતુર્માસ દરમ્યાન ઉપાધ્યાય દેવસાગર ગણિવર્યે ખંભાતમાં ચાતુર્માસ બિરાજમાન શ્રી કલ્યાણસાગરસૂરિજીને સંસ્કૃતમાં શ્લોકબદ્ધ વિસ્તૃત પત્ર લખ્યો હતો. તેમાં ભીનમાલ, ગોડીજી તીર્થ અને ખંભાત અંગેનાં વર્ણનો અને ગચ્છનો પ્રચાર ખાસ ધ્યાન ખેંચે છે. શ્રેષ્ઠી શ્રી નાગજી શાહ અંગે તેમાં વર્ણન છે, કે તેમની કીર્તિ પારકર, મેવાડ, માળવા આદિમાં ગૂંજતી હતી. ઉક્ત શ્રેષ્ઠીઓએ ખંભાતમાં જિનબિંબ પ્રતિષ્ઠા, ઉપાશ્રયનિર્માણ, ગ્રંથલેખન આદિ કાર્યોમાં અઢળક ધન ખર્ચ્યું હતું.

**રાજા લાખાજીને પ્રતિબોધ :**

જામનગરના રાજા લાખાજી કલ્યાણજીસાગરસૂરિના પરમ ભક્ત હતા. વિનયસાગરજી કૃત પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે જામ લાખાજીએ સૂરિજીની નવાંગ પૂજા કરી હતી. એટલા

જ ઉલ્લેખ પરથી અનુમાન કરી શકાય છે કે, રાજા લાખાજી આ સૂરિજી અને જૈન ધર્મથી ખૂબ જ પ્રભાવિત થયા હતા.

**શ્રી કલ્યાણસાગરસૂરિ નો શ્રમણ પરિવાર :**

શ્રી કલ્યાણસાગરસૂરિના શિષ્ય–પ્રશિષ્ય પરિવારમાં અને આજ્ઞાવર્તી સમુદાયમાં અમરસાગરસૂરિ, મહો. રત્નસાગરજી,* મહો. દેવસાગરજી, પં. ભાવશેખરગણિ, વા. વિજયશેખરગણિ, વા. વિજયમૂર્તિગણિ, મહો. હેમમૂર્તિ, સુમતિહર્ષગણિ, પં. ભુવનરાજ, મુનિ થાનજી, વા. મતિચંદ્ર, પં. ગુણવર્ધ્ધન, વાચક મેરુલાભ, વાચક ગુણમૂર્તિ, વાચક સુપર્વસાગર, યાદવ મુનિ, પં. વિનયશેખર, પં. રવિશેખર, વા. દયાશીલ, જશકીર્તિ, ગુણસાગરજી, મુનિ શિવચંદ્ર, જયસાગર, ઉદયસાગર, ઉત્તમચંદ્ર, ક્ષીરસાગર, જ્ઞાનસાગર, કુશલલાભ, મુનિ ગુણશીલ, ક્ષેમસાગર, ધનમૂર્તિ, કમલસાગર, ચંદ્રસાગર, લબ્ધિસાગર, સૌભાગ્યસાગર, વા. રત્નસિંહ, લાવણ્યસાગર આદિ અનેક નામો પ્રાપ્ત થાય છે. શ્રી કલ્યાણસાગરસૂરિજીની પ્રૌઢ પ્રતિભા અને પ્રભાવક નેતૃત્વથી તે વખતે ગચ્છમાં સાધુ સમુદાય વિશાળ હતો. તેમના શિષ્યોએ રચેલાં ગ્રંથરચનાનાં સ્થળોથી જાણી શકાય છે કે અચલગચ્છીય શ્રમણો પણ તે વખતે ભારતના મુખ્ય પ્રદેશોના વિસ્તારોમાં વિચરતા હતા.

**પ્રકાંડ વિદ્વાન શ્રી વિનયસાગરસૂરિ :**

શ્રી કલ્યાણસાગરસૂરિના શિષ્ય શ્રી વિનયસાગરજી પ્રકાંડ વિદ્વાન હતા. તેમણે જ રચેલા 'વિદ્વદ્ચિંતામણિ' ગ્રંથની પ્રશસ્તિના 'તેષાં શિષ્યૈઃ વરાચાર્યૈઃ સૂરિવિનય સાગરૈઃ' આવા ઉલ્લેખ પરથી લાગે છે કે તેઓ સૂરિપદધારક હશે...પટ્ટાવલી સમેત પ્રમાણગ્રંથમાં તેમનો 'સૂરિ' તરીકેનો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. જેથી આ હકીકત સંશોધનીય છે. તેમની કૃતિઓ આ પ્રમાણે છે : (૧) 'વૃદ્ધ ચિંતામણી' યાને 'વિદ્વદ્ચિંતામણિ ગ્રંથ, (૨) 'અનેકાર્થ રત્નાકોષ' ગૂર્જર પદ્યમાં, (૩) 'ભોજ વ્યાકરણ' સંસ્કૃત પદ્યમાં. કચ્છના મહારાજા ભારમલ્લના (પ્રથમ) કુંવર ભોજરાજની તુષ્ટિ માટે એની વિનંતિથી ૨૦૨૮ શ્લોક પ્રમાણનો આ પદ્યબદ્ધ વ્યાકરણ ગ્રંથ છે. (૪) વિધિપક્ષગચ્છ બૃહત્પટ્ટાવલી. આ ગ્રંથ અલ્પ સમય પહેલાં જ પ્રાપ્ત થયો છે. પ્રાયઃ અમને મળેલ પ્રત પ્રથમાદર્શ પ્રત હોય. આ પ્રતની અન્ય નકલો શોધવી ખૂબ જ જરૂરી છે. આ ગ્રંથ પાંચ ઉલ્લાસોમાં વિભક્ત છે અને સંસ્કૃત પદ્યબદ્ધ છે. ગચ્છપ્રવર્તક શ્રી આર્યરક્ષિતસૂરિથી માંડી શ્રી કલ્યાણસાગરસૂરિ સુધીના ગચ્છનાયકોનાં જીવનવૃત્ત એમાં વર્ણવાયેલાં છે. (૫) 'હિંગુલ પ્રકરણ,' (૬) 'નામમાલા પૂર્તિ.'

* પૂ૦ મહો૦ રત્નસાગરજી મ. સ. માટે જુઓ–આ ગ્રંથના આ જ વિભાગમાં ગૌતમસાગરસૂરિનું જીવનચરિત્ર

મહો. શ્રી વિનયસાગરજીના સૌભાગ્યસાગરજી ગણિ આદિ અનેક શિષ્યો હતા.

**મહોપાધ્યાય શ્રી દેવસાગરજી :**

શ્રી કલ્યાણસાગરસૂરિજીના વખતમાં થયેલા મહોપાધ્યાય દેવસાગરજી ગણિવર્ય પણ પ્રકાંડ વિદ્વાન હતા. ગચ્છનાયક શ્રી કલ્યાણસાગરસૂરિને તેમણે લખેલા સંસ્કૃત પદ્યમાં નિબદ્ધ બે ઐતિહાસિક પત્રો પ્રસિદ્ધિમાં છે. તેમની રચેલી યાદગાર કૃતિ તો છે, 'વ્યુત્પત્તિ રત્નાકર.' શ્રી હેમચંદ્રસૂરિ રચિત 'અભિધાન ચિંતામણિ કોષ'ની વ્યાખ્યા રૂપે ૧૮,૦૦૦ શ્લોકપરિમાણની આવૃત્તિ છે. આ ગ્રંથ શબ્દશાસ્ત્ર અને શબ્દોની વ્યુત્પતિ જાણવા અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. આ ગ્રંથની અનેક હસ્તપ્રતો પ્રાપ્ત થાય છે. આ ગ્રંથ શીઘ્ર પ્રકાશિત થાય એ જરૂરી છે.

**અચલગચ્છીય શ્રમણો દ્વારા ગ્રંથરચના :**

કલ્યાણસાગરસૂરિના વખતમાં થયેલા અચલગચ્છીય શ્રમણોમાં શ્રી સુમતિહર્ષગણિ, વા. ધનરાજ ઇત્યાદિએ જ્યોતિષ ગ્રંથો પર ટીકાઓ રચી છે.

વા. વિજયશેખર ગણિ વા. વિવેકશેખર ગણિના શિષ્ય હતા. તેમણે 'કયવન્ના રાસ,' 'ત્રણ મિત્ર ચોપાઈ,' 'સુદર્શન રાસ,' 'ચંદલેખા રાસ,' 'ચંદ્રરાજાનો રાસ,' 'ગૌતમ સ્વામીનો નાનો રાસ' આદિ ગ્રંથો રચ્યા છે.

વાચક ભાવશેખર ગણિએ 'ધન્ના અણગાર રાસ,' 'રૂપસેન રાસ' ઇત્યાદિ કૃતિઓની રચના કરી છે.

**શ્રી કલ્યાણસાગરસૂરિના સમયમાં અચલગચ્છીય શ્રમણી-સમુદાય :**

શ્રી કલ્યાણસાગરસૂરિના સમયનાં કેટલાંક સાધ્વીજીઓનાં નામો પ્રાપ્ત થાય છે. પ્રવર્તિની સાધ્વી કુશલલક્ષ્મી, સાધ્વી રત્નાઈ, સાધ્વી પદ્મલક્ષ્મી, સા. વિદ્યાલક્ષ્મી, સા. ગુણશ્રી, સા. લક્ષ્મીશ્રીજી, વિમલશ્રીજી, નયશ્રીજી, રૂપશ્રીજી, ક્ષીરશ્રીજી, યશશ્રીજી, સુવર્ણશ્રીજી, રત્નશ્રીજી, ઇંદિરાશ્રીજી, વાલ્હાશ્રીજી, લીલાશ્રીજી, સુમતલક્ષ્મીશ્રીજી, હેમાશ્રીજી આદિ અનેક સાધ્વીજીઓ વિદ્યમાન હતાં.

**શ્રી કલ્યાણસાગરસૂરિનો વિહાર-પ્રદેશ :**

શ્રી કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી નિર્મિત જિનાલયો અને જિનપ્રતિમાઓના પ્રશસ્તિ લેખો, શિલાલેખો પ્રાપ્ત થાય છે. તે દ્વારા તેમના વિહારપ્રદેશો અંગે અનુમાન કરી શકાય છે. તેઓ કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર ભારત વારાણસી, આગ્રા, લખનૌ ઇત્યાદિ પ્રદેશોમાં વિચર્યા હતા અને જૈનશાસનની અપૂર્વ શાસન-પ્રભાવના કરી હતી.

**શ્રી કલ્યાણસાગરસૂરિ રચિત સાહિત્ય અને સ્તોત્રો :**

શ્રી કલ્યાણસાગરસૂરિની કૃતિઓ ઠીક પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. તેઓ આદર્શ જિનભક્ત હતા. તેમણે પ્રસંગોપાત રચેલ લગભગ વીશ જેટલાં સ્તોત્રો જે સંસ્કૃત ભાષામાં નિબદ્ધ છે, તે પ્રાપ્ત થાય છે. ઉપરાંત, 'શ્રી પાર્શ્વનાથ અષ્ટોત્તર શતનામ,' 'લિંગનિર્ણય ગ્રંથ,' 'મિશ્રલિંગ કોષ' આ ગ્રંથોના પણ શ્રી કલ્યાણસાગરસૂરિ જ રચયિતા છે. આ કૃતિઓ સંસ્કૃત પદ્યમાં છે. 'લિંગનિર્ણય ગ્રંથ વિવરણ,' 'શાંતિનાથ ચરિત્ર,' 'વીશ વિરહમાન સ્તવન' ઇત્યાદિ ગ્રંથો પણ તેમણે રચ્યાનો પટ્ટાવલીમાં ઉલ્લેખ છે. કલ્યાણ-સાગરસૂરિ કૃત ગૂર્જર પદ્યમાં 'સ્તુતિ ચોવીશી' અને 'સ્તવનાદિ' કૃતિઓ પણ પ્રાપ્ત થાય છે. કલ્યાણસાગરસૂરિએ અન્ય પણ ભક્તિ સાહિત્ય રચેલ હશે. તેમના ગ્રંથોની શોધ કરવી ઘટે. તેમની રચનાઓમાં સરળતા, સુબોધતા એ ગુણ મુખ્ય તરી આવે છે.

**શ્રી કલ્યાણસાગરસૂરિનું અંતિમ જીવન :**

મહાપ્રભાવક, યુગપ્રધાન, આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરિ ભારતના મુખ્ય નગરો અને ગામોમાં અપ્રતિહત વિચર્યા. તેમના ધર્મોપદેશથી અનેકવિધ શાસન પ્રભાવક ઐતિહાસિક શુભ કાર્યો થયાં.

સં. ૧૭૧૭ માં તેઓ કચ્છ પધાર્યા. તે સાલનું ચાતુર્માસ પણ ત્યાં જ કર્યું. પંચ્યાસી વરસની મોટી વયે પહોંચેલા શ્રી કલ્યાણસાગરસૂરિ જીવનના છેલ્લા શ્વાસ સુધી પોતાની આરાધના અને આવશ્યક ક્રિયામાં કુશળ હતા. આ વૃદ્ધ વયમાં પણ તેઓ શિષ્યોને વાચના આપતા.

**શ્રી કલ્યાણસાગરસૂરિનું સ્વર્ગગમન :**

કચ્છ ભુજમાં જ ચાતુર્માસ દરમ્યાન આસો સુદ ૧૩ ગુરુવારના તેઓશ્રી કાળ-ધર્મ પામ્યા. વાચક લાવણ્યચંદ્ર કૃત 'કલ્યાણસાગર સૂરિ નિર્વાણ રાસ' પ્રાપ્ત થાય છે. સંભવતઃ લાવણ્યચંદ્ર ગણિ ચરિત્રનાયકના કાળધર્મ વખતે કચ્છ ભુજમાં જ ઉપસ્થિત હતા. મોટી પટ્ટાવલિમાં તેમની સ્વર્ગતિથિ વૈશાખ સુદ ૩ નિર્દેશાઈ છે, પણ 'શ્રી કલ્યાણસાગરસૂરિ નિર્વાણ રાસ' પ્રાપ્ત થતાં આસો સુદ ૧૩ એ તેમની સ્વર્ગતિથિ છે.

**શ્રી કલ્યાણસાગરસૂરિની સ્મૃતિ :**

શ્રી કલ્યાણસાગરસૂરિની વિદાયથી શ્રી સંઘે એક યુગવીર, મહાસમર્થ, મહા-વૈરાગ્યવંત પ્રભાવક આચાર્યને ગુમાવ્યા. તેમની શાનદાર અંત્યેષ્ટિ કાઢવામાં આવી.

તેઓશ્રીના કાળધર્મને શતાબ્દીઓ વહી જવા છતાં તેઓશ્રીનું મંગલ–પવિત્ર નામ આજે પણ અનેરો આહ્લાદ જન્માવે છે. તેઓશ્રી પછી આ ગચ્છના શ્રમણસમુદાયમાં

અને ગચ્છનાયકોમાં 'સાગર' શબ્દ કાયમ રહ્યો છે. આ એક હકીકત છે, અને તેઓશ્રીની યુગો સુધી જળવાઈ રહે તેવી આ એક સ્મૃતિ છે. તેમને આથી વિશેષ કઈ શ્રદ્ધાંજલિ હોઈ શકે ?

શ્રી કલ્યાણસાગરસૂરિના કાળધર્મ વખતે શેઠ વર્ધમાન શાહના પુત્ર જગડુશાહે પાંચ હજાર મુદ્રિકાઓ ઉછાળી દાન કર્યું હતું. ભુજના તથા બીજાં અનેક શહેરો તથા ગામોના સંઘોએ અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. અગ્નિસંસ્કારને સ્થળે શ્રી અમરસાગરસૂરિના ઉપદેશથી ભવ્ય સ્તૂપ (થૂભ) અને ચરિત્રનાયકશ્રીની ચરણપાદુકાઓની સ્થાપના કરવામાં આવી. આ સ્તૂપના સ્થળે પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા.ની પ્રેરણાથી સં. ૧૯૭૩ ના મહા વદ આઠમના ભવ્ય ગુરુમંદિર અને દાદાશ્રીની ભવ્ય પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરવામાં આવ્યાં છે.

**શ્રી કલ્યાણસાગરસૂરિ પછીની વિદ્યમાન પરંપરા :**

તેઓશ્રીના શિષ્ય મહોપાધ્યાય રત્નસાગરજી પણ ખૂબ જ સમર્થ અને ક્રિયાપાત્ર મહાપુરુષ હતા. કુશળ મંત્રીની જેમ ગચ્છ અને સમુદાયની વ્યવસ્થામાં તેઓ સક્રિય રહેતા. વિદ્યમાન શ્રમણ સમુદાય પણ તેઓની પરંપરાનો જ છે. તે આ પ્રમાણે છે : (૧) મહોપાધ્યાય રત્નસાગરજી (૨) ઉપાધ્યાય મેઘસાગરજી (૩) ઉપાધ્યાય વૃદ્ધિસાગરજી (૪) ઉપાધ્યાય હીરસાગરજી (૫) ઉપાધ્યાય સહજસાગરજી (૬) માનસાગરજી ગણિ (૭) રંગસાગરજી ગણિ (૮) ફતેહસાગરજી (૯) દેવસાગરજી (૧૦) સ્વરૂપસાગરજી (૧૧) ગૌતમસાગરસૂરિ. (જેમણે ક્રિયોદ્ધાર કરી ગચ્છના ઉદયમાં પોતાનો અદ્વિતીય ફાળો નોંધાવ્યો.)

**૫. પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિનાં ગુરુમંદિરો :**

(૧) શ્રી સિદ્ધગિરિ પર શ્રી આદીશ્વરજીની ટૂંકમાં અષ્ટાપદજીના દેરાસર પાસે ટાંકા પર દેરી નં. ૧૫૧ માં પાદુકા જોડી છ છે. (૨) આગલા મંડપની ઉત્તર બાજુ શ્રી ગૌતમ સ્વામીજીની દેરી છે. તેમાં ગોખલામાં પાદુકાઓ છે. (૩) સિદ્ધગિરિની તળેટી પર બાબુના દેરાસરની પાછળ ભમતીની દેરીઓમાં કચ્છ–વરાડીઆના શા ગેલા માણેક તથા દેવજી માણેકે નીચેના ચોકમાં આરસની દેરી કરાવી તેમાં આ આચાર્યશ્રીની ભવ્ય પ્રતિમાની સ્થાપના કરી છે. (૪–૫) નવાનગર (જામનગર)માં શેઠ વર્ધમાનના અને શેઠ રાયશીના બન્ને દેરાસરોમાં પાદુકાઓની સ્થાપના છે. (૬–૭) મીઠડીઆ વોરા અજરામલના દેરાસરમાં દક્ષિણ તરફની આરસની દેરીમાં તથા અચલગચ્છ ઉપાશ્રયમાં આરસની દેરીમાં એમ બે ઠેકાણે ભવ્ય પ્રતિમાઓની સ્થાપના છે. (ઉપાશ્રયની દેરીમાં

આચાર્યશ્રીની પ્રતિમા ઉપર આરસની અભેરાઈ પર શ્રી મહાવીરદેવની ભવ્ય નાની પ્રતિમા છે.) (૮) અણહીલપુર પાટણમાં સાલવી પાડાની ત્રીંશેરીમાં શ્રી નેમનાથ પ્રભુના દેરાસરમાં સં. ૧૭૧૫ માં પાદુકાની સ્થાપના થઈ છે. (૯) કચ્છ–ભદ્રેશ્વર તીર્થના દેરાસરની ભમતીમાં પાદુકાની સ્થાપના છે. (૧૦) કચ્છ–ભુજ નગરમાં એ આચાર્યશ્રીના દેહના અગ્નિસંસ્કારના સ્થળે સં. ૧૭૧૮ માં ત્યાંના સંઘે સ્થૌભ (સ્તૂપ)નું શિખરબંધ મંદિર કરાવી તેમાં પાદુકાની સ્થાપના કરી.

ત્યાર બાદ એ ગુરુમંદિરનો જીર્ણોદ્ધાર કરાવી સં. ૧૯૭૩ માં પરમ ઉપકારી અચલગચ્છ મુનિમંડલાગ્રેસર પૂજ્ય દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા.ના ઉપદેશથી કચ્છ વરાડીઆના શા. ગેલા માણેક તથા દેવજી માણેકે કોરી પાંચસોના ચડાવાપૂર્વક ભવ્ય મોટી પ્રતિમાની સ્થાપના કરી. આ ઉપરાંત માંડવી, અંજાર, તેરા, નળિયા, જખૌ, લાલા, જસાપુર, વારાપધર, વરાડીઆ, સાંયરા, સુથરી, સાંધાણ, વીઢ, દેઢીઆ, હાલાપુર, કોટડી, કોટડા, દેવપુર, ગઢ, ગોધરા, મેરાઉ, ડોણ, તલવાણા, મોટા આસંબીઆ વગેરે કચ્છના ગામોમાં તથા મોટી ખાવડી, નવાગામ, દલતુંગી, ગોરખડી, મોડપુર, દાંતા ઇત્યાદિ હાલારના ગામોમાં કેટલેક ઠેકાણે મોટી દેરીઓમાં અને કેટલેક ઠેકાણે દેરી આકાર આરીઆઓમાં આચાર્યશ્રીની પ્રતિમાઓની સ્થાપના થયેલી છે. મુંબઈમાં ભાંડુપ, ખારેક બજાર અને માટુંગાના કચ્છી જૈન દેરાસરોમાં આ આચાર્યશ્રીની પ્રતિમાઓની સ્થાપના થયેલી છે. ઉપરોકત પ્રતિમાઓની સ્થાપનાઓમાંથી ઘણીખરી સ્થાપનાઓ અચલગચ્છાધિપતિ અચલગચ્છ મુનિમંડલાગ્રેસર સુવિહિત શિરોમણિ પ. પૂ. દાદાસાહેબ શ્રી ગૌતમસાગરસૂરિજી મ. સા.ના ઉપદેશથી થયેલ છે.

**પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિજીની પ્રતિમાઓ :**

પૂ. અચલગચ્છાધિપતિ આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી આ સ્થળોમાં પૂજ્યશ્રીની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત થયેલ છે : સમેતશિખરજી તીર્થ, પાલીતાણામાં કેશવજી નાયક ધર્મશાળા, કચ્છમાં નાગલપુર ગામ, નાગલપુર વિદ્યાપીઠ, કોઠારા, રાજસ્થાનમાં બાડમેર, ભીનમાલ, મુંબઈમાં ભાતબજાર–આદિનાથ જિનાલય, લાલવાડી–સુવિધિનાથ જિનાલય, ઘાટકોપર–જીરાવલા પાર્શ્વનાથ જિનાલય, નાલાસોપારા ઇત્યાદિ.

દાદાશ્રી કલ્યાણસાગરસૂરિનું જીવનચરિત્ર જાણવા ઉદયસાગરસૂરિ કૃત રાસ, અમરસાગરસૂરિ રચિત સંસ્કૃત પટ્ટાવલી તથા શ્રી વર્ધમાન–પદ્મસિંહ ચરિત્રમ્ ઇત્યાદિ ગ્રંથો અત્યુપયોગી છે. ન્યાયસાગરજી, ફૂલચંદજી અને હંસરાજે બનાવેલી કલ્યાણસાગરસૂરિની પૂજાઓ પણ પ્રસિદ્ધ છે.

**દાદાશ્રીની પુનિત સ્મૃતિમાં ધાર્મિક સંસ્થા :**

દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ આદિની સ્મૃતિ નિમિત્તે વિદ્યમાન અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.ની મંગલ પ્રેરણાથી સં. ૨૦૩૦ માં શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા 'શ્રી કલ્યાણ–ગૌતમ–નીતિ જૈન તત્ત્વજ્ઞાન શ્રાવિકા વિદ્યાપીઠ'ની સ્થાપના કરવામાં આવી છે. તેમાં જૈન કન્યાઓ, વિધવાઓ, ત્યક્તા બહેનો ઇત્યાદિ ધાર્મિક તત્ત્વજ્ઞાનની તાલીમ મેળવી રહી છે.

**શ્રી કલ્યાણસાગરસૂરિ ચતુર્થ જન્મ શતાબ્દીની સ્મૃતિ :**

સં. ૨૦૩૩–૩૪ દરમ્યાન અચલગચ્છાધિપતિ દાદાશ્રી કલ્યાણસાગરસૂરિની ચતુર્થ જન્મશતાબ્દીની સ્મૃતિ નિમિત્તે વિદ્યમાન અચલગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંતશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભ પ્રેરણાથી ભારતભરમાં ઠેરઠેર ભવ્ય મહોત્સવો-આરાધનાઓ, અઠ્ઠમતપ, આયંબિલ તપ, જાપ, અનુષ્ઠાનો, પુસ્તક વિતરણ, પુસ્તકપ્રકાશન, રંગોળી, તેઓશ્રીનું જીવનચરિત્ર પ્રકાશન આદિ થયાં હતાં. તેઓશ્રીની નિશ્રામાં તથા તેઓશ્રીનાં આજ્ઞાવર્તી સાધુસાધ્વીજીઓ તથા ગચ્છનાં સાધુ–સાધ્વીજીઓની નિશ્રામાં રાજસ્થાન, કચ્છ, ગુજરાત, સૌરાષ્ટ્ર, મુંબઈ, મહારાષ્ટ્ર આદિમાં પણ ભવ્ય મહોત્સવો આરાધનાપૂર્વક થયા હતા.

મુંબઈમાં કચ્છી વીશા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન દ્વારા ભાતબજાર, લાલ-વાડી અને ઘાટકોપર જિનાલયોમાં તથા કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન અને શ્રી અનંતનાથજી મહાસજ અને તેના 'સાધારણ ફંડોનું ટ્રસ્ટ' દ્વારા ખારેક-બજાર અને ભાંડુપના જિનાલયોમાં અને મુલુંડમાં કલ્પસૂત્ર પ્રકાશન સાથે ભવ્ય વરઘોડાનાં આયોજનો અને મહોત્સવો મુનિ કલાપ્રભસાગરજી આદિ ઠાણા ૪ની નિશ્રામાં ઉજવાયા હતા. ત્યાંના સંઘોએ પણ આ પ્રસંગે ખૂબ જ લાભ લીધેલ.

**શ્રી કલ્યાણસાગરસૂરિ ગ્રંથ પ્રકાશન કેન્દ્ર :**

દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. સા.ની ચતુર્થ જન્મશતાબ્દીની સ્મૃતિ નિમિત્તે 'શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ' હસ્તકના 'દાદા શ્રી કલ્યાણસાગરસૂરિ ગ્રંથ પ્રકાશન કેન્દ્ર' દ્વારા દશ જેટલા ગ્રંથો બહાર પડી ચૂકયા છે. તથા 'શ્રી આર્ય-કલ્યાણ ગૌતમ સ્મૃતિ ગ્રંથ' (પ્રસ્તુત ગ્રંથ) નું પ્રકાશન અલ્પ સમયમાં જ થનાર છે. આ સ્મૃતિગ્રંથમાં ભગવાન શ્રી મહાવીરદેવથી માંડી વિદ્યમાન અચલગચ્છાધિપતિશ્રીનું જીવનવૃત્ત તથા જૈન ધર્મ અને અચલગચ્છને સ્પર્શતા સંશોધનાત્મક લેખો, સંસ્કૃત, ગુજરાતી અને હિન્દીમાં હશે. આ સ્મૃતિગ્રંથમાં ગચ્છનાયક આચાર્યાદિના તથા ભારતભરના

પ્રાપ્ત ગચ્છનાં જિનાલયો, ત્યાંના મૂળનાયક ભગવંતો તથા ઐતિહાસિક હસ્તલિખિત પ્રતોની પ્રશસ્તિઓનાં મળી લગભગ ૧૦૦ જેટલાં ચિત્રો હશે. કચ્છ–પાલીતાણા છ'રી સંઘ તથા સં. ૨૦૩૫માં પાલીતાણામાં થયેલ ઐતિહાસિક નવાણુ યાત્રાનાં તથા મહોત્સવોનાં પ્રસંગ ચિત્રો પણ આવશે.

**શ્રી આર્ય-જય-કલ્યાણ કેન્દ્ર :**

દાદાશ્રીની સ્મૃતિમાં 'શ્રી આર્ય–જય–કલ્યાણ કેન્દ્ર'ની પણ સ્થાપના કરવામાં આવેલ છે. આ કેન્દ્ર હસ્તક પંદર જેટલાં પ્રાચીન–અર્વાચીન પ્રકાશનો પ્રગટ કરવામાં આવ્યાં છે. દાદા શ્રી કલ્યાણસાગરસૂરિ કૃત વ્યાકરણ વિષયક 'શ્રી લિંગ નિર્ણય ગ્રંથ' (પરિશિષ્ઠ શબ્દકોશ વિવરણ સહિત) પણ પ્રકાશિત થનાર છે. તથા દાદાશ્રીના ફોટાઓ ઇત્યાદિ પણ પ્રકાશિત કરવામાં આવ્યા છે.

**શ્રી કલ્યાણસાગરસૂરિના ચતુર્થ જન્મ શતાબ્દી વર્ષના મહોત્સવોની નોંધ :**

બાડમેર (રાજસ્થાન) માં સં. ૨૦૩૨–૩૩માં વિદ્યમાન અચલગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં દાદાશ્રી કલ્યાણસાગરસૂરિની ચતુર્થ જન્મ શતાબ્દીની સ્મૃતિ રૂપે ભવ્ય મહોત્સવ, વ્રતપ્રચાર, સંસ્કૃતિ સમારોહ, હિંદીમાં અણુવ્રતોની પુસ્તિકા, પત્રિકાઓ, હિંદીમાં કલ્યાણસાગરસૂરિ જીવન ચરિત્ર ઇત્યાદિ પ્રકાશિત થયાં.

દાદાશ્રીની ચતુર્થ જન્મ શતાબ્દીની સ્મૃતિ પ્રસંગે શ્રી ક. વી. ઓ. દેરાવાસી જૈન મહાજન (મુંબઈ) તરફથી 'દાદા શ્રી કલ્યાણસાગરસૂરિ જીવન સૌરભ', 'શ્રી કલ્યાણસાગરસૂરિ પૂજા સંદોહ' પુસ્તકો પણ પ્રકાશિત કરવામાં આવ્યાં છે.

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘનું મુખપત્ર 'વીતરાગ સંદેશ' અને 'શ્રી ક. દ. ઓ પ્રકાશ સમીક્ષા' આ બન્ને માસિકો દાદાશ્રી કલ્યાણસાગરસૂરિની ચતુર્થ જન્મ શતાબ્દીની સ્મૃતિ નિમિત્તે પ્રકાશિત થયા હતા.

દાદાશ્રીની ચતુર્થ જન્મ શતાબ્દીની સ્મૃતિ નિમિત્તે શ્રી ઘાટકોપર કચ્છી અચલગચ્છ જૈન સંઘ તરફથી મુનિશ્રી કલાપ્રભસાગરજીની પ્રેરણાથી સં. ૨૦૩૩ માં તેઓશ્રીની નિશ્રામાં 'દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ જૈન ધાર્મિક જ્ઞાનસત્ર' (પ્રથમ)ની મંગલ શરૂઆત થઈ. ત્યારબાદ બીજાં જ્ઞાનસત્રો અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. મુંબઈ પધારતાં તેઓશ્રીની નિશ્રામાં દેરાવાસી હાઈસ્કૂલ, ઘાટકોપર તથા ચીંચબંદર ક. વી. ઓ. દેરાવાસી જૈન મહાજન, ઘાટકોપર અને મુલુંડમાં રાખવામાં આવ્યા હતા. હાલ દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ જૈન જ્ઞાનસત્રનું સંચાલન 'શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ' કરી રહી છે.

ઉપરોક્ત વિગતોથી જાણી શકાશે કે શતાબ્દીઓ વહી જવા છતાં દાદાશ્રી કલ્યાણસાગરસૂરિનું નામ આ ગચ્છમાં કેવું આહલાદક અને ઐકયતાપ્રેરક છે! દાદાશ્રી કલ્યાણસાગરસૂરિની વિદાય પછી ગચ્છની સ્થિતિ ધીમે ધીમે પલટાઈ રહી હતી. પણ વર્તમાનમાં શાસન અને ગચ્છની દિનપ્રતિદિન ઉન્નતિ થઈ રહેલ છે.

**વિદ્વદ્વર્ય શ્રી અમરસાગરસૂરિ :**

મેવાડના ઉદયપુર નગરમાં શ્રીમાલી ચૌધરી યોધાની પત્ની સોનાની કુક્ષીથી સં. ૧૬૯૪ માં અમરચંદ્રનો જન્મ થયો હતો. સં. ૧૭૦૫ માં અમરચંદ્રે શ્રી કલ્યાણસાગરસૂરિ પાસે દીક્ષા સ્વીકારી હતી. સં. ૧૭૧૫ માં ખંભાતમાં મુનિ શ્રી અમરસાગરજીને સૂરિપદથી અલંકૃત કરવામાં આવ્યા હતા. સં. ૧૭૧૮ માં ગચ્છનાયક શ્રી કલ્યાણસાગરસૂરિ કચ્છ-ભૂજમાં કાળધર્મ પામતાં શ્રી અમરસાગરસૂરિ ગચ્છેશપદે આરૂઢ થયા હતા.

**સૂરિજીના ઉપદેશથી ધર્મકાર્યો :**

શ્રી અમરસાગરસૂરિની પ્રેરણાથી સં. ૧૭૧૬ ના મહા વદ ચોથના દીવબંદરના પ્રાગ્વટ મંત્રી માલજીએ પોતાની સ્ત્રી સાથે ચતુર્થ વ્રત સ્વીકાર્યું. આ પ્રસંગે મંત્રી માલજીએ સ્વામી–વાત્સલ્યાદિ સુકૃતોમાં ઘણું જ ધન ખર્ચ્યું. તેમણે શ્રી શાંતિનાથ પ્રભુની રૂપાની તથા ઉત્તમ પાષાણની ૧૧ પ્રતિમાજીઓ ભરાવી અને શ્રી અમરસાગરસૂરિના ઉપદેશથી શ્રી શત્રુંજય તીર્થ પર નાનકડું ભવ્ય જિનાલય બંધાવી સં. ૧૭૧૭, માગશર વદ ૧૩ ના પ્રતિષ્ઠા કરાવી સૂરિજીની પ્રેરણાથી સંઘ સહિત શત્રુંજય મહાતીર્થની યાત્રા પણ કરી. મંત્રી માલજીએ ધર્મકાર્યોમાં એક લાખ દ્રમ્મનો સદ્વ્યય કર્યો.

**બાહડમેરના જિનાલયનો જીર્ણોદ્ધાર ચાતુર્માસ :**

સં. ૧૭૨૩ માં ગચ્છનાયક શ્રી અમરસાગર સૂરિ બાહડમેર પધાર્યા અને ત્યાંના સંઘના આગ્રહથી ત્યાં જ ચાતુર્માસ રહ્યા. બોહડ ગોત્રીય શ્રેષ્ઠી શ્રી જોરાવરમલ્લે ગુરુની સુંદર ભક્તિ કરી. ધર્મકાર્યોમાં ઘણું ધન ખર્ચ્યું. અમરસાગરસૂરિના ઉપદેશથી બાહડમેરના ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયનો જીર્ણોદ્ધાર પણ થયો.

**પાલીતાણામાં ગુરુપાદુકાની પ્રતિષ્ઠા :**

સં. ૧૭૨૫ માં તેઓ પાલીતાણા પધાર્યા. ત્યાં લાલન ગોત્રીય વર્ધમાન શાહના પુત્ર ભારમલે કુટુંબ સહિત યાત્રા કરી અને સૂરિના ઉપદેશથી શત્રુંજય તીર્થ પર કલ્યાણસાગરસૂરિની ચરણપાદુકાની દેવકુલિકામાં સ્થાપના કરી.

**પ્રભાવક શ્રી અમરસાગરસૂરિ :**

સં. ૧૭૨૧, માગસર સુદ ૫ ના અમદાવાદના સંઘવી લીલાધર પારેખના સુપુત્રોએ ગોડી પાર્શ્વનાથ તીર્થ અને આબુ મહાતીર્થ આદિનો મોટો સંઘ કાઢ્યો હતો. પ્રાયઃ આ સંઘ તેઓશ્રીની નિશ્રામાં નીકળેલ લાવણ્યચંદ્ર ગણિ 'અમરસાગર સૂરિ નિર્વાણ રાસ'માં તેમના પ્રત્યે આ પ્રમાણે ભાવ વ્યક્ત કરે છે :

**તસુ પટોધર અધિક વિરાજઈ. બિરૂદ ઘણાં જસુ છાજઈજી**
**ભટ્ટારક જિણ શાસણ ચંદા, અમરસાગરસૂરીંદાજી ॥ ૨ ॥**
**યુગપ્રધાન સકલગુણ ગેહ, જંગમતીરથ જેહાજી**
**વિચરઉ ભવિક કમલ પતિબોધઉ, રવિ જિમ અદા તિમિર ઉશ્રઉજી ॥૩॥**

**સાધુઓનું કર્તવ્ય-અધ્યાત્મનો પ્રચાર :**

શ્રી અમરસાગરસૂરિ માટે 'યુગપ્રધાન,' 'સકલગુણ ગેહ,' 'જંગમતીરથ' આવાં વિશેષણો પરથી તેમના મહાન જીવનનો પરિચય મળી રહે છે. અમરસાગર સૂરિથી શ્રીપૂજ્ય ગોરજીઓની પરંપરા ચાલી આ વાત સ્વીકાર્ય છે. અલબત તે વખતે રાજકીય સ્થિતિ ડામાડોળ હતી, જેની અસર દૂરગામી રહી. આથી જૈન ધર્મ અને બધા ગચ્છોને ઘણું જ ભોગવવું પડ્યું હતું, એ હકીકત છે. પવિત્ર મુનિવરોને ગોરજીઓ કહી ત્યાગ ધર્મનો દ્રોહ કરવો કદાપિ ઉચિત નથી. અમરસાગરસૂરિ પછી થયેલા કેટલાક આચાર્યો અને મુનિવરોએ રચેલ કૃતિઓ દ્વારા તેના ત્યાગમય જીવન અંગે જાણી શકાય છે. અલબત્ત તે વખતે ગોરજીઓ હતા, પણ સુવિહિત મુનિવરોનું સંઘ પર વર્ચસ્વ હતું જ.

**ગોરજીઓએ જૈન ધર્મ ટકાવી રાખ્યો, તે મિથ્યા વચન છે :**

હકીકતમાં ગોરજીઓની પરંપરા જેવું હતું જ નહીં, પણ શ્રમણોમાં પ્રવેશેલી શિથિલતા દૃઢ રીતે તેમનામાં સ્થિર થઈ, ત્યારે એ જ શ્રમણો સમાજને આધ્યાત્મિક નેતૃત્વ પૂરું પાડવાને બદલે જનરંજન અને મનોરંજન માટે અન્ય વૈદકીય, ભૂસ્તર, જ્યોતિષાદિ પ્રવૃત્તિઓમાં પડી ગયા હતા. આ જાતના શિથિલ શ્રમણજીવનની શરૂઆત અચલગચ્છમાં તો ઉદયસાગરસૂરિ પછી થઈ હશે એમ અનુમાન કરી શકાય છે. ત્યાર પછીના આચાર્યો અને શ્રમણો શ્રીપૂજ કે ગોરજી તરીકે સંબોધાયા હોય એ સ્વીકાર્ય લાગે છે. અમુકનો મત એવો છે કે, ગોરજીઓએ જૈન ધર્મ ટકાવી રાખ્યો પણ આ મિથ્યાવચન છે. જિનવચન વિરુદ્ધ કથન કરનારને શાસ્ત્રકાર ભગવંતોએ ઉત્સૂત્ર ભાષી અને પાપી કહ્યા છે. ગોરજીઓએ જૈન ધર્મને ટકાવી રાખ્યો કે જૈન ધર્મની શાનને ઝાંખપ લગાડી ? ગોરજીઓ જ સ્વયં તીર્થંકર દેવોની આજ્ઞાનુસાર પૂર્વાચાર્યોની જેમ

જો ત્યાગમય જીવન જીવતે તો અનેક દીક્ષાઓ, છ'રી સંઘો, તપ, ત્યાગ, આરાધના આદિ અનેક ધર્મ અને આધ્યાત્મની શુભ પ્રવૃત્તિઓ થતે ! અહીં આ વાતનો વિસ્તાર આટલો જ બસ થશે.

શ્રી અમરસાગર સૂરિ જિનાગમોમાં પારગામી હતા તથા અધ્યાપન કાર્યમાં ઉદ્યમી હતા. સમેતશિખરજી આદિ મહાતીર્થોની યાત્રા કરી હતી. આથી સૂચિત થાય છે કે તેઓ ઉગ્રવિહારો કરી ભારતનાં મુખ્ય કેન્દ્રોમાં વિચર્યા હતા.

શ્રી અમરસાગર સૂરિ કચ્છ પધાર્યા હતા. તે વખતે તેમના શ્રમણ પરિવારનો વિહાર કચ્છ તરફ વિશેષ હતો.

**વાચય પુણ્યસાગરજી અને તેમની કૃતિઓ :**

તેમના વખતમાં ધર્મમૂર્તિસૂરિ, શિ. ભાગ્યમૂર્તિ, શિષ્ય ઉદયસાગરજી, શિષ્ય ઉપા૦ દયાસાગરજી, વા૦ પુણ્યસાગરજીએ 'જયઇનવનલિકા કુવલય...' નામક વીર જિન સ્તોત્ર અપર નામ 'ત્રીજા સ્મરણ' ઉપર તથા મેરુતુંગસૂરિ કૃત 'જીરાવલ્લા પાર્શ્વનાથ સ્તોત્ર 'ૐ નમો દેવદેવાય' નામક છઠ્ઠા સ્મરણ ઉપર ટીકાઓ રચી. ઉક્ત પુણ્ય-સાગરજીના શિષ્ય પદ્મસાગરજી કૃત 'જીવાભિગમ સૂત્ર' ઉપર ટીકા પ્રસિદ્ધ છે.

**ગચ્છના મુનિવરોની રચનાઓ :**

ગજસાગરસૂરિ શિષ્ય લલિતસાગરજી, શિષ્ય માણિકયસાગરજીના શિષ્ય જ્ઞાન-સાગરજીએ ગુર્જર ભાષામાં ૧૭ જેટલા રાસ ચરિત્રો રચ્યાં. 'ચૈત્ય પરિપાટી,' 'સ્તવન ચોવીસી' ઇત્યાદિ ગ્રંથો પણ રચ્યા. વા૦ નેમસાગરજી, શિષ્ય શીલસાગરજી, શિષ્ય અમૃતસાગરજીએ 'રાત્રિ ભોજન પરિહાર રાસ' રચ્યો. ચંદ્રશાખાના માનચંદ્રગણિ જ્યોતિષના પ્રકાંડ વિદ્વાન હતા. તેમણે જ્યોતિષ વિષયક ગ્રંથો પણ રચ્યા.

**શ્રી લાવણ્યચંદ્ર ગણિ અને તેમની કૃતિઓ :**

અમરસાગર સૂરિના વખતમાં વા૦ લક્ષ્મીચંદ્ર ગણિના શિષ્ય લાવણ્યચંદ્ર ગણિ થયા. તેમણે રચેલ 'વીરવંશાનુક્રમ સંસ્કૃતિ પટ્ટાવલી,' 'ગોડી પાર્શ્વનાથનો રાસ,' 'સાધુગુણભાસ' અને 'કલ્યાણસાગર સૂરિ નિર્વાણ રાસ' ઇત્યાદિ કૃતિઓ રચી. અચલગચ્છની પાલીતાણીય શેખર શાખામાં થયેલા જ્ઞાનશેખર ગણિ શિષ્ય નયનશેખરજીએ ૯,૦૦૦ શ્લોક પરિ-માણનો 'યોગ રત્નાકર ચોપાઈ' નામક વૈદ્યક ગ્રંથ રચ્યો.

**રાધનપુરમાં અચલગચ્છીય જિનાલય–ઉપાશ્રયો :**

તેમના વખતમાં થયેલા મુનિશ્રી હીરસાગરજીના ઉપદેશથી રાધનપુરમાં શામળા પાર્શ્વનાથનું અચલગચ્છીય જિનાલય તથા અચલગચ્છના ત્રણ ઉપાશ્રય બંધાયા.

તેમનો રાધનપુર ઉપર સારો ઉપકાર છે. તેમની સ્મૃતિ રૂપે હાલ ત્યાં હીરસાગર શેરી પણ છે. ત્યાંના નવાબ સાથેની તથા તેમના ચમત્કારોની અનુશ્રૂતિ અત્યારે પણ પ્રસિદ્ધ છે.

**દાનવીર જગડુશાહ :**

એજ અરસામાં લાલન ગોત્રીય શ્રેષ્ઠિ વર્દ્ધમાન શાહના સુપુત્ર જગડુ શાહ 'મહા દાનવીર' તરીકે પ્રસિદ્ધ હતા. તેમણે ધર્મકાર્યોમાં ઘણું જ ધન ખર્ચ્યું.

શ્રી અમરસાગરસૂરિ અડસઠ વરસની વયે સં. ૧૭૬૨ માં ધોળકામાં કાળધર્મ પામ્યા હતા.

## ૬૬. શ્રી વિદ્યાસાગરસૂરિ :

કચ્છ ખીરસરા બંદરના દશા ઓશવાળ જ્ઞાતિના નાગડા ગોત્રીય શ્રેષ્ઠિ કર્મસિંહની ભાર્યા કમલાદેવીની કુક્ષીથી સં. ૧૭૪૭ ના આસો વદ ૩ ને દિવસે વિદ્યાધરકુમારનો જન્મ થયો હતો.

સં. ૧૭૫૬ ના ફાગણ સુદ ૨ ના વિદ્યાધરે અમલસાગરસૂરિ પાસે દીક્ષા સ્વીકારી. તેમનું નામ મુનિશ્રી વિદ્યાસાગરજી રાખવામાં આવ્યું. નૂતન દીક્ષિત બાલમુનિની વય ફક્ત નવ જ વરસની હતી. સં. ૧૭૬૨, શ્રાવણ સુદ ૧૦ ના ધોળકામાં તેઓ સૂરિપદથી અલંકૃત થયા હતા. આ પ્રસંગે સુરતના શ્રેષ્ટિ કપુરચંદજીએ, અમદાવાદના શ્રેષ્ઠિ વર્ધમાન પારેખે તથા અન્ય શ્રેષ્ઠિઓએ ખૂબ જ ધન ખર્ચ્યું. સં. ૧૭૬૩, કારતક વદ ૪, બુધવારે માતર તીર્થમાં 'ગચ્છેશ' પદ પામ્યા. લઘુ વયમાં અર્થાત્ માત્ર ૧૬ વરસની વયે સૂરિપદ અને ગચ્છેશપદ પામ્યા હતા. ગચ્છેશપદ વખતે સૌભાગ્યચંદ્ર વડેરાએ ઘણું જ ધન ખરચીને અનેરો લહાવો લીધો. માતર સંઘના આગ્રહથી શ્રી વિદ્યાસાગર-સૂરિજી ત્યાં જ ચાતુર્માસ રહ્યા. ત્યાં વ્યાખ્યાનમાં તેમણે 'વિશેષાવશ્યક' (સટીક) ગ્રંથ વિશદ વ્યાખ્યાપૂર્વક સંભળાવ્યું.

**સુરત-અમદાવાદમાં શાસન પ્રભાવના :**

સં. ૧૭૬૫ માં શ્રી વિદ્યાસાગરસૂરિએ સુરતમાં ચાતુર્માસ કર્યું. ત્યાંના શ્રેષ્ઠિ કપુરચંદ સિંઘાએ સૂરિજીની અનન્ય ભક્તિ કરી તથા સર્વે ગચ્છના સાધુઓને વસ્ત્ર–પાત્ર વહોરાવ્યાં. સકળ સંઘમાં સાકર ભરેલી પિત્તળની થાળીની લહાણી કરી, અને સૂરિજીની પ્રેરણાથી ચંદ્રપ્રભુ આદિ અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી. સં. ૧૭૬૬ ના અમદાવાદના ચાતુર્માસ દરમ્યાન શ્રેષ્ઠિ વર્ધમાન પારેખ તથા તેમની પત્ની રૂક્મણિએ સ્વામીવાત્સલ્ય, લહાણુ ઇત્યાદિ ધર્મકાર્યોમાં વિપુલ ધન ખર્ચ્યું. સૂરિજીના

ઉપદેશથી ભગવાનદાસ શ્રેષ્ઠિએ શ્રી સંભવનાથ આદિ સાત બિંબો ભરાવી સં. ૧૭૭૩, વૈશાખ સુદ ૫ ના મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. ભગવાનદાસે સંઘ સહિત શંત્રુજય મહાતીર્થની યાત્રા કરી અને સાતે ક્ષેત્રોમાં ખૂબ જ ધન ખર્ચ્યું.

ત્યાર બાદ કચ્છના પ્રથમ પટ્ટધર શ્રી વિદ્યાસાગરસૂરિ કચ્છ પધાર્યા, ત્યારે કચ્છની પ્રજાએ સૂરિજીનો ઉમંગભેર પ્રવેશ–મહોત્સવ ઉજવ્યો. આ પ્રસંગે કચ્છ ભૂજના શ્રેષ્ઠિ ઠાકરશી ટોડરમલે ધન ખરચી લહાવો લીધો.

**કચ્છના મહારાવ ગોડજી અને સૂરિજીનો સમાગમ-કચ્છમાં અમારી પાલન :**

આપણે આગળ જોઈ ગયા કે પરમત્યાગી યુગપ્રધાન શ્રી કલ્યાણસાગરસૂરિએ કચ્છના મહારાવ ભારમલ્લ ( પ્રથમ ) ને પ્રતિબોધેલા. ત્યાર બાદ રાજાએ સૂરિજીના ઉપદેશથી કચ્છમાં અમારી પાલન ઇત્યાદિનાં ફરમાનો પણ બહાર પાડેલાં. શ્રી વિદ્યાસાગરસૂરિજીએ પણ કચ્છના મહારાવ ગોડજીની રાજસભામાં માનવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું. મહારાવ ગોડજીને પ્રતિબોધી અહિંસામય જૈન ધર્મ સમજાવ્યો. સૂરિજીની પ્રેરણાથી પર્યુષણના પંદર દિવસો દરમ્યાન રાજાએ અમારિ ( અહિંસા )ની ઉદઘોષણા કરાવી. વાચક નિત્યલાભ ગણિ વિદ્યાસાગરસૂરિ રાસમાં લખે છે :

**જૈન ધરમ ચાજૂઆલવા, દેશના ધરમની દીધ,**
**પ્રતિબોધ્યા રાઓ ગોડાજી, જીવદયા ગુણ લીધ;**
**પરવ પૂંજૂસણ પાલવી, પનર દિવસની અમાર,**
**ધર્મશાસ્ત્ર દેખાડી ને, કીધો એ ઉપગાર;**

**જાહેરમાં સૂરિજી દ્વારા સ્થાનકવાસીઓ પરાજીત :**

તે વખતે કચ્છમાં સ્થાનકવાસી સંપ્રદાયનો પ્રચાર વિશેષ હતો. કચ્છમાં મૂર્તિપૂજક સંપ્રદાયના સાધુઓનો વિહાર અલ્પ હતો. આવા સમયમાં લોકાગચ્છીય ઋષિ **મૂલચંદ** કચ્છ આવ્યા હતા. સ્થાનકવાસી સંપ્રદાયના ધર્મદાસજીના બાવીસ શિષ્યો જુદા જુદા પ્રદેશોમાં વિચરવા લાગ્યા અને ' બાવીસ ટોળા ' એવા નામથી ઓળખાયા. આ બધામાં મૂલચંદ ઋષિ મુખ્ય હતા.

વિદ્યાસાગરસૂરિએ ઋષિ મૂલચંદને મહારાઓ ગોડજીની સભામાં બોલાવ્યા અને અને તેમની સાથે શાસ્ત્રાર્થ કર્યો. જૈનાગમોમાંથી અનેક પાઠો બતાવી વિદ્યાસાગરસૂરિજીએ પ્રતિમા સ્થાપના અંગે સિદ્ધિ કરી બતાવી. ઋષિ મૂલચંદ આ ચર્ચામાં ટકી શકયા નહિ. તેમનો ઘોર પરાજય થયો. આ સંવાદ સં. ૧૭૭૫ માં થયો હોવાનું અનુમાન કરી શકાય છે. વાચક નિત્યલાભ આ પ્રમાણે રાસમાં જણાવે છે :

ઋષિ મૂલચંદ કચ્છ દેશમાં. દેવ-ગુરુનો પ્રત્યનીક,
કુમતિ મોટો કદાગ્રહી, પ્રતીમોત્થાપક તહકીક;
તેહને તિહાંથી કાઢીઓ, તેડી રાય હજૂર,
શાસ્ત્ર તણી ચરચા કરી, માન કર્યા ચકચૂર.

**કચ્છમાં અને પાટણમાં ધર્મપ્રભાવના :**

કચ્છમાં તે વખતે જો આ ઘટના ન બનને તો ચોમેર મૂર્તિ અને મૂર્તિપૂજાનો વિરોધ પ્રસરી ઊઠતે. ઋષિ મૂલચંદજી પણ પોતાનો પરાજય થવાથી કચ્છમાં રહી શકયા નહિ. વિદ્યાસાગરસૂરિ કચ્છના વિહારો દરમ્યાન કચ્છનાં મુખ્ય શહેરોમાં પણ ચાતુર્માસ કર્યા. તેમના ઉપદેશથી અંજારમાં સં. ૧૭૭૬ માં તેઓશ્રીની નિશ્રામાં શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયની પ્રતિષ્ઠા થઈ. ત્યાર બાદ તેઓએ ગોડીજી તીર્થની પણ યાત્રા કરી. સં. ૧૭૮૧ માં તેઓ ખંભાત અને સુરત તરફ વિચરતા હતા. સં. ૧૭૮૫ માં શાલવીઓના આગ્રહથી વિદ્યાસાગરસૂરિ પાટણ પધાર્યા હતા. શાલવીઓએ સૂરિજીની ખૂબ ભકિત કરી. મંત્રી વિમલના સંતાનીય શ્રેષ્ઠિ વલ્લભદાસે તથા માણેકચંદે પણ સૂરિજીની ખૂબ જ ભકિત કરી. એ જ વર્ષે માગસર સુદ ૫ ના દિવસે ઉકત શ્રેષ્ઠિઓએ સૂરિજીના ઉપદેશથી જિનબિંબો ભરાવી પ્રતિષ્ઠાદિ મહોત્સવો કર્યા.

**દક્ષિણ ભારતમાં ધર્મપ્રચાર અને સુરતમાં અચલગચ્છનો પ્રભાવ :**

ત્યારબાદ વિદ્યાસાગરસૂરિ દક્ષિણ ભારતમાં પણ વિચર્યા. ત્યાંના વિહારોથી અને ધર્મોપદેશથી અનેક શાસન પ્રભાવનાનાં શુભ કાર્યો થયાં. જાલના, બુરહાનપુર વગેરે શહેરોમાં પણ તેમના ધર્મોપદેશની અસર દીર્ઘ સમય પર્યંત રહી. બુરહાનપુરમાં વિદ્યાસાગરસૂરિની પધરામણીથી સ્થાનકવાસી ઋષિ રણછોડ ત્યાંથી વિહાર કરી ગયા. બુરહાનપુરના સંઘની વિનંતિથી સૂરિજી તે સાલ ત્યાં જ ચાતુર્માસ રહ્યા અને વ્યાખ્યાનમાં 'વિશેષાવશ્યક' ગ્રંથ પર વિવરણ કર્યું. ત્યાંના સંઘના મુખ્ય શ્રેષ્ઠિ કસ્તુર શાહ, ભોજા શાહ, દોશી દુર્લભ વગેરે પ્રતિબોધ પામ્યા. સં. ૧૭૮૭ નું ચાતુર્માસ પણ ત્યાંજ કર્યું. સં. વિદ્યાસાગરસૂરિએ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ તીર્થની યાત્રા કરી. ત્યાંથી ઔરંગાબાદ પણ પધાર્યા. ઔરંગાબાદમાં અનેક ધર્મપ્રવૃત્તિઓ થઈ. આ વિહારો દરમ્યાન સુરતના સંઘની વિનંતીઓ ઉપરાઉપરી આવ્યા જ કરતી હતી. ત્યાંના સંઘની વિનંતિથી સૂરિજી સુરત પધાર્યા. શ્રેષ્ઠિ ખુશાલ શાહે ભવ્ય પ્રવેશ મહોત્સવ ઉજવ્યો. સુરતના સંઘના આગ્રહથી મુનિશ્રી જ્ઞાનસાગરજીને સં. ૧૭૯૭ ના કારતક સુદ ૩, રવિવારે સૂરિપદથી અલંકૃત કરવામાં આવ્યા. નૂતન સૂરિવર્યનું નામ ઉદયસૂરિ રાખવામાં આવ્યું. આ પ્રસંગે શ્રેષ્ઠિ ખુશાલચંદ, મંત્રી બંધુ ગોડીદાસ આદિએ ઘણું ધન ખરચ્યું.

એ વખતે સુરતમાં અચલગચ્છનો વિશેષ પ્રચાર હતો. એક જૈનેતર વિદ્વાન મણિલાલ વ્યાસ નોંધે છે કે સં. ૧૭૦૦ થી ૧૮૦૦ સુધીમાં સુરતના આગેવાનો મોટે ભાગે અચલગચ્છના પ્રભાવ હેઠળ હતા. અચલગચ્છના નાયક, આચાર્યો અને મોટા પ્રતિષ્ઠિત સાધુઓ અહીં ચાતુર્માસ રહેતા. વીસા શ્રીમાળી આગેવાનો અચલગચ્છના અનુરાગી હતા. હરિપુરામાં ભવાનીના વડની પાસે અચલગચ્છનો ઉપાશ્રય બાંધવામાં આવ્યો હતો. સુરતના અગ્રેસરોનું ભરૂચ વગેરે ગામો પર સારું વર્ચસ્વ હતું.

(વિશેષ માટે જુઓ : 'શ્રીમાળી વાણિયા જ્ઞાતિ ભેદ' પૃ. ૨૨૨)

**ગચ્છના મુનિવરોની શાખાઓ અને વિહારો :**

શ્રી વિદ્યાસાગરસૂરિના વખતમાં અચલગચ્છની સાગર શાખા પાલીતાણીય શાખા, મેડપાટી શાખા વગેરેમાં અનેક મુનિવરો થઈ ગયા. મેડપાટી શાખાના મુનિવરોનો રાજસ્થાન તરફ વિશેષ વિહાર હતો. ભીનમાલનગર, બાડમેર, પાલી, ગુંદોચ, નાડોલ, નાડલાઈ, સાદડી, જાલોર, દાસપા, પાદરા વગેરે સ્થળોમાં મેડપાટી શાખાના મુનિવરોનો સવિશેષ ઉપકાર છે. સાગર પાલીતાણીય, લાભ વગેરે શાખાઓના મુનિવરોનો વિહાર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને પારકર તરફ હતો.

**વિદ્યાસાગરસૂરિના અને વા૦ નિત્યલાભની કૃતિઓ :**

શ્રી વિદ્યાસાગરસૂરિના ઉપદેશથી ગ્રંથોદ્ધાર પ્રવૃત્તિ સારા પ્રમાણમાં થયેલી. આપણે આગળ જોયું કે વિદ્યાસાગરસૂરિએ કચ્છના રાજાની સભામાં ઋષિ મૂલચંદને પરાજિત કરેલા. તે પરથી તેમની વિદ્વતાનો પરિચય મળી રહે છે. દેવેન્દ્રસૂરિ કૃત 'સિદ્ધ પંચાશિકા' ગ્રંથ ઉપર તેમણે સં. ૧૭૮૧ માં ૮૦૦ શ્લોક પ્રમાણ ગુજરાતી વિવરણ ગ્રંથ રચ્યો. નારકી પ્રશ્નોત્તર નામનો વિસ્તૃત ગ્રંથ એમણે રચ્યા હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તેમણે રચેલા સંસ્કૃત મિશ્ર હિંદીમાં ગોડી પાર્શ્વનાથ સ્તવન, પાર્શ્વનાથ સ્તવન પણ પ્રાપ્ત થાય છે. તેમના વખતમાં વા. વિનયલાભ, શિ. વા. મેરુલાભ, વા. સહજસુંદર ગણિ, શિ. વા. નિત્યલાભ પણ ઉચ્ચ કોટિના કવિ થઈ ગયા. તેમણે રચેલી કૃતિઓનાં નામ આ પ્રમાણે છે : (૧) પૃથ્વીચંદ્ર રાસ, (૨) નેમનાથ બાર માસ, (૩) વિદ્યાસાગરસૂરિ રાસ, (૪) સ્તવન ચોવીસી, (૫) ચોવીસીનાં પ્રકીર્ણ સ્તવનો, (૬) ચંદનબાળા સજઝાય, (૭) ભગવાન મહાવીરદેવ પંચકલ્યાણક ચોઢાળિયું તેમ જ પ્રકીર્ણ કૃતિઓ. વાચક નિત્યલાભ કૃત કચ્છી સ્તવનો પણ પ્રાપ્ત થાય છે, જે કચ્છી સાહિત્યમાં સૌથી પ્રાચીન માની શકાય. વિશેષ શોધ કરતાં કચ્છીમાં રચાયેલ સાહિત્ય કદાચ મળી રહે એ શકય છે.

**રિલોદ્ર તીર્થ મૂળનાયક :**

વિદ્યાસાગરસૂરિના ઉપદેશથી ખંભાતમાં પ્રતિષ્ઠિત થયેલી ગોડી પાર્શ્વનાથની પ્રતિમા હાલ રિલોદ્ર તીર્થના જિનાલયમાં મૂળનાયક તરીકે છે. આ મૂર્તિ ચમત્કારી છે.

કચ્છના પ્રથમ અચલગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિદ્યાસાગરસૂરિ સં. ૧૭૯૭ ના કાર્તિક સુદ ૫ ના મંગળવારે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

**૬૭. સમભાવી શ્રી ઉદયસાગરસૂરિ**

જામનગરમાં ઓશવાળ વ્યવહારી શાહ કલ્યાણની ભાર્યા જયવંતીની કુક્ષિથી સં. ૧૭૬૩ ના ચૈત્ર સુદી ૧૩ના દિને ગોવર્ધનકુમારનો જન્મ થયો હતો. સં. ૧૭૭૭ માં વિદ્યાસાગરસૂરિ કચ્છ ભૂજમાં બિરાજમાન હતા, ત્યારે ગોવર્ધન સહ માબાપ સૂરિજીનાં દર્શને ઉપાશ્રયમાં આવ્યાં. બાળકનો તેજસ્વી ભાલપ્રદેશ જોઈ સૂરિજીએ કહ્યું કે આ બાળક ભાવિમાં મહાન થશે. ગુરુની વાણી સાંભળી માતા–પિતા આનંદિત થયા. તેઓએ ગુરુને જણાવ્યું કે આ બાળક આપને જ વહોરાવીએ છીએ.

**ગુરુવર સાથે દક્ષિણ ભારતમાં વિહાર :**

સં. ૧૭૭૭ માં સૂરિજીએ આ બાળકને દીક્ષા આપીને 'જ્ઞાનસાગરજી' નામાભિધાન કર્યું. દીક્ષા બાદ મુનિ જ્ઞાનસાગરજીએ જ્ઞાનયજ્ઞ આરંભ્યો. અલ્પ સમયમાં તેઓ અનેક શાસ્ત્રોના અભ્યાસી બની ગયા. આગળ આપણે જોઈ ગયા, તેમ મુનિ જ્ઞાનસાગર પોતાના ગુરુ વિદ્યાસાગરસૂરિ સાથે દક્ષિણ ભારતમાં જાલના, ઔરંગાબાદ, બુરહાનપુર વગેરે પ્રદેશોમાં વિચર્યા. સુરતમાં પણ વિચર્યા. ગુરુની સાથે તેઓએ પણ સર્વત્ર ધર્મોપદેશ આપી યશકીર્તિ સંપાદિત કરી.

બુરહાનપુરના શ્રેષ્ઠિઓ કસ્તુરભાઈ, ભોજાભાઈ, દોશી દુર્લભભાઈ વગેરેના આગ્રહથી મુનિ જ્ઞાનસાગરજીએ સં. ૧૭૮૬–૮૭ માં 'ભાવપ્રકાશ' અપર નામ 'છ ભાવ સજઝાય' તથા 'સમક્તિ સજઝાય' અપર નામ 'વીર જિન સ્તવન' – આ તત્ત્વગર્ભિત કૃતિઓ રચી. તેમણે હિંદી અને મરાઠીમાં નેમનાથ ભગવાનનાં ગીતો રચ્યાં.

સુરતમાં વિદ્યાસાગરસૂરિએ સં. ૧૭૯૭ ના કાર્તિક સુદિ ૩ ને રવિવારે મુનિશ્રી જ્ઞાનસાગરજીને સૂરિ પદવી આપી. સાથે નામ પણ 'ઉદયસાગરસૂરિ' રાખ્યું. આ પ્રસંગે સુરતના સંઘે ખૂબ ધન ખર્ચ્યું. કારતક સુદ ૩ ના પદ મહોત્સવ ઉજવાયો અને કારતક સુદ ૫ ના વિદ્યાસાગરસૂરિ કાળધર્મ પામ્યા. ગુરુની સ્મૃતિ નિમિત્તે સુરતના હરિપુરામાં આવેલા ભવાનીવડ પાસેના અચલગચ્છીય ઉપાશ્રયમાં વિદ્યાસાગરસૂરિની ચરણ પાદુકાઓ સ્થાપવામાં આવી.

સુરતના સંઘે સં. ૧૭૯૭ ના માગશર સુદી ૧૩ ના દિવસે ઉદયસાગરસૂરિને ગચ્છનાયક પદે બિરાજમાન કર્યા. તેઓ પ્રથમ હાલારી પટ્ટધર થયા.

**જામનગરનાં જિનાલયોનો ઉદ્ધાર :**

ઉદયસાગરસૂરિના ઉપદેશથી જામનગરના વર્ધમાન શાહ – પદ્મસિંહ શાહ કારિત જિનાલયો તથા અન્ય જિનાલયોનો સં. ૧૭૮૭ માં લાલન ગોત્રીય તલકશીએ જીર્ણોદ્ધાર કરાવ્યો અને સં. ૧૭૮૮ ના શ્રાવણ સુદ ૭ ના ગુરુવારે સર્વે જિનબિંબોની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી. આ કાર્યમાં મંત્રી તલકશીએ એક લાખ કોરી ખરચી. અડધો લાખ કોરી કચ્છ માંડવીથી વલમજી લાલને પણ મોકલાવેલી. ઉક્ત બન્ને શ્રેષ્ઠિવર્યો વર્ધમાન શાહ અને પદ્મસિંહ શાહના વંશજ હતા. મંત્રી તલકશીએ જામનગરમાં એક પૌષધશાળા પણ બંધાવી. ઉદયસાગરસૂરિ નવસારી પણ પધારેલા. ત્યાંના પારસીઓને પણ તેમણે જૈન ધર્મનું તત્વજ્ઞાન સમજાવી પ્રભાવિત કરેલા.

**ગુજરાતમાં ધર્મની શાસન – પ્રભાવના :**

ઉદયસાગરસૂરિની પ્રેરણાથી સુરતના આગેવાન શ્રેષ્ઠિ ખુશાલ શાહે શત્રુંજય તીર્થનો સંઘ કાઢયો હતો. તીર્થની યાત્રા બાદ સૂરિજીએ પાલીતાણામાં અલ્પ સમય સ્થિરતા કરી. પાલીતાણાના શ્રાવકો તથા ઝવેરીઓ સૂરિજીના અનન્ય ભક્ત બન્યા. સૂરિજીએ પાલીતાણાના સ્થાનકવાસીઓને પ્રતિબોધી જિનપ્રતિમાનાં દર્શન–પૂજન કરતા કર્યા. સુરત સંઘના આગ્રહથી ઉદયસાગરસૂરિ પાછા સુરત પધાર્યા અને ત્યાં ચાતુર્માસ કર્યું. વડોદરાના શ્રેષ્ઠિ શ્રી તેજપાળે સૂરિજીના ઉપદેશથી ધર્મકાર્યોમાં ખૂબ ધન ખર્ચ્યું. ગોધરા (પંચમહાલ)ની ચાતુર્માસ માટે વિનંતિ હતી, પણ અમદાવાદ સંઘના અતિ આગ્રહથી તેઓ અમદાવાદ પધાર્યા. અમદાવાદના સંઘે સૂરિજીનું ભવ્ય સામૈયું કર્યું. ત્યાંના સંઘની આગ્રહભરી વિનંતીથી તેઓ ત્યાં જ ચાતુર્માસ રહ્યા. શ્રેષ્ઠિવર્યો ખુશાલચંદ, જગજીવનદાસ, હરખચંદ, પ્રેમચંદ, હીરાચંદ આદિએ નવાંગ પૂજા, પ્રભાવનાદિમાં ખૂબ ધન ખર્ચ્યું.

અમદાવાદ બાદ કચ્છના સંઘની આગ્રહભરી વિનંતિથી ઉદયસાગરસૂરિ કચ્છ પધાર્યા અને કચ્છમાં ધર્મોપદેશ આપી અનેકવિધ શાસન પ્રભાવનાનાં કાર્યો કર્યાં.

**ઉપાધ્યાય શ્રી દર્શનસાગરજી :**

ઉદયસાગરસૂરિના શિષ્યોમાં કીર્તિસાગરસૂરિ, ઉપાધ્યાય કીર્તિસાગરજી, ઉપાધ્યાય દર્શનસાગરજી આદિ મુખ્ય હતા. ઉપા. દર્શનસાગરજીએ આદિનાથ રાસ, પંચકલ્યાણક સ્તવન ચોવીસી સમેત ગ્રંથો રચ્યા. ઉપા. દર્શનસાગરજી નળિયાના ઔદિચ્ય બ્રાહ્મણ

હતા. મૂળ નામ દેવશંકર હતું. તેઓએ સં. ૧૮૦૩ ના પોષ સુદ ૩ ના દીક્ષા સ્વીકારી હતી. સં. ૧૮૦૮ માં ઉપાધ્યાય પદધારક બન્યા હતા.

**તીર્થના સંઘો અને જિનાલય નિર્માણ :**

સં. ૧૮૦૪ માં સુરતના શ્રીમાલી શ્રેષ્ઠિ કચરાભાઈ કીકાએ શત્રુંજય તીર્થનો સંઘ કાઢચો હતો, તેમાં ઉદયસાગરસૂરિ ઉપરાંત અન્ય ગચ્છના મુનિવરો પણ સામેલ થયેલા. શ્રેષ્ઠિ કચરાના પુત્ર તારાચંદે પણ શત્રુંજય તીર્થનો સંઘ ઉદયસાગરસૂરિની નિશ્રામાં કાઢેલો. સૂરિજીના ઉપદેશથી તારાચંદે શત્રુંજય તીર્થ ઉપર શિખરબંધ જિનાલય બંધાવેલું. સં. ૧૮૨૧ ના માગસર સુદ ૭ ના સોમવારે શ્રેષ્ઠિ કચરા કીકાએ ગોડી પાર્શ્વનાથ તીર્થનો પણ સંઘ કાઢેલો. જેમાં ઉદયસાગરસૂરિ પણ સામેલ હતા. સુરતના શ્રેષ્ઠિ શ્રી ભૂખણદાસે પણ તીર્થનો સંઘ કાઢચો ને ધર્મકાર્યોમાં ખૂબ ધન ખર્ચ્યું.

**શ્રી ઉદયસાગરસૂરિના ગ્રંથો :**

ઉદયસાગરસૂરિ અચ્છા ગ્રંથકાર પણ હતા. તેમના ગ્રંથો આ પ્રમાણે છે : (૧) વર્ધમાન દ્વાત્રિંશિકા અવચૂરિ, (૨) ક્ષેત્ર સમાસ–વિવરણ, (૩) સ્નાત્રપૂજા પંચાશિકા, (૪) ચોત્રીશ અતિશય છંદ, (૫) ભાવપ્રકાશ, (૬) સમકિતની સજ્ઝાય, (૭) અંતરિક્ષ સ્તોત્ર, (૮) ગોડી પાર્શ્વનાથ સ્તોત્ર, (૯) ગુણવર્મા રાસ, (૧૦) ષડાવશ્યક સજ્ઝાય વગેરે. આ ગ્રંથો દ્વારા તેમની અસાધારણ વિદ્વતાનો પરિચય મળી રહે છે.

સૂરતના સંઘ પર ઉદયસાગરસૂરિનો વિશેષ ઉપકાર છે. તેમનું મૃત્યુ પણ સુરતમાં જ થયું. તેઓ સં. ૧૮૨૬ માં આસો સુદ ૨ ના ૬૩ વરસનું આયુષ્ય ભોગવી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

## ૬૮. શ્રી કીર્તિસાગરસૂરિ :

કચ્છના દેશલપુર ગામમાં વીસા ઓશવાળ જ્ઞાતિય શ્રેષ્ઠિ માલસિંહની પત્ની આસબાઈની કુક્ષિથી બાળકનો જન્મ થયો. આ બાળક કુંવરજીએ સં. ૧૭૯૬ માં ઉદયસાગરસૂરિ પાસે દીક્ષા લીધી હતી. તેમનું કીર્તિસાગર નામ રાખવામાં આવ્યું હતું. સં. ૧૮૨૩ માં સુરતમાં તેમને આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ખુશાલચંદ શાહે તથા શ્રેષ્ઠિ ભૂખણદાસે છ હજાર રૂપિયા ખર્ચી લહાવો લીધો હતો. સં. ૧૮૨૬ માં તેમને અંજારમાં ગચ્છેશપદથી અલંકૃત કરવામાં આવ્યા હતા. તેઓ સં. ૧૮૪૩ ના ભાદરવા સુદ ૬ ના કાળધર્મ પામ્યા હતા.

કીર્તિસાગરસૂરિના સમયમાં શ્રમણોમાં શિથિલતા વધી રહી હતી, અને તેઓ

'ગોરજી'ના સ્વાંગ ધરી રહ્યા હતા. કચ્છની સેંકડો પોષાળોમાં સ્થિરવાસ કરી તેઓ લૌકિક પ્રવૃત્તિઓમાં પડી ગયા હતા.

**ગુજરાતમાં અચલગચ્છીય જિનાલયો – ઉપાશ્રયો ઇત્યાદિ :**

કીર્તિસાગરસૂરિના વખતમાં અમદાવાદના શેખપાડામાં અચલગચ્છીય શ્રાવકોએ પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય બંધાવ્યું. અમદાવાદની રતનપોળમાં આવેલું શાંતિનાથ જિનાલય પણ અચલગચ્છીય શ્રાવકોએ બંધાવ્યું છે. ગુજરાતમાં માંડલ પણ અચલગચ્છનું કેન્દ્ર હતું અને હાલ પણ છે. ત્યાંનો અચલગચ્છીય સાધુઓનો ઉપાશ્રય કીર્તિસાગર-સૂરિના ઉપદેશથી બંધાયેલ છે.

**૬૯. શ્રી પુણ્યસાગરસૂરિ :**

વડોદરાના પ્રાગ્વાટ શાહ રામસીનાં પત્નિ મીઠીબાઈની કુક્ષિએ સં. ૧૮૧૭ માં પાનાચંદનો જન્મ થયો હતો. સં. ૧૮૨૪ માં પાનાચંદ કીર્તિસાગરસૂરિના શ્રાવકપણે શિષ્ય થયા અને સં. ૧૮૩૩ માં કચ્છ–ભુજપુરમાં દીક્ષા લીધી. નામ 'પુણ્યસાગરજી' રાખવામાં આવ્યું. સં. ૧૮૪૩ માં કીર્તિસાગરસૂરિ કાળધર્મ પામતાં સુરતમાં જ તેઓ સૂરિ અને ગચ્છેશપદ ધારક બન્યા. આ પ્રસંગે લાલચંદે દ્રવ્ય ખરચી મહોત્સવ કર્યો. સં. ૧૮૭૦ માં કારતક સુદ ૧૩ ના પાટણમાં તેઓ કાળધર્મ પામ્યા.

પુણ્યસાગરસૂરિ કૃત સ્તવનો અને પ્રતિષ્ઠા લેખો પ્રાપ્ત થાય છે.

**૭૦. શ્રી રાજેન્દ્રસાગરસૂરિ :**

તેઓશ્રી અંગે વિશેષ માહિતી ઉપલબ્ધ બની શકી નથી. તેઓ સુરતમાં જન્મ્યા હતા અને સં. ૧૮૯૨ માં કચ્છ માંડવીમાં કાળધર્મ પામ્યા હતા. પણ અનુમાન કરી શકાય છે કે પુણ્યસાગરસૂરિ સં. ૧૮૭૦ માં કાતરક સુદ ૧૩ ના કાળધર્મ પામ્યા હતા. ત્યાર બાદ તેઓ સૂરિ અને ગચ્છેશપદ ધારક બન્યા હતા. તેમના અજ્ઞાત શિષ્ય દ્વારા રચિત 'શ્રી રાજેન્દ્રસાગરસૂરિ ભાસ' પ્રાપ્ત થાય છે.

**અનેક જિનાલયોની પ્રતિષ્ઠાઓ :**

રાજેન્દ્રસાગરસૂરિના ઉપદેશથી મંજલ (નખત્રાણા)ના જિનાલયનું નિર્માણ અને પ્રતિષ્ઠા થઈ. હાલ આ શિલાલેખ મંજલના જિનાલયના નીચેના હૉલમાં છે. તેમના વખતમાં ભુજના અચલગચ્છીય ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો તથા સં. ૧૮૮૯ ના શ્રાવણ સુદિ ૯ ના મુંબઈના ખારેક બજાર (કાથા બજાર)માં ક. દ. ઓ. શેઠશ્રી નરશી નાથા આદિ અચલગચ્છીય શ્રાવકોએ શ્રી અનંતનાથજી જિનાલયની પ્રતિષ્ઠા કરાવી.

## ૭૧. શ્રી મુક્તિસાગરસૂરિ :

માળવા દેશની ઉજ્જૈની નગરીના ઓશવાળ શાહ ખીમચંદનાં પત્ની ઉમેદબાઈએ સં. ૧૮૫૭ માં મોતીચંદને જન્મ આપ્યો હતો. મોતીચંદને સં. ૧૮૬૭ ના વૈશાખ સુદ ૩ ના દીક્ષા અને સં. ૧૮૯૨, વૈશાખ સુદ ૧૨ ના પાટણમાં આચાર્યપદ સાથે ગચ્છનાયક પદ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રેષ્ઠિ નથુ ગોકુળજીએ મહોત્સવ કર્યો હતો. ત્યાર બાદ તેઓ મુક્તિસાગરસૂરિ તરીકે પ્રસિદ્ધ થયા હતા.

### જિનબિંબોની અંજનશલાકા અને પ્રતિષ્ઠા :

મુક્તિસાગરસૂરિ સં. ૧૮૯૩ માં પાલીતાણા પધાર્યા. અહીં તેમના ઉપદેશથી શ્રેષ્ઠિ ખીમચંદ મોતીચંદે શત્રુંજય તીર્થ ઉપર ટૂંક બંધાવી તથા મુક્તિસાગરસૂરિના હાથે સાત સો જિનબિંબોની અંજનશલાકા સહ પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યાંથી વિહાર કરતાં તેઓ નળિયા (કચ્છ) પધાર્યા. અહીં નાગડા ગોત્રીય દશા ઓશવાળ જ્ઞાતિના શ્રેષ્ઠિ શ્રી નરશી નાથા રહેતા હતા. આ શ્રેષ્ઠિએ નળિયામાં શ્રી ચંદ્રપ્રભુ ભગવાનનું વિશાળ શિખરબંધ જિનાલય બંધાવ્યું. સં. ૧૮૯૭ ના મહા સુદ ૫ ના સૂરિજીની નિશ્રામાં ઉક્ત જિનાલયમાં જિન પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા કરવામાં આવી. શેઠ નરશી નાથાએ સમસ્ત લઘુ વૃદ્ધ ઓશવાળ જ્ઞાતિમાં ઘર દીઠ સાકર ભરેલી એક થાળી તથા એક રૂપિયાની પ્રભાવના કરી. તેમણે બે મેળાઓ કરી બાવન ગામના મહાજનોને જમાડ્યા.

### શ્રી નરશી નાથાનાં ધર્મકાર્યો :

શેઠ નરશી નાથાએ શત્રુંજય તીર્થ પર ભવ્ય ટૂંક બંધાવી. તેમાં ચરિત્રનાયકની નિશ્રામાં ચંદ્રપ્રભુની પ્રતિષ્ઠા કરાવી. નળિયા તથા સુથરીના જિનાલયોમાં રૂપાનાં કમાડો ચઢાવ્યાં. મુંબઈમાં ખારેક બજારમાં આવેલ શ્રી અનંતનાથ પ્રભુના જિનાલયના વિકાસમાં શેઠ નરશી નાથાની ભાવનાઓ ભરાયેલી પડી છે. સં. ૧૮૯૦ ના શ્રાવણ શુદ ૯ ના અનંતનાથ જિનાલયની પ્રતિષ્ઠા મુક્તિસાગરસૂરિની નિશ્રામાં કરવામાં આવી. તે વખતે ચરિત્રનાયક સૂરિપદ ધારક ન હતા. શ્રેષ્ઠિ નરશી નાથાએ માંડવીમાં ધર્મશાળા અને જિનાલય બંધાવ્યાં. પાલીતાણામાં ઉક્ત શ્રેષ્ઠિની સ્મૃતિમાં વીરજી શેઠે 'નરશી નાથા ધર્મશાળા' બંધાવી. આ ધર્મશાળામાં ચંદ્રપ્રભુ જિનાલય પણ બાંધવામાં આવ્યું. શેઠ શ્રી નરશી નાથાએ પાલીતાણામાં ગોડી પાર્શ્વનાથ જિનાલય સામેના અચલગચ્છીય ઉપાશ્રયનો જીર્ણોદ્ધાર પણ કરાવ્યો.

તેમના વંશજ હરભમ શેઠે નરશી નાથાની જેમ ધર્મકાર્યોમાં વિપુલ ધન ખર્ચ્યું.

સં. ૧૯૮૭ માં પારોલામાં તેમણે શાંતિનાથ પ્રભુનું જિનાલય બંધાવ્યું. ઉદેપુરમાં શીતલનાથ જિનાલય, સં. ૧૯૧૮ માં નળિયામાં અષ્ટાપદજીનું ભવ્ય જિનાલય બંધાવ્યું. અમરાવતી, શિરપુર અને કુમઠામાં પણ જિનાલય–ધર્મશાળા ઇત્યાદિ બંધાવ્યાં. શેઠ નરશી નાથા દશા ઓશવાળ જ્ઞાતિમાં 'જ્ઞાતિ શિરોમણિ' તરીકે કીર્તિ પામ્યા છે.

**શ્રી જીવરાજ રતનશીનાં ધર્મકાર્યો :**

સં. ૧૯૦૫ ના મહા સુદ ૫ ના રોજ શેઠ જીવરાજ રતનશીએ કચ્છ–જખૌમાં શ્રી મહાવીર પ્રભુનું વિશાળ જિનાલય બંધાવ્યું. તેની પ્રતિષ્ઠા પણ મુક્તિસાગરસૂરિની નિશ્રામાં કરવામાં આવી. જખૌના વિશાળ વંડાના જિનાલયોના સમૂહને જીવરાજ શ્રેષ્ઠિના પોતાના પિતાના નામથી 'રત્ન ટૂંક' કહેવાય છે. અબડાસાની સુથરી પંચતીર્થીમાં આ 'રત્ન ટૂંક' જખૌ – તીર્થની ગણના થાય છે. જીવરાજ શેઠે કચ્છ અંજારમાં પણ સં. ૧૯૨૧ માં સુપાર્શ્વનાથ જિનાલય બંધાવ્યું. જામનગરમાં વિશાળ જમીન ખરીદી અજિતનાથ જિનાલય અને ઉપાશ્રય બંધાવ્યાં. તે હાલ જીવરાજ રતનશીના વંડા તરીકે ઓળખાય છે.

**કચ્છનું ગૌરવવંતુ સુથરી તીર્થ :**

મુક્તિસાગરસૂરિના સમયમાં સુથરી તીર્થ વિશેષ પ્રસિદ્ધિ પામ્યું. સં. ૧૮૯૬ માં ધૃતકલ્લોલ પાર્શ્વનાથના કાષ્ટગૃહ મંદિર પાસે શિખરબંધ જિનાલય બાંધવામાં આવ્યું અને વૈશાખ સુદ ૮ ના પ્રતિષ્ઠા કરવામાં આવી.

**સાવરકુંડલા, ભાવનગરમાં અચલગચ્છીય જિનાલયો :**

સં. ૧૯૦૯ માં અચલગચ્છીય શેઠ કુટુંબના વારુણ પ્રેમજીના વંશજોએ સાવર-કુંડલામાં અચલગચ્છ જિનાલય બંધાવ્યું. અચલગચ્છીય મુનિ ભાવસાગરજીના ઉપદેશથી સં. ૧૮૫૦ આસપાસમાં ભાવનગરમાં ગોડી પાર્શ્વનાથ જિનાલય, ઉપાશ્રય અને જ્ઞાન-ભંડાર બાંધવામાં આવ્યાં.

**કચ્છનાં અનેક ગામોમાં જિનાલય-નિર્માણ :**

આ જ અરસામાં કચ્છ ભુજપુરમાં અચલગચ્છીય શ્રેષ્ઠિ ચાંપશી ભીમશીએ સં. ૧૮૯૭ માં ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય બંધાવ્યું. તેની પ્રતિષ્ઠા ફાગણ સુદ ૩ ના અચલગચ્છાધિપતિ શ્રી મુક્તિસાગરસૂરિની નિશ્રામાં કરવામાં આવી. એ જ વરસોમાં નાના આસંબીઆ, મોટા આસંબીઆ, બાયઠ, કુંદરોડી, વિંઝાણ, તેરા, આધોઈ, વડાલામાં પણ શિખરબંધ જિનાલયો બંધાયાં અને તેમની પ્રતિષ્ઠાઓ થઈ. આ વખતમાં કચ્છ અચલગચ્છનું મુખ્ય કેન્દ્ર બન્યું હતું. ગુજરાત, મારવાડ તરફ અચલગચ્છીય શ્રમણોનો વિહાર અલ્પ હતો.

મુક્તિસાગરસૂરિએ રચેલી કૃતિઓમાં ભવાટવી સજ્ઝાય, જ્ઞાનપંચમી ચોઢાળિયું તથા અનેક સ્તવનો પ્રાપ્ત થાય છે.

મુક્તિસાગરસૂરિએ સં. ૧૮૯૮ માં જામનગર, સં. ૧૯૦૨ માં જખૌ તથા સં. ૧૯૧૦ માં ભુજપુરમાં ચાતુર્માસ કર્યા હતા. તથા સં. ૧૯૮૩ ના ચૈત્ર વદ ૨ ના મુક્તિસાગરસૂરિએ પાવાગઢની યાત્રા કરી હતી.

મોટી પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે મુક્તિસાગરસૂરિ ૫૭ વર્ષનું આયુષ્ય ભોગવી સં. ૧૯૧૪ માં કાળધર્મ પામ્યા.

**૭૨. અનેક જિનબિંબ પ્રતિષ્ઠાપક શ્રી રત્નસાગરસૂરિ :**

કચ્છના મોથારા ગામમાં વીશા ઓશવાળ જ્ઞાતીય શાહ લાડણ પચાણનાં પત્ની ઝુમાબાઈની કુક્ષિથી સં. ૧૮૯૨ માં તેમનો જન્મ થયો હતો. સં. ૧૯૦૫ માં યતિદીક્ષા લીધી હતી. સં. ૧૯૧૪ માં મુક્તિસાગરસૂરિ કાળધર્મ પામતાં તેઓ આચાર્ય અને ગચ્છેશ તરીકે પ્રસિદ્ધ થયા હતા. સં. ૧૯૨૮ ના શ્રાવણ સુદ ૨ ના ૩૬ વરસની વયે સુથરીમાં કાળધર્મ પામ્યા હતા.

**શ્રી કેશવજી નાયક ઇત્યાદિનાં ધર્મકાર્યો :**

રત્નસાગરસૂરિ બહુધા કચ્છમાં રહ્યા હતા. સાધનો દ્વારા તેઓ મુંબઈ પણ આવેલા. રત્નસાગરસૂરિની પ્રેરણાથી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના મુકુટમણિ શ્રેષ્ઠિ શ્રી કેશવજી નાયક દ્વંડે અનેકવિધ ધાર્મિક કાર્યો કર્યાં.

સં. ૧૯૧૪ માં પોતાના વતન કચ્છ–કોઠારામાં શ્રેષ્ઠિશ્રી કેશવજી નાયક, શ્રેષ્ઠિશ્રી વેલજી માલુ, શ્રેષ્ઠિશ્રી શીવજી નેણશી–આ ત્રણે જણાએ મળી ઉત્તુંગ જિનાલય બંધાવવાનો પ્રારંભ કર્યો અને સં. ૧૯૧૮ ના મહા સુદ ૧૩ ના બુધવારે ગચ્છાધિપતિ શ્રી રત્નસાગરસૂરિના ઉપદેશથી પ્રતિષ્ઠા થઈ. મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનને શ્રેષ્ઠિ કેશવજી નાયકે બિરાજિત કર્યા. પ્રતિષ્ઠા પ્રસંગે ભવ્ય મહોત્સવ ઉજવવામાં આવ્યો. આ ઉત્તુંગકાય જિનાલય કચ્છ–સાભરાઈના સ્થપતિ નથુની દેખરેખ હેઠળ કચ્છી કારીગરોએ નિર્માણ કર્યું. તે વખતે કચ્છ પર પ્રાગમલજી મહારાઓનું રાજ્ય હતું. જિનાલયોના સમૂહને 'કલ્યાણ ટૂંક' કહેવાય છે. મુખ્ય મેરુપ્રભ જિનાલય સાત ગંભારા યુક્ત તથા ઉપર ત્રણ ચૌમુખ અને તે ઉપર પાંચ શિખર તથા રંગમંડપ અને મુખમંડળ ઉપર ચારે બાજુ સામાણી તેમ જ જિનાલય નીચે મોટું ભોંયરું કરવામાં આવ્યું હતું. આ પ્રતિષ્ઠા વખતે ઉક્ત ત્રણે શ્રેષ્ઠિઓએ મળીને મુંબઈથી શત્રુંજયનો સંઘ કાઢયો. શત્રુંજયથી આ સંઘ કોઠારા આવ્યો અને રત્નસાગરસૂરિની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ અનેરા ઉલ્લાસ સાથે ઉજવાયો. અન્ય શ્રેષ્ઠિઓએ પણ કલ્યાણ ટૂંકના ગઢમાં નાનાં

જિનાલયો અને દેવકુલિકાઓ બંધાવી. જાણે એક મોટો પહાડ ઊભો કરાયો ન હોય, એવી ઘટ્ટ બાંધણીનું આ જિનાલય સમગ્ર કચ્છમાં વિશાળતા, ભવ્યતામાં પ્રથમ નંબરે છે. આ તીર્થ રૂપ જિનાલય અબડાસા – સુથરીની પંચતીર્થીમાં ગણાય છે.

કોઠારાની પ્રતિષ્ઠા વખતે શ્રેષ્ઠિ કેશવજી નાયકે સંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રા કરેલી. તે વખતે જ ગિરિરાજ પર બે ટૂંકો અને ગામમાં કોટ બહાર ધર્મશાળા કરવા મનોરથ જાગતાં તે માટે તે તે સ્થળે જમીન લઈ ખાતમુહૂર્ત કર્યું હતું. મકરાણાથી સુંદર આરસ મંગાવી હજારો જિન પ્રતિમાજીઓ તૈયાર કરાવી. અન્ય શ્રેષ્ઠિઓએ પણ જિનબિંબો ભરાવ્યાં. પાલીતાણામાં આ પ્રસંગે બાર દિવસનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. સં. ૧૯૨૧, મહા સુદ ૭ ને ગુરુવારે એક ઘટી ચોવીસ પળે સાતેક હજાર જિનબિંબોને શ્રી રત્નસાગરસૂરિએ સોનાના અમીથી અંજન કરી પ્રાણપ્રતિષ્ઠા કરી. મહા સુદ ૧૩ ને બુધવારે 'નરશી કેશવજી' નામથી શત્રુંજય તીર્થ ઉપર બંધાયેલ ટૂંકમાં શ્રી અભિનંદન સ્વામી આદિ જિનબિંબોને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યાં તથા પાલીતાણામાં કેશવજી નાયક ધર્મશાળામાં પણ જિનાલયમાં ઋષભાનન, ચંદ્રાનન, વર્દ્ધમાન અને વારિષેણ – આ ચાર શાશ્વતા ચતુર્મુખ જિનબિંબોની પ્રતિષ્ઠા કરવામાં આવી. સં. ૧૯૨૮ માં એ જ તીર્થ ઉપર વાઘણ પોળ પાસે શ્રી અનંતનાથ ટૂંક બંધાવી પ્રતિષ્ઠા કરવામાં આવી. આ ટૂંક 'કેશવજી નાયક'ની ટૂંક તરીકે પણ પ્રસિદ્ધ છે. કેશવજી શેઠે અંજન શલાકામાં ૧૫ લાખ રૂપિયા ખર્ચ્યા. આ પ્રસંગની સ્મૃતિ માટે તેમણે આણંદજી કલ્યાણજી પેઢીમાં એક લાખ રૂપિયા સાધારણ ખાતામાં ભરી સૌને આશ્ચર્યચકિત કરી દીધા. મહા વદ ૧ ના કેશવજી શેઠને સંઘપતિની માળ પહેરાવી તિલક કરવામાં આવ્યું.

સંઘ સહિત કેશવજી નાયકે ગિરનાર મહાતીર્થના જીર્ણોદ્ધારની આવશ્યકતા હોઈ રૂ. ૪૫,૦૦૦ ના ખર્ચે તે કામ પૂરું કરાવી આપ્યું. કેસરીઆજી તીર્થનો સંઘ કાઢ્યો. સમેતશિખરજીમાં બે દેવકુલિકાઓનો જીર્ણોદ્ધાર કરાવી પ્રતિષ્ઠા કરાવી. તેમણે વાલકેશ્વરમાં પોતાના બંગલા પાસે જિનમંદિર બંધાવ્યું. મોટી ખાવડી તથા જશાપુરમાં જિનાલય–ઉપાશ્રય બંધાવ્યાં. અચલગચ્છીય શ્રાવક શ્રેષ્ઠિશ્રી ભીમશી માણેકે જૈન સાહિત્યના મુદ્રણમાં ખૂબ જ પ્રયત્નો કર્યા. તેમાં કેશવજી નાયકે તેમને આર્થિક રીતે ખૂબ જ સહાયતા કરી. કેશવજી શેઠનાં પત્ની વીરબાઈનાં નામથી વીરબાઈ પાઠશાળા, જ્ઞાનભંડાર, વીર-જિન–જિનાલય આદિ બંધાયાં. કેશવજી શેઠના પુત્ર નરશીભાઈ એ પણ ધર્મોન્નતિમાં ઘણું ધન ખર્ચ્યું.

### કચ્છમાં જિનાલયોનું નિર્માણ અને પ્રતિષ્ઠાનાં કાર્યો :

શ્રી રત્નસાગરસૂરિના સમયમાં કચ્છ અબડાસાનાં શહેરો અને ગામડાઓમાં તથા મોખા, વડસર, કાંડાગરા, બારોઈ, બાંડીઆ, ડુમરા, કોડાય, ચીઆસર, કોટડી મહાદેવપુરી, પત્રી ઇત્યાદિ ગામોમાં જિનાલયો બંધાયાં. આ જિનાલયોમાં તથા તીર્થોની દેવકુલિકાઓમાં સં. ૧૯૨૧ માં પાલીતાણામાં થયેલ અંજનશલાકાનાં પ્રતિમાજીઓ બિરાજીત કરવામાં આવ્યાં છે. માનકૂવા, મંજલ (નખત્રાણા), નાગલપુર, બીદડા, લાલવાડી, ભાતબજાર, ઘાટકોપર, ઉપરીઆળા, મૂછાળા મહાવીર આદિ જિનાલયોમાં પણ ઉક્ત પ્રતિમાજીઓ બિરાજીત છે. ઉપરોક્ત જિનાલયોની હકીકતોથી એ નક્કી થાય છે કે તે વખતે અચલગચ્છના શ્રાવકો શ્રીમંત હતા. આ જિનાલયો સાથે કચ્છના પ્રત્યેક ગામડાઓમાં એક, બે અને કયાંક કયાંક ત્રણ પણ ઉપાશ્રયો છે.

### ૭૩. શ્રી વિવેકસાગરસૂરિ :

કચ્છ – નાના આસંબીઆના વીશા ઓશવાળ શાહ ટોકરશીનાં પત્ની કુંતાબાઈની કુક્ષિથી સં. ૧૯૧૧માં વેલજીભાઈનો જન્મ થયો હતો. તેઓ બાળવયથી રત્નસાગરસૂરિ સાથે રહ્યા હતા. સં. ૧૯૨૮માં રત્નસાગરસૂરિ કાળ કરતાં યતિદીક્ષા લીધી. બાદ કચ્છ માંડવીમાં જ આચાર્ય અને ગચ્છનાયક પદ પામ્યા હતા. સં. ૧૯૪૮ ના ફાગણ સુદ ૩ ના ગુરુવારે મુંબઈમાં જ કાળધર્મ પામ્યા હતા. તેમણે યતિ સમુદાય સાથે સિદ્ધગિરિ–પાવાગઢની યાત્રા કરી હતી. ત્યાંથી તેઓ મુંબઈ આવ્યા હતા. યતિ–સમુદાય વહાણ માર્ગે કચ્છ ગયો. સં. ૧૯૨૮ માં અનંતનાથ જિનાલયમાં ચાતુર્માસ રહ્યા. સં. ૧૯૩૨ માં કેસરીઆજીની સંઘ સાથે યાત્રા કરી. તેમનો યતિ સમુદાય વાહન–વહાણ ઇત્યાદિ સાધનોનો મુસાફરીમાં ઉપયોગ કરતો હતો. સં. ૧૯૩૪ માં તેમની નિશ્રામાં ઉનડોઠની પ્રતિષ્ઠા થઈ. સં. ૧૯૩૯ માં જામનગરમાં ચાતુર્માસ રહેલા. તે વખતે તેમના વ્યાખ્યાનમાં જામ વિભાજી પણ આવતા. સં. ૧૯૪૦ થી ૧૯૪૮ સુધી તેઓ મુંબઈમાં રહ્યા. સં. ૧૯૪૮ ના માગસરમાં ભીમજી શામજીએ કેસરીઆજીનો સંઘ કાઢેલો. ત્યાર બાદ તેઓ ઝામરાની બીમારીમાં પટકાયા. જિનેન્દ્રસાગર સમેત યતિઓએ સારી સુશ્રૂષા કરી. આ જીવલેણ બીમારીમાં જ તેઓ સ્વર્ગવાસ પામ્યા.

### કોડાય (કચ્છ) નો જૈન જ્ઞાન ભંડાર :

વિવેકસાગરસૂરિના સમયમાં વીશા ઓશવાળ હેમરાજ ભીમશીએ કોડાયમાં (કચ્છ) માં સં. ૧૯૩૦ માં સદાગમ પ્રવૃતિ શરૂ કરી. સં. ૧૯૩૨ માં તેમણે ફંડ કરાવી વિશાળ જ્ઞાનભંડાર તૈયાર કરાવ્યો. અનેક પ્રાચીન ગ્રંથોનો સંગ્રહ પણ કરવામાં આવ્યો.

અનેક પ્રતો લિપિબદ્ધ કરાઈ. આના કારણે પ્રાચીન જ્ઞાનભંડાર તરીકે કચ્છ કોડાયના ઉક્ત જ્ઞાનભંડારની ગણના થવા લાગી.

**શ્રી વિસનજી ત્રિકમજી અને ખેતશી ખુલ્લાનાં ધર્મકાર્યો :**

કચ્છ સુથરીના શ્રેષ્ઠિ સર વિસનજી ત્રિકમજી નાઈટ એ જ અરસામાં થઈ ગયા. તેમણે સન્માર્ગે વિપુલ ધનનો સદ્‌વ્યય કરીને કીર્તિને ઉજ્જવળ કરી. સાયરા, બારસી, આકોલા ઇત્યાદિમાં જિનાલયો બંધાવ્યાં. 'જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ' દ્વારા ગચ્છનું કેટલુંક ઉપયોગી સાહિત્ય પ્રકાશિત કરાવ્યું. સુથરીના શ્રેષ્ઠિ શ્રી ખેતશી ખુલ્લા પણ મહા દાનવીર શ્રેષ્ઠિ થઈ ગયા. જિનાલયોના જીર્ણોદ્ધાર પાછળ તેમણે લાખો રૂપિયા ખર્ચ્યા. સં. ૧૯૬૩ માં તેમણે બાવન ગામોના સંઘોને નિમંત્રી જ્ઞાતિમેળો કર્યો અને સાત ટંક મિષ્ટાન ભોજન કરાવ્યું. સં. ૧૯૭૨ માં હાલારમાં પણ જ્ઞાતિમેળો કર્યો. ઉદેપુર, વણથલી, ચાલીસગાંવ, ખંડવા, આકોલા, શિકાપુર ઇત્યાદિ સ્થળોએ ઉપાશ્રયો બંધાવી આપ્યા. ખંડવા અને ઉજ્જૈનમાં જેસંગપુરામાં પાર્શ્વનાથ પ્રભુનાં જિનાલયો બંધાવી આપ્યાં.

લીંબડીમાં ખેતશી શાહે શાંતિનાથ પ્રભુનું શિખરબંધ જિનાલય બંધાવી આપેલું. મુંબઈમાં નવપદજીનાં ઉજવણા વખતે ૮૦,૦૦૦ રૂપિયા ખર્ચ્યા. તેમના પુત્ર હીરજી શાહે પૂનાની ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટની લાયબ્રેરીને રૂા. ૫૦,૦૦૦ નું દાન આપ્યું તથા પ્રાચીન જૈન સાહિત્યનાં ગ્રંથો માટે રૂમ બંધાવી આપ્યો. તેના ઉપર તેમના નામની આરસની તકતી લગાડવામાં આવી.

**કચ્છમાં જિનાલયોનું નિર્માણ :**

આ અરસામાં નવીનાળ, સુજાપર, મોટા રતડીઆ, નાના રતડીઆ, રેલડીઆ, મંજલ, ભુવડ, ફરાદી, દુર્ગાપુર (નવાવાસ), આરીખાણા, તુંબડી, ગુંદિયાળી, વાંકી, દેશલપુર, વિથોણ, મેરાઉ, રાપર (ગઢવાળી), રાયણ, તલવાણા ઇત્યાદિ સ્થળોમાં જિનાલયો બંધાયાં અને તેના પ્રતિષ્ઠાદિ મહોત્સવો પણ ઉજવાયા.

વિવેકસાગરસૂરિના હસ્તે ગૌતમસાગરજીએ સં. ૧૯૪૦ માં માહીમ (મુંબઈ) માં યતિદીક્ષા સ્વીકારી. ગૌતમસાગરજીએ સુવિહિત માર્ગને પુનર્જીવિત કર્યો અને શાસન અને ગચ્છના ઇતિહાસમાં મહત્વનું પૃષ્ઠ ઉમેર્યું. (આ અંગે આપણે આગળ જોઈશું.)

**૭૪. ચરમ શ્રીપૂજ શ્રી જિનેન્દ્રસાગરસૂરિ :**

કચ્છ ગોધરાના વીશા ઓશવાળ જ્ઞાતીય કલ્યાણજી જીવરાજનાં પત્ની લાછબાઈની કુક્ષિથી સં. ૧૯૨૯ માં જેસિંગભાઈનો જન્મ થયો હતો. જેસિંગના પિતા સ્વયં વૈરાગી હતા

અને તેમને દીક્ષા લેવાની ભાવના હતી. આથી તેમણે પોતાનો બાળક વિવેકસાગરસૂરિને સોંપી દીધો. સં. ૧૯૪૦ માં વિવેકસાગરસૂરિએ મુંબઈમાં ચાતુર્માસ કરેલું, તે વખતે જેસિંગને પંડિતો પાસે અભ્યાસ કરાવવામાં આવ્યો. સં. ૧૯૪૮ માં વિવેકસાગરસૂરિ જીવલેણ માંદગીમાં પટકાયા, ત્યારે ગાદી વારસદારનો પ્રશ્ન ઉપસ્થિત થયો. ઘણી આનાકાનીના અંતે જેસિંગને ગાદીપતિ બનવા હા પાડવી પડી. સં. ૧૯૪૮ ના મહા વદ ૧૧ ના જેસિંગે યતિદીક્ષા લીધી અને જિનેંદ્રસાગર બન્યા. સં. ૧૯૪૮ ના મહા સુદ ૩ ના વિવેકસાગરસૂરિ કાળધર્મ પામ્યા બાદ શ્રાવણ સુદ ૧૦ ના મુંબઈમાં તેમનો પાટમહોત્સવ ઉજવવામાં આવ્યો. ત્યારથી તેઓ ગચ્છનાયક અને સૂરિ તરીકે પ્રસિદ્ધ થયા.

મુંબઈમાં કલુષિત વાતાવરણના કારણે તેઓ સં. ૧૯૫૧ માં કચ્છ આવ્યા. કચ્છમાં ભિન્ન ભિન્ન સ્થળે તેઓ ચાતુર્માસ દ્વારા સં. ૧૯૭૭ માં રેલમાર્ગે મુંબઈ ગયેલા. પચ્ચીશ દિવસની સાધારણ માંદગીને અંતે જિનેંદ્રસાગરસૂરિ સં. ૨૦૦૪ ના કારતક વદ ૧૦ ના કચ્છ–ભુજપુરમાં પોતાની પોશાળમાં જ સ્વર્ગસ્થ થયા. જિનેંદ્રસાગરસૂરિની વિદાયથી શ્રીપૂજ ગોરજીઓની પરંપરાનો પણ અંત આવ્યો.

પરમ ત્યાગી, પરમ તપસ્વી, ચારિત્રવંત, સુવિહિત શિરોમણિ તરીકે પ્રસિદ્ધ થયેલા અનેક સાધુ–સાધ્વીજીઓના નાયક શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજીએ શૂન્યમાંથી વિરાટનું સર્જન કર્યું. એ અંગેની વિસ્તૃત સમય પ્રસ્તુત છે. ☐

## વિભાગ : ૪

૭૫ મા પટ્ટધર, મહાન ક્રિયોદ્ધારક, કચ્છ-હાલાર દેશોદ્ધારક, પરમ ત્યાગી, અચલગચ્છાધિપતિ પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. અને તેમના પ્રતાપી પટ્ટધર, યુગપ્રભાવક, અચલગચ્છાધિપતિ પ. પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબનું જીવનવૃત

## મહાનત્યાગી, કચ્છ હાલાર દેશોદ્ધારક, ક્રિયોદ્ધારક
## શ્રી ગૌતમસાગરસૂરિ

**ગુલાબમલજી ઇત્યાદિ શિષ્યોની પ્રાપ્તિ :**

કચ્છ હાલાર દેશોદ્ધારક, મહાન ક્રિયોદ્ધારક, સુવિહિત શિરોમણિ જેવા બિરુદોથી પ્રસિદ્ધ પૂ. દાદા શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજીનો જન્મ સં. ૧૯૨૦ માં મારવાડના પાલી નગરમાં થયો હતો. તેમના પિતાનું નામ ધીરજમલજી અને માતાનું નામ ક્ષેમલદે હતું. જ્ઞાતિએ તેઓ શ્રીમાળી બ્રાહ્મણ હતા. સં. ૧૯૨૫ માં મારવાડ માં ભયંકર દુષ્કાળ પડ્યો. શિષ્યોની પ્રાપ્તિ અર્થે કચ્છથી દેવસાગરજી, અબેચંદજી, વીરજી અને નાનચંદજી આ ચાર યતિઓ કચ્છ દેશથી પાલી આવ્યા. તેમને કુલ આઠ શિષ્યોની પ્રાપ્તિ થઈ. શ્રીમાળી બ્રાહ્મણ ધીરમલે મિત્રતાથી પ્રેરાઈ પોતાની પત્નીને સલાહથી પોતાનો પુત્ર ગુલાબમલજી યતિ દેવસાગરજીને સમર્પિત કર્યો. બાળક ગુલાબમલનાં શુભ લક્ષણો જોઈ દેવસાગરજી ખૂબ જ પ્રસન્ન થયા. નવ બાળકોને લઈ ઉક્ત યતિઓ કચ્છ આવ્યા અને પોતપોતામાં શિષ્યોની વહેંચણી કરી લીધી. તેમાં યતિ દેવસાગરજી હસ્તક ગુલાબમલજી તથા કલ્યાણજી એમ બે બાળકો રાખવામાં આવ્યાં. યતિ દેવસાગરજી આ બાળકોને લઈ નાના આસંબીઆ આવ્યા. અહીં દેવસાગરજીએ કચ્છ – ભૂજની પોશાળ સંભાળતા પોતાના શિષ્ય સ્વરૂપસાગરજીને પોતાની પાસે બોલાવી આ બંને બાળકોને તેમના ગૃહસ્થ શિષ્ય બનાવ્યા. ગુલાબમલજીનું નામ 'જ્ઞાનચંદ્ર' રાખ્યું, જે પછીથી 'ગૌતમ-સાગરજી' નામે પ્રસિદ્ધ થયા.

અહીં દેવસાગરજી તથા સ્વરૂપસાગરજીની પૂર્વે થયેલ મહોપાધ્યાય રત્નસાગરજી આદિનો સંક્ષિપ્ત પરિચય જોઈએ :

**(૧) મહોપાધ્યાય શ્રી રત્નસાગરજી :**

આપણે આગળ જોયું કે, ૬૪ મા પટ્ટધર શ્રી કલ્યાણસાગરસૂરિના મહોપાધ્યાય રત્નસાગરજી ગણિ કુશળ મંત્રી જેવા શિષ્ય હતા. રત્નસાગરજી મ. સા. નો જન્મ સં. ૧૬૨૬ ના પોષ સુદ ૧૦ ના કચ્છ જખૌમાં થયો હતો. તેઓ દયા ઓશવાળ નાગડા ગોત્રીય આસુ શ્રેષ્ઠિની પત્ની કર્મદેવીના પુત્ર હતા. મૂળ નામ રતનશી હતું. બાળક સાત વરસનો થયો, ત્યારે માતા–પિતા મૃત્યુ પામ્યા. કાકા રણશીએ આ બાળકને ઉછેર્યો. સં. ૧૬૩૫ માં ધર્મમૂર્તિસૂરિ જખૌ પધારતાં કાકાએ બાલ રતનશીને વહોરાવ્યો. સં. ૧૬૪૧ ના મહા સુદ ૨ ના દિવસે ગુરુએ તેમને દીવબંદરમાં દીક્ષા આપી. મુનિશ્રી રત્ન-

સાગરજી' એવું નામાભિધાન કર્યું. સં. ૧૬૪૪ ના વૈશાખ સુદ ૩ ના વડી દીક્ષા આપતી વખતે તેમને શ્રી કલ્યાણસાગરસૂરિના શિષ્ય કરી દેવામાં આવ્યા. ત્યાર બાદ તેઓ મહોપાધ્યાય અને સં. ૧૬૪૮ માં 'મુનિમંડલ નાયક' પદે સ્થાપિત કરવામાં આવ્યા. ત્યાર બાદ તેઓએ ધર્મમૂર્તિસૂરિ અને કલ્યાણસાગરસૂરિની વિશેષ કૃપા મેળવી. ગુરુવર્યોએ તેમને અનેક વિદ્યામંત્રો આપ્યા. તેઓ ચારિત્રનિષ્ઠ અને ક્રિયાપાત્ર મહાત્મા હતા. સં. ૧૬૫૪ ના ફાગણ સુદ ૩ ના મહોપાધ્યાયજીએ પ્રતિષ્ઠા કરાવી. તે વખતે મીઠડીઆ શ્રેષ્ઠિ શ્રી સ્વરૂપચંદે દશ હજાર રૂપિયા ખર્ચી ભવ્ય જિનબિંબો ભરાવ્યાં. સં. ૧૬૫૫ માં રાધનપુરથી ખુહડ ગોત્રીય શ્રેષ્ઠિ શ્રી મેઘણે મહોપાધ્યાયજીના સદુપદેશથી શ્રી શંખેશ્વરજી મહાતીર્થનો સંઘ કાઢયો હતો અને ત્રણ જિનબિંબો ભરાવી ચૈત્ર સુદ ૧૩ ના પ્રતિષ્ઠા કરાવી. આ પ્રસંગે શ્રેષ્ઠિ મેઘણે સ્વામીવાત્સલ્ય કર્યું હતું. મહોપાધ્યાયજીની પ્રેરણાથી સં. ૧૬૫૫ માં ખંભાત અને ભરૂચમાં પ્રતિષ્ઠાઓ થઈ. સાધ્વીશ્રી ગુણશ્રીજી દ્વારા મહોપાધ્યાયજીની ગહુંલી પ્રાપ્ત થાય છે. તેમાં તેમનું સમગ્ર સંક્ષિપ્ત જીવન વણી લેવામાં આવ્યું છે. મહોપાધ્યાયજીના મંત્રપ્રયોગ પ્રભાવથી પાલનપુરના નવાબની બેગમનો છમાસી તાવ દૂર થયો. સં. ૧૭૨૦ ના પોષ સુદ ૧૦ ના દિવસે તેઓ કપડવંજમાં કાળધર્મ પામ્યા. મહોપાધ્યાયજીના મેઘસાગરજી, સુમતિસાગરજી, વિબુદ્ધસાગરજી અને સૂરસાગરજી ઇત્યાદિ શિષ્યો હતા. આ ચારમાં મેઘસાગરજી મુખ્ય શિષ્ય હતા.

**(૨) ઉપાધ્યાય મેઘસાગરજી :**

સં. ૧૬૭૦ માં સાધ્વી વિમલશ્રીજીએ મારવાડના વાલોતર ગામમાં ઉપાધ્યાય મેઘસાગરજીની મારવાડી ભાષામાં ગહુંલી રચી. ઉપાધ્યાય શ્રી મેઘસાગરજી પ્રાગ્વાટ જ્ઞાતિમાં સં. ૧૬૫૩ ના કારતક સુદ ૨ ના જન્મ્યા હતા. સં. ૧૬૬૬ ના ફાગણ સુદ ૩ ના મહો૦ રત્નસાગરજી પાસે દીક્ષા લીધી હતી. સં. ૧૬૭૦ ના મહા સુદ ૪ ના વાલોતર ગામમાં તેઓ ઉપાધ્યાય પદવીધર બન્યા હતા. આ પદ પ્રસંગે લુણીઆ ગોત્રના શ્રેષ્ઠિ સૂરજમલે સાતસો દામ ખર્ચ્યા હતા. ઉપા૦ મેઘસાગરજીના બુદ્ધિસાગરજી, કનકસાગરજી, મનરૂપસાગરજી ઇત્યાદિ શિષ્યો હતા. ઉપા૦ મેઘસાગરજી સં. ૧૭૩૩ ના જેઠ સુદ ૩ ના બાડમેર (મારવાડ)માં કાળધર્મ પામતાં સંઘે વૃદ્ધિસાગરજીને એમની પાટ પર સ્થાપ્યા હતા.

**(૩) ઉપાધ્યાય વૃદ્ધિસાગરજી :**

મારવાડના કોટડા ગામના પ્રાગ્વાટ જેમલની પત્ની સિરિઆદેની કુક્ષિથી સંવત ૧૬૬૩ ના ચૈત્ર વદ ૫ ના વૃદ્ધિચંદનો જન્મ થયો હતો. વૃદ્ધિચંદે સં. ૧૬૮૦ ના મહા વદ ૨ ના મેઘસાગરજી પાસે દીક્ષા સ્વીકારી હતી. તેમનું વૃદ્ધિસાગરજી નામ રાખવામાં

આવ્યું હતું. સં. ૧૬૯૩ ના કારતક સુદ ૫ ના તેઓ મારવાડના મેડતા નગરમાં ઉપાધ્યાય પદથી અલંકૃત થયા. તેમને હીરસાગર, પદ્મસાગર, અમીસાગર ઇત્યાદિ શિષ્યો હતા. તેઓ સં. ૧૭૭૩ ના આષાઢ સુદ ૭ ના કચ્છ નળિયામાં કાળધર્મ પામ્યા.

(૪) ઉપાધ્યાય હીરસાગરજી :

મારવાડના સોજીતરા ગામમાં ઓશવાળ શ્રેષ્ઠિ ઉત્તમચંદની ભાર્યા જસીબાઈની કુક્ષિથી સં. ૧૭૦૩ ના કાર્તિક સુદ ૭ ના હીરાચંદનો જન્મ થયો હતો. સં. ૧૭૧૫ ના વૈશાખ સુદ ૩ ના તેઓ દીક્ષા લેતાં તેમનું નામ 'હીરસાગરજી' રાખવામાં આવ્યું હતું. સં. ૧૭૨૭ ના કાર્તિક સુદ ૧૫ ના નળિયામાં ઉપાધ્યાય બન્યા હતા. સં. ૧૭૭૩ માં ગુરુ કાળધર્મ પામતાં તેમની પાટ સંભાળી હતી. ઉપા૦ હીરસાગરજી મંત્રવાદી હતા. સં. ૧૭૬૭ માં નગરપારકરમાં ચોમાસું હતા, ત્યારે ત્યાંના ઠાકોરે ત્યાં તળાવ બાંધવા દરેકને પાંચ સૂંડલી માટી ઉપાડવાનો આદેશ કર્યો. પણ હીરસાગરજી તેમ ન કરતાં ઠાકોરે તેમને પકડવા સૈનિકો મોકલ્યા; પણ તેમના મંત્રપ્રભાવથી સિંહ પ્રગટ થતાં સૈનિકો નાસી છૂટચા અને ઠાકોરે માફી માગી. પશ્ચાતાપ રૂપે ઠાકોરે તે તળાવના કિનારે છત્રી યુક્ત ચોતરો કરાવી ગુરુની પાદુકા સ્થાપેલી. હીરસાગરજીએ ઠાકોરને પ્રતિબોધી માંસ–દારૂ ન લેવાની પ્રતિજ્ઞા આપી હતી. નગર પારકરના લાલન જેસાજીના સંતાનીય શ્રેષ્ઠિ ભીમાજીએ ઉપા૦ હીરસાગરજીના ઉપદેશથી લોદ્રવાજીનો સંઘ કાઢ્યો. તેમાં ૪૦૦ ઊંટો હતા. માર્ગમાં પાણીના અભાવે સંઘ અંતે મુશ્કેલીમાં મુકાયો. હીરસાગરજીને સંઘપતિએ વિનંતિ કરતાં, તેમણે મંત્રપ્રભાવથી જલધારા પ્રગટાવી હતી. હીરસાગરજીએ ઉપા૦ દર્શનસાગરજી પાસે ભાષા પિંગળનો અભ્યાસ કરેલો. તેઓ અચ્છા પદ્યકાર હતા. હીરસાગરજી સં. ૧૭૮૨ ના ચૈત્ર સુદ ૩ ના સોજીતરામાં કાળધર્મ પામ્યા હતા. તેમના શિષ્ય સહજસાગરજીએ સં. ૧૮૦૪ માં કારતક સુદ ૨ ના સોજીતરામાં રહીને ગુરુનું જીવનચરિત્ર લખ્યું.

(૫) ઉપાધ્યાય સહજસાગરજી :

તેમના જીવનવૃત્ત અંગે વિશેષ માહિતી ઉપલબ્ધ થઈ શકતી નથી. સં. ૧૭૮૧ માં પર્યુષણના દિવસે મુંદરામાં રહીને 'શીતલનાથ સ્તવન' રચ્યું. તેમણે 'ગુર્વાવલી સ્તવન' નામની કૃતિ રચી હતી.

(૬) ગણિમાનસાગરજી :

તેમણે સં. ૧૮૪૬ના કારતક વદ ૫ ના શનિવારે ૭૭૦ શ્લોક પરિમાણનો 'રહસ્ય-શાસ્ત્ર' ગ્રંથ રચ્યો.

(૭) ગણિ રંગસાગરજી (૮) ગણિ ફતેહસાગરજી (૯) દેવસાગરજી (૧૦) સ્વરૂપસાગરજી (૧૧) ગૌતમસાગરસૂરિ.

આપણે આગળ જોયું કે મહોપાધ્યાય રત્નસાગરજીની પરંપરામાં યતિ દેવસાગરજી, યતિ સ્વરૂપસાગરજી થયા. તેમણે પાલી (મારવાડ)થી શ્રીમાળી બ્રાહ્મણના પુત્ર ગુલાબમલને જ્ઞાનચંદ્ર તરીકે પોતાની પાસે રાખ્યો, એ પણ આપણે જોઈ ગયા.

**યતિશ્રી દેવસાગરજીનો કાળધર્મ :**

ભદ્રિક સ્વભાવી યતિશ્રી દેવસાગરજી પાસે તેરાના યતિ તારાચંદે શિષ્યોની માગણી કરી. ત્યારે દેવસાગરજીએ સં. ૧૯૨૭ નું ચાતુર્માસ ઊતરતાં પુનઃ મારવાડ જવાનું નક્કી કર્યું. પાવાગઢની યાત્રા કરી દેવસાગરજી પાલનપુર પહોંચ્યા, પણ બીમાર થતાં કારતક સુદ ૧૩ ના કાળધર્મ પામ્યા. આ વખતે સ્વરૂપસાગરજી પોતાના બન્ને શિષ્યો સાથે કાકાગુરુ હેમસાગરજી પાસે સાભરાઈની પોશાળમાં હતા. ગુરુના આકસ્મિક અવસાનથી તેમને ખૂબજ દુઃખ લાગ્યું.

યતિ દેવસાગરજી પ્રત્યે નાના આસંબીઆ સંઘ ખૂબજ માન રાખતો. પ્રયાણ વખતે દેવસાગરજીએ પોતાના શિષ્ય–પ્રશિષ્યો સાચવવા સંઘના વ્રતધારી શ્રાવક નથુ ખીંઅરાજ તથા ગેલા દેશર વગેરે આગેવાનોને ભલામણ કરેલી. સંઘના આગ્રહથી સ્વરૂપસાગરજી પોતાના શિષ્યોને લઈ નાના આસંબીઆ આવ્યા. અહીં સંઘ તેમનું સારી રીતે બહુ ભાવથી લાલન–પાલન કરવા લાગ્યો. જ્ઞાનચંદ સ્વભાવથી શાંત અને આરાધક આત્મા હતા. તેમણે ગુરુની પ્રીતિ ખૂબ પ્રાપ્ત કરી. સં. ૧૯૨૮ સુધી સ્વરૂપસાગરજી શિષ્યો સાથે ભૂજ અને નાના આસંબીઆ રહ્યા. દરમ્યાનમાં ગચ્છનાયક શ્રી રત્નસાગરસૂરિ સં. ૧૯૨૮ ના શ્રાવણ સુદ ૨ ના સુથરીમાં સ્વર્ગવાસ પામ્યા. તેમના શિષ્ય વેલજીભાઈએ દીક્ષા લીધી. ત્યાર બાદ માંડવીમાં ગચ્છનાયકપદ પ્રાપ્ત થતાં તેઓ વિવેકસાગરસૂરિ તરીકે પ્રસિદ્ધ થયા.

**ગોધરા (કચ્છ)ના શ્રી કેસરીઆજી દાદાની માનતા ફળી :**

વિવેકસાગરસૂરિના માગસર સુદ ૫ ના પાટ મહોત્સવ પ્રસંગે સ્વરૂપસાગરજી શિષ્યો સાથે માંડવી આવ્યા. આ બધા યતિઓને આગ્રહ કરતાં, તેઓ વિવેકસાગરસૂરિ સાથે સૌ શત્રુંજય તીર્થની યાત્રાએ ગયા. ત્યાંથી સૌ પાવાગઢ ગયા અને ત્યાંથી સૌ મુંબઈ ગયા. સૌ યતિઓ સાથે સ્વરૂપસાગરજી તથા જ્ઞાનચંદ (ગૌતમસાગર) પણ સાથે હતા. વિવેકસાગરસૂરિનું મુંબઈ ચાતુર્માસ નક્કી થતાં ઘણાખરા યતિઓ વહાણ માર્ગે સં. ૧૯૨૯ ના વૈશાખ માસમાં કચ્છ પાછા આવ્યા. રસ્તામાં સમુદ્રમાં તોફાન જાગ્યું. વહાણ જાણે હમણાં જ ભાંગી પડશે, એ રીતે મોજાં વહાણ સાથે અથડાવા લાગ્યાં! આ વખતે સ્વરૂપસાગરજી પણ જ્ઞાનચંદ અને કલ્યાણજી સાથે એ જ વહાણમાં હતા. સમુદ્રના

ઉપદ્રવને શાંત કરવા તેમણે (કચ્છ) ગોધરાના શ્રી ઋષભદેવ કેસરીઆજી (હાલ મૂળનાયક)નું સ્મરણ કર્યું. આ માનતા ફળી પણ ખરી અને ઉપદ્રવ શાંત થયો. જાણે નવો જન્મ પ્રાપ્ત કર્યો હોય એ રીતે સૌ આનંદિત થયા. અઠ્ઠાવીસમા દિવસે સૌ યતિઓ કચ્છના માંડવી બંદરે આવ્યા અને સૌ પોતપોતાની પોશાળો–સ્થાનોમાં ગયા. સ્વરૂપસાગરજી પણ શિષ્યો સાથે ગોધરાના ઋષભદેવ દાદાનાં દર્શન કરી નાના આસંબીઆ આવ્યા. સં. ૧૯૨૯–૩૦ નાં આ બંને ચાતુર્માસો સાંધાણમાં કર્યા. ચોમાસામાં કલ્યાણજી ખૂબ જ બીમાર થયો, પણ ગચ્છાધિષ્ઠાયિકા મહાકાળીની માનતાથી પાછો સ્વસ્થ થયો.

સં. ૧૯૩૧ માં ભુજપુર, સં. ૧૯૩૨ માં કોઠારા, સં. ૧૯૩૩ માં ગોધરા (કચ્છ) આ રીતે ચાતુર્માસ કર્યા. સં. ૧૯૪૦ ના બાડાના ચાતુર્માસ દરમ્યાન સ્વરૂપસાગરજીનો સાત વરસનો બીજો એક શિષ્ય જેનું નામ લાલજી હતું, તે માંદો પડયો; પણ ગચ્છાધિષ્ઠાયિકાની માનતાથી સ્વસ્થ થયો.

**ગૌતમસાગરજીની યતિ દીક્ષા અને આત્મમંથન :**

હવે માનતા ઉતારવાની ઇચ્છાથી સ્વરૂપસાગરજીએ પોતાના શિષ્યો સાથે પાવાગઢની યાત્રા કરી. ત્યાંથી મુંબઈ ગયા. ત્યાં ગચ્છનાયક વિવેકસાગરસૂરિએ સ્વરૂપસાગરજીને કહ્યું : 'આ તમારા શિષ્ય જ્ઞાનચંદને હવે દીક્ષા આપો.' જ્ઞાનચંદની ઇચ્છા થતાં તેની યતિદીક્ષા સં. ૧૯૪૦ ના વૈશાખ સુદ ૧૧ ના મુંબઈના માહીમ ઉપનગરમાં થઈ. જ્ઞાનચંદનું નામ 'ગૌતમસાગરજી' રાખવામાં આવ્યું. ગૌતમસાગરજીએ દીક્ષા વખતે રાત્રિભોજન અને કંદમૂળ ત્યાગ એવી પ્રતિજ્ઞાઓ સ્વીકારી. તે વખતે યતિઓ, ગોરજીઓ રાત્રિભોજન કે કંદમૂળ ભક્ષણની પ્રવૃત્તિ કરતા હશે. દીક્ષા બાદ ગૌતમસાગરજીનું મન સંવેગી દીક્ષા લેવા ઉત્સુક હતું. પોતાના ગુરુ સ્વરૂપસાગરજીના મુખેથી વ્યાખ્યાનો સાંભળતાં ગૌતમસાગરજી જૈન ધર્મનું અને સર્વવિરતિ (દીક્ષા)નું સ્વરૂપ સમજ્યા અને ગુરુ સાથે દરેક સ્થળે ધર્મોપદેશ આપવા લાગ્યા. સં. ૧૯૪૧ નું ચાતુર્માસ દેવપુર થયું. ત્યાં ગૌતમસાગરજીની ત્યાગ રૂપ મનોવૃત્તિ જાણી સંઘમાં હર્ષ થયો. સં. ૧૯૪૨ નું ચાતુર્માસ મુંદ્રા નગરમાં ગૌતમસાગરજીએ એકાકીપણે કર્યું. ત્યાર બાદ શત્રુંજય અને ગિરનારની યાત્રાઓ પણ કરી.

**ત્યાગી બનવા થનગનતા શ્રી ગૌતમસાગરજી :**

સં. ૧૯૪૩ માં ગોધરામાં અને સં. ૧૯૪૪–૪૫ માં શેરડી ચોમાસાં કર્યાં. ત્યાર બાદ પુનઃ શત્રુંજય તીર્થની નવાણું યાત્રા કરી. તેઓ પાછા કચ્છ આવ્યા, ત્યારે

પગરખાં ન પહેરવાં, એક વખત ભોજન કરવું, ભૂમિ પર શયન કરવું ઇત્યાદિ અભિગ્રહો લીધા અને ખૂબ સુંદર જીવન જીવવા લાગ્યા. આ વખતે અન્ય ગચ્છના સાધુઓ તેમને પોતાનો શિષ્ય કરવા અનેક પ્રયત્નો કરતા પણ ગૌતમસાગરજી પોતાના મનમાં દેવસાગરજી – સ્વરૂપસાગરજીના ઉપકારોને કદી પણ ભૂલતા નહિ.

સં. ૧૯૪૬ નું ચાતુર્માસ બીદડા ગામમાં કર્યું. ત્યારે ગૌતમસાગરજીએ વિચાર્યું કે યતિનો માર્ગ–ગોરજીનો માર્ગ ન યોગીનો અને ન ભોગીનો છે; તે અસત્ય માર્ગ છે. તેમના ગુરુનો તેમના પર ખૂબ જ મોહ હતો. સ્વરૂપસાગરજી સુથરી તરફ ગયા, ત્યારે ગૌતમસાગરજી માંડવી બંદરેથી આગબોટથી જામનગર ગયા. ત્યાં તીર્થયાત્રા કરી પાછા કચ્છ આવ્યા અને સ્વરૂપસાગરજીનાં દર્શન કરી બીદડા આવ્યા.

**યતિપણાના પરિગ્રહથી મુક્તિ :**

હવે તેઓ સંવેગી દીક્ષા લેવા થનગની રહ્યા હતા. પોતાની પાસે રહેલ પરિગ્રહ તેમને હૈયામાં ખૂંચવા લાગ્યો. અંતે પોતાની પાસે રહેલી પોશાળનો બધો કબજો અને પટારાની ચાવીઓ ઇત્યાદિ પોતાના ગુરુભાઈ લાલજીને આપી, પરિગ્રહથી મુક્ત થયા. ત્યાંથી દુર્ગાપુર થઈ ગોધરાના ઋષભદેવ કેસરીઆજીની યાત્રા કરી અને એક કોરીની કેસર ચડાવી. ત્યાંથી પાછા દુર્ગાપુર આવી શ્રેષ્ઠિ શ્રી આસુભાઈ વાઘજી પાસેથી પાત્રાંની જોડી લીધી. સ્થાપનાજી ઇત્યાદિ પોતાનાં – સાધુનાં ઉપકરણો લીધાં. માંડવી બંદરથી આગબોટમાં બેસી વેરાવળ–પ્રભાસ પાટણ અને શત્રુંજય તીર્થની યાત્રાઓ કરી. ત્યાંથી માંડલ આવ્યા. અહીં અચલગચ્છના ઉપાશ્રયમાં ઊતર્યા. ત્યાં કેટલાક દિવસ સ્થિરતા કરી.

**પોતાની જન્મભૂમિ પાલી (રાજસ્થાન)માં ક્રિયોદ્ધાર :**

સં. ૧૯૪૬ ના ફાગણ સુદ ૮ ના પાલી આવ્યા. અહીં પાર્શ્વચંદ્રગચ્છીય મુનિ ભાઈચંદજીએ અલ્પ સમય પહેલાં જ ક્રિયોદ્ધાર કર્યો હતો. તેમની સાથે ગૌતમસાગરજીએ પોતાને ક્રિયોદ્ધાર કરવો છે એવો પ્રસ્તાવ મૂક્યો. ગચ્છ અને ગુરુનું નામ બદલાવવા તેમના પર ઠીક ઠીક દબાણ કરવામાં આવ્યું, પણ તેઓ મક્કમ રહ્યા. અંતે મુનિશ્રી ભાઈચંદજીએ ક્રિયોદ્ધાર કરાવવા હા પાડતાં, સં. ૧૯૪૬ ના ફાગણ સુદ ૧૧ ના ગૌતમસાગરજીએ પોતાની જ જન્મભૂમિ પાલી શહેરમાં નવલખ પાર્શ્વનાથ પ્રભુના બાવન જિનાલય મંદિરમાં નાણ સમક્ષ ક્રિયોદ્ધાર કર્યો અને પોતાના ગચ્છ અને ગુરુના નામથી વાસક્ષેપ નંખાવ્યો. ત્યારથી તેઓ સંવેગી મુનિ 'ગૌતમસાગરજી' બન્યા. મુનિશ્રી ગૌતમસાગરજીએ આ બધી હકીકતો પોતાના ગુરુદેવ શ્રી સ્વરૂપસાગરજીને લખી. ત્યાંથી વિહાર કરતાં મુનિ શ્રી ગૌતમસાગરજી મુનિ શ્રી ભાઈચંદજી સાથે પાલનપુર

આવ્યા. ત્યાંથી પાટણ આવ્યા. પાટણમાં ફોફલીઆ પાડામાં આવેલા અચલગચ્છના ઉપાશ્રયમાં પણ રહેલા. તે વર્ષનું ચાતુર્માસ પણ પાટણ કર્યું. ચાતુર્માસ દરમ્યાન અચલગચ્છનાયક વિવેકસાગરસૂરિએ મુનિશ્રી ગૌતમસાગરજીને પત્ર લખેલો. મુનિ શ્રી ગૌતમસાગરજીએ પણ સંતોષજનક પ્રત્યુત્તર લખ્યો.

**ગુરુ-શિષ્યનું મિલન અને ગુરુના આશીર્વાદ :**

ચાતુર્માસ બાદ મુનિ શ્રી ભાઈચંદજી સાથે ચરિત્રનાયક સિદ્ધગિરિ આવ્યા. અહીં યાત્રા કરી એકલા જ કચ્છ આવ્યા અને સં. ૧૯૪૭ ના ફાગણ માસની અમાસના કચ્છ દુર્ગાપુર ( નવાવાસ ) પહોંચ્યા. સં. ૧૯૪૭ ના વૈશાખમાં પોતાના ગુરુ સ્વરૂપ-સાગરજીને મળવા નાના આસંબીઆ તરફ વિહાર કર્યો અને મોટા આસંબીઆ આવ્યા. પોતાનો સંવેગી શિષ્ય પોતાને મળવા આવે છે, એ સમાચાર મળ્યા ત્યારે યતિ સ્વરૂપસાગરજી સ્વયં જ નાના આસંબીઆથી વિહાર કરી મોટા આસંબીઆ આવ્યા.

દીર્ઘ સમય બાદ ગુરુ–શિષ્યનું મિલન થતાં બંનેનાં નેત્રો હર્ષાશ્રુથી છલકાઈ ગયાં. પોતાના શિષ્યને સંવિજ્ઞ મુનિ તરીકે જોઈ સ્વરૂપસાગરજી ખૂબ જ હર્ષિત થયા. મુનિ ગૌતમસાગરજીએ કહ્યું : ' પૂજ્ય ! આપ અંશે ખેદ મા કરશો. મેં ગુરુ તરીકે આપનું નામ અને ગચ્છ તરીકે અચલગચ્છનું નામ રાખ્યું જ છે.'

ગુરુદેવે મુનિશ્રી ગૌતમસાગરજીની પીઠ થાબડી અને વધારામાં કહ્યું : ' તમે ચારિત્રમાં સફળતા મેળવજો.' સ્વરૂપસાગરજી પણ શાંત પ્રકૃતિવાળા, દયાળુ અને ભવભીરુ મહાત્મા હતા. પોતાના શિષ્ય ગૌતમસાગરજીને સંવેગી સાધુજીવનમાં અંશે પણ વિઘ્ન પાડ્યું નહીં.

**સંવેગી મુનિ તરીકે કચ્છમાં પ્રથમ ચાતુર્માસ :**

પૂ. મુનિશ્રી ગૌતમસાગરજીએ સં. ૧૯૪૮ નું ચાતુર્માસ કોડાયમાં કર્યું. આ ચાતુર્માસમાં ખૂબ જ સુંદર વિદ્યાભ્યાસ કર્યો તથા એકાંતરા ઉપવાસ કર્યા. ચોમાસા બાદ તેમણે સુથરીની યાત્રા કરી. પાર્શ્વચંદ્રગચ્છીય મુનિશ્રી કુશલચંદ્રજી પણ કચ્છ આવ્યા છે, એ સાંભળી ચરિત્રનાયક તેમને બીદડામાં મળ્યા; ત્યારે કુશલચંદ્રજીએ પૂછ્યું : ' શું તમે અમારી સાથે રહેશો ? ' ત્યારે પૂ. ગૌતમસાગરજીએ કહ્યું : ' હું તમારી આજ્ઞા પ્રમાણે તમારી સાથે વિચરીશ; અને જ્યાં સુધી તમારી સાથે વિચરીશ, ત્યાં સુધી તમારી ક્રિયા કરીશ; અને કોઈ પણ પ્રસંગે અલગ વિચરીશ, ત્યારે હું અચલગચ્છની સમાચારી પ્રમાણે ક્રિયા કરીશ. ' ત્યારે કુશલચંદ્રજીએ કહ્યું : ' આ રીતે

ન થાય. અમારા શિષ્ય બનો તો જ સારું થાય; અને જો શિષ્ય તરીકે ન રહેવા ઇચ્છતા હો તો એકલા વિચરો.'

**સંઘના આગેવાન સુશ્રાવકોની સલાહ :**

આ ઘટના બાદ પૂ. ગૌતમસાગરજી મ. સા. નાના આસંબીઆ આવ્યા. અહીંના સંઘના આગેવાનો – શ્રી વેરશી નથુ તથા શ્રી ઉમરશી કેશવજીને બધી હકીકત કહીને 'એકલ વિહારી' અંગે પૂછ્યું. જવાબમાં ઉક્ત શ્રેષ્ઠિઓએ કહ્યું : 'આપને ગચ્છ અને ગુરુનું નામ ન લોપવું જોઇએ. ગુરુનું નામ લોપનારને ગુરુદ્રોહી કહ્યા છે. તમે અલગ વિચરશો તો તમે અચલગચ્છનો ઉદ્ધાર કરી શકશો તથા સાધુ–સાધ્વી સમુદાયની વૃદ્ધિ કરી શકશો. સાધુ–સાધ્વીઓની વૃદ્ધિ થતાં ભારતભરના અચલગચ્છના શ્રાવક–શ્રાવિકાઓમાં ધર્મની વૃદ્ધિ થશે.' જૈન સંઘના પ્રૌઢ આગેવાનોની સલાહને શુભ શુકન માની તેઓ મુંદ્રા આવ્યા. ત્યાં જૈન પાઠશાળામાં અભ્યાસ કરતાં અને એકાંતરા ઉપવાસ કરતાં તેઓ થોડો સમય સ્થિર રહ્યા.

**અન્ય ગચ્છના મુનિશ્રી દ્વારા પ્રશંસિત :**

સં. ૧૯૪૮ ના ફાગણ સુદમાં ખરતર ગચ્છના મયાચંદજી વિહાર કરતા કચ્છ પધાર્યા. મુનિ ગૌતમસાગરજીને તપ – ક્રિયાપાત્ર જાણીને તેમને ખૂબ જ અભ્યાસ કરવા જણાવ્યું. મુનિ મયાચંદજી માંડવી, સુથરી ઇત્યાદિ થઈ વૈશાખ વદમાં ભૂજ પધાર્યા. ત્યાં તેમણે ભૂજના શ્રાવકો સમક્ષ પૂ. દાદા શ્રી કલ્યાણસાગરસૂરિજી તથા અચલગચ્છના સુવિહિત મુનિ શ્રી ગૌતમસાગરજીના ગુણોની પ્રસંશા કરી. આથી ભુજના સંઘે શા ગોવિંદજી જેરાજ મપારા સાથે ચાતુર્માસ માટે મુનિ શ્રી ગૌતમસાગરજીને વિનંતિ પત્ર મોકલ્યો.

**કચ્છના પાટનગર ભૂજ નગરમાં યાદગાર ચાતુર્માસ :**

મુનિ શ્રી ગૌતમસાગરજી મુંદ્રાથી વિહાર કરી માનકૂવા પધાર્યા. અહીં ભૂજના સંઘે જિનાલયમાં પૂજા ભણાવી. સ્વામીવાત્સલ્ય કર્યું. માનકૂવાના પ્રત્યેક જૈનોના ઘરે સાકરની લહાણી કરી. ત્યાંથી વિહાર કરી મુનિશ્રી ગૌતમસાગરજી ભૂજ પધાર્યા. વરસો બાદ કચ્છના પાટનગરમાં અચલગચ્છના સુવિહિત મુનિની પધરામણી થતી હોઈ ત્યાંના સંઘે ઉમળકાભેર સામૈયું કર્યું. અચલગચ્છના મોટા ઉપાશ્રયમાં સં. ૧૯૪૯ નું ચોમાસું ભૂજમાં કર્યું. દાદા શ્રી કલ્યાણસાગરસૂરિનો પાટ કે જે સં. ૧૬૫૪ માં પ્રથમ ભારમલજીએ અચલગચ્છ જૈન સંઘને ભેટ આપેલો, તે પાટ પર બિરાજી મુનિશ્રી ગૌતમસાગરજી મધુર ધ્વનિથી વ્યાખ્યાન આપતા.

**પ્રથમ શિષ્યને દીક્ષાની તાલીમ :**

આ સમયે અચલગચ્છ નાયક શ્રી મુક્તિસાગરસૂરિનાં શિષ્યા સાધ્વી શ્રી દેવશ્રીજીનાં શિષ્યા સાધ્વી શ્રી દયાશ્રીજી સુથરીમાં ચાતુર્માસ હતાં. તેમની પાસે સુથરીના શ્રી ઉભાઈયાભાઈએ ( વય ૩૦ ) 'પોતાને દીક્ષા લેવી છે' એવી વાત કરી. આથી દયાશ્રીજીએ પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી ઉપર પત્ર લખી આપ્યો. ઉભાઈયાભાઈ ભૂજ આવ્યા અને મુનિશ્રી ગૌતમસાગરજી પાસે રહી દીક્ષાની તાલીમ લેવા લાગ્યા.

**સંઘના આંગણે વરસો બાદ સુવિહિત દીક્ષાનો મહોત્સવ :**

ચાતુર્માસ બાદ ભૂજના શ્રેષ્ઠિ શ્રી મૂળચંદ ઓધવજીનાં પત્ની પુત્રીબાઈએ સંઘને કહ્યું : ' પૂ. ગૌતમસાગરજી મહારાજ સાહેબ એકલા છે. મુમુક્ષુ ઉભાઈયાભાઈની દીક્ષા ભૂજના આંગણે થતી હોય તો દીક્ષાના મહોત્સવમાં પાંચસો કોરી આપું.' સંઘને પણ આ વાત ઉપર્યુક્ત લાગી. મુનિશ્રી ગૌતમસાગરજીએ પણ માંડવી બિરાજતા મુનિશ્રી મયાચંદજીને ભૂજ પધારવા વિનંતી કરી. આથી મુનિશ્રી મયાચંદજી ભૂજ પધાર્યા.

મુનિશ્રી મયાચંદજીએ મુનિશ્રી ગૌતમસાગરજીને કહ્યું : ' તમે યોગોદ્વહન કરો અને વડી દીક્ષા સ્વીકારો, તો તમારા સાધુ–સાધ્વી પરિવારને પણ દીક્ષા–વડી દીક્ષા ઇત્યાદિ આપવામાં તમને અનુકૂળતા થશે. ' આ રીતે મુનિશ્રી ગૌતમસાગરજીએ યોગોદ્વહન શરૂ કર્યાં અને માગસર વદ ૧૦ ના વડી દીક્ષા સ્વીકારી. કચ્છની ભૂમિ પર છેલ્લાં કેટલાંયે વરસોમાં સુવિહિત મુનિશ્રીની દીક્ષાના મહોત્સવનો અને જિનાજ્ઞા વિરુદ્ધ વર્તતી ગોરજીઓની સંસ્થા સામે આ પડકાર રૂપ આ વિરલ પ્રસંગ હતો.

ઉભાઈયાભાઈ નો દીક્ષા મહોત્સવ પણ શાનદાર રીતે ઉજવાયો. ગચ્છના ઉદયનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. મહા સુદ ૧૦ ના મુનિશ્રી મયાચંદજીએ ઉભાઇયાભાઇને દીક્ષા આપી, મુનિશ્રી ગૌતમસાગરજીના શિષ્ય કર્યા. ભાવિ અચલગચ્છ નાયકના પ્રથમ શિષ્યનું નામ ' મુનિ શ્રી ઉત્તમસાગરજી ' રાખવામાં આવ્યું.

**ગામેગામ ધર્મનો પ્રચાર :**

પૂ. મુનિ શ્રી ગૌતમસાગરજી મ. સા. પોતાના શિષ્ય સાથે વિહાર કરી દેવપુર પધાર્યા. અહીંનાં ઉમરબાઈ મુલાને દીક્ષા લેવાની ભાવના થઈ. ત્યાંથી તેઓશ્રી ચીઆસર પધારતાં ત્યાંના શ્રી ગેલાભાઈ લખુના પુત્ર ગોવરભાઈને દીક્ષાની ભાવના જાગી. ગોવર પણ ગૌતમસાગરજી મ. સા. સાથે ચાલ્યો.

### ભૂજના શ્રી કલ્યાણસાગરસૂરિ સ્તુપ (દાદાવાડી)ના જીર્ણોદ્ધારની પ્રવૃતિ :

ચરિત્રનાયકશ્રી સુથરી તીર્થે આવ્યા. ભૂજથી શાહ માણેકચંદ રંગાજી સાથે જ હતા. ભૂજના દાદાશ્રી કલ્યાણસાગરસૂરિના સ્તૂપના જીર્ણોદ્ધાર માટે ગામેગામ ટીપમાં રકમો લખાવવાનું ચાલુ જ હતું. સુથરી પહોંચ્યા ત્યાં સુધીમાં ૮૫૦ કોરીની રકમ એકત્રિત થયેલી. તે રકમ ભૂજના માણેકચંદભાઈ લઈ ગયા અને ત્યાં સ્તૂપમંદિરનું જીર્ણોદ્ધાર કાર્ય ચાલુ થયું. સુથરીથી મુનિશ્રી ગૌતમસાગરજી સાંધાણ પધાર્યા. ત્યાં વૈશાખ શુદ ૧૫ના ત્યાંના રામઈયા ભગતની સુપુત્રી અને કચ્છ કોઠારાના શાહ પત્રામલની વિધવા સોનબાઇને પૂ. ગૌતમસાગરજીએ કહ્યું : 'તમે દીક્ષા લો.' ત્યારે સોનબાઈએ કહ્યું : 'મારી અવસ્થા પચાસ વરસની છે. બીજી કોઈ સાધ્વીની સહાય હોય તો હું દીક્ષા લેવા તૈયાર છું.' ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : 'તમને સહાય કરવા માટે તમારે યોગ્ય મુમુક્ષુ ઉમરબાઈ છે. તેઓ હાલ સુથરીમાં સાધ્વીશ્રી દયાશ્રીજી પાસે જ્ઞાનાભ્યાસ કરી રહ્યાં છે.'

### પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા.ના સમુદાયનાં મુખ્ય સાધ્વી શ્રી શિવશ્રીજી ઇત્યાદિનો દીક્ષા મહોત્સવ :

ચરિત્રનાયકશ્રી પુનઃ સુથરી પધાર્યા. અહીં બંને મુમુક્ષુ બહેનો સોનબાઈ અને ઉમરબાઈ એકબીજાને મળીને આનંદ પામી. ગોવરભાઈ તથા બંને મુમુક્ષુ બેનોની દીક્ષાનું મુહૂર્ત જેઠ સુદી ૧૦નું આવ્યું. દીક્ષાની ચર્ચામાં સુથરીના આંગણે લાખબાઇને પણ સાધ્વીશ્રી દયાશ્રીજી પાસે દીક્ષા લેવાની ભાવના જાગી. આમ સુથરીના આંગણે સં. ૧૯૪૯ના જેઠ સુદ ૧૦ના એક સાથે ચાર મુમુક્ષુઓએ દીક્ષા લીધી. ગોવરભાઇને 'ગુણસાગરજી' નામ આપી ચરિત્રનાયકે પોતાના શિષ્ય કર્યા અને સોનબાઈ તથા ઉમરબાઇને દીક્ષા આપી. તેમનાં 'શિવશ્રીજી,' 'ઉત્તમશ્રીજી' નામ રાખી પોતાનાં શિષ્યાણી અર્થાત આજ્ઞાવર્તી સાધ્વીજી તરીકે સ્થાપ્યાં તેમ જ લાખનબાઇને 'લક્ષ્મીશ્રીજી' નામ આપી સાધ્વીશ્રી દયાશ્રીજીનાં શિષ્યા કર્યાં. દીક્ષાના આ મહોત્સવ પ્રસંગે શાહ ડોશાભાઈ ખીંયશી કરમણે ધન ખરચી ખૂબ જ લાભ લીધો.

### સં. ૧૯૫૧નું દુર્ગાપુર (નવાવાસ)માં ચાતુર્માસ :

સં. ૧૯૫૦નું ચાતુર્માસ નળિયા રહ્યા. સાધ્વીશ્રી દયાશ્રીજી આદિ ચારે ઠાણાએ પણ નળિયામાં ચોમાસું કર્યું. ચાતુર્માસ બાદ પૂજ્યશ્રી ચતુર્વિધ સંઘ સાથે તેરા પધાર્યા. મોટા સામૈયા સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું. અહીં મુનિશ્રી ગુણસાગરજી તથા સાધ્વીશ્રી શિવશ્રીજી અને ઉત્તમશ્રીજીને યોગ કરાવી વડી દીક્ષા આપી. આ

પ્રસંગે અઠ્ઠાઈ મહોત્સવ કરી સંઘે અનેરો લાભ લીધો. ત્યાંથી વિહાર કરી કચ્છના મુકુટમણિ એવા ભદ્રેશ્વર મહાતીર્થની યાત્રા કરી. આ પ્રસંગે અનેક ગામોના સંઘો પોતપોતાના ગામમાં ચાતુર્માસ કરવા વિનંતિઓ કરવા લાગ્યા, પણ છેવટે નવાવાસ (દુર્ગાપુર)ના શાહ પાસુભાઈ વાઘજી, શાહ આસુભાઈ વાઘજી અને શાહ પુનશી આસુ આદિ સંઘના આગેવાન શ્રાવકોના અતિ આગ્રહથી સં. ૧૯૫૧ નું ચોમાસું નવાવાસ રહ્યા.

**માંડવી શહેરમાં ચાતુર્માસ :**

પૂ. ગૌતમસાગરજી મ. સા.ની પ્રેરણાથી સં. ૧૯૫૧ ના મહા સુદ ૫ ના સાધ્વીશ્રી કનકશ્રીજી, સાધ્વીશ્રી રત્નશ્રીજીની દીક્ષા ગોધરા (કચ્છ) માં થઈ. ચૈત્ર સુદ ૧૩ ના સાધ્વીશ્રી નિધાનશ્રીજીની દીક્ષા થઈ. સં. ૧૯૫૨ નું ચાતુર્માસ માંડવીના ત્રણે સંઘોની અતિ આગ્રહભરી વિનંતીથી માંડવીના મોટા ઉપાશ્રયમાં કર્યું. આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીનો ધર્મોપદેશ સાંભળવા ખૂબ જ સંખ્યામાં લોકો એકત્રિત થતા. આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી અનેકવિધ તપ–જપ આદિની આરાધનાઓ થયેલી.

**વિવિધ સ્થળે ચાતુર્માસો અને મુનિવરોની દીક્ષાઓ :**

ત્યાર બાદ પૂજ્યશ્રીએ આ પ્રમાણે ચાતુર્માસ કર્યા. સં. ૧૯૫૩ મુંદ્રા, સં. ૧૯૫૪ નાના આસંબીઆ, સં. ૧૯૫૫ પાલીતાણા, સં. ૧૯૫૬ પાલીતાણા, સં. ૧૯૫૭ માંડલ (ગુજરાત), ત્યાર બાદ આબુ આદિ અનેક તીર્થોની યાત્રાઓ કરી. સં. ૧૯૫૮ જામનગર. બાદ હાલારમાં વિચરી ખૂબ જ ધર્મોપદેશ આપ્યો. સં. ૧૯૫૯ મોટી ખાવડી, સં. ૧૯૬૦ જખૌ, સં. ૧૯૬૧ ભૂજ, સં. ૧૯૬૨ સુથરી, સં. ૧૯૬૩ વરાડીઆ, સં. ૧૯૬૪ ભૂજ, સં. ૧૯૬૫ માંડલ, સં. ૧૯૬૫ ના વૈશાખ શુદ ૫ ના કચ્છ–કોટડીના નાગજી તેજપાળને અમદાવાદ પાસેના સરખેજ ગામમાં દીક્ષા આપી 'નીતિસાગરજી' નામ રાખી પોતાના શિષ્ય કર્યા. સં. ૧૯૬૬ પાલીતાણા. અમદાવાદમાં દાનસાગરજી, મોહનસાગરજી અને ઉમેદસાગરજીને દીક્ષા આપી. તે તે સંવતોમાં તે તે સ્થળે ચોમાસાં કર્યાં.

**સર્વપ્રથમ વાર મુંબઈમાં પધરામણી : એક સાથે છ દીક્ષાઓ :**

અચલગચ્છના સુવિહિત મુનિવરોમાં સર્વપ્રથમ મુંબઈ પધારનાર પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ. સા. હતા. સં. ૧૯૬૭ માં મુંબઈ પધાર્યા અને તે સાલનું ચાતુર્માસ પણ ક. વી. ઓ. જૈન મહાજનના ઘાટકોપર ઉપાશ્રયમાં કર્યું. તેમના સદુપદેશથી મુંબઈમાં શાસન અને ગચ્છની ખૂબ ઉન્નતિ થઈ. પૂજ્યશ્રી વ્યાખ્યાનમાં 'ઉત્તરાધ્યયન સૂત્ર' અને 'મલયાસુંદરી ચરિત્ર' પર પ્રભાવક પ્રવચનો આપતા. સં. ૧૯૬૭ ના મહા

સુદ ૧૦ના ભાયખલાના મોતીશા જિનાલયમાં છ બહેનોને દીક્ષા આપી. દીક્ષાની ક્રિયા તેમના સુવિનીત શિષ્ય પૂ. મુનિશ્રી નીતિસાગરજીએ કરાવી. મુંબઈમાં અચલગચ્છમાં દીક્ષાનો આ પ્રસંગ પ્રથમ હોઈ ક. વી. ઓ. જૈન મહાજન તથા ક. દ. ઓ. જૈન મહાજન અને ગુર્જર અચલગચ્છીય સમાજના શ્રેષ્ઠિઓએ ધન ખરચી ખૂબ જ લહાવો લીધો.

સં. ૧૯૯૮નું ચાતુર્માસ ખડક (મુંબઈ)માં આવેલ કચ્છી દશા ઓશવાળ જૈન મહાજનવાડીમાં કર્યું. ચાતુર્માસ બાદ પૂજ્યશ્રી કચ્છના વિહારનો વિચાર કરતા હતા, પણ શ્રી ક. દ. ઓ. જૈન સંઘની અતિ આગ્રહભરી વિનંતિથી વધુ એક વરસ મુંબઈમાં ચાતુર્માસ કરવાનો નિર્ણય થયો. ભાંડુપમાં ક. દ. ઓ. જૈન મહાજનવાડીમાં બાયઠના ખેરાજ પુંજાના ભત્રીજા મુમુક્ષુ ધનજીભાઈને સં. ૧૯૯૮ના મહા વદ ૧૧ ને સોમવારે દીક્ષા આપી, ધર્મસાગરજી નામ રાખી મુનિશ્રી નીતિસાગરજીના શિષ્ય કર્યા. આ પ્રસંગે શ્રી. ક. દ. ઓ. જૈન સંઘ તરફથી સ્વામીવાત્સલ્ય થયું. સં. ૧૯૯૯નું ચાતુર્માસ ખડક પર આવેલી ક. દ. ઓ. જૈન મહાજનવાડીમાં કર્યું. ચોમાસા બાદ કચ્છના વિહારનો તેમણે નિર્ણય જ કરી લીધો. શ્રી. ક. દ. ઓ. જૈન સંઘે ફરી એક વધારે ચાતુર્માસ કરવા વિનંતિ કરી પણ પૂજ્યશ્રીએ કહ્યું: 'મુંબઈમાં ત્રણ ચાતુર્માસ થયા.' સંઘે કહ્યું: 'તો આપે દર વર્ષે આપણા ગચ્છના સાધુ–સાધ્વીજીઓના ચાતુર્માસ આપવા.' ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું: 'ચાતુર્માસ ઊતરતાં તમારે પત્ર લખવો, તો ક્ષેત્ર સ્પર્શનાએ મોકલીશું.' આ પ્રસંગે શેઠ શ્રી ખેતશી ખીંયશી ધુલ્લાએ કહ્યું: 'અમારે શત્રુંજય તીર્થનો સંઘ કાઢવો છે. સંઘ પાલીતાણા પહોંચે, તે વખતે આપ પણ પાલીતાણા પધારો.' પૂજ્યશ્રીએ કહ્યું: 'જેવી ક્ષેત્ર સ્પર્શના.'

**મુંબઈથી પાલીતાણા અને કચ્છ તરફ પધરામણી :**

પૂજ્યશ્રીએ મુંબઈથી વિહાર કર્યો. અને સં. ૧૯૯૯ના પોષ વદ ૩ના પાલીતાણા પધાર્યા. શેઠ ખેતશી ખીંયશી ધુલ્લાએ મુંબઈથી રેલવે દ્વારા કાઢેલ સંઘ પણ પાલીતાણા આવી ગયેલો. પૂજ્યશ્રીનાં દર્શન–વંદન અને વાણી શ્રવણથી સૌ ધન્ય બન્યા. પાલીતાણાથી વિહાર કરી તેઓ ભચાઉ આવ્યા. અહીંની સ્થિરતાથી ધર્મોપદેશથી ખૂબ જ ધર્મોન્નતિ થઈ.

**અચલગચ્છના સમુદાયના મુનિશ્રી રવિચંદ્રજી :**

ત્યાંથી વિહાર કરતા પૂજ્યશ્રી અંજાર આવ્યા. અહીં સ્થાનકવાસી મુનિ રવિચંદ્ર સ્વામી પોતાના શિષ્યાદિ સહ પૂ. મુનિશ્રી ગૌતમસાગરજીને વંદવા આવ્યા અને પોતાનો

શિષ્ય કરવા વિનંતિ કરી. પૂજ્યશ્રીએ રવિચંદ્રનું નામ રવિસાગરજી તથા રવિચંદ્રના શિષ્યોનાં નામ કપુરસાગર અને ભક્તિસાગર રાખ્યાં. રવિસાગરજીને પોતાના શિષ્ય કર્યા અને કપુરસાગરજી, ભક્તિસાગરજીને રવિસાગરજીના શિષ્ય કર્યા. પણ સાત દિવસ બાદ રવિસાગરજી શિષ્યો સાથે ત્યાંથી વિહાર કરી ગયા અને પોતાનું નામ રવિચંદ રાખી અચલગચ્છના સમુદાય તરીકે વિચરવા લાગ્યા.

**શાસન પ્રભાવનાના અનેકવિધ પ્રસંગો :**

સં. ૧૯૭૦ નું ચોમાસું કચ્છ ભૂજમાં કર્યું. આ વખતે સંઘે પણ દાદાશ્રી કલ્યાણ-સાગરસૂરિના ભૂજના સ્તૂપમંદિરનો બાકી રહેલ જીર્ણોદ્ધાર શરૂ કરાવ્યો. દાદા શ્રી કલ્યાણસાગરસૂરિની આરસની ભવ્ય મૂર્તિનું કામ પણ કારીગરને અપાયું. સં. ૧૯૭૧ નું ચાતુર્માસ માંડવી કર્યું. ત્યાર બાદ ચૈત્ર માસમાં ગઢશીશામાં ઉજમણા પ્રસંગે પધાર્યા. તે વખતે ગઢશીશા સંઘે જિનાલય આગળના ચોકમાં દેવકુલિકા બંધાવી. તેમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી. સં. ૧૯૭૨ નું ચાતુર્માસ સુથરી કર્યું. ચોમાસા બાદ વૈશાખમાં જિનાલયની તથા નૂતન દેવકુલિકાની પ્રતિષ્ઠા પ્રસંગે ગોધરા પધાર્યા. પ્રતિષ્ઠા પ્રસંગે તેઓશ્રીનાં પ્રવચનોનું આકર્ષણ રહ્યું. ખૂબ જ દબદબાપૂર્વક આ મહોત્સવ સુંદર રીતે ઉજવાયો. સં. ૧૯૭૩ નું ચાતુર્માસ તેરા ગામમાં કર્યું. પૂજ્યશ્રીના સદુપદેશથી તેરા સંઘમાં કુસંપ હતો, તે દૂર થયો.

**ભૂજમાં શ્રી કલ્યાણસાગરસૂરિ ગુરુ મંદિરની પ્રતિષ્ઠા :**

ભૂજ સંઘની વિનંતિથી પૂજ્યશ્રી ભૂજ પધાર્યા. અહીં મહા વદ ૮ ને ગુરુવારે જીર્ણો-દ્ધાર થયેલા વિશાળ સ્તૂપમંદિર (ગુરુમંદિર)માં પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિજીની ભવ્ય પ્રતિમા બિરાજમાન કરવામાં આવી. આ પ્રસંગે ચારિત્રનાયકશ્રીના ગુરુ યતિ શ્રી સ્વરૂપસાગરજી ઉપસ્થિત રહેલા અને પ્રતિષ્ઠાદિ ક્રિયા પણ તેમણે કરાવેલી. ગુરુ પ્રતિમાની પ્રતિષ્ઠા અનેરા ઠાઠથી ઉજવાઈ. આ ગુરુમંદિર ભૂજના રાજમાર્ગ પર આવેલ થોભવાળી શેરીમાં આવેલું છે. 'થોભનું દેરુ' એ નામે પણ આ ગુરુમંદિર ઓળખાય છે.

**પાલીતાણામાં પ્રતિષ્ઠાઓ :**

સં. ૧૯૭૪ માં સુથરી અને સં. ૧૯૭૫ માં ગોધરા ચાતુર્માસ કર્યા. ત્યાર બાદ ભૂજ તાલુકા, ભચાઉ તાલુકામાં વિચરતાં રણ ઊતરી પાલીતાણા પધાર્યા. સં. ૧૯૭૫ ના વૈશાખ વદ ૧૧ ને રવિવારના બાબુ ધનપતસિંહની ટૂંકમાં દેવકુલિકાઓમાં જિનબિંબો તથા દાદાશ્રી કલ્યાણસાગરસૂરિજીની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી. સં. ૧૯૭૬ નું ચાતુર્માસ પાલીતાણા કર્યું. દરમ્યાનમાં મુનિ નીતિસાગરજી, મુનિ દાનસાગરજી અને મુનિ ધર્મ-

સાગરજીને પૂજ્યશ્રીએ 'ઉત્તરાધ્યયન' અને 'શ્રી આચારાંગ સૂત્ર'ના યોગ કરાવ્યા. મુનિ ધર્મસાગરજીએ નવાણું યાત્રા કરી.

**તીર્થયાત્રાઓ સાથે હાલારમાં ધર્મજાગૃતિ :**

પૂજ્યશ્રી પોતાના શિષ્ય નીતિસાગરજી, પ્રશિષ્ય ધર્મસાગરજી સહિત વિહાર કરી શિહોર, વરતેજ, ભાવનગર, ઘોઘા, તળાજા, દાઠા, મહુવા ઇત્યાદિની યાત્રા કરી સાવરકુંડલા પધાર્યા. અહીં નીતિસાગરજી, ધર્મસાગરજીને ઉવવાઈ સૂત્ર આદિ ઉપાંગોના યોગ કરાવ્યા. ત્યાર બાદ જૂનાગઢ અને ગિરનાર તીર્થની યાત્રા કરી. ત્યાંથી સોરઠ વંથલી, છત્રાશા, વાડોદર, ધોરાજી, મોટી મારડ, ઉપલેટા, પાનેલી ઇત્યાદિ જગ્યાએ વિહારો કર્યા. ફાગણ વદ ૭ ના ગોરખડી પધાર્યા. ફાગણ વદ ૧૨ ના વિહાર કરી વડાલા, ખરબા, લાલપુર થઈ ચૈત્ર સુદ ૨ ના હાલારના દબાસંગ ગામમાં પધાર્યા. અહીં સાધ્વી મંગલશ્રીજીનો દીક્ષામહોત્સવ ખૂબ જ ભવ્યતાથી ઉજવાયો. ત્યાંથી નવાગામ થઈ જામનગર પધાર્યા. લાખાબાવળ થઈ પુનઃ નવાગામ પધાર્યા. અહીં ચંદ્રપ્રભુ જિનાલયની ખૂબ જ દબદબાપૂર્વક પ્રતિષ્ઠા થઈ. આ સમયે તેઓ હાલાર પ્રદેશમાં વિચર્યા. સં. ૧૯૭૭ માં જામનગરમાં ચાતુર્માસ કર્યું. બાદ કનસુમરા, ચેલા, ભલાસણ, જામવણથળી, ધ્રોળ, ટંકારા, મોરબી, માળિયા થઈ કચ્છ વાગડમાં પધાર્યા. કટારીઆ, લાકડીઆ, આધોઈ, ભચાઉ ઇત્યાદિ થઈ ભદ્રેશ્વર તીર્થે પધાર્યા. અહીં કચ્છના સંઘોએ મળી ગચ્છાધિપતિ પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું કર્યું. ત્યાંથી ગાંગજી ખીમરાજ કારિત નવપદના ઉજમણામાં મોટા આસંબીઆ પધારી નિશ્રા આપી. સં. ૧૯૭૮ નું ચાતુર્માસ માંડવી કર્યું.

**ઉજમણા અને પ્રતિષ્ઠા મહોત્સવોના પ્રસંગોએ પધરામણી :**

ચાતુર્માસ બાદ સુથરી પંચતીર્થીની યાત્રા કરી. વેજબાઈ દેવજી વેલજી કારિત નવપદના ઉજમણા પ્રસંગે મંજલ રેલડીઆ પધાર્યા. ત્યાંથી જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે વૈશાખમાં દેવપુર પધાર્યા. સં. ૧૯૭૯ નું ચાતુર્માસ સાંયરા ગામે કર્યું. બાદ સંવત ૧૯૭૯ ના મહા સુદ ૮ ના લાયજા જિનાલયના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધાર્યા. અહીં શ્રેષ્ઠિશ્રી રવજી સોજપાળ સમેત સંઘના આગેવાનોએ પૂજ્યશ્રીની ખૂબ જ ભક્તિ કરી. અહીંથી માંકબાઈ પદુ પાંચારીઆ કારિત નવપદજીના ઉજમણા પ્રસંગે રાયણ પધાર્યા. અનુક્રમે વિહાર કરતાં તેઓ વૈશાખ વદ ૧૩ ના ડુમરા પધાર્યા.

**જામનગર અને હાલારમાં ચાતુર્માસ અને ધર્મજાગૃતિ :**

સં. ૧૯૮૦ નું ચોમાસું સુથરી કર્યું. બાદ ભૂજ થઈ, વાગડના ગામડાંઓમાં વિહાર કરતા રણ ઊતર્યા અને વાલંભા ગામે ચૈત્રી ઓળી કરી. બાદ જોડીઆ ઇત્યાદિ

ગામોમાં ધર્મોપદેશ આપતા પૂજ્યશ્રી જામનગર પધાર્યા અને સં. ૧૯૮૧ અને સંવત ૧૯૮૨નું ચાતુર્માસ પણ જામનગર રહ્યા. ખંડવા સંઘના અતિ આગ્રહથી પૂજ્યશ્રીએ પોતાના સુવિનીત શિષ્ય પૂ. મુનિશ્રી નીતિસાગરજીને ખંડવા ચાતુર્માસ મોકલ્યા. પૂ. મુનિશ્રી ગૌતમસાગરજીએ ચાતુર્માસ બાદ કચ્છમાં દીક્ષિત થયેલા મુનિ મતિસાગરજીને પોતાની નિશ્રામાં વડી દીક્ષા આપી તથા મુનિ ક્ષાંતિસાગરજીને પણ દીક્ષિત કર્યા. દબાસંગ ગામથી સં. ૧૯૮૨ ના માગસર સુદ ૫ થી એક મહિનામાં દશ તિથિઓના ઉપવાસ શરૂ કર્યા, પણ પછીથી એકાંતરા ઉપવાસ શરૂ કર્યા. ચેલા ગામમાં ચૈત્રી ઓળી કરી. સં. ૧૯૮૨ ના વૈશાખ સુદ ૩ થી વીસ સ્થાનક તપની શરૂઆત કરી. સં. ૧૯૮૩ નું ચોમાસું પણ જામનગર રહ્યા. ચાતુર્માસ બાદ ખંડવાથી પોતાના શિષ્ય નીતિસાગરજીને પોતાની પાસે બોલાવ્યા અને ખંડવા સંઘની આગ્રહભરી વિનંતીથી મુનિશ્રી ધર્મ-સાગરજીને ખંડવા મોકલ્યા. સં. ૧૯૮૪ નું ચાતુર્માસ પણ જામનગર કર્યું.

**હાલારમાં ચાતુર્માસો : પડાણામાં જિનાલય નિર્માણ :**

ચાતુર્માસ બાદ ધર્મસાગરજી પણ ખંડવાથી વિહાર કરી પોતાના દાદાગુરુ અને ગુરુદેવશ્રીને હાલારના નવાગામમાં મળ્યા. નવાગામમાં જ પૂજ્યશ્રીએ પૂ. નીતિસાગરજી તથા પૂ. ધર્મસાગરજીને સૂયગડાંગ સૂત્રના યોગ કરાવ્યા. યોગ પૂરા થયા બાદ મોટી ખાવડી થઈ પડાણા પધાર્યા. અહીં પૂ. મુનિરાજશ્રી ગૌતમસાગરજીની પ્રેરણાથી જિનાલય બંધાવ્યું. પડાણાથી મોટી ખાવડી, નવાગામ, લાખાબાવળ અને નાગોડી થઈ જામનગર પધાર્યા. અહીં મુનિશ્રી નીતિસાગરજી, મુનિશ્રી ધર્મસાગરજીને ઠાણાંગ સમવાયાંગ–રાયપસેણી જીવાભિગમ, પન્નવણા અને મહાનિશીથ સૂત્રના મોટા યોગ કરાવ્યા. સં. ૧૯૮૫ નું ચાતુર્માસ પણ જામનગર જ કર્યું. બાદ પુનઃ કચ્છ પધાર્યા અને સં. ૧૯૮૬ નું ચાતુર્માસ ભૂજમાં કર્યું. સં. ૧૯૮૭ નું ચાતુર્માસ જામનગર કર્યું. સં. ૧૯૮૮ – ૮૯ અને ૯૦ ના ચાતુર્માસ પણ જામનગર કર્યા. સં. ૧૯૯૧ માં મોટી ખાવડી અને સં. ૧૯૯૨ – ૯૩ – ૯૪ ના ચાતુર્માસ જામનગર રહ્યા.

**મુનિ શ્રી ગુણસાગરજીની દીક્ષા – વડી દીક્ષા :**

સં. ૧૯૯૩ ના ચૈત્ર વદ ૮ ના કચ્છ દેઢીઆમાં મુમુક્ષુ ગાંગજી લાલજીએ દીક્ષા સ્વીકારી. તેમનું નામ ગુણસાગરજી રાખવામાં આવ્યું અને તેમને નીતિસાગરજીના શિષ્ય જાહેર કરવામાં આવ્યા. સં. ૧૯૯૫ ના જેઠ સુદ ૩ ના જામનગરમાં મુનિશ્રી ગુણ-સાગરજીની વડી દીક્ષા પૂ. મુનિશ્રી ગૌતમસાગરજીની નિશ્રામાં થઈ. પૂ. મુનિશ્રી ગૌતમ-સાગરજી સં. ૧૯૯૫ અને સં. ૧૯૯૬ માં પણ જામનગર ચાતુર્માસ રહ્યા.

**જ્ઞાનની ખૂબ જ આરાધના :**

જામનગરના ઉપરોક્ત ચાતુર્માસો દરમ્યાન પૂ. મુનિશ્રી ગૌતમસાગરજીની પ્રેરણાથી અનેક ગ્રંથો લખાયા. જામનગરમાં મોટું જ્ઞાન ભંડાર સ્થપાવ્યું, તેમ જ ગચ્છોપયોગી અનેક ગ્રંથો પ્રકાશિત કરાવ્યા. આ ગ્રંથોના સંપાદનમાં મુનિશ્રી ધર્મસાગરજીએ ખૂબ રુચિ અને શ્રમ લીધાં. મુનિશ્રી ધર્મસાગરજી પોતાના દાદા ગુરુદેવ પૂ. મુનિરાજશ્રી ગૌતમસાગરજીની આજ્ઞાથી બાડમેર (રાજસ્થાન) ચાતુર્માસ પધારેલા. બાડમેરના ચાતુર્માસ પછી તેઓશ્રીએ જેસલમેર અને બીકાનેરની યાત્રાઓ પણ કરેલી, પણ તેઓશ્રી એ જ અરસામાં રાજસ્થાનમાં કાળધર્મ પામ્યા. અચલગચ્છના આ મુનિશ્રી જો વધારે સમય રહ્યા હોત તો અનેક સંશોધિત સાહિત્ય સવિશેષ પ્રકાશમાં આવત.

**આશાસ્પદ શિષ્યોની વસમી વિદાય :**

સં. ૧૯૯૬ના જામનગર ચાતુર્માસ બાદ પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા. કચ્છ પધાર્યા અને સં. ૧૯૯૭નું ચાતુર્માસ ભૂજ રહ્યા, અને ભૂજમાં જ પોતાના સુવિનીત શિષ્ય શ્રી નીતિસાગરજી અને તેમના શિષ્ય શ્રી ગુણસાગરજીના શિષ્ય શ્રી ચંદ્રસાગરજી તથા મારવાડમાં શ્રી ધર્મસાગરજી – આ ત્રણે મુનિવરોનો અલ્પ અલ્પ સમયના આંતરે કાળધર્મ થવાથી પૂ. ગૌતમસાગરજી મ. સા.ને ઘણો જ આઘાત લાગ્યો. આ વખતે શ્રી નીતિસાગરજીના શિષ્ય શ્રી ગુણસાગરજી (હાલ આચાર્યશ્રી)એ પૂજ્યશ્રીને ખૂબ જ સાંત્વન આપ્યું અને તેઓશ્રીના મનને શાતા ઉપજાવી.

સં. ૧૯૯૭ના પોષ વદ ૧૨ના નળિયા જિનાલયના શતાબ્દી મહોત્સવ પ્રસંગે પૂજ્યશ્રી ઉપસ્થિત રહ્યા. સં. ૧૯૯૮નું ચોમાસું ગોધરા ગામમાં કર્યું.

**મુનિ શ્રી ગુણસાગરજીને ઉપાધ્યાયપદ :**

સં. ૧૯૯૮ના મહા સુદ ૫ના મેરાઉ ગામે પૂજ્યશ્રીએ પોતાના સેવાભાવી વિદ્વાન, પ્રખર વક્તા પ્રશિષ્ય મુનિશ્રી ગુણસાગરજીને ઉપાધ્યાયપદથી અલંકૃત કર્યા. ફાગણ સુદિ ૩ને મંગળવારે તેઓશ્રીની નિશ્રામાં મુંદ્રાથી ભદ્રેશ્વર તીર્થનો છ'રી પાળતો સંઘ નીકળ્યો. સં. ૧૯૯૯નું ચોમાસું મોટા આસંબીઆ કર્યું. સં. ૨૦૦૦નું ચાતુર્માસ નળિયામાં થયું. સં. ૨૦૦૧ માં નળિયા અને સં. ૨૦૦૨માં દેવપુર ચાતુર્માસ થયા.

**સંયમ અને તપમાં લીનતા :**

પૂજ્યશ્રી હવે અતિ વૃદ્ધ થયા હતા. તેમનો દેહ અતિ અશક્ત બન્યો હતો. છેક લઘુ વયમાં દીક્ષિત થઈ, ઉગ્ર વિહારો કરી તેમણે અભિતઃ શ્રી જિનશાસન અને ગચ્છનો જયજયકાર કરાવ્યો હતો. તેમના ભગીરથ પ્રયાસો અને ઉત્તમ પ્રેરણાઓથી અનેક સાધુ–

સાધ્વીજીઓની દીક્ષાઓ થઈ હતી. પોતાના જીવનમાં શક્ય હોય, ત્યારે તેઓશ્રી એકાંતરા ઉપવાસ કરતા અથવા તો નિત્ય એકાસણું. આ તપ તો અવિરત ચાલુ જ રાખ્યું હતું. એકાસણામાં પણ અભિગ્રહપૂર્વક અમુક જ દ્રવ્યો વાપરતા. આધાકર્મી આહારનો પ્રસંગ ન આવે, તે માટે સતત કાળજી રાખતા. પોતાની પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓ જાગૃતિપૂર્વક કરતા. પોતાની કાયા વૃદ્ધ હોઈ શેષ જીવન વિશેષ આરાધનાપૂર્વક પસાર થાય, તે માટે તેઓ પાલીતાણામાં સ્થિરવાસ કરવાની ભાવના રાખતા હતા, પણ સુથરીના સંઘની અતિ આગ્રહભરી વિનંતિથી તેઓ સં. ૨૦૦૩, સં. ૨૦૦૪, સં. ૨૦૦૫ – આ ત્રણે વરસ સુથરીમાં ચાતુર્માસ રહ્યા હતા.

**શ્રી ઉપાધ્યાયજીને સમુદાયની જવાબદારી સોંપી :**

સં. ૨૦૦૩ના માગસર વદિ ૧ને સોમવારે અચલગચ્છાધિપતિ પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સાહેબે પોતાનો આજ્ઞાવર્તી સાધુ–સાધ્વી સમુદાય અર્થાત સંઘાડાની સર્વ જવાબદારી પૂ. ઉપાધ્યાયજી શ્રી ગુણસાગરજી ગણિવર્યને સોંપી.

**છેલ્લા શ્રીપૂજ જિનેંદ્રસાગરસૂરિ :**

સં. ૧૯૪૮ના ફાગણ સુદ ૩ના અચલગચ્છ નાયક શ્રીપૂજ શ્રી વિવેકસાગરસૂરિ કાળધર્મ પામ્યા. તે પહેલાં સં. ૧૯૪૮ના મહા વદ ૧૧ના ગોધરાના જેસિંગભાઈએ યતિદીક્ષા લીધી હતી. તેઓ (જિનેન્દ્રસાગરજી) સં. ૧૯૪૮ના શ્રાવણ સુદ ૧૦ના ગચ્છેશ બન્યા હતા. ત્યારથી તેઓ અચલગચ્છાધિપતિ શ્રી જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી તરીકે પ્રસિદ્ધ હતા.

**પૂજ્યશ્રીની અજોડ પ્રતિભા :**

આપણે આગળ જોઈ ગયા કે પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ. સાહેબે સં. ૧૯૪૬ના ફા. સુ. ૧૧ના પાલીનગરમાં ક્રિયોદ્ધાર કર્યો. વિવેકસાગરસૂરિના કાળધર્મ અને જિનેન્દ્રસાગરજીના પાટ મહોત્સવ વખતે પરમ ત્યાગી, સુવિહિત શિરોમણિ પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ. સા. હજી ઘણા સંઘો અને આગેવાનોમાં અપરિચિત જ હતા. તેઓ કચ્છ પધાર્યા અને તેમના ભગીરથ પ્રયાસોથી ગચ્છમાં નવચેતના પ્રગટી. સાધુ–સાધ્વી સમુદાયમાં દિનપ્રતિદિન વૃદ્ધિ થતી રહી. જિનેન્દ્રસાગરસૂરિ પણ તેમનું ખૂબ માન જાળવતા. એકદા પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ. સાહેબે પ્રેરણા કરતાં શ્રીપૂજ શ્રી જિનેન્દ્રસાગરસૂરિએ પંચ પ્રતિક્રમણ પુસ્તક, શતપદી ભાષાંતર ગ્રંથ અને ભૂજના સ્તૂપ-મંદિરના જીર્ણોદ્ધાર આદિ માટે આર્થિક સહાયતા કરેલી. જિનેન્દ્રસાગરસૂરિ શ્રીપૂજ હોઈ ત્યાગી સાધુ–સાધ્વી સમુદાય તેમની આજ્ઞામાં કેમ રહે ? પણ તે સાધુ સમુદાય

સુવિહિત શિરોમણિ પુ. મુનિશ્રી ગૌતમસાગરજી મહારાજ સાહેબની આજ્ઞામાં રહેતો હતો અને ચાતુર્માસાદિ પણ તેમની આજ્ઞા પ્રમાણે થતા હતા. શ્રીપૂજ જિનેન્દ્રસાગર-સૂરિ સં. ૨૦૦૪ના કારતક વદ ૧૦ના ભુજપુર મુકામે કાળધર્મ પામ્યા હતા. તેમની વિદાયથી શ્રીપૂજ અને યતિસંસ્થાનો યશોચિત અંત આવ્યો. તેમની વિદ્યમાનતામાં પણ પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ. સાહેબે ગચ્છોન્નતિ માટે અનેક પ્રયત્નો કર્યા હતા. જિનેન્દ્રસાગરસૂરિના કાળધર્મ બાદ અને પહેલાં પણ પુ. મુનિશ્રી ગૌતમસાગરજીને સૂરિપદ અને ગચ્છેશ પદ માટે વિનંતિઓ થવા લાગી હતી, પણ પૂજ્યશ્રી નિસ્પૃહતા-પૂર્વક ના પાડતા હતા.

**સૂરિપદ અને ગચ્છેશપદની સ્વીકૃતિ :**

ચરિત્રનાયકશ્રીએ સંવત ૨૦૦૬ અને ૨૦૦૭ ના ચાતુર્માસ ગોધરા કર્યાં. સં. ૨૦૦૭ માં રાયણ ગામે રાયણના જિનાલયના સુવર્ણ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહ્યા. આંખનું ઝામરવાનું ઓપરેશન કરાવ્યું. સં. ૨૦૦૮ માં ગોધરા તથા બાડાના જિનાલયોના સુવર્ણ મહોત્સવોમાં નિશ્રા આપી. સં. ૨૦૦૮ નું ચાતુર્માસ બીદડા કર્યું. આ ચાતુર્માસ દરમ્યાન અનેક સંઘો તેમનાં દર્શનાર્થે આવ્યા. જિનાલયના સુવર્ણ મહોત્સવ પ્રસંગે સં. ૨૦૦૯ ના મહા માસમાં રામાણીઆ પધાર્યા. અહીં કચ્છના સંઘોના આગેવાનોએ પરમ ત્યાગી ગણનાયક પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મહારાજ સાહેબને સૂરિપદ અને ગચ્છેશપદ માટે પુનઃ વિનંતિ કરી. આ વખતે ક્ષમાનંદજી પણ ઉપસ્થિત હતા. તેમણે પણ પૂ. શ્રી ગૌતમસાગરજીને ગચ્છેશપદ માટે વિનંતિ કરતાં કહ્યું : 'જિનેન્દ્રસાગરસૂરિ સં. ૨૦૦૪ માં કાળધર્મ પામ્યા છે; તેમ જ ગચ્છમાં આપ જ વિશાળ સાધુ–સાધ્વી સમુદાયના નાયક છો. આપે સૂરિપદ અને ગચ્છેશપદ માટે હા પાડવી જ પડશે.'

ત્યારે પૂજ્યશ્રીએ ક્ષમાનંદજીને કહ્યું : 'તમે જ દીક્ષા સ્વીકારો અને પાત્રતા કેળવો, તો તમે જ ગચ્છનાયક બની શકો.' ક્ષમાનંદજીએ ઉતર આપ્યો : 'હું તો દીક્ષા લેવા અશક્ત છું, પણ આપ જ ગચ્છનાયકપદ માટે યોગ્ય છો.' સંઘના આગેવાનોએ પણ ફરી ફરી એ જ વિનંતિ કરી. અંતે પૂજ્યશ્રીએ મૌન સંમતિ આપતાં તેમને મહા સુદ ૧૩ ના સૂરિ અને ગચ્છનાયક તરીકે જાહેર કરાયા.

ઘણાં વરસો બાદ સંઘને સુવિહિત ગચ્છનાયક સાંપડતાં ખૂબ જ આનંદમંગલ રેલાઈ રહ્યો. ક્ષમાનંદજીએ 'નવ ગ્રહ દશ દિક્પાલ પૂજન' વખતે પણ 'અચલગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી ગૌતમસાગરજીસૂરીશ્વરજી સામ્રાજ્યે' – આ રીતે દશ વખત

જાહેર કર્યા હતા. રામાણીઆના સંઘે ગચ્છનાયકપદ અને જિનાલય સુવર્ણમહોત્સવ ખૂબ ઉલ્લાસથી ઉજવ્યો.

**પૂજ્યશ્રીના હસ્તે સોએક દીક્ષાઓ અને સાહિત્યોદ્ધાર :**

અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંતશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. ના હસ્તે લગભગ સો જેટલી દીક્ષાઓ થયેલી. તેમની પ્રેરણા અને અથાગ મહેનતથી ભૂજ, માંડવી અને જામનગરમાં મોટા જ્ઞાનભંડારોની સ્થાપના થઈ. તેમની પ્રેરણાથી 'પ્રતિક્રમણ સૂત્રાણિ – સાર્થ,' 'ઉપદેશ ચિંતામણિ–સટીક' (ભાષાંતર ગ્રંથ), 'પ્રબોધ ચિંતામણિ ભાષાંતર સહિત,' 'કલ્યાણસાગરસૂરિ રાસ,' 'વર્દ્ધમાન – પદ્મસિંહ શ્રેષ્ઠિ ચરિત્ર,' 'કલ્યાણસાગરસૂરિ પૂજાદિ સંગ્રહ,' 'મોટી પટ્ટાવલી ભાષાંતર,' 'શ્રીપાલરાસ' ઇત્યાદિ ગચ્છોપયોગી ગ્રંથો પ્રકાશિત થયા. અનેક પ્રતો લિપિબદ્ધ કરાઈ. અનેક જિનમંદિરોની પ્રતિષ્ઠાઓ અને જીર્ણોદ્ધારાદિ કાર્યો તેમની નિશ્રામાં થયાં. તેમની પ્રેરણાથી ઠેર ઠેર દાદાશ્રી કલ્યાણસાગરસૂરિની દેવકુલિકાઓ અને ગુરુમૂર્તિઓ પણ પ્રતિષ્ઠિત થઈ.

□

**અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી. ગૌતમસાગરસૂરિશ્વરજીના સમય દરમ્યાનના કેટલાક પ્રસંગોની નોંધ**

**શ્રી રવજી સોજપાળ અને શ્રી મેઘજી સોજપાળ :**

સં. ૨૦૦૫ ના મહા સુદ ૫ ના વીશા ઓશવાળ શ્રેષ્ઠિ શ્રી રવજી સોજપાળે માટુંગામાં સહસ્રફણા પાર્શ્વનાથ જિનાલય બંધાવ્યું. સં. ૧૯૮૯ માં જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું ૧૩ મું અધિવેશન રવજી સોજપાળના પ્રમુખપદે મળ્યું. તેમાં વિધવા વિવાહ અને બાલદીક્ષાના પ્રશ્ને પોતાને સુધારક માનતા વર્ગે ભંગાણ પાડવા અનેક પ્રયાસો કરેલા. તેમના ભાઈ મેઘજી સોજપાળ પણ સમાજમાં અગ્રેસર હતા. ચાંદવાડ (નાસિક) માં તેમણે સં. ૧૯૯૦ માં શ્રી પાર્શ્વનાથ જિનાલય બંધાવ્યું. સં. ૨૦૦૪ માં કચ્છમાં માંડવી – ભૂજના રાજમાર્ગ પર નાગલપુર ગામ નજીક વૃદ્ધ અને અશક્ત જૈનોને માટે જૈન આશ્રમ માટે ખૂબ ભંડોળ એકત્રિત કરી આપ્યું. એ આશ્રમમાં જિનાલય પણ બંધાવ્યું. તેમની સેવાઓને અનુલક્ષી એ સંસ્થા પર એમનું નામ જોડવામાં આવ્યું છે.

**કચ્છમાં શિખરબંધ નૂતન જિનાલયો :**

એ અરસામાં રાયધણજર, પરજાઉ, પુનડી, વાંકુ, બાડા, નારાણપુર, ગઢશીંશા, રાયણ, ગોધરા, લઠેડી, નાગલપુર, ભોજાય, કોટડા, શેરડી, લુણી, વરાડીઆ, તલવાણા, મોટી વંઢી, ચાંગડાઈ, હાલાપુર, નરેડી, દેઢીઆ, નાના આસંબીઆ, બીદડા, વાંઢ,

ટોડા, છસરા, મોથારા, દેવપુર, ભીંસરા અને લાયજા ઇત્યાદિ સ્થળોમાં શિખરબંધ નૂતન જિનાલયો બંધાયાં અને કેટલાંકનો જીર્ણોદ્ધાર પણ થયો.

**'કચ્છ - હાલાર દેશોદ્ધારક' બિરુદ :**

આપણે આગળ જોઈ ગયા કે પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરીશ્વરીજી મ. સાહેબ હાલારમાં પણ વિચર્યા અને તેમની પ્રેરણાથી હાલારમાં ખૂબ જ ધર્મજાગૃતિ આવી. અચલગચ્છના સુવિહિત મુનિવર તરીકે તેઓ જ સર્વ પ્રથમ મુંબઈ પધારેલા. તેઓશ્રી 'કચ્છ – હાલાર દેશોદ્ધારક'નું બિરુદ પામ્યા હતા.

**મુંબઈમાં જિનાલયોનું નિર્માણ – પ્રતિષ્ઠા :**

પૂજ્યશ્રીના સમય દરમ્યાનમાં કચ્છી વીશા ઓશવાળ જૈન દેરાવાસી મહાજને ભાતબજારમાં સં. ૧૯૯૦ ના વૈશાખ સુદિ ૬ ને સોમવારે આદિનાથ જિનાલય, લાલવાડીમાં સં. ૧૯૮૨ માં સુવિધિનાથ જિનાલય, સં. ૧૯૯૬ માં જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય અને ઉપશ્રમ બાંધ્યાં. મુલુંડમાં સં. ૧૯૭૫ માં ઘર દેરાસર હતું, પણ રાણબાઈ હીરજી, હરગોવિંદ રામજી આદિના પ્રયાસોથી વાસુપૂજ્ય સ્વામીનું બિંબ શ્રી નરશી નાથા ટ્રસ્ટ દ્વારા મળેલ છે. સં. ૨૦૦૯ ને ફા. સુ. ૫ ના ઉકત જિનાલયની પ્રતિષ્ઠા થઈ.

**પરપ્રાંતોમાં ( દેશાવર ) માં જિનાલયોનું નિર્માણ :**

કોચીનમાં લક્ષ્મીબાઈ હાથીભાઈ, ગોપાલજી લાલને સ. ૧૯૮૯ માં ચંદ્રપ્રભુ જિનાલય બંધાવ્યું. અલપઈ, કલીકટ, બડગરા ઇત્યાદિ સ્થળે અચલગચ્છીય શ્રાવકોએ જિનાલયોનું નિર્માણ કર્યું.

હુબલીમાં સં. ૧૯૯૦ માં અજિતનાથ પ્રભુની પ્રતિષ્ઠા થઈ. કુમઠાના પાર્શ્વનાથ જિનાલયની શાખારૂપે વાલગીરિ અને ડુગુરમાં જિનાલયો બંધાયાં. ઉકત ત્રણે જિનાલયોનો વહીવટ ક. દ. ઓ. જૈન મહાજન હસ્તક છે. ગદગમાં સં. ૧૯૭૦ માં પાર્શ્વનાથ જિનાલય બંધાયું. બાગલકોટમાં સં. ૨૦૧૨ માં વિમલનાથ જિનાલય બંધાયું. કુર્દુવાડી, ડીગ્રસ, ખીરકીઆ, ચાલીસગ્રામ, ખંડવા, નાંદેડ, કારંજા, રાયપુરમાં પણ અચલગચ્છીય શ્રાવકોએ જિનાલયો બંધાવ્યા.

**શ્રી અનંતનાથજી ટ્રસ્ટ :**

સમેતશિખરજી મહાતીર્થના જીર્ણોદ્ધાર પ્રસંગે સં. ૨૦૧૬ માં શ્રી અનંતનાથજી જૈન દેરાસર ટ્રસ્ટે સવા લાખ રૂપિયાની ઉદાર રકમ આપી. શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિની આ અચલગચ્છીય સંસ્થાએ ગચ્છોન્નતિનાં અનેક કાર્યો કરેલાં છે.

**પૂજ્યશ્રીના શિષ્યોનો પરિચય :**

તેમના પ્રથમ શિષ્ય મુનિશ્રી ઉત્તમસાગરજી હતા. તેમણે 'કચ્છ કેવલનાણી' રચી, જેમાં કચ્છનાં જિનાલયોને વંદના કરાઈ છે. તેમનું મૂળ નામ ઓભાયાભાઈ હતું. તેઓ સુથરીના હતા. મુનિશ્રી ગુણસાગરજી ચીઆસરના ગેલા લખુના પુત્ર હતા. મૂળ નામ ગોવરભાઈ. તેઓ સં. ૧૯૫૪ માં કાળધર્મ પામ્યા હતા. ઉપરાંત પ્રમોદસાગરજી, દયાસાગરજી, નીતિસાગરજી, મોહનસાગરજી, સુમતિસાગરજી, કર્પૂરસાગરજી, ક્ષાંતિ-સાગરજી વગેરે પણ તેમના શિષ્યો હતા.

**પરમ વિનયી પૂ. નીતિસાગરજી ગણિ :**

પૂ. નીતિસાગરજી ગણિવર્ય મ. સા. ખૂબ જ વિનયી, શાંતમૂર્તિ અને આરાધક મહાત્મા હતા. અચલગચ્છાધિપતિ દાદાશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં તેઓ કુશળ મંત્રીની જેમ કામ કરતા. તેઓ કોટડીના તેજપાલ લાલજીની પત્ની દેવાં-બાઈની કુક્ષિથી સં. ૧૯૪૧ ના શ્રાવણ સુદ ૫ ના જન્મ્યા હતા. તેમણે સરએજમાં દીક્ષા લીધી હતી. સં. ૧૯૯૭ કા. સુ. ૩ શનિવારે ભૂજમાં કાળધર્મ પામ્યા હતા.

**પૂ. મુનિશ્રી ધર્મસાગરજી મ. સાહેબ :**

પૂ. નીતિસાગરજી મ. સા.નાં શિષ્યોમાં પૂજ્ય મુનિશ્રી ધર્મસાગરજી મ. સા.ની સાહિત્યક્ષેત્રે પ્રવૃત્તિ વિશાળ છે. ચરિત્રનાયકશ્રીએ કરેલા સાહિત્યોદ્ધારમાં તેમની સહાયતા નોંધનીય રહેશે. તેમણે અચલગચ્છની મોટી પટ્ટાવલી આદિ અનેક ગ્રંથો પ્રકાશિત કરાવ્યાં. તેઓ બાડમેરના ચાતુર્માસ બાદ રાજસ્થાનમાં જ કાળધર્મ પામ્યા. પૂ. ધર્મ-સાગરજી મ. સા. સાહિત્યકાર અને અચ્છા કવિ પણ હતા.

પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. ની પાટે અને પૂ. ગણિશ્રી નીતિ-સાગરજી મ. સા.ના બન્ને શિષ્યો બે આચાર્યદેવો થયા. શ્રી દાનસાગરજી મ. સા. તથા શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.

## પૂજ્ય આચાર્યશ્રી દાનસાગરસૂરિનો પરિચય

કચ્છ કોટડાના વીશા ઓશવાળ શ્રી ગણપત પરબતની ભાર્યા કુંવરબાઈની કુક્ષિથી દેવજીભાઈનો જન્મ સં. ૧૯૪૪ માં થયો હતો.

દેવજીભાઈએ સં. ૧૯૯૬ માં પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા. પાસે અમદાવાદમાં દીક્ષા સ્વીકારી હતી. તેમનું મુનિશ્રી દાનસાગરજી એવું નામાભિધાન રાખવામાં આવ્યું હતું. ચૈત્ર વદ ૫ ના ઘાટકોપર મુકામે વડી દીક્ષા થઈ હતી. તેઓશ્રીના કુટુંબમાંથી પણ સાત વ્યક્તિઓએ દીક્ષા સ્વીકારી હતી. સં. ૨૦૧૨ માં તેમને મુંબઈમાં

સંઘે સૂરિપદથી અલંકૃત કર્યા હતા. તે જ દિવસે તેમના પટ્ટધર પૂ. મુનિશ્રી નેમસાગરજી મ. સા.ને પણ કચ્છ સુથરીમાં આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા હતા.

## પૂજ્ય આચાર્યશ્રી નેમસાગરસૂરિનો પરિચય

કચ્છ નારણપુરના વોરા કચરા જાગાણીનાં પત્ની દેમીબાઈની કુક્ષિથી માગસર વદ ૧૨ ના નાગજીભાઈનો જન્મ થયો હતો. સં. ૧૯૮૦ ના ચૈત્ર સુદ ૫ ના પૂ. શ્રી દાનસાગરજી મ. સા. પાસે નાગજીભાઈએ જૂનાગઢમાં દીક્ષા સ્વીકારી હતી.

પૂ. શ્રી દાનસાગરજી મ. સાહેબે સં. ૧૯૬૭ થી ૧૯૬૯ સુધી પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા.ની નિશ્રામાં મુંબઈ ચાતુર્માસ રહ્યા. સં. ૧૯૭૦ થી ૧૯૭૬ સુધીમાં પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા. સાથે ભૂજ, માંડવી, સુથરી, તેરા, ગોધરા અને પાલીતાણામાં ચાતુર્માસ રહ્યા. સં. ૧૯૭૬ થી ૧૯૭૯ સુધી આ પ્રમાણે એકલા ચાતુર્માસ રહ્યા : જામનગર, માંડવી, સાંયરા અને ગોધરા. સં. ૧૯૮૦ માં નેમસાગરજીને શિષ્ય કરી એકલવિહારીપણું ટાળ્યું.

ત્યાર બાદ સં. ૧૯૮૦ થી સં. ૨૦૧૦ સુધીમાં નિમ્નોક્ત સ્થળે ચાતુર્માસ કર્યા. પાલીતાણા, પ્રાંતિજ, માંડલ, મુંબઈ (બે વરસ), પાલીતાણા, લતિપુર, મોરબી, નળિયા, સાંયરા, માંડવી, ભૂજ, લાયજા, માંડવી (ત્રણ વરસ), જામનગર, લતિપુર, મોરબી, ભૂજ, માંડવી, ભૂજ, ખારુઆ, લાયજા, ભૂજ, બીદડા, દેઢીઆ, નારણપુર, નરેડી, કોટડી, વરાડીઆ, ભૂજ – આ રીતે પોતાના શિષ્ય મુનિશ્રી નેમસાગરજી સાથે ચાતુર્માસ કર્યા.

તેમના અન્ય શિષ્યો ગુલાબસાગરજી, ઝવેરસાગરજી, વિવેકસાગરજી, નરેન્દ્રસાગરજી, કીર્તિસાગરજી ઇત્યાદિ પણ થયા.

તેઓશ્રીના શિષ્યો મુનિશ્રી લબ્ધિસાગરજી અને મુનિશ્રી કૈલાશસાગરજી વિદ્યમાન છે.

તેમના સમુદાયમાં સાધ્વીશ્રી હેતશ્રીજી મુખ્ય હતાં. આ સાધ્વીજી મૂળ તેરાનાં હતાં. પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા.ના હસ્તે આ સાધ્વીજી પાલીતાણામાં દીક્ષિત થયાં હતાં. હાલ પૂ. આ. શ્રી દાનસાગરસૂરીશ્વરજી મ. સા.ના સમુદાયમાં સાધ્વીશ્રી કેસરશ્રીજી સમેત ૧૫ સાધ્વીજીઓ વિદ્યમાન છે.

પૂ. આ. શ્રી દાનસાગરસૂરીશ્વરજી મ. સા. તપસ્વી પણ હતા. દર પર્યુષણ પર્વમાં અઠ્ઠાઈ તપ કરતા અને તપમાં વ્યાખ્યાન વાંચતા.

પૂ. આ. શ્રી દાનસાગરસૂરીશ્વરજી મ. સાહેબે છેલ્લા છ ચાતુર્માસ મુંબઈમાં કર્યા. સં. ૨૦૧૭ માં તેઓ માટુંગા ચાતુર્માસ હતા. શ્રી નેમસાગરસૂરિની તબિયત અસ્વસ્થ

બનતાં તેમને બોમ્બે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલા. તેમને મળવા શ્રી દાન-સાગરસૂરિ માટુંગાથી સતત વિહાર કરી શ્રી દશા ઓશવાળ જૈન મહાજન વાડીમાં પધાર્યા, પણ શ્રા. સુ. ૯ ના રાતે ૧૧ વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

પૂજ્ય આચાર્યશ્રી નેમસાગરસૂરિ સં. ૨૦૨૨ ના ચૈત્ર વદ અમાસને બુધવારે મુંબઈમાં કાળધર્મ પામ્યા હતા. પૂજ્ય આચાર્ય શ્રી નેમસાગરસૂરિની પ્રેરણાથી 'અચલગચ્છ પ્રતિષ્ઠા લેખ સંગ્રહ,' 'અંચલગચ્છ દિગ્દર્શન' સમેત ગ્રંથો પ્રકાશિત થયા.

## યુગપ્રભાવક, અચલગચ્છ દિવાકર, વિદ્યમાન અચલગચ્છાચાર્ય પરમ પૂ. આચાર્ય ભગવંત
## શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.

કચ્છ–દેઢીયા ગામના વીશા ઓસવાળ જ્ઞાતિના શ્રેષ્ઠિ શ્રી લાલજી દેવશીનાં પત્ની ધનબાઈની કુક્ષિથી સંવત ૧૯૬૯, મહા સુદ ર ને શુક્રવારે દેઢિયામાં જ શુભ સ્વપ્નથી સૂચિત આપણા પૂજ્ય અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરિનો જન્મ થયો હતો. તેમનું મૂળ નામ ગાંગજીભાઈ હતું.

**ગચ્છની સ્થાપના સહ યોગાનુયોગ !**

પૂ. દાદાશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. સાહેબે સંવત ૧૧૬૯ માં અચલ ( વિધિ-પક્ષ ) ગચ્છનું પ્રવર્તન કર્યું હતું. બરાબર ગચ્છ સ્થાપના પછી ૮૦૦ વરસે સંવત ૧૯૬૯ માં અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. નો જન્મ એ કોઈ યોગાનુયોગ જ હતો !

ગાંગજીભાઈ બાળવયથી જ શરીરથી ખૂબ જ સશક્ત હતા. તેમણે કચ્છમાં દેઢિયા ગામમાં જ ગુજરાતી ચાર ધોરણ જેટલો અભ્યાસ કર્યો હતો. તેમની યાદદાસ્ત ખૂબ જ સારી હતી.

**ગાંગજીભાઈનું મુંબઈમાં આગમન :**

તેમના પિતાશ્રી લાલજીભાઈએ મુંબઈ–શીવરીમાં દુકાન કરી અને ગાંગજીભાઈને મુંબઈ તેડાવ્યા. તે વખતે તેઓ બાર વરસના હતા. પિતાજીએ તેમને દુકાનમાં જોડી દીધા, તેથી તેઓ વિશેષ વ્યવહારિક અભ્યાસ કરી શકયા નહીં.

**ચેપી રોગને લીધે દેહથી અસ્વસ્થ પણ મનથી સ્વસ્થ :**

ગાંગજીભાઈ તેર વરસની લઘુ વયમાં જ શીતળાના ચેપી રોગથી અસ્વસ્થ થયા. આ માંદગી છ માસ ચાલી. આખા શરીરમાં શીતળા ( માતા ) નો રોગ ફેલાઈ ગયો;

તે એટલે સુધી કે મુખ પર એ રોગ ફેલાઈ જવાને કારણે તેઓ કશું પણ ખાઈ-પી શકતા નહીં. આ સ્થિતિમાં દૂધ કે પ્રવાહીમાં કપાસ ભીંજવી મુખ ઉપર રાખવામાં આવતું. આ રીતે તેઓ થોડો પ્રવાહી ખોરાક લઈ શકતા. તીવ્ર વેદનાને કારણે તેઓ બેભાન પણ બની જતા.

**સ્મશાન તૈયારી સુધીની ભયંકર બીમારીમાં :**

આ જ સ્થિતિમાં એક વાર એવું બન્યું કે ગાંગજીભાઈને વધુ કલાકો બેભાન રહેલા જાણી તેમના પિતાશ્રી વગેરે સમજ્યા કે તેના પ્રાણ નીકળી ગયા છે, તેથી તેમની સ્મશાન ક્રિયા કરવા માટે તૈયારી કરી. પણ પછી જરા હલનચલન જણાયું, તેથી તેમને સ્મશાને ન લઈ ગયા. આ છ માસની ભયંકર માંદગીમાં તેમને મુંબઈની સાત રસ્તા પાસેની ચેપી રોગની ઈસ્પિતાલમાં દાખલ કરાયા. આ લાંબી માંદગી તેમણે ખૂબ જ સમતા રાખી સહન કરી.

**મરણ પથારીએથી ગચ્છનાયક પદે :**

કોને ખબર કે એક વખત જેમને સ્મશાનમાં લઈ જવાના હતા, તે ગાંગજીભાઈ ભાવિમાં જિનશાસન અને અચલગચ્છના નાયક બનશે ? કદાચ યમરાજાએ જાણે તેમને પાછા જીવંત કર્યા હશે શું ? આવી ઘોર બીમારીના બિછાનેથી ઊઠનાર ભાવિમાં મહાપુરુષ થશે એવી કલ્પના પણ એ વખતે કોને હશે ? પણ આ એક સત્ય ઘટના છે.

**ગાંગજીભાઈનું ધર્મ પ્રત્યેનું વલણ :**

સ્વસ્થ થયા બાદ ગાંગજીભાઈ જીવનની ક્ષણભંગુરતાને પામી ગયા. પોતાના વડીલોના ધર્મસંસ્કારો અને તેમની ધર્મપ્રવૃત્તિઓ જોઈ તેઓ ધર્મમાં જોડાઈ ગયા. સંત સમાગમને તેઓ મહત્ત્વ આપતા અને ફાજલ સમયે જૈન ધર્મના 'અધ્યાત્મક કલ્પદ્રુમ,' 'શાંત સુધારસ' ઇત્યાદિ ગ્રંથોનું તેઓ લક્ષપૂર્વક વાંચન કરતા. પિતા લાલજીભાઈએ બીજી દુકાન ગોળપદેવ – બાવન ચાલમાં કરી. તે વખતે પિતાજીની આજ્ઞાથી ગાંગજીભાઈ એ દુકાનમાં પણ કામ કરતા.

**ગાંગજીભાઈની ધર્મ પ્રવૃત્તિનાં સંસ્મરણો :**

એક વાર પર્યુષણ પર્વમાં માતા ધનબાઈની સૂચનાથી ગાંગજીભાઈએ અઠ્ઠમ તપ સાથે ત્રણ દિવસનો પૌષધ કર્યો. તે વખતે પાલાગલીમાં કચ્છી વીશા ઓસવાળ દેરાવાસી જૈન મહાજનવાડી (જૂની) માં લઠેડીના પાસુભાઈ લખમશી, કુંદરોડીના ખીમજીભાઈ કઢલાવાલા, કોડાયના ટોકરશી હીરજી લાલન, વીઢના ધનજી ઠોકરશી ઇત્યાદિ ધર્મક્રિયામાં

આગેવાન શ્રાવકો હતા. લઠેડીવાળા પાસુભાઈ લખમશી ' પુણ્ય પ્રકાશનું સ્તવન, ' ' સમકિત સડસઠી ' ઇત્યાદિ અર્થ સહિત સમજાવતા. ગાંગજીભાઈના માનસ પર આ આવી સ્વાધ્યાય પ્રવૃત્તિની જાદુઈ અસર થઈ. માતા ધનબાઈએ ગાંગજીભાઇને કહ્યું : ' કોઈ ન હોય ત્યારે ઘર અને દુકાન હું સાચવીશ, પણ તું પાલાગલી વાડીમાં જા અને પર્યુષણમાં આરાધના કર. ' ગાંગજીભાઈને ધર્મરંગ લાગ્યો હતો. તેમને તો આટલું જ જોઈતું હતું. તેઓ પુનઃ પાલાગલીની ક. વી. ઓ. દે. જૈન મહાજનવાડીમાં આવી ભાદરવા સુદ ત્રીજ, ચોથ અને પાંચમના અઠ્ઠમ તપ કરવા સાથે પૌષધવ્રતમાં જોડાઈ ગયાં. પર્યુષણની આરાધના પ્રસંગે ગાંગજીભાઇએ નાટક–સિનેમાના અને બીડી, પાન, સોપારી, કંદમૂળ, મધ, માંસ, માખણ અને દારૂ એ મહાવિગઇઓ ઇત્યાદિના ત્યાગની પ્રતિજ્ઞાઓ લીધી.

**જ્ઞાન–ક્રિયાની અપૂર્વ રુચિ :**

પોતાના પુત્રના હૃદયમાં ધર્મલાગણી અને વ્રતનિયમ–પ્રેમ જોઈ માતા ધનબાઈ ખૂબ જ પ્રસન્ન થયાં. માતાજી તેમને કહેતાં : ' બેટા ! પ્રતિક્રમણ કરાવ. ' ત્યારે ગાંગજીભાઈ સાંજે વહેલા અને સવારે મોડા બેસી અજવાળામાં ચોપડીમાંથી જોઈ પ્રતિક્રમણ કરાવતા અને પોતે કરતા. દિવસે દુકાન પર વ્યાપાર કરતા, ત્યારે પણ ધાર્મિક પુસ્તક નિકટમાં જ રાખી ભણતા.

માતાજીના કહેવાથી ગાંગજીભાઈ આસો માસની નવપદજીની આયંબિલ ક્રિયા સહિતની આરાધનામાં જોડાયા. ત્યારે નવાવાસના ડાહ્યાભાઈ, શેરડીના ખેરાજ હરશી, પુનડીના દેવજી પુનશી અને તેમનાં માતાજી ભચીબાઈ, મેરાઉના કંકુબાઈ નાનજી હીરજી, સુથરીના વીરમ રાયશીનાં પુત્રી મેઘબાઈ, તુંબડીના મોરારજી પાસવીરની પુત્રી કુંવરબાઈ ઇત્યાદિ પણ આરાધકો આરાધનામાં સાથે હતા. આ ધાર્મિક સંસર્ગથી ગાંગજીભાઈમાં વિશેષ લાગણી થઈ.

**ધગધગતું તેલ ગાંગજીભાઈના શરીર પર ઊછળ્યું પણ રાત્ર ભોજન કે દવા ન જ લીધી !**

આસો વદ ૧૪ ના દિવસે ગાંગજીભાઈ પોતાનાં માતાજીને પહેલાંની જેમ રસોઈમાં સહાયક બન્યા હતા. ત્યારે ઉપર ઊંચેથી મસાલાનો ડબ્બો લેવા જતાં, માતાજીના હાથમાંથી તેલની કડાઈ ઉપર પડ્યો. ધગધગતું તેલ ઉછળીને ગાંગજીભાઈના શરીર પર ઊછળ્યું. ગાંગજીભાઈ ઘણા જ દાઝી ગયા. ખૂબ જ વેદના થવા લાગી. સૂર્યાસ્ત થઈ ગયો અને જમવાનું રહી ગયું. આખી રાત તરફડીને પસાર કરી, પણ રાતે ભોજન કે દવા ન જ લીધી. બીજા દિવસે પણ આસો વદ અમાસ (પાખી) હોઈ ગાંગજીભાઈએ ઉપવાસ કર્યો. તેઓ પોતાના નિયમમાં મક્કમ જ રહ્યા.

**આરાધનાપૂર્વક કરેલી તીર્થયાત્રાઓ :**

ત્યાર બાદ કારતક સુદ ૫ ના મોટી જ્ઞાનપંચમીની ઉપવાસ ક્રિયા સહિતની આરાધના પણ માતાજીની સૂચનાથી શરૂ કરી દીધી. ત્યાર બાદ માતાજી સાથે ગાંગજીભાઈ કચ્છ આવ્યા. કચ્છમાં પણ પ્રતિક્રમણ, પૂજા ઇત્યાદિ નિયમોનું ચુસ્તપણે પાલન કર્યું. પગે ચાલીને ભદ્રેશ્વર તીર્થની ગાંગજીભાઈએ યાત્રા કરી. આ યાત્રામાં માતા ધનબાઈ, એક ભાઈ અને બીજાં બે બહેનો અને પોતે પાંચ જણા હતા. છ દિવસે ભદ્રેશ્વર પહોંચ્યા. તીર્થમાં ખૂબ જ ભાવથી પ્રભુભક્તિ કરી. યાત્રા કરી પાછા પગે ચાલીને જ દેઢિયા પહોંચ્યા. શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ભાવના થતાં તેઓ માંડવી પહોંચ્યા. ત્યાં બે જ્યોતિષીઓ ગાંગજીભાઈના પગ પરની ઉર્ધ્વ રેખાઓ જોઈ આપસ-આપસમાં કહેવા લાગ્યા : 'આ વ્યક્તિ કોઈ મહાન પુરુષ થશે.' વહાણ અને રેલવે દ્વારા પાલીતાણા પહોંચી શત્રુંજય તીર્થની પચ્ચીશ યાત્રાઓ કરી. કદંબગિરિ, તળાજા ઇત્યાદિ સ્થળે તેમ જ છ ગાઉની પ્રદક્ષિણાની યાત્રાઓ કરી ગિરનાર આવ્યા. અહીં ત્રણ યાત્રાઓ કરી પાછા કચ્છ આવ્યા.

**શિખરજી તીર્થયાત્રાની ભાવના તરત જ ફળી !**

પુનઃ મુંબઈ આવ્યા બાદ પિતાજીના કહેવાથી ધંધે લાગ્યા. એક દિવસ સવારના પ્રતિક્રમણ બાદ ગાંગજીભાઈ આવી ભાવના ભાવતા હતા : 'જ્યાંથી વીસ તીર્થંકર ભગવંતો મોક્ષમાં પધાર્યા છે, તે સમેતશિખર તીર્થાધિરાજની યાત્રા હું ક્યારે કરીશ ?' ત્યાં તો ગાંગજીભાઈના કાકા શામજી કરમશી તેમના પિતાજી પાસે આવ્યા અને કહ્યું : 'ત્રણેક બહેનોને સમેતશિખરજીની યાત્રાએ જવું છે. સાથે એક ભાઈની જરૂર છે, તો આપણા ગાંગજીભાઈને મોકલીએ તો ?' આ સાંભળી પિતા લાલજીભાઈએ કહ્યું : 'ભલે, મારી ના નથી.' ત્યારે ગાંગજીભાઈએ કહ્યું: 'હું હમણા એ જ તીર્થની યાત્રા માટે ભાવના ભાવતો હતો. મને યાત્રા કરવી જ છે.' અને તીર્થયાત્રાનું નક્કી થયું. યાત્રામાં બે બહેનો પોતાના સ્વભાવ પ્રમાણે ગાળો વરસાવતી, પણ ગાંગજીભાઈ સમતા-પૂર્વક સહન કરતા. ગાંગજીભાઈની તે વખતે એ પણ પ્રતિજ્ઞા હતી : 'બળદગાડી, ઘોડાગાડી ઇત્યાદિ પંચેન્દ્રિય જીવોવાળાં વાહનો ઉપર બેસવું નહીં.' એ નિયમ મુજબ ગાંગજીભાઈ એવા વાહનોમાં ન બેસતા, તેથી રેલવે સ્ટેશનો પર ઊતરી ખૂબ જ દૂર એવાં તીર્થો અને ધર્મશાળાઓમાં પગે દોડતા ચાલીને જતા. યાત્રિક બહેનોને ઘોડાગાડી કરી આપી, પોતે ઘોડાગાડી પછવાડે દોડતા. કોઈ પણ સ્થાન પર રાતે દશ કે અગિયાર વાગે પહોંચે તો પણ પ્રતિક્રમણ કરીને જ સૂતા. રાજગૃહી, પાવાપુરી, ગુણિયાજી, શિખરજી, ચંપાપુરી, અયોધ્યા, ચંદ્રપુરી, બનારસ ઇત્યાદિ યાત્રાઓ કરી.

આ દરમ્યાન ગાંગજીભાઈને ખૂબ જ ખાજી (ખરજ) નીકળી પડેલ, તેને સમભાવે સહન કરતા હતા. યાત્રાએથી પાછા આવ્યા બાદ ત્રણે બહેનો પૈકીની એક બહેને કહ્યું: 'તીર્થયાત્રા તો ગાંગજીભાઈએ જ કરી છે. અમે તો વેઠ ઉતારી છે.' એ બહેને પછીથી દીક્ષા લીધી. તેમનું નામ સાધ્વીશ્રી ચંદનશ્રીજી હતું. એ બહેનના ધર્મનિષ્ઠ નિષ્ણાત મામા શ્રી જીવરાજ મણુશી લોડાયા ગાંગજીભાઈના જીવનથી ખૂબ જ આકર્ષાયા અને તેઓ આગ્રહપૂર્વક પોતાના ઘરે જમાડીને ગાંગજીભાઈની ખૂબ ભક્તિ કરતા હતા.

**વરસીતપમાં પણ ચાલુ રાખેલ અન્ય તપારાધનાઓ :**

ત્યાર બાદ ગાંગજીભાઈએ વરસીતપની આરાધના કરી. તે વખતે તેમની વય ૧૮ વર્ષની જ હતી. આ તપના તપસ્વીઓની પણ ગાંગજીભાઈએ પારણા ઇત્યાદિથી ખૂબ જ ભક્તિ કરી. ગાંગજીભાઈએ વરસીતપ દરમ્યાન પણ જ્ઞાનપંચમી, નવપદ ઓળીમાં ઉપવાસને પારણે આયંબિલ તથા પર્યુષણમાં છેલ્લા બે ત્રણ વર્ષોથી અઠ્ઠાઈ કરતા હતા, તે તપ ચાલુ જ રાખ્યું. વરસીતપનું પારણું દેઢિયામાં કર્યું. ત્યારે જીવરાજભાઈ મણુશીએ પોતાના ભાણેજ પદમશી માણેકજીને સાથે મોકલ્યા હતા. વરસીતપનાં પારણાં બાદ ખુલ્લે પગે ચાલીને જ અબડાસાનાં જિનાલયોની યાત્રા કરી.

**કોડાય, ડુમરા અને અગાસની ધાર્મિક સંસ્થાઓનો પરિચય :**

પછી નાના આસંબીઆમાં ઝવેરસાગરજીની દીક્ષા થઈ, ત્યાં હાજરી આપી. હમલા-મંજલના જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગમાં ધાર્મિક કાર્યોમાં ભાગ લઈ કોડાય આવ્યા. ત્યાં ભાઈલાલભાઈના પિતાશ્રી મેઘજીભાઈ વીરજી (અચ્છા)ને ત્યાં ત્રણેક દિવસ રહ્યા. કોડાય ગામની ધાર્મિક સંસ્થાઓમાં આવતા ધર્મનિષ્ઠ મહાનુભાવોનો પરિચય કરી, ત્યાંની પ્રવૃત્તિઓ નિહાળેલી. ત્યાંના હેમા પંથનું પણ વૃતાંત જાણ્યું. પછી ડુમરા ગામે આવી ત્યાં ચાલતી કણબાઈ જ્ઞાનશાળાનો પણ પરિચય કર્યો. પછી ગાંગજીભાઈ મુંબઈ આવતા હતા, ત્યારે રસ્તામાં મળેલા જીવરાજ રામજી (લાલાવાળા) તેમને અગાશ આશ્રમમાં તેડી ગયા. ત્યાં બ્રહ્મચારીજીનો ઉપદેશ સાંભળ્યો. ત્યાં શ્રીમદ્ રાજચંદ્રના ભક્તોએ ગાંગજીભાઈને સમજાવી પ્રતિક્રમણને બદલે અમુક કાવ્યો બોલવાનો નિર્ણય કરાવ્યો. ગાંગજીભાઈ તેમ કરતા મુંબઈ આવ્યા. ત્યાં અગાસમાં જ મળેલા એક ભાઈ મળ્યા. ત્યારે રાત્રે નવ વાગ્યા હતા. તે ભાઈ પાન ખાતા હતા. ગાંગજીભાઈએ કહ્યું: 'આમ રસ્તામાં પાન ખાઈ રહ્યા છો?' તો તે ભાઈએ કહ્યું: 'આત્મધર્મ જુદો છે. આ તો શરીરનો ધર્મ છે, એટલે ચાલે.' ગાંગજીભાઈને વિચાર આવ્યો કે આવા માત્ર અધ્યાત્મની વાતો કરનારા અને ગમે તેમ આચરણ કરનારાઓના ફંદામાં ફસાઈને

જિનાજ્ઞા પ્રમાણે બે સમય પ્રતિક્રમણ કરવાનું તથા જિનપૂજા કરવાનું મૂકી દીધું, તે મેં મહાન ભૂલ કરી છે. એ ભૂલનું પ્રાયશ્ચિત લઈ ગાંગજીભાઈએ પહેલાંની જેમ બંને વખત પ્રતિક્રમણ – પૂજા વગેરે ધર્મક્રિયાઓ ચાલુ કરી દીધી.

પછી મુંબઈ – લાલવાડીમાં નવકાર મંત્રના એકાસણાના તપમાં જોડાયા. આ વખતે લાયજા (કચ્છ)ના શ્રેષ્ઠિવર્ય શ્રી મેઘજી સોજપાલ ગાંગજીભાઈના પરિચયમાં આવ્યા અને એમની પ્રેરણાથી શ્રી મેઘજીભાઈ પણ એ નવકાર મંત્રના તપમાં જોડાયા. તપ પૂર્ણ થયા બાદ મેઘજીભાઈ તથા ગાંગજીભાઈએ એકાસણાં ચાલુ જ રાખ્યાં. સાત મહિના બાદ શ્રી મેઘજી સોજપાલની તબિયત બગડતાં તેમને એકાસણા છોડી દેવા પડયા, પણ ગાંગજીભાઈએ તો ચાલુ જ રાખ્યાં.

**દીક્ષા ન મળે ત્યાં સુધી એકાસણા તપ :**

એક વખત પાલાગલીમાં એક સુવિહિત મુનિરાજના જાહેર વ્યાખ્યાનમાં એકાએક ગાંગજીભાઈ ઊભા થઈ ગયા અને પ્રતિજ્ઞા કરી : 'જ્યાં સુધી હું દીક્ષા ન લઉં, ત્યાં સુધી એકાસણાં કરીશ.' પોતાના પિતાજી પાસેથી દીક્ષાની રજા લીધેલી, પણ તેઓ મોહવશ જલદી રજા આપે તેમ ન હતા, તેથી ગાંગજીભાઈએ ઉપરોક્ત નિયમ સ્વીકાર્યો.

**આંખે ભયંકર તકલીફ થઈ, પણ અંગ્રેજી દવા ન લીધી :**

દીક્ષા ન મળે, ત્યાં સુધી એકાસણાં કરવાં એ પ્રતિજ્ઞા લીધી. ત્યાર પછી તરતમાં જ ગાંગજીભાઈ પુસ્તક વાંચવા માંડે અને આંખમાં અગ્નિ જેવી બળતરા થાય. આથી કુટુંબીઓ અને ડોકટર ઇત્યાદિ કહેવા લાગ્યા : 'તમે એકાસણાં છોડી દો.' પણ ગાંગજીભાઇએ મક્કમતાથી કહ્યું: 'એકાસણાં નહીં જ છોડું અને દેશી દવા સિવાય બીજી દવા નહીં જ લઉં.' પછી એક વૈદની દવા લેવાથી ચાલુ એકાસણાંમાં જ સારું થઈ ગયું.

**ગૃહસ્થપણામાં પણ અપૂર્વ જ્ઞાનપ્રચાર પ્રવૃત્તિ :**

ત્યાર બાદ ગાંગજીભાઈના પ્રયાસોથી ક. વી. ઓ. દેરાવાસી જૈન મહાજનવાડીમાં સામાયિક મંડળની સ્થાપના થઈ. તેમાં બાળકો જેટલી ગાથા કરે તેટલા પૈસાની પ્રભાવના ગાંગજીભાઈ પોતે આપતા અને સાથે સાથે પોતે પણ ધાર્મિક અને સંસ્કૃત અભ્યાસ કરવા લાગ્યા. સામાયિક–પ્રતિક્રમણ–પૌષધ માટે અનેકોને પ્રેરણા કરતા અને સામાયિક–પૌષધાદિ કરનારાઓને ઉપદેશ આપી ધર્માનુરાગી બનાવતા. ક. દ. ઓ. જૈન દેરાસરની પાછળ ઉપાશ્રયમાં સામાયિક કમિટી સ્થાપનારાઓને ત્યાં પણ જઈ

ધર્મોપદેશ આપતા. ત્યાં પંડિત શ્રી ભુરાલાલ કાલીદાસ પાસે પણ સંસ્કૃતનાં બે પુસ્તકોનાં પાઠો લેવા અને આપવા જઈ આવતા. મુંબઈમાં સાધુ – મહારાજો આવતા. ક્યારેક તેમનાં વ્યાખ્યાનો સાંભળતા અને તેઓ સાથે ચર્ચાઓ કરી પોતાના જ્ઞાનને વિશદ કરતા. ગાંગજીભાઈ મુમુક્ષુ હોઈ તેમના પિતાજી તેમને ધંધા માટે વધુ આગ્રહ ન કરતા. ત્યાર બાદ ગાંગજીભાઈ કચ્છ આવ્યા. દેઢીઆથી સણોસરા પ્રતિષ્ઠા પ્રસંગે પગ-પાળા ગયા. ત્યાં પ્રતિષ્ઠા ક્રિયામાં પૂરો ભાગ લીધો. ત્યાર બાદ દેઢીઆ આવી ગામના ભાઈબહેનોને લઈને પગપાળા અબડાસા પંચતીર્થી તથા અબડાસાના ગામોનાં બધાં જિનાલયોમાં પૂજા–દર્શન–ભક્તિ ઇત્યાદિ કર્યાં. યાત્રામાં વ્યાખ્યાન રૂપે એક કલાક બોધ આપતા.

**પૂ. ગુરુદેવો સાથેનું પ્રથમ મિલન :**

હાલારમાં જામનગર પાસેના મોડપુર ગામે અચલગચ્છાધિપતિ ત્યાગી પૂ. દાદા શ્રી ગૌતમસાગરજી મ. સા. તથા તેમના શિષ્યરત્ન અનન્ય ગુરુભક્ત શાંતમૂર્તિ પૂ. શ્રી નીતિસાગરજી ગણિ મ. સા. બિરાજતા હતા. ગાંગજીભાઈ જામનગરના તીર્થરૂપ અચલ-ગચ્છીય જિનાલયોની યાત્રા કરી મોડપુર આવ્યા. ગુરુદેવોને વંદના કરી અને કહ્યું : ‘મને આપની પાસે દીક્ષા લેવાની ઇચ્છા છે. અને જો મારી દીક્ષા દેઢીઆ થશે, તો જ મને જલદી દીક્ષાની રજા મળશે, એવો મારો મા-બાપ વગેરેનો પણ આગ્રહ રહેશે. ઘણા વરસ થયાં આ પ્રદેશમાં આપ વિચરો છો. હવે કચ્છની જનતા પણ આપને ઝંખી રહી છે, માટે કૃપા કરી આપ કચ્છ પધારો.’ ત્યારે પૂ. મહાત્યાગી અચલગચ્છા-ધિપતિ શ્રી ગૌતમસાગરજી મ. સાહેબે કહ્યું : ‘કેટલાક સંયોગોને કારણે હાલ કચ્છ આવી શકાય તેમ નથી.’ ગાંગજીભાઈ સંયોગોને સમજી ગયા અને ગુરુમહારાજના વચનને માન્ય રાખી, શિષ્ય ન કરવાની પૂજ્ય ગુરુમહારાજની સકારણ પ્રતિજ્ઞા હોવાથી પૂ. શાંતમૂર્તિ શ્રી નીતિસાગરજી ગણિ મ. સા. ના શિષ્ય થવાનું કબૂલ રાખી અને કચ્છમાં વિચરતા પૂ. ગુરુમહારાજના પ્રશિષ્ય અને પૂ. નીતિસાગરજીગણિ મ. સા. ના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી દાનસાગરજી મ. સા. પાસે દીક્ષાની ક્રિયા કરી લેવાનું પણ પૂ. ગુરુદેવની આજ્ઞાથી કબૂલ રાખ્યું.

ત્યાર બાદ ગાંગજીભાઈ મુંબઈ આવ્યા. દીક્ષાની રજા માગી, ત્યારે પિતાજી લાલજી-ભાઈએ સં. ૧૯૯૩ માં દીક્ષા લેવાની સંમતિ આપીને કહ્યું: ‘તારે દેઢીઆમાં જ દીક્ષા લેવી પડશે.’ આ વાત ગાંગજીભાઈએ પણ માન્ય રાખી. દીક્ષા ન મળે ત્યાં સુધી એકાસણાં કરવાં ઇત્યાદિ તથા તપ, આરાધના અને નિયમોથી શોભતું ગાંગજીભાઈના

જીવનથી પિતાજી લાલજીભાઈ પણ પ્રભાવિત થયા હતા અને તેથી જ દીક્ષાની રજા આપી.

**સંસારને સલામ :**

સં. ૧૯૯૩ ચૈત્ર વદ ૮ નું દીક્ષામુહૂર્ત પૂ. દાદા શ્રી ગૌતમસાગરજી મ. સાહેબે જ્યોતિષી પાસેથી કઢાવી મોકલાવ્યું. પૂ. મુનિ શ્રી દાનસાગરજી મ. સા. ઠાણા ૨ ને દેઢીઆ પધારવા વિનંતિ કરાઈ. દીક્ષા મહોત્સવ દેઢીઆ જૈન મહાજને ઉજવવાનો નિર્ણય કર્યો. રાયણ, મેરાઉ, લાયજા, ગોથરા, ઉનડોઠ, ભોજાય, રતડીઆ, દેવપુર, ડુમરા, સાભરાઈ, વીઢ વગેરે ઘણાં ગામોના સંઘોએ પણ ગાંગજીભાઈનું બહુમાન કરવા સાથે પસ ભરાવ્યા. બધે સ્થાને ગાંગજીભાઈના સન્માન ઉત્તરો તત્ત્વભરી વાણીમાં આપતા. આથી આ વ્યકિત ભાવિમાં મહા પુરુષ થશે, એમ સૌ કોઈ કહેતા હતા. બાવન–બેતાળીશ અબડાસા અને દેશપરદેશ આમંત્રણ મોકલવામાં આવ્યાં. આઠે દિવસ બન્ને સમયે વિવિધ પ્રકારના નવકારશી જમણ રાખવામાં આવેલ. ચૈત્ર વદ ૮ સુધી આઠ દિવસનો ભવ્ય દીક્ષા મહોત્સવ ઉજવવામાં આવ્યો. પૂ. મુનિશ્રી દાનસાગરજી મ. સાહેબે દીક્ષા આપી, પૂ. નીતિસાગરજી ગણિ મ. સા.ના શિષ્ય કર્યા. હવે ગાંગજીભાઈ સંસારી મટી 'મુનિશ્રી ગુણસાગર'ના નામે પ્રસિદ્ધ થયા.

**નૂતન મુનિશ્રીનાં પ્રભાવક વ્યાખ્યાનોથી સંઘ ચમત્કૃત :**

દીક્ષા બાદ સાભરાઈ, વીઢ, ડુમરા, હાલાપુર, કોટડી, ભોજાય, ઉનડોઠ, નાના મોરા, રતડીઆ, લાયજા, ગોધરા, મેરાઉ વગેરે ગામોમાં મુનિશ્રી દાનસાગરજી, મુનિશ્રી નેમસાગરજી સાથે વિચરતા મુનિશ્રી ગુણસાગરજી દુર્ગાપુર (નવાવાસ)ના જિનાલયની રજત શતાબ્દી પ્રસંગે પધાર્યા. સંઘે મોટા સામૈયા સાથે ગામપ્રવેશ કરાવ્યો. આ પ્રસંગે બીજા ગચ્છના મોટા મુનિવરો હતા, પણ વ્યાખ્યાન આપવાનું કામ નવદીક્ષિત મુનિશ્રી ગુણસાગરજીને સોંપાયું. મુનિશ્રી ગુણસાગરજી મ. સા.નાં વિશદ વ્યાખ્યાનોથી સંઘ ખૂબ જ પ્રભાવિત થયો. શેઠશ્રી ઘેલાભાઈ પુનશી, હીરજી ઘેલાભાઈ વગેરે આગેવાન શ્રાવકો ઘણા જ ખુશી થયા. નૂતન મુનિનાં વ્યાખ્યાન – શ્રવણથી ઘણાં ભાઈ–બહેનોએ નાણ સમક્ષ વિધિપૂર્વક બાર વ્રતાદિ ઉચાર્યાં. ત્યાર પછી શતાબ્દી, અર્ધશતાબ્દી મહોત્સવો ઊજવવાની પ્રવૃત્તિઓ ચાલુ થઈ.

**જ્ઞાન મેળવવાની અને સ્વાધ્યાયની અપૂર્વ લગની :**

પ્રથમ ચાતુર્માસ કચ્છ–માંડવીમાં ત્યાંના જૈન સંઘની વિનંતિથી થયું. એ ચાતુર્માસમાં પૂ. મુનિશ્રી ગુણસાગરજી મ. સા. બાળકોને ધાર્મિક જ્ઞાન શીખવતા અને પોતે ત્યાંના

અચલગચ્છના ધર્મનિષ્ઠ સુશ્રાવક શ્રીયુત ખેતશીભાઈ પ્રેમચંદ સંસ્કૃત ભણેલા હતા, તેમની પાસેથી ભાંડારકરનાં બે પુસ્તકો સંસ્કૃત પુનઃ દરરોજ કાંઠે સ્થંડિલ જતા, તેટલા સમયમાં ચાર પ્રકરણ અને છ કર્મગ્રંથોની આવૃત્તિ કરી લેતા. પાણી વહોરવા કે ગોચરી લેવા જાય, એ સમયમાં પણ એ મુનિશ્રી ધાર્મિક કે સંસ્કૃતની આવૃત્તિ ચાલુ રાખતા. એવો એમનો સ્વાધ્યાય પ્રેમ–અધ્યાય પ્રેમ હતો, તે પછીનાં વર્ષોમાં પણ ચાલુ રહેલ. ચાતુર્માસ બાદ મુનિશ્રી નેમસાગરજી સાથે મુનિશ્રી ગુણસાગરજી વિચરતા વિચરતા યોગ અને વડી દીક્ષા કરાવવા જામનગર આવ્યા. અહીં પૂ. દાદા ગુરુદેવ શ્રી ગૌતમસાગરજી મ. સા. તથા પોતાના ગુરુદેવ પૂ. મુનિશ્રી નીતિસાગરજી મ. સા.ને મળ્યા. તેમને વંદના કરી, અને તેમની સાથે રહ્યા. મુનિશ્રી ગુણસાગરજીએ વડી દીક્ષાના યોગ કર્યાં અને જેઠ માસમાં વડી દીક્ષા થઈ. એ દરમ્યાન એમણે 'સિદ્ધહેમશબ્દાનુશાસન–અષ્ટાધ્યાયી વ્યાકરણ'નાં મૂળ સૂત્રો કંઠસ્થ કરી લીધાં. પછી સં. ૧૯૯૪ નું ચાતુર્માસ જામનગર રહ્યા. પંડિતજીની સગવડ મળતાં આ ચાતુર્માસમાં પંડિતશ્રી પૂંજાભાઈ નારુભાઈ પાસે મુનિશ્રી ગુણસાગરજી 'સંસ્કૃત મહા-વ્યાકરણ,' 'શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન લઘુ વૃત્તિ' અને 'રઘુવંશાદિ' સંસ્કૃત કાવ્યોનો અભ્યાસ ઝડપથી કરવા માંડ્યા. ભણાયું એવું કે એ ગ્રંથો બીજાને ભણાવી શકાય એ વિચાર તેઓશ્રી ધરાવતા હતા, તેથી એવી જ ચીવટથી ભણતા હતા.

### ગુર્વાજ્ઞા પાલનમાં શૂરવીર :

ચાતુર્માસ પૂર્ણ થયા બાદ કચ્છ ભૂજથી સંઘની, ત્યાંની બે કુમારિકાઓને દીક્ષા આપવા માટે સાધુ મહારાજ મોકલવા વિનંતિ આવી. પૂ. દાદાસાહેબ શ્રી ગૌતમસાગરજી મ. સા.ની આજ્ઞા થતાં મુનિશ્રી ગુણસાગરજી ઉગ્ર વિહારો કરી આઠેક દિવસોમાં ભૂજ પહોંચ્યા. અભ્યાસ અધવચ્ચે મૂકીને પણ ગુરુઆજ્ઞા માથે ચડાવી. આ વિહારોમાં અને ભૂજમાં 'સિદ્ધહેમશબ્દાનુશાસન અષ્ટાધ્યાયી'નાં સટીક સૂત્રોની સાથે આવૃત્તિ કરવા લાગ્યા. જ્ઞાનની કેવી અદ્‌ભુત લગની ! ભૂજમાં દીક્ષા મહોત્સવ પ્રસંગે મુનિશ્રી ગુણ-સાગરજીએ જાહેર પ્રવચનો આપ્યાં. તેમનાં આ પ્રવચનોથી લોકો ખૂબ જ પ્રભાવિત થયા. આ દીક્ષા પ્રસંગ બાદ ગુરુઆજ્ઞાથી મુંબઈ જવા પૂજ્યશ્રી પુનઃ ઉગ્ર વિહારો કરી શંખેશ્વર, માંડલ પહોંચ્યા, ત્યારે ફરી ગુરુઆજ્ઞા થવાથી જામનગર પધાર્યા. અને ગુરુદેવો પૂ. દાદાસાહેબ ગૌતમસાગરજી મ. સા. તથા પૂ. મુનિશ્રી નીતિસાગરજી મ. સા.ની સેવામાં ઉપસ્થિત થઈ ગયા. સં. ૧૯૯૫ નું ચાતુર્માસ જામનગર કર્યું.

**ગુરુદેવ, શિષ્ય અને ગુરુભાઈની ચિર વિદાય અને વિયોગ !**

કચ્છ પધારવા મુનિશ્રી ગુણસાગરજીની અતિ આગ્રહ ભરી વિનંતિથી અને કચ્છના સંઘોની વિનંતિઓથી સં. ૧૯૯૬ માં પૂ. દાદાસાહેબ ગૌતમસાગરજી મ. સા. પોતાના શિષ્ય સમુદાય સાથે કચ્છમાં પધાર્યા અને ભૂજમાં જ ચાતુર્માસ રહ્યા. આ ચાતુર્માસમાં પણ પૂ. મુનિશ્રી ગુણસાગરજી મ. સાહેબ જ પ્રવચનો આપતા. ચાતુર્માસમાં એટલે સં. ૧૯૯૭ કાર્તિક સુદ ૩ ના દિવસે ભૂજમાં જ પૂ. ગણિવર્યશ્રી નીતિસાગરજી મહારાજ સાહેબ જીવરાજ કસ્તુરભાઈને ત્યાં ભણાતી મોટી પૂજામાં ગયા હતા, ત્યાં તેમના મકાનમાં જ દાદર પરથી પડી જતાં કાળધર્મ પામ્યા. આઠ દિવસો બાદ જ કાર્તિક સુદ ૧૦ ના મુનિશ્રી ગુણસાગરજી મ. સ. ના આશાસ્પદ મુનિશ્રી ચંદ્રસાગરજી મ. સા. (ઉ. વ. ૧૯) પણ એકાએક કાળધર્મ પામ્યા. એ જ સમયથી પહેલાં મારવાડમાં વિચરતા પૂ. મુનિશ્રી નીતિસાગરજી મ. સા. ના શિષ્ય સાહિત્યપ્રેમી પૂ. મુનિશ્રી ધર્મસાગરજી મ. સા. પણ કાળધર્મ પામ્યા હતા. ટૂંક સમયમાં જ ત્રણ ત્રણ આશાસ્પદ શિષ્યોના કાળધર્મથી વયોવૃદ્ધ પૂ. દાદાસાહેબશ્રી ગૌતમસાગરજી મ. સા. ને ખૂબ જ આઘાત લાગ્યો ! પણ બે માસથી લથડેલી તબિયતવાળા મુનિશ્રી ગુણસાગરજીએ ખૂબ જ સાંત્વન આપ્યું. પૂ. દાદાશ્રીની દરેક જાતની સેવા કરવાની જવાબદારી પૂ. મુનિશ્રી ગુણસાગરજીએ ઉપાડી લીધી અને પૂજ્યશ્રીને ખૂબ જ શાતા પહોંચાડી. તે વખતે પૂ. મુનિશ્રી ધરણેન્દ્રસાગરજી મ. સા. પણ સાથે હતા.

**ઉપાધ્યાયપદની પ્રાપ્તિ અને ગ્રંથોનું સર્જન :**

સં. ૧૯૯૭ નો ચાતુર્માસ ગોધરા થયો. પૂ. દાદા ગુરુદેવની નિશ્રામાં મુનિશ્રી ગુણસાગરજીએ જૈનાગમોનું પઠન કર્યું અને પોતાનું જ્ઞાન વિશદ બનાવ્યું. ચાતુર્માસમાં મુનિશ્રી ગુણસાગરજીએ દ્વાદશ પર્વકથાઓ પૈકીની છ કથાઓ સંસ્કૃતમાં રચી. મુનિશ્રી ગુણસાગરજીને સર્વ રીતે યોગ્ય જાણી સં. ૧૯૯૮ મહા સુદ ૫ ના કચ્છ-મેરાઉમાં ગચ્છાધિપતિ પૂ. દાદા સાહેબશ્રી ગૌતમસાગરજી મ. સાહેબે ઉપાધ્યાય પદથી અલંકૃત કર્યા. હવે તેઓ ઉપાધ્યાય શ્રી ગુણસાગરજી ગણિવર્ય તરીકે પ્રસિદ્ધ થયા. ત્યાર બાદ ઉપાધ્યાય શ્રી ગુણસાગર ગણિવર્ય મ. સાહેબે ક્રમે કરી પર્વકથા સંગ્રહની બાકીની છ સંસ્કૃત કથાઓ રચી તથા 'શ્રીપાલચરિત્ર' સંસ્કૃતમાં રચ્યું. 'સ્તવન ચોવીસી' ગુર્જર ભાષામાં તથા 'સ્તુતિ ચોવીસી' સંસ્કૃતમાં વગેરે કૃતિઓ રચી. તેમનાં રચિત સ્તવનો તો આ ગચ્છના ઘણા અનુયાયીઓને બહુધા કંઠસ્થ છે.

**વિવિધ ચાતુર્માસો અને દાદા ગુરુદેવને સૂરિપદ – ગચ્છનાયક પદ :**

સં. ૧૯૯૮ મોટા આસંબીઆ, સં. ૧૯૯૯ નળિયા, સં. ૨૦૦૦ નળિયા,

સં. ૨૦૦૧ દેવપુર, સં. ૨૦૦૨ થી ૨૦૦૫ સુથરી, સં. ૨૦૦૬–૭ ગોધરા, સં. ૨૦૦૮ બીદડા. આ રીતે પૂ. દાદાસાહેબશ્રી ગૌતમસાગરજી મ. સા. સાથે ઉપાધ્યાય શ્રી ગુણસાગરજી સમેત મુનિવરોએ ચાતુર્માસ કર્યો. સં. ૨૦૦૯ મહા સુદ ૧૩ ના રામાણીઆમાં ધ્વજદંડ પ્રતિષ્ઠા પ્રસંગે રામાણીઆ સમેત સંઘોએ તથા ક્ષમાનંદજી સમેત આગેવાનોએ પૂ. દાદાસાહેબ શ્રી ગૌતમસાગરજી મ. સા.ને સૂરિપદ અને અચલગચ્છનાયક પદથી અલંકૃત કર્યા.

**અચલગચ્છાધિપતિ પૂ. દાદાગુરુદેવશ્રીનો કાળધર્મ :**

ત્યાર બાદ અચલગચ્છાધિપતિ પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. ભૂજ સંઘની વિનંતિથી ભૂજ પધાર્યા. પણ તેઓશ્રીની તબિયત એકાએક કથળી. ત્રણ માસ સુધી રહેલી એ માંદગીમાં દિવસ ઉપરાંત રાતના પણ લગભગ જાગતા રહી ઉપા૦ શ્રી ગુણસાગરજી ગણિવર્યે વયોવૃદ્ધ પૂ. દાદા ગુરુદેવ ગચ્છનાયકશ્રીની ખૂબ જ પ્રશંસનીય સેવા કરી સુંદર આરાધના કરાવી. અંતે પ. પૂ. ગચ્છાધિપતિ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. સં. ૨૦૦૯ ના વૈશાખ સુદ ૧૩ ના ભૂજમાં જ કાળધર્મ પામ્યા. ભૂજના સંઘે શાનદાર અંત્યેષ્ઠિ ક્રિયા કરી. ઉપા૦ ગુણસાગરગણિના પ્રયત્નોથી વીસમી સદીના મહાન ક્રિયોદ્ધારક, કચ્છ–હાલાર દેશોદ્ધારક પ. પૂ. અચલગચ્છાધિપતિ દાદાશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબને ભારતભરના અચલગચ્છ જૈન સંઘોએ હાર્દિક શ્રદ્ધાંજલિ સમર્પિત કરી. ઠેર ઠેર દાદા સાહેબના સંયમી જીવનની અનુમોદના નિમિત્તે ભવ્ય મહોત્સવો ઉજવાયા.

**પૂ. ગચ્છનાયકશ્રીના કાળધર્મ બાદની જવાબદારી :**

પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સાહેબે ગચ્છ અને પોતાના આજ્ઞાવર્તી સાધુસાધ્વીજીના સમુદાયની જવાબદારી સં. ૨૦૦૩ માં જ પોતાના પટ્ટધર પ્રશિષ્ય પૂ. ઉપાધ્યાયશ્રી ગુણસાગરજી ગણિવર્યને સોંપી હતી. હવે પૂ. ગુરુદેવોની પ્રત્યક્ષ છાયા તો દૂર થઈ હતી. હવે ગચ્છની તમામ જવાબદારી પૂ. ઉપાધ્યાય શ્રી ગુણસાગરજી ગણિવર્યના શિરે આવી હતી. સંઘ અને ગચ્છની ઉન્નતિ માટે તેઓ વિશેષ કટિબદ્ધ બન્યા !

પૂ. દાદા ગુરુદેવશ્રીના કાળધર્મ બાદ પૂ. ઉપાધ્યાય શ્રી ગુણસાગરજી ગણિવર્ય મ. સાહેબે સં. ૨૦૦૯ ભૂજ, સં. ૨૦૧૦ દેવપુર – આ પ્રમાણે ચાતુર્માસ કર્યા.

**પૂ. ઉપાધ્યાયજીની મુંબઈમાં પધરામણી અને સૂરિપદ :**

મુંબઈના સંઘો અને સંઘના આગેવાનોની અતિ આગ્રહભરી વિનંતિથી પૂ. ઉપાધ્યાયજી મ. સાહેબ મુંબઈ પધાર્યા અને સં, ૨૦૧૧ નું ચાતુર્માસ લાલવાડીમાં કર્યો.

સં. ૨૦૧૨ માં મુંબઈના સંઘે 'શ્રી અચલગચ્છ ઉત્કર્ષ સાધક સંઘ સમિતિ'ના ઉપક્રમે પૂ. પં. શ્રી દાનસાગરજી ગણિવર્યને તથા પૂ. ઉપા. શ્રી ગુણસાગરજી ગણિવર્યને સૂરિપદથી અલંકૃત કર્યા. પૂ. ઉપાધ્યાય શ્રી ગુણસાગરજી ગણિવર્ય મ. સા. હવે પૂ. આચાર્યદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. તરીકે પ્રસિદ્ધ થયા.

**મુંબઈમાં અપૂર્વશાસન પ્રભાવના :**

સૂરિ બન્યા બાદ પૂજ્યશ્રીનું સં. ૨૦૧૨ નો ચાતુર્માસ મુલુંડમાં થયો. સં. ૨૦૧૩ માં લાલબાગ (મુંબઈ), સં. ૨૦૧૪ માં ભાતબજાર (પાલાગલી) માં ચાતુર્માસ થયો. મુંબઈના આ દરેક ચાતુર્માસો દરમિયાન પૂજ્યશ્રીએ ખૂબ જ ધર્મ જાગૃતિ આણી, ઘણાં પ્રભાવક કાર્યો કરાવ્યાં. પ્રભાવક પ્રવચનોમાં 'જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ'ની પણ ખૂબ જ અગત્યતા સમજાવી. સં. ૨૦૧૪ ના માગશર સુદ ૧૦ ના કચ્છ કોટડાના મુમુક્ષુ શ્રી ગોવિંદજી ગણશી (ઉ. વ. ૨૬) ને દીક્ષા આપી, મુનિશ્રી ગુણોદયસાગરજી નામ રાખી પોતાના શિષ્ય કર્યા.

**પુનઃ કચ્છમાં પધરામણી અને વિદ્યાપીઠની સ્થાપના :**

સં. ૨૦૧૫ માં અનેક તીર્થોની યાત્રા કરતા પૂ. ગુરુદેવશ્રી કચ્છ પધાર્યા. એ સાલનો ચાતુર્માસ વીઢ ગામમાં થયો. કચ્છના અચલગચ્છના લગભગ સંઘો વંદન કરવા ત્યાં આવ્યા. સં. ૨૦૧૬ નો ચાતુર્માસ કોડાયમાં થયો. તે દરમિયાન સંઘના જ્ઞાનભંડારને વ્યવસ્થિત કર્યો. આ ચાતુર્માસના અંતે પૂજ્ય ગુરુદેવશ્રીની સતત પ્રેરણા અને અથાગ મહેનતથી મુંબઈ સંઘે 'જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ' કરવાનો નિર્ણય કર્યો અને સં. ૨૦૧૭ માં કચ્છ મેરાઉ મુકામે "શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ" ની મોટા સમારોહપૂર્વક સ્થાપના કરવામાં આવી. સં. ૨૦૧૭ નો ચાતુર્માસ મેરાઉમાં કર્યો અને વિદ્યાપીઠમાં અભ્યાસ કરવાનું કામ સતત ચાલુ રાખ્યું. વિદ્યાપીઠને ચલાવવા દ્રવ્યની જરૂરિયાતને પહોંચી વળવા પણ સતત ઉપદેશ આપી અથાગ પ્રયત્ન કરતા રહ્યા. સં. ૨૦૧૮ નો ચાતુર્માસ પણ મેરાઉમાં કર્યો. ત્યાર બાદ સં. ૨૦૧૯ નો અને સં. ૨૦૨૦ નો ચાતુર્માસ મેરાઉ વિદ્યાપીઠમાં કરી વિદ્યાર્થીઓને સુંદર રીતે અભ્યાસ અને સુ-સંસ્કારોથી સુશોભિત બનાવ્યા. ચાતુર્માસ સિવાયના સમયમાં જ્યાં જ્યાં પ્રતિષ્ઠા મહોત્સવો, જિનાલય અર્ધશતાબ્દી મહોત્સવો પ્રસંગે સંઘોની વિનંતિથી આચાર્યશ્રી ત્યાં પહોંચી જતા અને ત્યાં ત્યાંના પ્રસંગોને ખૂબ જ પ્રભાવક બનાવી દેતા. વિદ્યાપીઠ માટે પણ સારો ફાળો કરાવી આવતા. પર્યુષણમાં વિદ્યાપીઠનો ફાળો કરવા માટે પોતાના આજ્ઞા-વર્તી સાધુ–સાધ્વીઓને આજ્ઞા કરી સારી રકમો તે તે ગામોમાંથી વિદ્યાપીઠને મેળવી

આપતા. આ વિદ્યાપીઠ દ્વારા સમાજના અનેક જૈન વિદ્યાર્થીઓએ જૈન ધર્મનું જ્ઞાન મેળવ્યું. અનેક ધર્મનિષ્ઠ યુવાનો તૈયાર થયા. કચ્છી જૈનો અને અચલગચ્છના બાળકો-યુવાનોમાં ધાર્મિક જ્ઞાન, ધાર્મિક શ્રદ્ધા વધતાં કચ્છી સમાજમાં અને અચલગચ્છમાં નવચેતના પ્રગટી.

**પ્રથમ અધિવેશન – ગચ્છના ઉદયનો પ્રારંભ :**

સં. ૨૦૨૧ ગોધરા, સં. ૨૦૨૨ લાયજા, સં. ૨૦૨૩ નાગલપુરમાં ચાતુર્માસ થયા. સં. ૨૦૨૪ માં પૂજ્યશ્રીની અધ્યક્ષતામાં 'શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિ-પક્ષ) શ્વે. ચતુર્વિધ જૈન સંઘ'નું પ્રથમ અધિવેશન ભદ્રેશ્વર તીર્થ મુકામે ભરાયું અને તેમાં 'શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ'ની સ્થાપના થઈ. શરૂમાં શ્રાવક–શ્રાવિકા સંઘના પ્રમુખ શ્રીયુત નારાણજી શામજી મોમાયાને બનાવવામાં આવ્યા. શ્રીયુત રવજી ખીમજી છેડાને અને શ્રીયુત ખેતશી નરશીને ઉપપ્રમુખ બનાવાયા. શ્રીયુત ટોકરશી ભૂલાભાઈ વીરાભાઈ વીરાને અને શ્રીયુત જયચંદ શામજીને મંત્રી બનાવાયા.

સં. ૨૦૨૪ ની શરૂઆતમાં પૂ. આચાર્યશ્રીની નિશ્રામાં કચ્છ ભુજપુરથી શ્રી ધરમશી સુરાએ ભદ્રેશ્વર તીર્થનો છ'રી પાળતો સંઘ કાઢયો. આ સંઘની પ્રેરણા પૂજ્ય આચાર્યશ્રીએ તથા પ્રવર્તિની મહત્તરા સાધ્વી શ્રી ગુલાબશ્રીજીનાં પ્રશિષ્યા સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી તથા સાધ્વી શ્રી જ્યોતિપ્રભાશ્રીજીએ આપેલી.

ઉપરોક્ત સંઘ પૂર્ણ થયે આઠ દિવસો બાદ પૂ. આચાર્યશ્રીની નિશ્રામાં બાઈ હીરબાઈ જેઠાભાઈ ખેતશી અને એમના સુપુત્રોએ સાધ્વી શ્રી ગિરિવરશ્રીજી તથા સાધ્વી શ્રી સુરેન્દ્રશ્રીજીની પ્રેરણાથી કચ્છ લાયજાથી સુથરી તીર્થનો છ'રી પાળતો સંઘ કાઢયો.

**વિવિધ ચાતુર્માસો અને વર્ષો બાદ પ્રથમ ત્રણ બાલ દીક્ષાઓ :**

પૂ. આચાર્યશ્રીનું સંવત ૨૦૨૪ શેરડી, સં. ૨૦૨૫ ભુજપુર ચાતુર્માસ થયા બાદ તરત જ એ જ નગરમાં સં. ૨૦૨૬ કારતક વદ ૧૩ ના દિવસે પૂજ્ય આચાર્યશ્રીએ (૧) કિશોરકુમાર રતનશી સાવલા દુર્ગાપુર (નવાવાસ), (૨) કિશોર કાકુભાઈ ઉર્ફે દેવજીભાઈ, (૩) વીરચંદ કાકુભાઈ દેઢીઆ (બન્ને ભાઈઓ પ્રથમ ચુનડીના પણ પછી મોટી ખાખરના) – આ ત્રણે મુમુક્ષુઓને અનુક્રમે મુનિશ્રી કલાપ્રભસાગરજી, મુનિશ્રી કવીન્દ્રસાગરજી, મુનિશ્રી વીરભદ્રસાગરજી નામ આપી દીક્ષિત કર્યા. ગચ્છમાં અલ્પ મુનિ-વરો તથા કેટલાક વયોવૃદ્ધ મુનિવરો હોઈ ત્રણ બાલ મુનિવરોની દીક્ષાથી પૂજ્ય ગુરુ-

દેવશ્રી તથા સંઘો ખૂબ જ આનંદ પામ્યા. દીક્ષા પ્રસંગે શ્રી ભુજપુર અચલગચ્છ સંઘે ધન ખરચી ખૂબ જ લહાવો લીધો.

સં. ૨૦૨૬ બીદડા, સં. ૨૦૨૭ મોટા આસંબીઆ, સં. ૨૦૨૮ ગઢશીશા, સંવત ૨૦૨૯ દેઢીઆ – એ રીતે ચાતુર્માસ થયા. આ ચાતુર્માસોમાં પણ ખૂબ જ ધર્મ-જાગૃતિ આણી. દરેક ગામોના આગેવાનો મુંબઈથી વિશાળ સંખ્યામાં ખાસ કચ્છમાં આવી ચાતુર્માસોને દીપાવેલ.

**દેઢીઆથી ભદ્રેશ્વર તીર્થનો છ'રી સંઘ અને ગચ્છનાયકપદ :**

દેઢીઆનો ચાતુર્માસ ખૂબ જ ભવ્ય અને ઐતિહાસિક થયો. પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રેષ્ઠિ શ્રી રાયશી ભાણજીએ ચાતુર્માસ કરાવીને દેઢીઆથી ભદ્રેશ્વર મહાતીર્થનો છ'રી પાળતો સંઘ કાઢયો. સંઘ નિર્વિઘ્નતાએ ભદ્રેશ્વર પહોંચ્યો. કચ્છભરના અચલગચ્છ જૈન સંઘો વતી અહીં પૂ. આચાર્યદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.ને 'અચલ-ગચ્છાધિપતિ' પદ અને 'તીર્થપ્રભાવક' બિરુદથી અલંકૃત કરવામાં આવ્યા. અનેક વરસો બાદ સંઘોને પદ મહોત્સવ ઊજવવાનો અનેરો લહાવો મળેલો હોઈ ખૂબ જ આનંદ પ્રગટયો. ઉકત સંઘની પૂર્ણાહુતિ બાદ પૂજ્યશ્રીની નિશ્રામાં સાધ્વી શ્રી જ્યોતિ-પ્રભાશ્રીજીની પ્રેરણાથી શ્રી હેમરાજ દેશજભાઈએ મોથારાથી અબડાસાની પંચતીર્થી-તેરા, નળિયા, જખૌ, કોઠારા અને સુથરીનો છ'રી પાળતો સંઘ કાઢયો.

**શ્રાવિકા વિદ્યાપીઠની સ્થાપના :**

સં. ૨૦૩૦ માં અચલગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.ની સતત પ્રેરણા અને પ્રયાસોથી મેરાઉમાં વિદ્યાપીઠના જ મકાનમાં 'શ્રી કલ્યાણ ગૌતમ નીતિ જૈન તત્વજ્ઞાન શ્રાવિકા વિદ્યાપીઠ'ની સ્થાપના કરવામાં આવી. અને છાત્ર વિદ્યાપીઠ માટે વિશાળ મકાનોવાળી જગ્યા મેળવી 'શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ'ને નાગલપુર મુકામે ખસેડવામાં આવી.

**રાજસ્થાનમાં ઉગ્ર વિહારો કરી ધર્મજાગૃતિ આણી :**

સં. ૨૦૩૧ માં બીદડા ચાતુર્માસ થયો. સં. ૨૦૩૨ માં ભૂજમાં ધ્વજદંડ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પોતાના તપસ્વી શિષ્ય મુનિશ્રી ગુણોદયસાગરજીને 'ઉપાધ્યાય' પદે આરૂઢ કર્યા. સં. ૨૦૩૨ માં પૂજ્યશ્રી શિષ્યો સાથે કચ્છમાંથી વિહાર કરી રણ ઊતરી રાધનપુર, ભીલડીઆ તીર્થ, ડીસા, આબુ, જીરાવલ્લા થઈ ભીનમાલ પધાર્યા. અનેક વર્ષો

બાદ રાજસ્થાનની ધરતી પર અચલગચ્છાધિપતિશ્રી પધારતા હોઈ સંઘે શાનદાર અને ઐતિહાસિક સામૈયું કર્યું. સંઘમાં ખૂબ જ જાગૃતિ આવી. ભીનમાલમાં પૂ. ગુરુદેવશ્રીની આજ્ઞાથી તેમના શિષ્ય મુનિશ્રી કલાપ્રભસાગરજી હિંદીમાં પ્રવચનો આપતા. દરરોજ પ્રભાવનાઓ અપાતી. પૂજ્યશ્રીની પ્રેરણાથી મુનિ શ્રી કલાપ્રભસાગરજીએ અચલગચ્છની હસ્તલિખિત પ્રતોને વ્યવસ્થિત કરી.

ભીનમાલમાં એક અઠવાડિયું સ્થિરતા કરી બાડમેર સંઘની આગ્રહભરી વિનંતિથી પૂજ્યશ્રી રાજસ્થાનના અચલગચ્છીય જૈન સંઘો અને ગામોમાં વિચરતા ભાંડવાજી તીર્થ, નાકોડાજી તીર્થ ઇત્યાદિ થઈ બાડમેર પધાર્યા. બાડમેર સંઘે પણ ઐતિહાસિક સામૈયું કર્યું. મોટા સમારોહપૂર્વક શ્રી મહાવીર પ્રભુના જન્મ કલ્યાણકની ઉજવણી – આરાધના કરાવવામાં આવી. દરરોજ વ્યાખ્યાનો મુનિ શ્રી કલાપ્રભસાગરજી હિંદીમાં આપતા.

**બાડમેરમાં ભવ્ય અષ્ટાન્હિકા મહોત્સવ-રાણકપુર પંચતીર્થીની યાત્રાએ :**

પૂ. ઉપાધ્યાયજી શ્રી ગુણોદયસાગરજી ગણિના આઠમા વરસીતપનો તથા 'રાજસ્થાન રત્ન' પૂ. આ. શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા.ની જન્મ – શતાબ્દીની સ્મૃતિનો ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ ઊજવ્યો. પૂ. શ્રી ત્યાંથી સપરિવાર વિહાર કરી જાલોર, સુવર્ણગિરિ તીર્થ, આહોર, ફાલના, ઘાણેરાવ, સાદડી, રાણકપુર, મુછાળા મહાવીર, નાડોલ, નાડલાઈ, વરકાણા ઇત્યાદિ તીર્થોની યાત્રા કરીને ત્યાંથી પૂ. ગૌતમસાગરસૂરિની જન્મભૂમિ પાલી ગયા. ત્યાં શ્રી નવલખા પાર્શ્વનાથ તીર્થની યાત્રા કરી. રાણકપુરમાં બાડમેર સંઘની આગ્રહભરી વિનંતિ થતાં તેનો સ્વીકાર કરેલ, તેથી પૂજ્યશ્રી ઉગ્ર વિહારો કરતા બાડમેર ચાતુર્માસ પધાર્યા. એ ઐતિહાસિક ચાતુર્માસ બાડમેરમાં અચલગચ્છીય મુખ્ય જિનાલયની ચારે બાજુમાં પાંચ જિનાલયો નવાં તથા દાદાવાડી ઇત્યાદિ નિર્માણ કરાવી, સં. ૨૦૩૩ ના માગશર સુદિ ૧૧ ના તેની અંજનશલાકા સહ પ્રતિષ્ઠા કરાવી. બાડમેર ચાતુર્માસ બાદ પૂજ્યશ્રીને છ'રી પાળતા સંઘ માટે વિનંતિ આવતાં તેનો સ્વીકાર કરી ઉગ્ર વિહારો કરી કચ્છ પધાર્યા.

**પુનઃ કચ્છમાં પધરામણી – શત્રુંજય તીર્થનો છ'રી સંઘ :**

ત્યાં સં. ૨૦૩૩ ના મહા સુદ ૫ ના પૂ. શ્રી અચલગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં કચ્છ–ગોધરાથી શત્રુંજય મહાતીર્થનો ૪૨ દિવસનો ૧૦૦૦ યાત્રિકોનો છ'રી પાળતો ઐતિહાસિક સંઘ નીકળ્યો. જેના સંઘપતિઓ હતા : (૧) ગોધરાના શ્રેષ્ઠિવર્ય શ્રી ખીમજી વેલજી છેડા, (૨) દુર્ગાપુરના શ્રેષ્ઠિવર્ય શ્રી લખમશી ઘેલાભાઈ સાવલા તથા

(૩) મોટા આસંબીઆના શ્રેષ્ઠિવર્ય શ્રી શામજી જખુભાઈ ગાલા. આ યાદગાર ઐતિહાસિક સંઘ આ યુગનું ધાર્મિક જાગૃતિનું જ્વલંત ઉદાહરણ રહેશે. સંઘ પૂર્ણ થયા બાદ પૂજ્યશ્રી ઉગ્રવિહારો કરી પુનઃ કચ્છ પધાર્યા. અહીં મકડામાં વરસીતપ પારણા પ્રસંગે પૂજ્યશ્રીએ પૂ. ઉપા. શ્રી ગુણોદયસાગરજીને સૂરિપદે આરૂઢ કર્યા. પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં ભુજપુર મુકામે યાદગાર અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. સં. ૨૦૩૩ નો ચાતુર્માસ કોઠારા થયો ત્યાર બાદ પૂજ્યશ્રી પાલીતાણા પધાર્યા. અહીં જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી અને કદંબગિરિ તીર્થનો છ'રી પાળતો સંઘ ઇત્યાદિ પ્રવૃત્તિઓ થઈ.

**મુંબઈ તરફ પધરામણી અને છ'રીપાલક સંઘ, ઉજમણું ઇત્યાદિ ઐતિહાસિક ધર્મ-પ્રવૃત્તિઓ :**

મુંબઈ સંઘોની વિનંતિથી પાલીતાણાથી અમદાવાદ, વડોદરા, સુરત વગેરે થઇને પૂ. ગચ્છાધિપતિશ્રી મુંબઈ પધાર્યા. અગાસી તીર્થ મુકામે પૂ. ગચ્છાધિપતિશ્રીનું ઐતિહાસિક સામૈયું થયું. અને પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં જ મુનિશ્રી કલાપ્રભસાગરજીની પ્રેરણાથી અગાસી તીર્થથી જીરાવલ્લા પાર્શ્વનાથ તીર્થ (ઘાટકોપર)નો છ'રી પાળતો સંઘ નીકળ્યો. ઉક્ત મુનિશ્રીની પ્રેરણાથી ઘાટકોપરમાં ૧૦૮ છોડનું ઐતિહાસિક ભવ્ય ઉજમણું તથા વરસીતપના ૮૧ તપસ્વીઓનાં સામુહિક પારણાંનો મહોત્સવ ઉજવાયો. સં. ૨૦૩૪ નો ચાતુર્માસ ઘાટકોપર અને સં. ૨૦૩૫ નો ચાતુર્માસ ચીંચબંદર – શ્રી ક. વી. ઓ. દેરાવાસી જૈન નવી મહાજનવાડીમાં થયો. સં. ૨૦૩૬ નો ચાતુર્માસ મુલુંડમાં થયો. આ ચાતુર્માસોને દીપાવવા દરેક સંઘોએ ધન ખર્ચી અપૂર્વ લહાવો લીધો. મુલુંડ સંઘે તો પૂજ્યશ્રીની પ્રેરણાથી વિદ્યાપીઠો માટે દોઢ લાખ રૂપિયાનું ફંડ કરી યશસ્વી કાર્ય કર્યું. મુલુંડ ચાતુર્માસ દરમ્યાન ધાર્મિક સૂત્ર ઇનામી યોજનામાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ – વિદ્યાર્થિનીઓ જોડાયેલાં. તેમને મોટાં ઇનામો આપવામાં આવ્યાં. પૂ. ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી મુંબઈમાં આજ સુધીમાં સાત જેટલાં ધાર્મિક જ્ઞાનસત્રો પણ યોજાઈ ગયાં છે.

**પૂજ્યશ્રીની તપારાધના :**

પૂજ્ય અચલગચ્છાધિપતિશ્રી છેલ્લાં ૪૭ વર્ષોથી એકાસણાં કરે છે. છેલ્લાં ૫ વર્ષોથી પ્રત્યેક ચોમાસી તપ (વર્ષા ચોમાસાના ચાર માસ એકાંતરા ઉપવાસ) પણ કરે છે. એવી જ રીતે પૂજ્યશ્રી હજી પણ આ વૃદ્ધ વયે દરરોજ સવારે શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોની ભક્તિરૂપે ૧૦૮ ખમાસમણાં આપે છે.

## : પ્રતિષ્ઠા મહોત્સવોની ઝલક :

[પૂ. વિદ્યમાન અચલગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી તથા તેઓશ્રીની નિશ્રામાં થયેલ જિનાલય નિર્માણ જીર્ણોદ્ધાર, શતાબ્દી, અર્ધ શતાબ્દી અને પ્રતિષ્ઠાદિ મહોત્સવોની આછી ઝલક]

- સં. ૧૯૯૭ : નળિયામાં સંઘે કરેલ જિનાલય શતાબ્દી મહોત્સવ. નાના આસંબીઆમાં શેઠશ્રી વિશનજી ખીમજીએ પૂજ્ય ગુરુદેવોની નિશ્રામાં કરેલ મહાન ઉજમણા મહોત્સવ.
- સં. ૨૦૦૬ : કુંદરોડીમાં નૂતન જિનાલય નિર્માણ તથા પ્રતિષ્ઠા. ત્યાં, ઉપર આર્યરક્ષિતસૂરિજીની – કલ્યાણસાગરસૂરિજીની પાદુકાઓની પ્રતિષ્ઠા કરાવી.
- સં. ૨૦૦૭ : રાયણ, ગોધરા અને બાડા ગામમાં જિનાલયોના જીર્ણોદ્ધાર સાથે અર્ધ શતાબ્દી મહોત્સવો.
- સં. ૨૦૦૯ : રામાણીઆમાં જિનાલય જીર્ણોદ્ધાર સહ સુવર્ણ મહોત્સવ. (ઉપરોક્ત મહોત્સવોમાં પૂ. ગચ્છાધિપતિ દાદાસાહેબ શ્રી ગૌતમસાગરસૂરિજી મ. સાહેબ પણ મુખ્ય નિશ્રાદાતા તરીકે હતા.)
- સં. ૨૦૧૦ : મોટા આસંબીઆમાં જિનાલય જીર્ણોદ્ધાર, પ્રતિષ્ઠા અને અર્ધ શતાબ્દી મહોત્સવ.
- સં. ૨૦૧૨ : પૂજ્યશ્રીને સૂરિપદ પ્રદાન. મુંબઈમાં અનેરી શાસન પ્રભાવના.
- સં. ૨૦૧૫ : મોટા રતડીઆમાં જિનાલયોનો જીર્ણોદ્ધાર, અર્ધ શતાબ્દી સહ પ્રતિષ્ઠા મહોત્સવ.
- સં. ૨૦૧૬ : નરેડીમાં જિનાલય જીર્ણોદ્ધાર, પુનઃ પ્રતિષ્ઠા તથા અર્ધ શતાબ્દી મહોત્સવ. ભૂજના દાદાવાડી જિનાલયમાં અંજનશલાકામાં સહાયતા તરીકે. બીદડામાં ચૌમુખજી જિનાલય ઇત્યાદિ નિર્માણ અને મૂર્તિ–પ્રતિષ્ઠા. સાંધાણમાં શતાબ્દી મહોત્સવ અને દેવકુલિકાઓમાં જિનબિંબોની પ્રતિષ્ઠા. લાયજામાં મહાન ઉજમણા મહોત્સવ.
- સં. ૨૦૧૭ : ગઢશીશામાં અર્ધ શતાબ્દી અને ધ્વજદંડ પ્રતિષ્ઠા. ડોણમાં જિનાલય અર્ધ શતાબ્દી અને પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ. મેરાઉમાં શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની સ્થાપના તથા જૈનાશ્રમમાં તીર્થભવનમાં અને દેવકુલિકાઓમાં જિનબિંબોની પ્રતિષ્ઠા.

- સં. ૨૦૧૮ : દેઢીઆમાં જિનાલય જીર્ણોદ્ધાર સહ અર્ધ શતાબ્દી તથા પુનઃ પ્રતિષ્ઠા અને એ જ આચાર્યશ્રીનો દીક્ષા રજત મહોત્સવ. માંડવીમાં કાંઠાનાં જિનાલયોનો શતાબ્દી મહોત્સવ.

- સં. ૨૦૧૯ : ઉનડોઠ અને ફરાદીમાં પુનઃ પ્રતિષ્ઠાઓ, જિનાલય જીર્ણોદ્ધાર અને નૂતન ઉપાશ્રયનું નિર્માણ.

- સં. ૨૦૨૦ : ચીઆસરમાં નૂતન જિનાલય અને પ્રતિષ્ઠા. નાગ્રેચામાં નૂતન જિનાલય પ્રતિષ્ઠા અને નૂતન ઉપાશ્રય નિર્માણ.

- સં. ૨૦૨૧ : સુથરીમાં નૂતન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન. કોઠારામાં જિનાલય શતાબ્દી મહોત્સવ.

- સં. ૨૦૨૨ : કોટડા જિનાલય જીર્ણોદ્ધારસહ અર્ધશતાબ્દી મહોત્સવ. વારાપધરમાં જિનાલય શતાબ્દી મહોત્સવ.

- સં. ૨૦૨૩ : ભોજાય અને વીઢમાં જિનાલય જીર્ણોદ્ધારસહ અર્ધ શતાબ્દી તથા પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ.

- સં. ૨૦૨૪ : ભુજપુરથી ભદ્રેશ્વર તીર્થ થઈ પાછા ભુજપુર સુધીનો છ'રી પાળતો સંઘ તથા લાયજાથી સુથરી તીર્થ થઈ પાછા લાયજા સુધીનો છ'રી પાળતો સંઘ. ભદ્રેશ્વર તીર્થમાં અચલગચ્છ ચતુર્વિધ સંઘનું પ્રથમ અધિવેશન તથા 'શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ'ની સ્થાપના.

સં. ૨૦૨૪ ની સાલમાં પૂ. ગચ્છાધિપતિશ્રીએ સંયમ જીવનની વિશિષ્ઠ તાલીમ આપવા માટે યોગનિષ્ઠા, પરમત્યાગી વિદુષી સાધ્વીશ્રી ગુણોદયશ્રીજીને આજ્ઞા આપી, ગચ્છના સત્યાવીશ સાધ્વીજીઓનો ચાતુર્માસ મોટા આસંબીઆ સંઘની વિનંતિથી મોટા આસંબીઆમાં કરાવ્યો. સાધ્વીશ્રી ગુણોદયશ્રીજીએ ચાતુર્માસમાં સાધ્વીજીઓને ખૂબ જ સુંદર તાલીમ આપી. પૂજ્ય ગચ્છાધિપતિશ્રીજીની પ્રેરણાથી મોટા આસંબીઆના શ્રીયુત શામજી જખુભાઈએ પાંચ વર્ષ સુધી મોટા પગારવાળા પંડિત રાખી આપી સાધુ–સાધ્વીઓને અભ્યાસ કરાવવાનો નિર્ણય જાહેર કરી, તે રીતે પાંચ વર્ષ અભ્યાસ કરાવ્યો; તથા દીક્ષા લેનારાં ભાઈઓ અને બહેનોને સમેતશિખરજીની મોટી યાત્રા સાથે અનેક તીર્થોની યાત્રાઓ, દીક્ષા મહોત્સવો કરાવવાનો નિર્ણય જાહેર રીતે કરતા રહ્યા છે.

- સં. ૨૦૨૫ : ભુજપુરમાં બે મજલાના નૂતન ઉપાશ્રયનું નિર્માણ અને ઉદ્‌ઘાટન.

- સં. ૨૦૨૬ : નાના રતડીઆમાં નૂતન ઉપાશ્રય તથા ધર્મશાળામાં તેમ જ નૂતન જિનાલય અને પ્રતિષ્ઠા. જખૌ તથા તેરાનાં જિનાલયના શતાબ્દી તથા ધ્વજ-દંડાદિ પ્રતિષ્ઠા મહોત્સવો.

- સં. ૨૦૨૭ : માંડવીમાં ચૌમુખજી પ્રતિષ્ઠા. નળિયામાં નૂતન જિનાલયની પ્રતિષ્ઠા તથા જિનાલયનો શતાબ્દી મહોત્સવ, મૂળનાયક વગેરેની પુનઃ પ્રતિષ્ઠા. ભીંસરામાં જિનાલય જીર્ણોદ્ધાર.

- સં. ૨૦૨૮ : નાના આસંબીઆમાં નૂતન જિનાલય તથા પ્રતિષ્ઠા મહોત્સવ. દેવપુરમાં પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ. મેરાઉ જિનાલયનો હીરક મહોત્સવ.

- સંવત ૨૦૨૯ : દેઢીઆમાં જિનાલયનો વિશાળ મંડપ તથા નૂતન તીર્થપટો, ઉપાશ્રય આદિનું નિર્માણ.

- સં. ૨૦૩૦ : દેઢીઆથી ભદ્રેશ્વરનો છ'રી પાળતો સંઘ. નાગલપુરમાં છાત્ર વિદ્યા-પીઠ અને મેરાઉમાં શ્રાવિકા વિદ્યાપીઠની સ્થાપના. ચુનડીમાં નૂતન જિનાલય તથા પ્રતિષ્ઠા મહોત્સવ.

- સં. ૨૦૩૧ : ચુનડીમાં નૂતન ઉપાશ્રય નિર્માણ તથા તેનું ઉદ્‌ઘાટન. કાંડાગરામાં જૂના ઉપાશ્રય તથા જૂના જિનાલયનો જીર્ણોદ્ધાર તથા પુનઃ પ્રતિષ્ઠા અને વિશાળ નૂતન જિનાલય નિર્માણ તથા પ્રતિષ્ઠા. વાંઢમાં જિનાલય જીર્ણોદ્ધાર અને પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ.

- સં. ૨૦૩૨ : ભૂજમાં ધ્વજદંડાદિ પ્રતિષ્ઠા મહોત્સવ. રાજસ્થાનના તીર્થોની યાત્રા. ભીનમાલમાં શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થ તથા દાદાવાડી માટે પ્રેરણા.

- સં. ૨૦૩૩ : બાડમેરમાં પાંચ નૂતન જિનાલયોનું નિર્માણ, બે જિનાલયોનો જીર્ણોદ્ધાર તથા દાદાવાડીનું નિર્માણ અને જિનાલયોની અંજનશલાકા પ્રતિષ્ઠા. ભુજપુરમાં નૂતન વિશાળ જિનાલયનું નિર્માણ તથા અંજનશલાકાસહ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ. કચ્છ–ગોધરાથી જામનગર થઈ પાલીતાણાનો અગિયારસો જન-સંખ્યાનો છ'રી પાળતો સંઘ. પાલીતાણામાં શ્રી કલ્યાણસાગરસૂરિની દેવકુલિકાનું નિર્માણ તથા ગુરુબિંબની પ્રતિષ્ઠા તથા પૂજ્ય ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી યુગ-પ્રધાન દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. સા. ના ચતુર્થ જન્મ શતાબ્દી વર્ષની ઊજવણી નિમિત્તે ઠેરઠેર મહોત્સવો ઉજવાયા. ગઢશીશા તથા નરેડીમાં નૂતન ઉપાશ્રયોનું નિર્માણ.

- ☐ સં. ૨૦૩૪ : ચાતુર્માસને અંતે કોઠારાના વિશાળ જિનાલયમાં પૂ. દાદાશ્રી આર્યરક્ષિતસૂરિજીના ગુરુબિંબની પ્રતિષ્ઠા. પાલીતાણા ડુંગર ઉપર દેવકુલિકાઓમાં પ્રતિષ્ઠા. કદંબગિરિ તીર્થનો છ'રી પાળતો સંઘ. અમદાવાદમાં ઉપાશ્રય નિર્માણ માટે સવા લાખ રૂપિયાનું ફંડ. વડોદરામાં ઉપાશ્રય માટે રૂપિયા પાંચ લાખની કિંમતથી વિશાળ મકાન લેવરાવ્યું. અગાશીથી ઘાટકોપરનો છ'રી પાળતો સંઘ. ઘાટકોપરમાં ૧૦૮ છોડોનું ઉજમણું. ૮૫ તપસ્વીઓનાં સમૂહ વરસીતપ પારણાં. સાંતાક્રુઝ (પૂર્વ)માં શ્રી કલિકુંડ પાર્શ્વનાથ તીર્થના જિનાલયનું નિર્માણ અને પહેલે માળે સત્તર જિનબિંબોની પ્રતિષ્ઠા.

- ☐ સં. ૨૦૩૫ : સાંતાક્રુઝ (પૂર્વ) માં અચલગચ્છીય શ્રી કલિકુંડ પાર્શ્વનાથ તીર્થમાં ૧૪૮ જિનબિંબોની અંજનશલાકા સહિત બીજે માળે પ્રતિષ્ઠા, ઉજમણું. સમૂહ વરસીતપ પારણાં થયાં. આ પ્રસંગે અચલગચ્છીય શ્રાવકો શ્રેષ્ઠિ શ્રી નાનજી કેશવજી, શ્રેષ્ઠિ શ્રી કલ્યાણજી ગંગાજર ભગત, શ્રેષ્ઠિ શ્રી વિશનજી લખમશી સાવલા, શ્રેષ્ઠિ શ્રી ડુંગરશી ચાંપશી માલાણી વગેરેએ ખૂબ ધન ખરચી લહાવો દીધો.

**શત્રુંજયમાં નવ્વાણું યાત્રાની આરાધનાનું સંક્ષિપ્ત વર્ણન :**

સં. ૨૦૩૫ માં પૂજ્ય ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી કચ્છ–મોટા આસંબીઆના શ્રેષ્ઠિ સંઘરત્ન સંઘવી શ્રી શામજી જખુભાઈ ગાલા તથા શ્રી મોરારજી જખુભાઈ ગાલા-આ બાંધવોએ શ્રી શત્રુંજય મહાતીર્થની સમૂહ નવ્વાણું યાત્રા કરાવી. આ સમૂહ યાત્રામાં ૧૦૦૦ યાત્રિકો (શ્રાવક–શ્રાવિકાઓ) હતા. એ બાંધવોએ વિપુલ ધન ખર્ચી શાસન અને ગચ્છની અનેરી પ્રભાવના કરી. દરેક યાત્રિક શાંતિથી યાત્રા–આરાધના કરી શકે, તે માટે ૧૦૦ દિવસોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નવ્વાણું યાત્રામાં ઉપયોગી થાય તે માટે શ્રી સિદ્ધાચલજી મહાતીર્થનાં ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ અને વિધિઓ વગેરે પૂજ્ય અચલગચ્છાધિપતિશ્રીએ તાત્કાલિક રચનાઓ કરી તૈયાર કરી આપેલી અને અંતે તીર્થાધિપતિ દાદા પાસે ભણાવવા નવ્વાણું પ્રકારી પૂજા અને નવ્વાણું અભિષેક પૂજા પણ તૈયાર કરી આપેલી. એ બધું છપાઈ જવાથી ઘણું ઉપયોગી થયું. પાલીતાણામાં તથા યાત્રાર્થે આવેલાં દરેક ગચ્છના સેંકડો સાધુ–સાધ્વીજીઓની સંઘપતિઓએ ઉલ્લાસિત હૃદયે ખૂબ જ ભક્તિ કરી હતી. આ સમૂહયાત્રામાં નિશ્રા આપવા પૂજ્ય ગચ્છાધિપતિશ્રીએ પોતાના શિષ્ય–પ્રશિષ્યો મુનિશ્રી કવીંદ્રસાગરજી, મુનિશ્રી મહોદય-સાગરજી, મુનિશ્રી પુણ્યોદયસાગરજી આદિને ખાસ મુંબઈથી મોકલ્યા હતા.

**પૂજ્યશ્રીની પ્રેરણાથી વિશાળ યાત્રિકગૃહ રૂપ બે જૈન ધર્મશાળાઓનું પાલીતાણામાં નિર્માણ :**

સં. ૨૦૩૫, ચૈત્ર સુદ ૫ ના ગિરિરાજ પર મૂળનાયક દાદાશ્રી આદીશ્વર પ્રભુ સન્મુખ સંઘપતિઓની માળ ક્રિયા કરવામાં આવી હતી. આ યાત્રાની સ્મૃતિ નિમિત્તે પૂ. ગચ્છાધિપતિશ્રીની પ્રેરણા અનુસાર પાલીતાણામાં અચલગચ્છની વિશાળ ધર્મશાળા બંધાવવાની જાહેરાત કરવામાં આવી હતી. જાહેરાત થતાં જ નૂતન ધર્મશાળા માટે દાનની અપૂર્વ ગંગા વહી હતી. તથા કચ્છી વીશા ઓશવાળ જૈન દેરાવાસી મહાજન (મુંબઈ) તરફથી પણ પૂ. ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી ધર્મશાળા માટે પાલીતાણામાં વિશાળ પ્લોટ લેવાયો અને તે માટે દાનનાં ઘણાં વચનો મેળવાયાં.

## અચલગચ્છ પ્રવર્તક પૂ. દાદાશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. સા.ની નવમી જન્મ શતાબ્દીના મહોત્સવો :

સં. ૨૦૩૫ માં પૂ. દાદાશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. સા.ની નવમી જન્મ શતાબ્દી, અષ્ટમ સ્વર્ગવાસ શતાબ્દી વર્ષની સ્મૃતિ પ્રસંગે ભારતભરના અચલગચ્છના મુખ્ય સ્થળોમાં જિનેન્દ્ર પરમાત્માની ભક્તિ રૂપ પંચાન્હિકા, અષ્ટાન્હિકા મહોત્સવો ઊજવવામાં આવ્યા હતા. મુંબઈમાં શ્રી અનંતનાથ જિનાલય ( ખારેક બજાર ), શ્રી આદિનાથ જિનાલય ( ભાત બજાર ), શ્રી કચ્છી વીશા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન હસ્તકની નવી મહાજનવાડીમાં ચીચબંદર, લાલવાડી, ઘાટકોપર, મુલુંડ, ગોરેગાંવ, મલાડ, સાંતાક્રુઝ–શ્રી કલિકુંડ પાર્શ્વનાથ તીર્થ, વાંદરા, માટુંગા, લોઅર પરેલ, શીવરી, દાદર અને ડોંબીવલી વગેરે સ્થળોમાં ભવ્ય મહોત્સવો પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં ઊજવવામાં આવ્યા હતા. પૂજ્ય ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી વડોદરા, માંડલ, જામનગર, કચ્છ, બાડમેર, ભિન્નમાલ ઇત્યાદિ સ્થળોએ પણ ઉપરોક્ત દાદાશ્રીની સ્મૃતિ નિમિત્તે ભવ્ય મહોત્સવો ઊજવવામાં આવ્યા હતા. કચ્છ–ભીંસરાના શ્રેષ્ઠિ શ્રી ઝવેરચંદ જેઠાભાઈ સાવલાએ પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રી સમેતશિખરજી મહાતીર્થનો ટ્રેન દ્વારા સંઘ કાઢેલો.

**યાદગાર ઐતિહાસિક ચતુર્વિધ સંઘનું મહા અધિવેશન :**

સં. ૨૦૩૬ માં પૂ. યુગપ્રધાન દાદાશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. સા.ની નવમી જન્મ શતાબ્દીને ટાંકણે યોગાનુયોગ અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.ની અધ્યક્ષતામાં મુંબઈ - ક્રોસ મેદાનમાં ફાગણ વદ ૬, ૭, ૮ (માર્ચ તા. ૭, ૮, ૯)ના ખાસ તૈયાર કરાયેલા શ્રી આર્યરક્ષિત નગરમાં શ્રી અખિલ -

ભારત અચલગચ્છ (વિધિ પક્ષ) શ્વેતાંબર ચતુર્વિધ જૈન સંઘનું દ્વિતીય ભવ્ય અધિવેશન મળેલું. આ અધિવેશનમાં શ્રાવક-શ્રાવિકા સંઘના પ્રમુખપદે સંઘવી, સંઘરત્ન શ્રેષ્ઠિ શ્રી વિશનજી લખમશી સાવલા હતા. સ્વાગત પ્રમુખ તરીકે સમાજરત્ન શ્રેષ્ઠિ શ્રી ઘમંડીરામ કેવલચંદજી ગોવાણી હતા.

## સં. ૨૦૩૬ માં શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે પૂ. ગચ્છાધિપતિની નિશ્રામાં

## દ્વિતીય અધિવેશન વખતે ઐતિહાસિક કાર્યો

ગચ્છના ઉત્કર્ષ માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી સંઘવી શેઠશ્રી લખમશી ઘેલાભાઈ સાવલા, સમાજરત્ન શેઠ શ્રી ઘમંડીરામ કે. ગોવાણી, સંઘવી શેઠ શ્રી ખીમજી વેલજી, શેઠશ્રી ઝવેરચંદ જેઠાભાઈ, શેઠ શ્રી ગિરીશભાઈ ગાલા, શેઠ શ્રી શામજીભાઈ (અમર સન્સવાળા) ઇત્યાદિ આગેવાન શ્રાવકોએ પોતે દાન આપી અને બીજાઓ પાસેથી દાન અપાવીને અધિવેશનને ખૂબ જ પ્રશંસનીય રીતે સફળ બનાવેલ હતું. લગભગ દશ હજારથી વધારે શ્રાવક–શ્રાવિકાઓએ આ અધિવેશનમાં ભાગ લીધો હતો અને અંદાજે દાનમાં એક કરોડ રૂપિયાનાં વચનો શ્રી સંઘને મળ્યાં હતાં.

પૂ. ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી શ્રી સમેતશિખરજી મહાતીર્થમાં પણ અચલગચ્છની એક વિશાળ ધર્મશાળા બાંધવા વિશનજી લખમશી સાવલા આદિ આગેવાન શ્રાવકો પ્રયત્નશીલ બન્યા છે. શ્રી સમેતશિખરજી તીર્થ પર બંધાનારી અચલગચ્છની ધર્મશાળા માટે પણ ઘણાં જ દાન-વચનો મળ્યાં હતાં. આ રીતે અધિવેશન ખૂબ જ ચમકી ઊઠયું હતું. આ પ્રસંગે આવેલા રાજસ્થાની અચલગચ્છીય ભાઈઓ દ્વારા શ્રી 'રાજસ્થાન અચલગચ્છ શ્વેતાંબર જૈન સંઘ' નામક સંસ્થાની પણ સ્થાપના કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી અ. ભા. અચલગચ્છ જૈન સંઘે પૂ. ગચ્છાધિપતિશ્રીને 'યુગ પ્રભાવક'નું બિરુદ આપેલ.

આ રીતે પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં ઉપરોક્ત રીતે શાસન અને ગચ્છની ઉન્નતિ અને પ્રભાવના થવા પામી હતી. મુંબઈમાં પૂજ્ય ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી મલાડ, ગોરેગાંવ, મુલુંડ ચેક નાકા, વાંદરા, વરલી, ચેંબુર, નાલા સોપારા, વસઈ, અંધેરી, ડોંબીવલી, વડાલા વગેરે સ્થળે અચલગચ્છના ઉપાશ્રયોનું નિર્માણ થયેલું છે.

ગત બે વરસમાં પૂ. ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી કચ્છમાં પણ બાંભડાઈ, મોથારા, મોટા આસંબીઆ, સાંયરા અને મોટા રતડીઆમાં પણ જિનાલય જીર્ણોદ્ધાર, શતાબ્દી અને પ્રતિષ્ઠાદિ મહોત્સવો ઊજવવામાં આવ્યા હતા.

પૂ. ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી મોટા આસંબીઆના સંઘરત્ન શ્રી શામજી જખુભાઈ ગાલા ૧૦૮ જિનબિંબોની તથા નાના આસંબીઆના શ્રેષ્ઠિ મોરારજી નાનજી ગાલા પણ ૧૦૮ જિનબિંબોની અંજનશલાકા કરાવનાર છે. રતાડીઆ ( ગણેશ વાળા )માં શ્રેષ્ઠિ શ્રી કલ્યાણજી ગંગાજર ભગત પણ શિખરબદ્ધ જિનાલયનું ખાતમુહૂર્ત શિલારોપણ કરાવેલ છે, તથા પૂજ્ય ગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી જિનબિંબોની અંજનશલાકા પ્રતિષ્ઠા પણ કરાવનાર છે.

## પૂજ્યશ્રીએ રચેલું સાહિત્ય

(૧) પર્વકથા સંગ્રહ (૨) શ્રીપાલ ચરિત્ર (૩) સ્તુતિ ચોવીસી (૪) પર્વ સ્તુતિઓ (૫) આર્યરક્ષિતસૂરિ ચરિત્રમ્ – ગદ્ય (૬) કલ્યાણસાગરસૂરિ ચરિત્રમ્– પદ્ય (૭) ગૌતમસાગરસૂરિ ચરિત્રમ્ – ગદ્ય. આ ગ્રંથો સંસ્કૃતમાં રચેલા છે. (૮) કલ્પસૂત્ર–ગુજરાતી ભાષાંતર (૯) પર્યુષણાષ્ટાહ્નિકા વ્યાખ્યાન. ભાષાંતર (૧૦) પંચ પ્રતિક્રમણ સૂત્ર–સાર્થ (૧૧) સ્તવન ચોવીસી (૧૨) ચૈત્યવંદન ચોવીસી (૧૩) કલ્યાણસાગરસૂરિ જીવન સૌરભ (૧૪) પાર્શ્વનાથ ચરિત્ર–ગુજરાતી (૧૫) સત્તર મોટી પૂજાઓ (૧૬) જ્ઞાનપંચમીનું ચોઢાળિયું, ચૈત્યવંદન, સ્તુતિ વિધિ ઇત્યાદિ (૧૭) નવપદ વિધિનાં ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિઓ (૧૮) વીશ સ્થાનક વિધિ, ચોઢાળિયું વગેરે (૧૯) વર્ધમાન તપ સ્તવન સ્તુતિ ઇત્યાદિ (૨૦) શત્રુંજય તીર્થ, નવ્વાણું યાત્રાનાં સ્તવન, ચૈત્યવંદન, સ્તુતિઓ, પ્રકીર્ણ સ્તવન સ્તુતિઓ (૨૧) પ્રાર્થના, ધૂન, નવકાર છંદ, અષ્ટપ્રકારી પૂજા તથા નવાંગ પૂજાના દુહા, આરતી, મંગળ દીવો, લઘુપુણ્ય પ્રકાશનું સ્તવન (૨૨) બારસા ઢાળિયા (૨૩) અચલગચ્છ ધાર્મિક પાઠયક્રમ શ્રેણી પુસ્તક ૬ (૨૪) મૌન એકાદશી ચોઢાળિયું, રોહિણી ચોઢાળિયું, પાર્શ્વનાથ ચોઢાળિયું, મહાવીર સત્યાવીશ ભવ ચોઢાળિયું, જિન ચોત્રીશીનાં બે ચોઢાળિયાં, ક્ષમાપના સ્તવન, ચાર શરણાં સ્તવન ઇત્યાદિ.

## પૂજ્ય અચલગચ્છાધિપતિશ્રીની પ્રેરણા-ઉપદેશથી તેઓશ્રીના હસ્તે દીક્ષિત મુનિવરો – શિષ્યો – પ્રશિષ્યો

| ક્રમ | | નામ | ગામ | દીક્ષા સંવત | દીક્ષા વય |
|---|---|---|---|---|---|
| ૧ | મુનિશ્રી | ચંદનસાગરજી | ડોણ | ૧૯૯૬ | ૨૭ |
| ૨ | ,, | ચંદ્રસાગરજી | હાલાર | ૧૯૯૬ | ૧૭ |
| ૩ | ,, | ધરણેન્દ્રસાગરજી | જામનગર | ૧૯૯૬ | ૬૩ |
| ૪ | ,, | કીર્તિસાગરજી (ગ્રંથ લેખક) | લાખાપર | ૧૯૯૯ | ૪૫ |
| ૫ | ,, | વિદ્યાસાગરજી | નારણપુર | ૧૯૯૯ | ૩૬ |
| ૬ | ,, | દેવેન્દ્રસાગરજી (મહાતપસ્વી) | બીદડા | ૧૯૯૯ | ૩૦ |
| ૭ | ,, | ભક્તિસાગરજી | નવાવાસ | ૧૯૯૯ | ૨૫ |
| ૮ | ,, | વિનયેન્દ્રસાગરજી | સાપરા | ૨૦૦૩ | ૫૦ |
| ૯ | ,, | અમરેન્દ્રસાગરજી | જખૌ | ૨૦૦૪ | ૫૦ |
| ૧૦ | ,, | ભદ્રંકરસાગરજી | વાંકુ | ૨૦૦૫ | ૧૩ |
| ૧૧ | ,, | તત્ત્વસાગરજી | સૌરાષ્ટ્ર | ૨૦૦૬ | ૪૦ |
| ૧૨ | ,, | પ્રેમસાગરજી (પહેલા) | ચુનડી | ૨૦૦૭ | ૩૫ |
| ૧૩ | ,, | પુણ્યસાગરજી | ગોધરા | ૨૦૧૦ | ૫૦ |
| ૧૪ | ,, | રત્નસાગરજી | કોઠારા | ૨૦૧૧ | ૫૧ |
| ૧૫ | ,, | ઉત્તમસાગરજી | કાંડાગરા | ૨૦૧૧ | ૫૩ |
| ૧૬ | ,, | કાંતિસાગરજી | ,, | ૨૦૧૧ | ૫૨ |
| ૧૭ | ,, | પ્રવીણસાગરજી | સૌરાષ્ટ્ર | ૨૦૧૧ | ૨૬ |
| ૧૮ | ,, | નિર્મળસાગરજી | ,, | ૨૦૧૧ | ૨૩ |
| ૧૯ | ,, | ગુણોદયસાગરજી (હાલ આચાર્ય) | કોટડા(રોહા) | ૨૦૧૪ | ૨૬ |
| ૨૦ | ,, | કરુણાસાગરજી | સૌરાષ્ટ્ર | ૨૦૧૫ | ૩૦ |
| ૨૧ | ,, | ગુણરત્નસાગરજી | વરાડીઆ | ૨૦૧૯ | ૨૦ |
| ૨૨ | ,, | રત્નપ્રભસાગરજી | મોટી ખાખર | ૨૦૨૧ | ૨૦ |
| ૨૩ | ,, | કલાપ્રભસાગરજી | ,, | ૨૦૨૬ | ૧૬ |
| ૨૪ | ,, | કવીન્દ્રસાગરજી | ,, (ચુનડી) | ૨૦૨૬ | ૧૩ |
| ૨૫ | ,, | વીરભદ્રસાગરજી | ,, ,, | ૨૦૨૬ | ૯ |
| ૨૬ | ,, | ગુણભદ્રસાગરજી | સૌરાષ્ટ્ર | ૨૦૨૯ | ૪૫ |
| ૨૭ | ,, | પ્રેમસાગરજી (બીજા) | કાંડાગરા | ૨૦૩૦ | ૬૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮ | મુનિશ્રી મહોદયસાગરજી | ચાંગડાઈ | ૨૦૩૧ | ૨૨ |
| ૨૯ | ,, મહાભદ્રસાગરજી | ભૂજ | ૨૦૩૧ | ૪૪ |
| ૩૦ | ,, પૂર્ણભદ્રસાગરજી | ,, | ૨૦૩૧ | ૧૭ |
| ૩૧ | ,, સૂર્યોદયસાગરજી | રાયણ | ૨૦૩૧ | ૧૪ |
| ૩૨ | ,, હરિભદ્રસાગરજી | રાપર (ગઢવાળી) | ૨૦૩૨ | ૧૩ |
| ૩૩ | ,, રાજરત્નસાગરજી | ,, | ૨૦૩૨ | ૮ |
| ૩૪ | ,, પુણ્યોદયસાગરજી | રાયણ | ૨૦૩૨ | ૨૦ |
| ૩૫ | ,, મહાપ્રભસાગરજી | બીદડા | ૨૦૩૨ | ૨૦ |
| ૩૬ | ,, ચંદ્રોદયસાગરજી | ,, | ૨૦૩૨ | ૧૮ |
| ૩૭ | ,, ગુણરત્નસાગરજી (બીજા) | રાયણ | ૨૦૩૩ | ૮ |
| ૩૮ | ,, સર્વોદયસાગરજી | મેરાઉ | ૨૦૩૩ | ૧૮ |
| ૩૯ | ,, ધર્મોદયસાગરજી | ચાંગડાઈ | ૨૦૩૪ | ૧૬ |
| ૪૦ | ,, કમલપ્રભસાગરજી | બાડા | ૨૦૩૫ | ૧૯ |
| ૪૧ | ,, ધર્મપ્રભસાગરજી | લાલા | ૨૦૩૫ | ૨૯ |
| ૪૨ | ,, નયપ્રભસાગરજી | ચીઆસર | ૨૦૩૫ | ૪૫ |
| ૪૩ | ,, પદ્મસાગરજી | કોટડી | ૨૦૩૬ | ૨૮ |
| ૪૪ | ,, મલયસાગરજી | ગોધરા | ૨૦૩૬ | ૨૮ |
| ૪૫ | ,, ઉદયરત્નસાગરજી | મેરાઉ | ૨૦૩૭ | ૧૫ |
| ૪૬ | ,, મહારત્નસાગરજી | લાયજા | ૨૦૩૭ | ૩૦ |
| ૪૭ | ,, દિવ્યરત્નસાગરજી | મેરાઉ | ૨૦૩૭ | ૧૩ |

પૂ. અચલગચ્છાધિપતિશ્રીના સમુદાયમાં મુખ્ય સાધ્વીશ્રી શીતલશ્રીજી આદિ ૧૪૨ જેટલાં સાધ્વીજીઓ વિદ્યમાન વિચરે છે. તેમાંનાં ૧૧૫ જેટલાં સાધ્વીજીઓ પૂજ્ય અચલગચ્છાધિપતિશ્રીના હસ્તે દીક્ષિત થયાં છે. અચલગચ્છમાં સ્વ. પૂ. આચાર્યશ્રી દાનસાગરસૂરીશ્વરજી મ. સા.ના સમુદાયના પૂ. મુનિશ્રી લબ્ધિસાગરજી મ. સા. તથા પૂ. મુનિશ્રી કૈલાસસાગરજી મ. સા. આ બે મુનિવરો તથા સાધ્વીશ્રી કેસરશ્રીજી સમેત ૧૫ સાધ્વીજીઓ વિદ્યમાન છે. અચલગચ્છમાં કુલ ૧૮૦ જેટલાં સાધુ–સાધ્વીજીઓ વર્તમાન કાળમાં વિચરી રહ્યાં છે. શ્રી રવિચંદ્રજીના સમુદાયમાં બે સાધ્વીજીઓ વિદ્યમાન છે.

અચલગચ્છનાં શ્રાવક–શ્રાવિકાઓ કચ્છ, હાલાર (જામનગર), સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ, મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થાન વગેરે લગભગ ભારતભરના મુખ્ય પ્રદેશોના વિસ્તારોમાં વસે છે. તેમની સંખ્યા લગભગ બે લાખથી વધારે હોવાનો અંદાજ છે.

યુગ પ્રભાવક અચલગચ્છાધિપતિ

પ. પૂ. આચાર્ય દેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.ના

# ચાતુર્માસોની નોંધ

૧ સંવત ૧૯૯૩ માંડવી
૨ ,, ૧૯૯૪ જામનગર
૩ ,, ૧૯૯૫ ,,
૪ ,, ૧૯૯૬ ભૂજ
૫ ,, ૧૯૯૭ ગોધરા
